# નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) હેઠળ ઘટકવાર કાર્યલક્ષી માર્ગદર્શિકા

# નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન
# (રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન)

## મિશન ડોકયુમેન્ટ

**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**
**ભારત સરકાર**

# વિષયસૂચિ


| અ.નં. | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | |
| ૨ | અભિયાન, સિઘ્ઘાંતો, મૂલ્યો, વ્યૂહરચના | |
| ૩ | એનયુએલએમ હેઠળનાં શહેરો અને વસ્તી | |
| ૪ | સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ | |
| ૫ | ક્ષમતા ઘડતર અને તાલીમ | |
| ૬ | ક્ષમતાસંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર | |
| ૭ | સ્વરોજગાર કાર્યક્રમ (સેલ્ફ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામ) | |
| ૮ | શહેરી ફેરિયાઓને સહાય | |
| ૯ | ભંડોળ આપવાની પેટર્ન અને નાણાકીય પ્રક્રિયા | |
| ૧૦ | ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના | |
| ૧૧ | મૌલિક અને ખાસ પ્રોજેકટ | |
| ૧૨ | વહીવટી અને અન્ય ખર્ચ<br>માહિતી, શિક્ષણ અને સંદેશ (આઈઈસી) | |
| ૧૩ | એનયુએલએમનો વહીવટ અને મિશનનું માળખું | |
| ૧૪ | દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન | |
| ૧૫ | અમલીકરણ માટેની માર્ગદર્શક સૂચનાઓ | |
| ૧૬ | જોડાણ– રાજયો / સંઘ પ્રદેશોની યાદી | |

**નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન : મિશન ડોક્યુમેન્ટ**

**પ્રસ્તાવના :**

**૧.૧** આર્થિક વિકાસ અને શહેરીકરણ પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓ છે. એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૬૦ ટકાથી પણ વધુ યોગદાન સાથે ભારતમાં શહેરો આર્થિક વૃધ્ધિના ચાલકબળ (ગ્રોથ એન્જિન) તરીકે ઊભરી રહયાં છે. ભારતની વસ્તી ગણતરી, ૨૦૧૨ મુજબ ભારતની શહેરી વસ્તી ૩૭.૭૦ કરોડ જેટલી થઈ છે. જે ૨૦૦૧ની શહેરી વસ્તીમાં ૩૧ ટકા જેટલો વધારો દર્શાવે છે. ઓગસ્ટ, ૨૦૦૭માં નેશનલ કમિશન ઓન એન્ટરપ્રાઈસીસ ઈન અન ઓર્ગેનાઈઝડ સેકટર (એનસીઈયુએસ) દ્વારા બહાર પાડવામાં આવેલા "કંડિશન્સ ઓફ વર્ક એન્ડ પ્રમોશન ઓફ લાઈવલીહૂડ ઈન ધ અનઓર્ગેનાઈઝડ સેકટર " અંગેનો અહેવાલ દર્શાવે છે કે ૨૦૦૪–૦૫માં ભારતની કુલ કામદાર વ્યકિતઓ પૈકીની ૯૨ ટકા વ્યકિતઓએ અનૌપચારિક અર્થવ્યવસ્થામાં કામ કર્યું હતું. શહેરી અનૌપચારિક ક્ષેત્રમાં અનૌપચારિક બિન ખેતીવિષયક ક્ષેત્રનો સમાવેશ થાય છે. અનૌપચારિક ક્ષેત્રના કામદારોમાં શિક્ષણ અને કૌશલો ઓછાં હોવાના કારણે ઊભરી રહેલાં બજારોમાં ઉપલબ્ધ તકોનો તેઓ ઉપયોગ કરી શકતાં નથી. આ બાબત, શહેરી વિસ્તારોમાં ઉપયોગ કરી શકતાં નથી. આ બાબત, શહેરી વિસ્તારોમાં જીવનનિર્વાહની વધુ સારી રતકો મેળવવા માટે કૌશલોનું સ્તર ઊંચું લાવવું કેટલું મહત્વનું છે તે હકીકત ઉજાગર કરે છે.

૧.૨ મોટા ભાગના ગરીબો અનૌપચારિક ક્ષેત્ર હેઠળની કામગીરીઓ સાથે સંકળાયેલા છે જયાં નોકરીમાંથી છૂટા થવાનો, ધંધો રોજગાર છીનવાઈ જવાનો, માલસામાન કબજે થવાનો સતત ખતરો રહે છે અને સામાજિક સુરક્ષા લગભગ નહીવત હોય છે. શહેરી વસ્તીના ઘટકો આવકની દષ્ટિએ ગરીબ ન હોય ત્યારે પણ તેઓને સ્વચ્છ અને સુઘડ વાતાવરણમાં જીવવાની તક મળતી નથી અને ભેદભાવ, સામાજિક ઉપેક્ષા, ગુના, હિંસા, અનિશ્ચિત રોજગાર, જોખમી પર્યાવરણ અને પ્રસાશનમાં પ્રતિનિધિત્વના અભાવને કારણે તેમની સુખાકારી જોખમાતી હોય છે.

૧.૩ શહેરી ગરીબીનાં પરિમાણોને સામાન્યરીતે ત્રણ કક્ષાઓમાં વિભાજિત કરી શકાય (૧) રહેઠાણની અનિશ્ચિતતા (જમીન, ઘર(આશ્રય), મૂળભૂત સેવાઓ વગેરેની) (૨) સામાજિક અશકતતા (લિંગ, ઉંમર, સામાજિક, સ્તરીકરણ, સામાજિક સુરક્ષાનો અભાવ, પ્રશાસનિક

માળખામાં પર્યાપ્ત ભાગીદારી અને પ્રતિનિધિત્વના સંદર્ભમાં) અને (૩) ધંધાલક્ષી અનિશ્ચિતતા (માંડ ટકી રહેવાય એવો આજીવિકા, રોજગાર અને આવક માટે અનૌપચારિક ક્ષેત્ર પરની નિર્ભરતા, નોકરીની અસલામતી, કામના સ્થળે ખરાબ પરિસ્થિતિઓ વગેરે) આ અનિશ્ચિતતાઓ / અશકતતાઓ એકબીજા સાથે જોડાયેલી છે. શહેરી ગરીબોમાં પણ કેટલાક વર્ગો એવા છે જે ઉપર જણાવેલા સંદર્ભોમાં વધુ અનિશ્ચિતતા / અશકતતાનો ભોગ બનેલા છે. આવા વર્ગોમાં સ્ત્રીઓ, બાળકો અને વૃધ્ધો, અનુ.જાતિઓ, અનુ.આ.જાતિઓ અલ્પસંખ્યકો અને વિકલાંગોનો સમાવેશ થાય છે. તેઓ તરફ અગ્રતાના ધોરણે ધ્યાન આપવું જરૂરી છે.

૧.૪ ધ નેશનલ અર્બન હાઉસીંગ એન્ડ હેબીટાટ પોલિસી (એનયુએચએચપી) ૨૦૦૭ સમાજના તમામ વર્ગોને પરવડે તેટલી કિંમતે જમીન, ઘર અને સેવાઓ સમાનતાના ધોરણે પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવાના દષ્ટિકોણથી દેશમાં નિવાસસ્થાનો નિરંતર ધોરણે તૈયાર કરવાની નેમ ધરાવે છે. આમાં સૌથી અશકત વર્ગ ઘરવિહોણા શહેરી લોકોનો છે, જેઓ કોઈ પણ પ્રકારના ઘર કે સામાજિક સલામતી / સુરક્ષા વિના જીવે છે. ભારતની સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં જ કરેલી ઘોષણાઓએ ઘરવિહોણા શહેરી લોકોની સ્થિતિ ઉજાગર કરી આપી છે. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું છે કે ગરિમાપૂર્ણ આશ્રય (આવાસ) પ્રાપ્ત કરવાનો અધિકાર એ ભારતના સંવિધાનની કલમ–૨૧ હેઠળ આપવામાં આવેલા જીવનના અધિકારનો એક આવશ્યક ભાગ છે. તેથી, ઘરવિહોણા શહેરી લોકો માટે એક નીતિ અને કાર્યક્રમ ઘડવાની જરૂર છે.

૧.૫ શહેરી ગરીબીનાં અનેક પરિણામો નીપજતાં હોવાથી, શહેરો અને નગરોમાં ગરીબોને ભોગવવી પડતી વ્યવસાયસંબંધી, રહેઠાણસંબંધી અને સામાજિક તકલીફોનો ઉપાય એક સાથે, સર્વગ્રાહી અને સંકલિત રીતે તથા આવાં નબળાં જૂથો પર ધ્યાન કેન્દ્રિત કરીને કરવો જોઈએ, જેથી વાસ્તવિક રીતે એક નકકર અસર ઊભી કરી શકાય. રહેઠાણલક્ષી સમસ્યાઓ જેએનએનયુઆરએમ તથા આરએસવાય જેવા કાર્યક્રમો થકી કરવામાં આવી રહયો છે. વ્યવસાયલક્ષી અને સામાજિક સમસ્યાઓનો ઉકેલ કૌશલ વિકાસ માટેની વધુ તકો ઊભી કરીને કરી શકાય. જેથી બજાર આધારિત રોજગાર ઊભો કરી શકાય અને તેઓને સ્વરોજગાર – સાહસો ઊભાં કરવામાં સહાય કરી શકાય. શહેરી ગરીબ નિવારણ કાર્યક્રમ

કૌશલ વિકાસ અને સરળ ધિરાણના આધારે ઊભો કરવો જરૂરી છે. આજ સંદર્ભમાં, નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (રાષ્ટ્રીય શહેરી જીવન નિર્વાહ (મિશન) ના સ્વરૂપે શહેરી આજીવિકા માટે મિશન મોડ અભિગમ અપનાવવો જરૂરી જણાય છે.

**અભિયાન, સિધ્ધાંતો, મૂલ્યો, વ્યૂહરચના**

**નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ)**

૨.૧ શહેરી ગરીબ કુટુંબોને લાભપ્રદ સ્વરોજગાર અને કૌશલપૂર્ણ વેતન રોજગારની તકો પૂરી પાડી તેમની ગરીબી અને નબળાઈઓ ઘટાડવી, જેથી તેમનાં જીવનધોરણમાં સતત સુધારો થઈ શકે. આ માટે પાયાના સ્તરે ગરીબો માટેની સંસ્થાઓ ઊભી કરવી. આ અભિયાનનું લક્ષ્ય શહેરી ઘરવિહોણા લોકોને તબકકાવાર આવશ્યક સેવાઓ સાથે સજ્જ હોય એવા આશ્રયો પૂરાં પાડવાનું છે. વધુમાં, આ અભિયાન હેઠળ શહેરમાં ફેરિયાઓને યોગ્ય જગ્ય, સંસ્થાગત ધિરાણ, સામાજિક સુરક્ષા અને કૌશલો સુલભ બનાવવાનું છે. જેથી તેઓ બજારમાં ઊભરતી તકોનો લાભ મેળવી શકે અને સારી રીતે તેઓનો જીવનનિર્વાહ કરી શકે.

**માર્ગદર્શક સિધ્ધાંતો**

૨.૨ નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનની મૂળભૂત માન્યતા એ છે કે ગરીબો ઉદ્યોગ સાહિસક હોય છે અને તેઓ ગરીબીમાંથી બહાર આવવાની તીવ્ર ઈચ્છા ધરાવતા હોય છે. તેઓ અર્થપૂર્ણ અને નિરંતરપણે આજીવિકા મેળવી શકે તે માટે તેમની ક્ષમતાઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે એક પડકાર છે. આ પ્રક્રિયામાં સૌથી પહેલું પગથિયું શહેરી ગરીબોને તેઓની પોતાની સંસ્થાઓ સ્થાપવા પ્રેરિત કરવાનું છે. તેઓને અને તેઓની સંસ્થાઓને પૂરતી ક્ષમતા પૂરી પાડવી જરૂરી છે. જેથી તેઓ તેમના બાહય પર્યાવરણનું સંચાલન કરી શકે, નાણાં સહાય મેળવી શકે તેઓનાં કૌશલો સાહસો અને મિલકતોમાં વધારો કરી શકે. આ માટે તેમને સતત સહાયરૂપ બનવાની યોજના કાળજીપૂર્વક ઘડી કાઢવી જરૂરી છે. સામાજિક ગીતશીલતા, સંસ્થા ઘડતર અને જીવનનિર્વાહને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સ્તરથી લઈને શહેરોના સ્તર સુધી અને છેક સમુદાય સુધીનું એક બાહય, વિશિષ્ટ અને સંવેદનાસભર સહાય–માળખું ઘડી કાઢવું જરૂરી છે.

૨.૩ એનયુએલએમ માને છે કે ગરીબો અને તેઓની સંસ્થાઓ દ્વારા જ આવા કાર્યક્રમ ચલાવવામાં આવે તો સમયબધ્ધ રીતે તેમને આગળ વધારી શકાય. આવાં સબળ સંસ્થાગત મંચો ગરીબોને તેઓની માનવીય નાણાકીય અને અન્ય સંપત્તિ ઊભી કરવામાં મદદરૂપ બને છે. તેના પરિણામે તેઓ ખાનગી અને જાહેર ક્ષેત્રો પાસેથી તેમના અધિકારો, હકકો, તકો અને સેવાઓ મેળવી શકે છે અને સાથે સાથે તેમનું સંગઠન વધારી તેમનો અવાજ ઉઠાવી શકે છે.

૨.૪ સંવિધાન (૭૪મો સુધારો) અધિનિયમ, ૧૯૯૨ મુજબ શહેરી ગરીબી નિવારણ એ શહેરી સ્થાનિક સંસ્થાઓની કાયદેસરની કામગીરી બને છે. તેથી, શહેરી સ્થાનિક સંસ્થાઓએ, શહેરો / નગરોમાં શહેરી ગરીબોને લગતા, તેઓના કૌશલો અને જીવનનિર્વાહ સહિતના તમામ પ્રશ્નો અને કાર્યક્રમો માટે મુખ્ય ભૂમિકા ભજવવી જરૂરી છે.

૨.૫ એનયુએલએમ સાર્વત્રિક રીતે શહેરી ગરીબોની ક્ષમતા ઘડવાની અને તેઓને ધિરાણ સુવિધાઓ પૂરી પાડવાની કામગીરી આવરી લેવાની નેમ ધરાવે છે. આ મિશન શહેરી ગરીબોને બજાર આધારિત રોજગાર તેમજ સ્વરોજગાર પ્રાપ્ત થાય તે માટે તેમને તાલીમ પૂરી પાડશે અને સરળ ધિરાણની સુવિધા કરી આપશે.

૨.૬ શહેરી વસ્તીમાં સમાજના નીચલા સ્તરે ફેરિયાઓ એક મહત્વનો ઘટક છે. ફેરિયા તરીકેની કામગીરી સ્વ–રોજગારનો એક સ્રોત છે અને એ રીતે તે કોઈ મોટી સરકારી દરમિયાનગીરી વિના શહેરી ગરીબી નિવારણ માટેનું એક સાધન બની રહે છે. તેઓ શહેરી પુરવઠાની શૃંખલામાં એક મહત્વનું સ્થાન ધરાવે છે અને શહેરી વિસ્તારોની અંદર આર્થિક વિકાસની પ્રક્રિયાનો અભિન્ન ભાગ છે. એનયુએલએમ, શહેરમાં વસતા ફેરિયાઓ બજારમાં ઊભરતી તકોનો લાભ મેળવી શકે તે માટે તેઓને યોગ્ય જગ્યા, સંસ્થાગત ધિરાણ, સામાજિક સુરક્ષા અને કૌશલો સુલભ બનાવશે.

૨.૭ ઘરવિહોણા તેમજ સામાજિક સુરક્ષા / સલામતી વિહોણા શહેરી લોકો તેઓના સસ્તા શ્રમ થકી શહેરોને ટકાવી રાખવામાં મહત્વનો ફાળો આપતાં હોવા છતાં તેઓ સમાજનો સૌથી નબળો વર્ગ છે. શેરીઓમાં ફેરિયાગીરી કરવી તે ઘણું કપરું અને પડકારરૂપ કામ છે. ઘર વિહોણા લોકોને પડતી મુશ્કેલીઓનો ઉકેલ શોધવા માટે યોગ્ય નીતિ ઘડવી જરૂરી છે.

તદનુસાર, એનયુએલએમ ઘરવિહોણા શહેરી લોકોને આવશ્યક સેવાઓથી સજ્જ આશ્રયો તબકકાવાર પૂરા પાડવાની નેમ ધરાવે છે.

૨.૮ એનયુએલએમ કૌશલ ઘડતર, જીવનનિર્વાહ, ઉદ્યોગ સાહસિકતા વિકાસ, આરોગ્ય, શિક્ષણ, સામાજિક સહાય વગેરે સાથે કામ પાડતા સંબંધિત મંત્રાલયો / વિભાગોનાં કાર્યક્રમો / યોજનાઓ તેમજ રાજય સરકારના કાર્યક્રમોને તમામ દિશાઓથી આવરી લેવા પર ભાર મૂકે છે. ગ્રામીણ અને શહેરી ગરીબોને જીવનનિર્વાહ સાથે જોડવા માટે તમામ સંબંધિત વિભાગો સાથે મળીને ગ્રામીણ શહેરી સ્થળાંતર કરનારા લોકોને કૌશલ–તાલીમ આપવા માટે એક સહિયારી વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે.

૨.૯ એનયુએલએમ ઘરવિહોણા લોકોને ક્ષમતા–તાલીમ, રોજગાર આપવા માટે ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારી કરશે. તે ઘરવિહોણા શહેરી લોકોને આશ્રયો પૂરો પાડવા માટે ખાનગીક્ષેત્ર અને નાગરિક સમાજની સક્રિય ભાગીદારી ઈચ્છે છે અને આવા લોકોને ટેકનોલોજી, બજાર સુલભ બનાવવા માગે છે. જેથી તેઓ સ્વરોજગાર ઊભો કરી શકે.

**મૂલ્યો :**

૨.૧૦ આ મિશન નીચે દર્શાવેલાં મૂલ્યો અપનાવવા માગે છે.

૧. શહેરી ગરીબોની માલિકી અને તેમનો ઉત્પાદક સહયોગ તથા તમામ પ્રક્રિયાઓમાં તેઓની સંસ્થાઓ

૨. કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં અને તેના અમલમાં પારદર્શિતા, જેમાં સંસ્થાઓ સ્થાપવા અને ક્ષમતાઓ વધુ સંગીન બનાવવાનો સમાવેશ થાય છે.

૩. સરકારી પદાધિકારીઓ અને સમુદાયની જવાબદારી

૪ ઉદ્યોગો અને અન્ય હિત ધરાવતા લોકોની ભાગીદારી

૫. સમુદાયની આત્મિનિર્ભરતા, સ્વ–સહાય અને પરસ્પર સહાય

**વ્યૂહરચના :**

૨.૧૧ એનયુએલએમ નીચે મુજબની વ્યૂહરચના અપનાવશે.

૧. શહેરી ગરીબોની ક્ષમતા ઘડવી, તેઓની સંસ્થાઓ સ્થાપવી અને તેઓને પ્રત્યક્ષરીતે સહાય કરીને, જીવનનિર્વાહ વિકાસ અને ગરીબી નિવારણ કાર્યક્રમોના અમલ સાથે સંકળાયેલાં તંત્રોને સંગીન બનાવવાં

૨. શહેરી ગરીબોના જીવનનિર્વાહ માટેના હાલના વિકલ્પોમાં વધારો કરવો.

૩. ઊભરી રહેલી શહેરી અર્થવ્યવસ્થાઓ થકી ઊભી થતી બજા આધારિત નોકરી / રોજગારની તકોનો તેઓ લાભ લઈ શકે તે માટે તેઓની ક્ષમતાઓ ઘડવી

૪. શહેરી ગરીબો નાના ઉદ્યોગ સાહસો સ્થાપી શકે તે માટે તેમનેવ્યકિતગત રીતે અને સામુહિકરીતે તાલીમ અને સહાય પૂરાં પાડવાં

૫. પાણી, સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધારમાળખાકી સુવિધાઓ સહિત કાયમી આશ્રયો ઘરવિહોણા શહેરી લોકોને ઉપલબ્ધ બને તે સુનિશ્ચિત કરવું.

૬. ઘરવિહોણા લોકોમાં પણ આશ્રિત બાળકો, વૃધ્ધો, વિકલાંગો, મનોરોગીઓ અને માંદગીમાંથી બેઠા થઈ રહેલાં લોકોનો એક વિશિષ્ટ વર્ગ ઊભો કરીને તેઓની ખાસ જરૂરિયાતો પૂરી કરવી.

૭. ઘરવિહોણા શહેરી લોકોના અન્નના અધિકાર, સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાના અધિકાર, શિક્ષણાધિકાર સંતોષાય એ માટે સબળ સંપર્કો સ્થાપવા અને તે માટે સામાજિક સુરક્ષા પેન્શનો, જાહેર વિતરણ પ્રણાલી, સંકલિત બાળ વિકાસ યોજના, સ્તનપાન કાર્યક્રમ, પીવાના પાણી, સ્વચ્છતા, નાણાકીય સમાવેશ, શાળા પ્રવેશ, પરવડે તેવાં આવાસોની વ્યવસ્થા ઊભી કરવી.

૮. ઘરવિહોણા શહેરી ફેરિયાઓને યોગ્ય જગ્યાઓ, સંસ્થાગત ધિરાણ, સામાજિક સુરક્ષા અને કૌશલો સુલભ બનાવી તેઓને બજારમાં ઊભી થતી તકોનો લાભ લેતાં કરવા અને એ રીતે તેમના જીવનનિર્વાહની સમસ્યાઓનો ઉપાય કરવો.

**એનયુએલએમ હેઠળનાં શહેરો અને વસ્તી**

૩.૧ બારમી પંચવર્ષીય યોજનામાં એનયુએએલએમનો અમલ તમામ જિલ્લા મુખ્ય મથક નગરો તેમજ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૧,૦૦,૦૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતાં અન્ય તમામ શહેરોમાં કરવામાં આવશે આમ છતાં, રાજયોની વિનંતીથી અપવાદરૂપ કિસ્સાઓમાં અન્ય નગરોમાં પણ તેનો અમલ થઈ શકશે

૩.૨ એનયુએલએમનું મુખ્ય લક્ષ્યાંક જૂથ શહેરી ગરીબો છે, જેમાં ઘરવિહોણા શહેરી લોકોનો સમાવેશ થાય છે. શહેરી ગરીબની પરખ કરવા માટે સામાજિક આર્થિક અને જાતિ વિષયક વસ્તી ગણતરી (એસઈસીસી) ૨૦૧૧ ચાલુ છે. તદનુસાર, વચગાળાના ઉપાય તરીકે

એનયુએલએમનું લક્ષ્યાંક જૂથ હાલમાં રાજયો / સંઘ પ્રદેશો દ્વારા પારખવામાં આવેલા શહેરી વિસ્તારમાં ગરીબી રેખા હેઠળ જીવતા લોકો હશે. આ વ્યાપમાં વધારો કરીને તેમાં અનુસૂચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ સ્ત્રીઓ, અલ્પસંખ્યકો વિકલાંગો વગેરેનો સમાવેશ કરવામાં આવશે. પરંતુ આવો વધારો, ઉપર જણાવેલા શહેરી ગરીબોની વધુમાં વધુ ૨૫ ટકા સંખ્યા સુધી મર્યાદિત રાખવામાં આવશે.

**સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ**

૪.૧ અસરકારક અને નિરંતર ધોરણે ગરીબી ઘટાડવા માટેના કાર્યક્રમના સંદર્ભમાં શહેરી ગરીબ કુટુંબોને તેઓની પોતાની સંસ્થાઓ રચવા માટે ગતિશીલ બનાવવા એ મહત્વનું છે. એનયુએલએમ અન્વયે શહેરી ગરીબોને સાર્વત્રિક રીતે ગતિશીલ બનાવી તેઓના સ્વ–સહાય જૂથો રચવાનું અને આ સ્વ–સહાય જૂથોના ફેડરેશન બનાવવાનું વિચારાયું છે. દરેક શહેરી ગરીબ કુટુંબમાંથી ઓછામાં ઓછા એક સભ્ય, શકય હોય ત્યા સુધી એક મહિલા, ને સ્વ–સહાય જૂથોના નેટવર્ક હેઠળ લાવવા જોઈએ. આ જૂથો, ગરીબો માટે તેઓની સામાજિક જરૂરિયાતો પૂરી કરવા માટેની એક સહાય પધ્ધતિ પૂરવાર થશે. સામાન્યરીતે, સ્ત્રી સ્વ–સહાય જૂથો રચવામાં આવશે. આમ છતાં, વિકલાંગ વ્યકિતઓના પુરુષ સ્વ–સહાય જૂથો રચવાની છૂટ આપવામાં આવશે.

૪.૨ એનયુએલએમ શહેરી વસ્તીના નબળા વર્ગો જેવા કે અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ, અલ્પસંખ્યકો, ઘરની મુખ્ય વ્યકિત સ્ત્રી હોય એવાં કુટુંબો, વિકલાંગો, અસહાય અને લાચાર લોકો, સ્થળાંતર કરનારા શ્રમિકો અને ખાસ કરીને નબળાં વ્યવસાયિક જૂથો જેવાં કે ફેરિયાઓ, કચરો વીણનારાઓ, ઘરઘાટી વ્યકિતઓ, ભીખારીઓ, બાંધકામ કામદારો વગેરેને ગતિશીલ બનાવવા પર ભાર મૂકશે.

૪.૩ સ્લમ/ વોર્ડ સ્તરના સ્વ–સહાય જૂથોનું સંગઠન એરિયા લેવલ ફેડરેશન (એએલએફ) રૂપે રચાશે. એએલએફએસ સંગઠિત બનીને શહેર સ્તરે સીટી લેવલ ફેડરેશન (સીએલએફ) રચશે. એસવાયએસઆરવાય હેઠળ ઊભાં કરવામાં આવેલાં હાલનાં વિસ્તાર આધારિત માળખાં જેવાં કે નેબરહૂડ ગ્રુપ્સ (એનએચજી) નેબરહૂડ કમિટિ (એનએચસી) અને કોમ્યુનિટિ ડેવલપમેન્ટ સોસાયટી (સીડીએસ)ને ટૂંક સમયમાં ઉચિત સ્વ–સહાય જૂથ

આધારિત માળખાંઓમાં તબદિલ કરવામાં આવશે. એરિયા લેવલ ફેડરેશન અને સીટી લેવલ–ફેડરેશન નોંધાયેલી સંસ્થાઓ હશે.

**પેટા ઘટક : સામુદાયિક સંસ્થાઓ રચવી–સ્વ સહાય જૂથો અને તેનાં ફેડરેશનો**

૪.૪ સ્વસહાય જૂથો અને તેમનાં ફેડરેશનોની રચનાની કામગીરી ઝડપી બનાવવા તથા સ્વ–સહાય જૂથોના સભ્યોને નાણાકીય રીતે આવરી લેવા માટે રિસોર્સ ઓર્ગેનાઈઝેશન્સ (આરઓ)ને રોકવામાં આવશે, જે સ્વ–સહાય જૂથોની રચના, તેમના વિકાસ, તેમના માટે બેંક સંપર્કો સ્થાપવાની તેમજ એરિયા (વિસ્તાર) તથા શહેર સ્તરે તેઓનાં ફેડરેશનો રચવાની, તાલીમ અને ક્ષમતા ઘડતરની શહેરી સ્થાનિક સંસ્થાઓ સાથે સંપર્કો ઊભા કરવાની તથા સામાજિક, વ્યવસાયિક તથા રહેઠાણ સંબંધી અનિશ્ચિતતાઓ ઘટાડવાની કામગીરીને સુગમ બનાવશે.

૪.૫ રાજય અથવા કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલી સ્વાયત્ત નોંધાયેલી સંસ્થાઓ અથવા સમુદાય દ્વારા ચલાવાતા વ્યાપક કાર્યક્રમોનું સંચાલન કરવાની તેમજ સામાજિક ગતિશિલતા અને શહેરી કે ગ્રામીણ વિસ્તારોમાં સંસ્થા ઘડતર અંગેની વ્યૂહરચનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવાનો મહત્વનો અનુભવ ધરાવતાં સ્વસહાય જૂથોના લાંબા સમયથી સુસ્થાપિત થયેલાં ફેડરેશનની પસંદગી રિસોર્સ ઓર્ગેનીઝેશન તરીકે કરવામાં આવશે.

૪.૬ વધુમાં, સંગઠનની નોંધણીની સ્થિતિ, ટર્ન ઓવર, અનુભવનાં વર્ષોની સંખ્યા, ખરીદી તેમજ નાણા વ્યવસ્થા કરવાની સારી ક્ષમતા, સમર્પિત નિષ્ણાત સ્ટાફ, ડોમેઈન નોલેજ (પોતાના ક્ષેત્રનું જ્ઞાન) અને ગરીબ ઘરોને સંગઠિત બનાવવાનો અગાઉનો અનુભવ, તાલીમ અને ક્ષમતા ઘડતર, જીવનનિર્વાહને પ્રોત્સાહન તેમજ સામુદાયિક સંગઠનોને બેંકો સાથે જોડવાની ક્ષમતાના આધારે રિસોર્સ ઓર્ગેનીઝેશનની પસંદગી કરવામાં આવશે.

૪.૭ સ્વ–સહાય જૂથની રચના બે વર્ષ સુધી સહાયક માર્ગદર્શન, તમામ સભ્યોની તાલીમ, બેંક સાથેના સંપર્કો, ફેડરશેનની રચના અને અન્ય સંલગ્ન કામગીરીઓ માટે જૂથ દીઠ વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦નું ખર્ચ કરી શકાશે. રાજયોએ રિસોર્સ ઓર્ગેનાઈઝેશન્સ સાથે કરાર કરવાના રહેશે અને નાણાંની ચુકવણી સ્વ–સહાય જૂથની રચના, સભ્યોની તાલીમ, બેંક–સંપર્કો, વિસ્તાર અને શહેર સ્તરે ફેડરેશનની રચના અને ફરતા નિધિ સહિત એનયુએલએમ હેઠળ લાભો સુલભ બનાવવા જેવાં સીમાચિહનોના આધારે કરવામાં

આવશે. રિસોર્સ ઓર્ગેનાઈઝેશન સ્વ–સહાય જૂથનો બે વર્ષ સુધી સહાય માર્ગદર્શન પૂરું પાડશે.

૪.૮ એનયુએલએમ હેઠળ સ્વ–સહાય જૂથોની રચના સુગમ બનાવવા માટે આશા/ આંગણવાડી કાર્યકરો અને કેન્દ્ર તથા રાજય સરકારોની જુદી જુદી યોજનાઓ હેઠળ કામ કરતા મુદાય સ્તરના અન્ય કર્મચારીઓની સેવાઓનો ઉપયોગ કરવામાં આવશે.

**પેટા ઘટક – સાર્વત્રિક નાણાકીય સમાવેશ**

૪.૯ એનયુએલએમ બચત ખાતાં ખોલાવીને, નાણાસંબંધી જ્ઞાન, ધિરાણ, પરવડી શકે તેવો વીમો અને રોકડ સુવિધાઓ મેળવવા માટેની સુવિધાઓ શહેરી ગરીબો તથા અન્ય સંસ્થાઓને પૂરી પાડીને સાર્વત્રિક નાણાકીય સમાવેશ હાંસલ કરવાની નેમ ધરાવે છે. એનયુએલએમ શહેરી ગરીબોના લાભાર્થે આઈસીટી આધારિત ટેકનોલોજીઓ, નાણાકીય પત્રવ્યવહારો અને "બેંક મિત્રો" અને "વીમા મિત્રો" જેવા સામુદાયિક ફેસિલિટેટર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે નાણાકીય સંસ્થાઓ સાથે સંકલન પણ કરશે. ખાસ કરીને, એનયુએલએમ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (આરએસબીવાય) જનશ્રી વીમા યોજના (જેએસબીવાય) અને એ પ્રકારના કાર્યક્રમો હેઠળ શહેરી ગરીબ કુટુંબોને આવરી લેશે.

**પેટા ઘટક – સ્વસહાય જૂથો અને તેમનાં સંગઠનોને ફરતા નિધિની સહાય**

૪.૧૦ એનયુએલએમ હેઠળ થ્રીફટ અને ક્રેડિટ (ટીએન્ડસી), કામ ચાલી જાય એટલું અક્ષરજ્ઞાન અને પાયાનાં કૌશલોની તાલીમ– એ ત્રણ બાબતો સ્વ–સહાય જૂથની પ્રવૃત્તિઓ માટે મહત્વની માનવામાં આવે છે. જેમાં શહેરી ગરીબ સભ્યોની સંખ્યા ૭૦ ટકાથી વધુ હોય અને જેમણે અગાઉ આવી સહાય ન મેળવી હોય એવા સ્વ–સહાય જૂથોને જૂથ દીઠ રૂા.૧૦,૦૦૦/– ની ફરતા નીધિની સહાય પૂરી પાડવામાં આવશે. આવું ફરતું ભંડોળ માત્ર એવાં સ્વ–સહાય જૂથોને આપવામાં આવશે જે ઓછામાં ઓછા છ મહિનાથી થ્રીફટ અને ક્રેડિટ પ્રવૃત્તિઓ ચલાવતાં હોય ).

૪.૧૧ એરિયા લેવલ ફેડરેશન (એએલએફ) તેની પ્રવૃત્તિઓ નિરંતર ચલાવી શકે તે માટે રૂા.૫૦,૦૦૦/– ની ફરતા નિધિ સહાય ઉપલબ્ધ બનશે.

**પેટા ઘટક – સીટી લાઈવલીહૂડ સેન્ટર્સ (સીએલસીએસ) (શહેર આજીવિકા કેન્દ્રો)**

૪.૧૨ સીટી લાઈવલીહૂડ સેન્ટર્સનો હેતુ એક એવું મંચ પૂરું પાડવાનો છે જેના થકી શહેરી ગરીબ તેની સેવાઓ વેચી શકે. અને માહિતી તથા અન્ય લાભો મેળવી શકે અનૌપચારિક સેકટર પાસેથી સેવાઓ મેળવવા ઈચ્છતા લોકો તેમજ પોતાની સેવાઓ અને ઉત્પાદનો લોકો સુધી પહોંચાડવા ઈચ્છતા શહેરી ગરીબો માટે સીએલસીએસ "વન સ્ટોપ શોપ" તરીકે કામ કરશે.

૪.૧૩ રોજગાર અને કૌશલ ઘડતર તાલીમ અંગેની તકોની માહિતી મેળવવા ઈચ્છતા લોકો માટે સીએલસીએસ રિસોર્સ સેન્ટરનું કામ કરશે. આ કેન્દ્રો ગરીબોને બજારની માંગ, તાલીમ ઘડતર અંગે ચલાવવામાં આવતા કાર્યક્રમો, અને પ્લેસમેન્ટોની તકો અંગેની માહિતી સુલભ બનાવશે. કૌશલ ઘડતર તાલીમ, વેતન–રોજગાર મેળવવા ઈચ્છતા હોય અથવા સ્વ–રોજગાર સ્થાપવા અથવા ટકાવી રાખવા માંગતા હોય એવા લોકો માટે આ આજીવિકા કેન્દ્રો જરૂરી માર્ગદર્શન, પરામર્શન અને ટેકનિકલ સહાયની જરૂરી સુવિધા ઊભી કરી આપશે.

૪.૧૪ સીટી લાઈવલીહૂડ સેન્ટર્સ નીચેનાં ધોરણો મુજબ સ્થાપી શકાશે.

| શહેરની વસ્તી | સ્થાપવાના સીએલસીએસની સંખ્યાની ટોચ મર્યાદા |
|---|---|
| ૧–૩ લાખ | ૧ |
| ૩ લાખથી વધુ પરંતુ ૫ લાખ સુધી | ૨ |
| ૫ લાખથી વધુ પરંતુ ૧૦ લાખ સુધી | ૩ |
| ૧૦ લાખથી વધુ | ૮ |
| ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતાં જિલ્લા મુખ્ય મથકના નગરો | ૧ |

૪.૧૫ સીએલસી દીઠ રૂા.૧૦ લાખની ગ્રાન્ટ અનટાઈડ ફંડ તરીકે પૂરી પાડવામાં આવશે અને તેની ચૂકવણી સિધ્ધિઓ અને સીમાચિહનો સાથે જોડવામાં આવશે. આ રકમ કોર્પસ ફંડ, તાલીમ સુવિધાઓ અને કોમ્પ્યુટર જેવાં સાધનો, ઉત્પાદનો દર્શાવવા / પ્રદર્શિત કરવા માટેની જગ્યા (આઉટલેટસ), ભાડાં (મકાન ઉપલબ્ધ ન હોય ત્યાં), ટેલિફોન અને અન્ય

સંચાલક ખર્ચ, કરાર આધારિત કર્મચારીઓ રાખવા વગેરે માટે વાપરી શકાશે. સીએલસીએસ આવક કરતાં અને આત્મનિર્ભર મોડેલ તરીકે ચાલશે. રાજયો / શહેરી સ્થાનિક સંસ્થાઓ તેમના પોતાનાં ભંડોળમાંથી આ કેન્દ્રોને સહાય પૂરી પાડવાનું વિચારી શકે.

૪.૧૬ CLC ની સ્થાપના CLF/SHG/NGO/CBO રિસોર્સ ઈન્સ્ટીટયુટસ / ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ વગેરે જેવી કોઈપણ સહાયકારી એજન્સી જાહેર–ખાનગી ભાગીદારીના આધારે કરી શકશે.

**પેટા ઘટક – સ્વસહાય જૂથો અને તેમનાં સંગઠનો (ફેડરેશનો) માટે તાલીમ અને અન્ય ક્ષમતા ઘડતર કાર્યક્રમો**

૪.૧૭ આ ઘટક સ્વસહાય જૂથો અને તેમનાં ફેડરેશનોન બેંક–સંપર્કો સ્થાપવા, ચોપડા રાખવા, હિસાબ જાળવવો, સૂક્ષ્મ આયોજન કરવું, લઘુ રોકાણ કરવાની પ્રક્રિયા, સભ્યોની ભૂમિકાઓ અને જવાબદારીઓ વગેરે જેવા વિષયો અંગે તાલીમ અને ક્ષમતા ઘડતર માટે ઉપયોગી બનશે. આ ઘટક નાગરિક સમાજના સંગઠનો અને જુદાં જુદાં સ્તરોએ મિશનના વ્યવસ્થાપન સહિત રાષ્ટ્રીય રાજય અને સીટી રિસોર્સ સેન્ટર્સ / એજન્સીઓ દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

૪.૧૮ ALFs અને CLFs ના સભ્યોની કેન્દ્ર / રાજય/ શહેર સ્તરે અને ક્ષમતા ઘડતર માટે તાલીમાર્થી દીઠ સરેરાશ વધુમાં વધુ રૂા.૭,૫૦૦ જેટલી રકમ ખર્ચી શકાશે. આ રકમનો અંશતઃ ભાગ સમુદાય વચ્ચેની મુલાકાત અને આદાનપ્રદાન તથા સ્વ–સહાય જૂથોના સભ્યોને નિમજ્જિત (Immerse) કરવા, તેમના ફેડરશેનો તેમજ કાર્યક્રમસંબંધી કર્મચારી વર્ગ માટે પણ કરી શકાશે.

**ક્ષમતા ઘડતર અને તાલીમ**

૫.૧ ક્ષમતા ઘડતર અને તાલીમનો મુખ્ય હેતુ આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય તથા શહેરી ગરીબી નિવારણની હવાલો ધરાવતી રાજય એજન્સીઓની ભૂમિકાને તબદિલ કરીને તેઓને શહેરી આજીવિકાને પ્રોત્સાહન આપવા તથા શહેરી ગરીબી નિવારણના ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ટેકનિકલ સહાય પૂરી પાડવાનું છે.

**પેટા ઘટક – રાષ્ટ્રીય, રાજય અને શહેરી સ્તરોએ ટેકનિકલ સહાય**

૫.૨ આ પેટા ઘટકનો હેતુ કેન્દ્રિય, રાજય અને શહેર સ્તરોએ સમયસર ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ ટેકનિકલ સહાય ઊભી કરવાનો છે, જેથી એનયુએલએમ નો અલમ કરી શકાય.

૫.૩ કેન્દ્ર સ્તરે એક રાષ્ટ્રીય મિશન મંગલમ યુનિટ (એનએમએમયુ) ઊભું કરવામાં આવશે. વધુમાં, રાજય મિશન મંગલમ યુનિટ (એસએમએમએસ) અને શહેર મિશન મંગલમ યુનિટ (સીએમએમયુ) ની સ્થાપના ગુણવત્તાપૂર્ણ જીવનનિર્વાહ તેમજ પ્રોગ્રામ મેનેજમેન્ટ માટેના વ્યાયવાસ્પીકો સાથે શરૂ કરવામાં આવશે અને એચઆર, એમઆઈએસ નાણાકીય વ્યવસ્થાપન ખરીદી તથા સામાજિક વ્યવસ્થાપન જેવી કાર્યક્ષમ સંસ્થાગત પ્રણાલીઓ ઊભી કવરામાં આવશે. રાજય / શહેરોમાં શહેરી ગરીબીનાં જુદાં જુદાં પરિણામો મેળવવાના હેતુથી સ્થિતિસંબંધી વ્યાપક વિશ્લેષણ હાથ ધરવા માટે ટેકનિકલ સહાય પૂરી પાડવામાં આવશે. આનાથી રાજયો, રાજય / શહેર ગરીબી ઘટાડવા માટેની વ્યૂહરચના / કાર્ય યોજનાઓ ઘડતી વખતે કઈ બાબતને પ્રાધાન્ય આપવું તે નકકી કરી શકશે. એનયુએલએમ હેઠળ પરિણામો હાંસલ કરવા માટે રાજયો / શહેરો / નગરોને આ મીશનના અમલમાં સહાયરૂપ બનવા પ્રત્યેક કાર્યક્રમ સંબંધી વિષયમાં ખાસ ટેકનિકલ સહાય પૂરી પાડવામાં આવશે. એનએમએમયુ માટે જરૂરી ભંડોળ કેન્દ્ર સ્તરે મિશન ડિરેકટરને ફાળવવામાં આવશે. એસએમએમયુએસ તથા સીએમએમયુએસ માટેનું ભંડોળ રાજય મિશનોને છૂટું કરવામાં આવશે.

૫.૪ મિશન મંગલમ યુનિટસ કેન્દ્ર, રાજયો અને એનયુએલએમ હેઠળનાં મિશન શહેરોમાં ખાસ ટેકનિકલ સહાય સાથે નીચે મુજબ સ્થાપવામાં આવશે.

| મિશન મેનેજમેન્ટ યુનિટ | યુનિટ દીઠ ટેકનિકલ સ્ટાફની સંખ્યા |
|---|---|
| NMMU | ૧૦ |
| SMMU મોટાં રાજયો | ૬ |
| SMMU નાનાં રાજયો | ૪ |
| CMMU-DHQ નગરો (૧ લાખથી ઓછી વસ્તી ધરાવતાં) અને નાનાં નગરો (૧ થી ૩ લાખ સુધીની વસ્તી ધરાવતાં) | |

| | |
|---|---|
| CMMU મધ્યમ શહેરો (૩ થી ૫ લાખ સુધીની વસ્તી ધરાવતાં) | ૩ |
| CMMU મોટાં નગરો (૫ લાખથી વધુ વસ્તી ધરાવતાં) | ૪ |
| સામુદાયિક સંગઠકો (સીઓ) | ૩૦૦૦ શહેરી ગરીબ કુટુંબો દીઠ ૧ સીઓ |

૫.૫ SMMU અને CMMU માટે ભંડોળ સહાય માત્ર પાંચ વર્ષ સુધી જ ઉપલબ્ધ બનશે. આ સમયગાળા દરમિયાન રાજયો NULM તથા અન્ય શહેરી ગરીબી નિવારણ કાર્યક્રમોના નિરંતર અમલ માટે મ્યુનિસિપલ સંવર્ગો ઊભા કરશે અને સ્થાપશે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

**પેટા ઘક – MMUs માટે તાલીમ અને અન્ય ક્ષમતા ઘડતર**

૫.૬ આ ઘટકનો ઉપયોગ રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરોએ MMUs ના ટેકનિકલ રિસોર્સ પર્સન્સની તાલીમ અને ક્ષમતા ઘડતર માટે કરવામાં આવશે. આ ઘટકનો અમલ નાગરિક સંગઠનો તથા જુદાં જુદાં સ્તરોએ મિશન મંગલમ યુનિટ સહિત રાષ્ટ્રીય, રાજય અને શહેર રિસોર્સ સેન્ટર્સ / એજન્સીઓ દ્વારા કરવામાં આવશે. કેન્દ્ર / રાજય/ શહેર સ્તરે અને ક્ષમતા ઘડતર માટે તાલીમાર્થી દીઠ સરેરાશ વધુમાં વધુ રૂા.૭,૫૦૦ જેટલી રકમ ખર્ચી શકાશે. આ રકમનો અંશતઃ ભાગ સમુદાય વચ્ચેની મુલાકાત અને આદાનપ્રદાન તથા સ્વ–સહાય જૂથોના સભ્યોને નિમજ્જિત (Immerse) કરવા, તેમના ફેડરશેનો તેમજ કાર્યક્રમસંબંધી કર્મચારી વર્ગ માટે પણ કરી શકાશે. આ માર્ગદર્શક સૂચનાઓ મુજબ તાલીમ આપવા માટે પારદર્શી પધ્ધતિથી રિસોર્સ પર્સન્સ / સંસ્થાઓ / એજન્સીઓની પેનલ તૈયાર કરવામાં આવશે.

**ક્ષમતાસંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ (EST and P)/ દ્વારા રોજગાર**

૬.૧ NULM નો આ ઘટક શહેરી ગરીબોના કૌશલો વિકસાવવા / તેમની કક્ષા ઊંચી લઈ જવા માટે સહાય પૂરી પાડવા ઉપર ઘ્યાન કેન્દ્રિત કરશે. તેથી સ્વરોજગાર અને વેતન રોજગાર માટે તેમની ક્ષમતામાં વધારો કરી શકાય. ક્ષમતાસંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા

રોજગાર ઘટક બજારમાંથી ઊભી થતી ક્ષમતાસંબંધી માગણી મુજબ શહેરી ગરીબને તાલીમ પુરી પાડવાનો ઈરાદો ધરાવે છે, જેથી તેઓ તેમના પોતાના સ્વરોજગાર ઊભા કરી શકે અથવા વેતનપાત્ર રોજગાર મેળવી શકે. ક્ષમતાસંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ માટે વ્યવસાયિક દષ્ટિએ નબળા શહેરી ગરીબોને લક્ષ્યમાં રાખવામાં આવશે. આ ઘટક હેઠળ લાભાર્થીઓની પસંદગી કરવા માટે કોઈ લઘુતમ કે મહતમ શૈક્ષણિક લાયકાત નિર્દિષ્ટ કરવામાં આવી નથી. ક્ષમતાસંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર હેઠળ મહિલા લાભાર્થીઓની ટકાવારી ૩૦ ટકાથી ઓછી હશે નહી. શહેર / નગરના ગરીબોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિ જાતિઓની વસ્તી જેટલા પ્રમાણમાં હોય ઓછામાં ઓછા એટલા પ્રમાણમાં તેમને અવશ્ય લાભ મળવો જોઈએ. આ કાર્યક્રમ હેઠળ વિકલાંગ લોકો માટે ૩ ટકાની ખાસ જોગવાઈ કરવી જોઈએ. અલ્પસંખ્યકોના કલ્યાણ માટેના પ્રધાનમંત્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમને લક્ષમાં લઈને, અલ્પસંખ્યક સમુદાયો માટે ઓછામાં ઓછા ૧૫ ટકા ભૌતિક અને નાણતાકીય લક્ષ્યાંકો આ ઘટક હેઠળ અંકિત કરવામાં આવશે. આ ઉપરાંત ભીખારીઓ, કચરો વીણનારાઓ બાંધકામ કામદારો, અસહાય લોકો વગેરે જેવા નબળા વર્ગોના કૌશલોની કક્ષા ઉભી લાવવા માટે ખાસ ધ્યાન આપવમાં આવશે.

૬.૨ કૌશલસંબંધી તાલીમ અમાન્યતાપાત્ર સંસ્થા દ્વારા જ આપવમાં આવશે અને તાલીમ સફળતાપૂર્વક પૂરી કરી હોવા અંગેનું પ્રમાણપત્ર હાંસલ કરવાનું રહેશે. આવી તાલીમ જાહેર–ખાનગી ભાગીદારીના ધોરણે પૂરી પાડવામાં આવે તે વધુ યોગ્ય ગણાશે. આ માટે આઈટીઆઈ, સંસ્થાઓ, પોલિટેકનિકો એનઆઈટી સંસ્થાઓ, ઔદ્યોગિક સહયોગીઓ, ઈજનેરી કોલેજો, વ્યવસ્થાપન સંસ્થાઓ, કૌશલ તાલીમ આપતાં કેન્દ્રો, સંસ્થાપનો, એનએસડીસી અને અન્ય પ્રતિષ્ઠિત સરકારી, ખાનગી અને નાગરિક સમાજની સંસ્થાઓ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓને રોકવામાં આવશે. કૌશલ સંબંધી તાલીમ આપનારી આ સંસ્થાઓ / એજન્સીઓની પસંદગી પારદર્શી પ્રક્રિયા / બ્રાન્ડ ઈમેજની ખરાઈ અને આપવામાં આવનારી તાલીમ (માહિતી)ની ગુણવત્તાને અધીન રહીને રહેશે.

૬.૩ લાભાર્થી દીઠ ખર્ચ રૂા.૧૫,૦૦૦ /– (ઉત્તર–પૂર્વ અને ખાસ કક્ષાનાં રાજયો માટે રૂા.૧૮,૦૦૦ થી વધવી જોઈશે નહી. આ ખર્ચમાં તાલીમ ખર્ચ, તાલીમાર્થીઓ એકઠા

કરવા, તેમની પસંદગી કરવા તેમને માર્ગદર્શન આપવા અંગેના ખર્ચ, તાલીમ સામગ્રી, તાલીમાર્થીઓની ફી, પ્રમાણપત્ર, ટૂલ–કીટ અંગેના ખર્ચ તથા તાલીમ આપતી સંસ્થા દ્વારા કરવામાં આવનાર અન્ય ખર્ચ તેમજ લઘુ ઉદ્યોગ સાહસ વિકાસ / પ્લેસમેન્ટ સંબંધી ખર્ચનો સમાવેશ થશે. તાલીમ અંગેનું ખર્ચ, આ યોજના હેઠળ લાભાર્થી દીઠ પરવાનગીપાત્ર મહતમ ખર્ચ કરતાં વધુ થાય તો તે રાજય સરકારે અથવા લાભાર્થીઓએ ભોગવવાનું રહેશે.

૬.૪ આંશિક ચૂકવણી લઘુ ઉદ્યોગ સાહસની સ્થાપના અને તેની ઓછામાં ઓછા છ મહિનાની કામગીરી અથવા જયાં લાભાર્થીને નોકરી માટે ગોઠવવામાં આવ્યા હોય તે જગ્યા પર તેમના ઓછામાં ઓછા છ માસ સુધી ટકી રહેવાની બાબતને અધીન રહેશે.

૬.૫ કૌશલ તાલીમ આપતાં સંગઠનો / એજન્સીઓએ પ્રતિષ્ઠિત સંસ્થાઓ, પ્રમાણપત્ર આપતી સંસ્થાઓ, ઉદ્યોગો, સ્વસહાય જૂથો, ેતમનાં ફેરડશેનો અને શહેર સ્થનિક સંસ્થાઓનાં CLCs સાથે રહીને લાભાર્થીઓની પરખ, પરામર્શન, તાલીમ, પ્રમાણપત્ર સાથે મળીને કામ કરવું જોઈએ. પ્લેસમેન્ટ સંલગ્ન કૌશલ તાલીમ માટે સ્કીલ ટ્રેનીંગ પ્રોવાઈડર્સ વેતનપાત્ર નોકરીઓમાં ઓછામાં ઓછા ૫૦ ટકા પ્લેસમેન્ટ માટે અથવા નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા નકકી કરવામાં આવે એટલા પ્લેસમેન્ટ માટે જવાબદાર રહેશે.

૬.૬ સ્થાનિક સંદર્ભોનું વૈવિધ્ય જોતાં, દરેક રાજય તેની સ્થાનિક અર્થવ્યવસ્થાઓ માટે કૌશલોનું મહત્વ નકકી કરશે. અઘરા કૌશલો ઉપરાંત, તાલીમ કાર્યક્રમના ભાગરૂપે હળવા કૌશલોની તાલીમ પણ આપવામાં આવશે. તેમાં બોલચાલનું અંગ્રેજી / રાષ્ટ્રીય / રાજય ભાષા, નાણાકીય જ્ઞાન, કોમ્પ્યુટરસંબંધી જ્ઞાન, કચેરી રીતભાત અને સામાજિક રીતભાત સહિતના જીવન કૌશલો, સમયપાલન વગેરેનો સમાવેશ થશે. આ સંદર્ભમાં સ્કીલ ટ્રેનીંગ પ્રોવાઈડર્સની પસંદગી અને તેમની સાથે કરવાના કરારની બાબતમાં રાજયો યોગ્ય વિગતવર્ણન નકકી કરી શકશે.

૬.૭ પ્લેસમેન્ટ / પ્રમાણપત્ર સાથેના જુદા જુદા સમયગાળા માટેની જુદાં જુદાં સેકટરો માટેની તાલીમનું ખર્ચ, એનયુએલએમ હેઠળ ઈસ્યુ કરવામાં આવનાર માર્ગદર્શક સૂચનાઓને અધીન રહીને, કેન્દ્ર, રાજય, શહેર સ્તરોએ સંબંધિત મિશન મેનેજમેન્ટ દ્વારા ગણી કાઢવાનું છે.

**સ્વરોજગાર કાર્યક્રમ (સેલ્ફ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામ)**

**પેટા ઘટક – સ્વરોજગાર –વ્યકિતગત અને જૂથ સાહસો**

૭.૧ આ ઘટક, શહેરી ગરીબ વ્યકિતઓ / જૂથોનાં કૌશલો, તાલીમ, વિશેષ અભિરૂચિ અને સ્થાનિક પરિસ્થિતિને અનૂકૂળ હોય એવાં લાભપ્રદ સ્વરોજગાર સાહસો / લઘુ ઉદ્યોગ સાહસો ઊભાં કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવા ઉપર ઘ્યાન કેન્દ્રિત કરશે. બેરોજગાર અને અલ્પ રોજગારી ધરાવતા શહેરી ગરીબોને ઉત્પાદન, સેવા અને નાના ધંધા જેની માગ સ્થાનિક સ્તરે મોટા પ્રમાણમાં હોય છે. – સાથે સંકળાયેલા નાના ઉદ્યોગો સાહસો ઊભાં કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. ખાસ કરીને સ્થાનિક કૌશલો અને સ્થાનિક કામગીરીઓને પ્રોત્સાહન આપવામાં આવશે. દરેક શહેર / નગરે ઉપલબ્ધ કૌશલો, ઉત્પાદનોની વેચાણક્ષમતા, ખર્ચ, આર્થિક નભાઉક્ષમતા વગેરેને ઘ્યાનમાં રાખીને આવી પ્રવૃત્તિઓ / પ્રોજેકટસનું એક કમ્પેન્ડિયમ તૈયાર કરવું જોઈએ. સ્વરોજગાર કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓની પસંદગી માટે ન્યૂનતમ કે મહતમ શિક્ષણ નિર્દિષ્ટ કરવામાં આવ્યું નથી એસઈપી હેઠળ મહિલા લાભાર્થીઓની સંખ્યા ૩૦ ટકાથી ઓછી ન હોવી જોઈએ. શહેરી ગરીબોની વસ્તીમાં અનુ.જાતિઓ અને અનુ.આદિજાતિઓનું પ્રમાણ જેટલું હોય, ઓછામાં ઓછું એટલા પ્રમાણમાં તો તેઓને આ ઘટકનો લાભ મળવો જ જોઈએ આ ઘટક હેઠળ વિકલાંગો માટે ૩ ટકાની ખાસ જોગવાઈ કરવી જોઈએ. અલ્પસંખ્યકોના કલ્યાણ માટેના પ્રધાનમંત્રીના ૧૫ મુદાના કાર્યક્રમને લક્ષમાં લઈને, અલ્પસંખ્યક સમુદાયો માટે ઓછામાં ઓછા ૧૫ ટકા ભૌતિક અને નાણાકીય લક્ષ્યાંકો આ ઘટક હેઠળ અંકિત કરવામાં આવશે.

૭.૨ આ ઘટક હેઠળ વ્યકિતગત અને જૂથ લઘુ ઉદ્યોગ સાહસો ઊભાં કરવા માટે સહાય કરવામાં આવશે. પ્રોજેકટના ખર્ચની ટોચ–મર્યાદા વ્યકિતગત સાહસો માટે રૂા.ર.૦૦ લાખ અને જૂથ સાહસો માટે રૂા.૧૦ લાખ રહેશે. વ્યકિતઓ અને જૂથોને બેંકોમાંથી લોન આપવામાં આવશે અને આવી લોન માટેની અરજીની ભલામણ સ્વસહાય જૂથો કરે તે વધુ યોગ્ય રહેશે.

૭.૩ વ્યકિતગત અથવા જૂથ સાહસ ઊભું કરવા માટે ૭ ટકાના વ્યાજ દર પર વ્યાજુકી સહાય ઉપલબ્ધ બનશે. થાપણ અથવા જમીનગીરી રૂપે લઘુ ઉદ્યોગ સાહસ સિવાય અન્ય કશું તારણમાં મૂકવવાનું વિચારાયું નથી.

**પેટા ઘટક – સ્વસહાય જૂથ – બેંક સંપર્કો**

૭.૪ બેંકની લોન મેળવતા તમામ સ્વ–સહાય જૂથોને પણ ૭ ટકા વ્યાજથી વધુ વ્યાજ પર વ્યાજુકી સહાય ઉપલબ્ધ બનશે. તમામ શહેરોમાં સમયસર લોન ભરપાઈ કરનાર મહિલા સ્વ–સહાયજૂથોને ૩ ટકાની વધારાની વ્યાજ સહાય ઉપલબ્ધ બનશે.

૭.૫ આ વ્યાજ – સહાય, લાભાર્થીઓ સમયસર લોનની પરત ચુકવણી કરે તે શરતને અધીન રહેશે. આ અંગે બેંકો પાસેથી યોગ્ય પ્રમાણપત્ર મેળવવામાં આવશે. ૭ ટકા વ્યાજ અથવા ૪ ટકા વ્યાજ અથવા પ્રવર્તમાન વ્યાજ વચ્ચેનો તફાવત એનયુએલએમ હેઠળ બેંકોને ચૂકવવામાં આવશે.

**પેટા, ઘટક – લઘુ સાહસો માટે ક્રેડિટ કાર્ડ**

૭.૬ આ ઘટક હેઠળ લાભાર્થીઓને કાર્યકારી મૂડી અને અન્ય હેતુઓ માટે ક્રેડિટ કાર્ડથી આવરી લેવાના પ્રયાસો કરવામાં આવશે.

**પેટા ઘટક– ટેકનોલોજી, ખરીદ – વેચાણ અને અન્ય સહાય**

૭.૭ લઘુ સાહસો ઊભાં કરનાર લાભાર્થીઓને નિવેશ સામગ્રીની ખરીદી, ઉત્પાદન, પેકેજીંગ, બ્રાન્ડીંગ વેચાણ વગેરેના સંદર્ભમાં રાજયો / શહેરો ટેકનોલોજી, ખરીદવેચાણ, પરામર્શન સલાહ અને અન્ય સહાય પણ પૂરાં પાડશે. આમાં ગરીબ ફેરિયાઓને કિઓસ્ક, બજારો, સપ્તાહિક બજારો (રવિવારી) / ઉત્સવ વખતે ભરાતાં બજારો / સંધ્યા બજારો વગેરેમાં મ્યુનિસિપલ મેદાનો અથવા માર્ગની બાજુમાં પોતાની ચીજવસ્તુઓ વેચવાની જગ્યાનો સમાવેશ થશે અને સાથે સાથે તેઓને બજારની સંભાવના અંગેની મોજણી, નિવેશ સામગ્રીની ખરીદી, સંયુકત બ્રાન્ડનું નામ આપવા / રૂપરેખા તૈયર કરવા, જાહેરખબર, માર્કેટીંગ વગેરે અંગે ટેકનિકલ સહાય પણ પૂરી પાડવામાં આવશે.

**શહેરી ફેરિયાઓને સહાય**

૮.૧ આ ઘટક સ્ત્રીઓ, અનુ.જાતિઓ / અનુ.આદિજાતિઓ અને અલ્પસંખ્યકો જેવાં નબળાં જૂથો માટે સહાયક સામાજિક સુરક્ષાના વિકલ્પો સાથે, ફેરિયાઓને કૌશલો શીખવા, લઘુ સાહસો ઊભાં કરવામાં સહાય કરવા, ધિરાણ મેળવવા માટે સક્ષમ બનાવવા અને ફેરિયાઓના હિતમાં શહેરી આયોજન કરવાની નેમ ધરાવે છે. એનયુએલએમના કુલ બજેટના પાંચ ટકા સુધીની રકમ આ ઘટક માટે ખર્ચવામાં આવશે.

**પેટા ઘટક – ફેરિયાઓના હિતમાં આયોજન**

૮.૨ એનયુએલએમ હેઠળ રાજયો અને શહેરો સમયાંતરે ફેરિયાઓ અંગેની સામાજિક–આર્થિક મોજણી કરાવશે, ફેરિયાઓની નોંધણી કરશે અને તેઓને ઓળખપત્રો આપશે. દરેક શહેરમાં ફેરિયાઓ અંગેનો એક ડેટાબેસ તૈયાર કરવામાં અને જાળવવામાં આવશે. આનાથી રાજયો / શહેરી સ્થાનિક સંસ્થાઓ ફેરિયાઓનું હિત જળવાય એ રીતે શહેરી આયોજન કરી શકશે અને તેઓને ફેરિયાગીરી કરવા માટેની જગ્યા પૂરી પાડી શકશે.

**પેટા ઘટક – ફેરિયાઓનો કૌશલ વિકાસ અને લઘુ સાહસ વિકસાવવા મો તેઓને સહાય**

૮.૩ એનયુએલએમ હેઠળ શહેરી વિસ્તારોમાં ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગો, એનયુએલએમ હેઠળના ક્ષમતાસંબંધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગારના ઘટક અને એસઈપી ઘટક હેઠળ ક્ષમતા ઘડતરસંબંધી તાલીમ મેળવી શકશે.

**પેટા ઘટક – ફેરિયાઓને ધિરાણ મેળવવા માટે સક્ષમ બનાવવાં**

૮.૪ ફેરિયાઓને પાયાની બેકિંગ સેવાઓ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. વધુમાં, ફેરિયાઓ કાર્યકારી મૂડી મેળવી શકે તે માટે અને અન્ય હેતુઓ માટે પણ વ્યકિતગત લાભાર્થીઓને ક્રેડિટ કાર્ડ હેઠળ આવરી લેવાના પ્રયાસો કરવામાં આવશે.

**પેટા ઘટક – ફેરિયા બજાર ઊભું કરવું**

૮.૫ ફેરસંબંધી પાણી પુરવઠો, ઘન કચરાના નિકાલની સુવિધા, દિવાબત્તી, સંગ્રહ સ્થાન, પાર્કિંગ સુવિધા વગેરે જેવી આધાર માળખાકીય / નાગરિક સુવિધાઓ સાથે, ટાઉન વેન્ડીંગ પ્લાન્સ (ફેરિયાલક્ષી નગર – આયોજન) મુજબ ફેરિયા બજાર / વેન્ડીંગ ઝોન / અનૌપચારિક ક્ષેત્ર માટેનું બજાર ઊભું કરવું

**પેટા ઘટક – સામાજિક સુરક્ષા માટે તમામ દિશાએથી પ્રયાસો કરવા**

૮.૬ એનયુએલએમ હેઠળ ફેરિયાઓને ભારત સરકારની વિવિધ યોજનાઓ (જેમકે રાષ્ટ્રીય સ્વચ્છતા વીમા યોજના), રાજય સ્તરીય અને શહેર સ્તરીય સામાજિક સુરક્ષા તથા સામાજિક સહાય માટેના પહેલરૂપ પ્રયાસો / યોજનાઓ મારફત સામાજિક સુરક્ષાસંબંધી લાભો મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

**ભંડોળ આપવાની પેટર્ન અને નાણાકીય પ્રક્રિયા**

૯.૧ આ મિશન માટેની નાણા વ્યવસ્થા કેન્દ્ર અને રાજયો / સંઘ પ્રદેશો વચ્ચે નીચે મુજબની હિસ્સેદારીથી કરવામાં આવશે.

| ક્રમ નં. | રાજય / સંઘ પ્રદેશ | કેન્દ્રનો હિસ્સો (ટકામાં) | રાજયનો હિસ્સો (ટકામાં) |
|---|---|---|---|
| ૧. | ઉતર પૂર્વીય અને ખાસ કક્ષા હેઠળનાં રાજયો (અરુણાચલ પ્રદેશ, આસામ, મિઝોરમ, મેઘાલય, મણિપૂર, નાગાલેન્ડ, ત્રિપૂરા અને સિકિકમ, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, જમ્મુ અને કશ્મીર | ૯૦ | ૧૦ |
| ૨ | અન્ય તમામ રજયો અને સંઘ પ્રદેશો | ૭૫ | ૨૫ |

૯.૨ એનયુએલએમ હેઠળ રાજયોને છૂટો કરવાનો કેન્દ્રનો હિસ્સો રાજયો / સંઘ પ્રદેશોને લગભગ શહેરી ગરીબોની વસ્તીના પ્રમાણમાં ફાળવવામાં આવશે. આમ છતાં, રાજયો દ્વારા એનયુએલએમની ભૌતિક અને નાણાકીય પ્રગતિ વિશે મોકલવામાં આવેલા અહેવાલના આધારે ભંડોળ વાપરવાની ક્ષમતા (ગરીબી નિવારણ યોજનાઓમાં ભંડોળના ઉપયોગના ભૂતકાળના વલણના આધારે) અને ખાસ જરૂરિયાત જેવા વધારાના પેટામીટર્સને પણ વર્ષ દરમિયાન ધ્યાનમાં લેવામાં આવશે.

૯.૩ દરેક રાજય / સંઘ પ્રદેશ માટે આ મિશન હેઠળ, મિશન નિયામકની કચેરી દ્વારા નકકી કરવામાં આવેલાં અખિલ ભારતીય લક્ષ્યાંકોના આધારે તત્પૂરતાં ભોતિક લક્ષ્યાંકો નકકી કરવામાં આવશે. દરેક રાજય / સંઘ પ્રદેશની, લક્ષ્યાંકની તુલનામાં થયેલી પ્રગતિ પર દેખરેખ રાખવામાં આવશે.

૯.૪ રાજયો / સંઘ પ્રદેશોને કેન્દ્રનો હિસ્સો બે હપતામાં ચૂકવવામાં આવશે. આ હપતા સ્ટેટ મિશન મેનેજમેન્ટ યુનિટમાં સીધા જ જમા કરાવવામાં આવશે. રાજયો / સંઘ પ્રદેશો / સંબંધિત સામાન્ય નાણાકીય નિયમો તેમજ છેલ્લે છૂટા કરવામાં આવેલી રકમ સામે તેમણે છૂટી કરેલી સામી સમાન રકમ મુજબ વપરાશ પ્રમાણપત્ર રજૂ કરવા અંગેના નિર્દિષ્ટ

માપદંડોનું અનુપલાન કરે તે પછી જ તેમને કેન્દ્રનો હિસ્સો છૂટો કરવામાં આવશે રાજય ઘટક માટેની જરૂરી રકમ રાખીને બાકીની રકમ એસએમએમયુ નિર્ધારિત લક્ષ્યાંકો / પ્રોજેકટસ અનુસાર સીએમએમયુને છૂટી કરશે.

૯.૫ એનયુએલએમ હેઠળ છૂટા કરવામાં આવતા ભંડોળ પર સમયાંતરે દેખરેખ રાખવામાં આવશે. આમ છતાં, એનયુએલએમ હેઠળ ભંડોળનો વધુ સારી રીતે ઉપયોગ થાય તે માટે, નિર્દિષ્ટ માપદંડોનુ પાલન ન થવાને કારણે રાજયો / સંઘ પ્રદેશોને છૂટું કરી ન શકાયું હોય તેવું, ફાજલ પડેલું ભંડોળ, સંબંધિત નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં, જેમણે વધુ સારી કામગીરી કરી હોય એવાં રાજયો / સંઘ પ્રદેશોની કામગીરી અને વધારાના ભંડોળની માગણીને ધ્યાનમાં લઈને તેઓને ફાળવવામાં આવશે.

૯.૬ કેન્દ્રના હિસ્સાની સૂચિત ઘટકવાર કરવામાં આવેલી ફાળવણી અંગેની જાણ મિશન નિયામકની કચેરી, એનયુએલએમ આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય દ્વાર વખતોવખત રાજયો / સંઘ પ્રદેશોને કરવામાં આવશે. જેથી એનયુએલએમ હેઠળ તમામ ઘટકોને સંતુલિત રીતે આવરી લઈ શકાય અને ઉપલબ્ધ ભંડોળનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકાય. આ યોજના હેઠળના ઘટકો વચ્ચે કરવામાં આવેલી ફાળવણીમાં, ઘટકોની પોતાની જરૂરિયાતના આધારે, મિશન નિયામકની કચેરી, એનયુએલએમ આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયની મંજૂરીથી અંદરોઅંદર ફેરફાર કરી શકાશે.

**ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના**

૧૦.૧ ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય સ્કીમ ઓફ શેલ્ટર ફોર અર્બન હોમલેસ (એસયુએચ) – યોજના (એસયુએચ)નો મુખ્ય ઉદ્દેશ, શહેરી સમાજોના સૌથી ગરીબ વર્ગને આશ્રય અને અન્ય તમામ આવશ્યક સેવાઓ પૂરી પાડવાનો છે. ઘરવિહોણા શહેરી લોકો માટેના આશ્રયો કાયમી, બારમાસી ૨૪ × ૭ આવાસો હોવાં જોઈએ. પ્રત્યેક ૧ લાખની શહેરી વસ્તી માટે ઓછામાં ઓછાં સો લોકો માટે કાયમી સામુદાયિક આવાસોની જોગવાઈ કરવી જોઈએ. સ્થાનિક પરિસ્થિતિઓના આધારે દરેક આવાસ ૫૦ થી ૧૦૦ વ્યકિતઓની જરૂરિયાત સંતોષી શકે.

૧૦.૨ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, દસ લાખથી વધુ વસ્તી ધરાવતાં શહેરો તેમજ ભારત સરકાર / રાજય સરકારોની દષ્ટિએ ખાસ સામાજિક, ઐતિહાસિક અથવા પ્રવાસનસંબંધી મહત્વ ધરાવતાં અન્ય શહેરો અને નગરોને પ્રાધાન્ય આપવામાં આવશે.

૧૦.૩ આવાસન આયોજનના હેતુ માટે વ્યકિત દીઠ ઓછામાં ઓછી ૫૦ ચો.મી. અથવા ૪.૬૪૫ ચો.મી. અથવા ૫ ચો.મીટ ની જગ્યા પૂરી પાડવાનું વિચારી શકાય.

૧૦.૪ ગરિમાપૂર્ણ માનવીય વસાવટ માટે આવાં આવાસોમાં પાયાની સામાન્ય સુવિધાઓ જેમકે પાણી, સ્વચ્છતા, વીજળી, રસોડું / રાંધવાની જગ્યા, મનોરંજન માટેની સામાન્ય જગ્યા પૂરી પાડી શકાય. આ ઉપરાંત આંગણવાડી, પ્રા.આ.કે. બાળ સંભાળ સુવિધાઓ અને અન્ય સહાયલક્ષી કાર્યક્રમો સુનિશ્ચિત કરવા

**૧૦.૫ માલિકીહકક અધિકારો**

આવાસો ખાતે સામાજિક સુરક્ષા, આહાર, શિક્ષણ અને આરોગ્ય સંભાળ પ્રણાલીઓ ઉપલબ્ધ હોવી જોઈએ. આવાસોમાં રહેતાં તમામ ઘરવિહોણા લોકોને જુદી જુદી યોજનાઓ અને સરકારી કાર્યક્રમો હેઠળ અગ્રતા આપવી જોઈએ, કારણકે ઘરવિહોણા લોકો સરનામા અને જન્મના દાખલા વગેરે જેવા દસ્તાવેજી પૂરાવાના અભાવે ઘણી સેવાઓ પ્રાપ્ત કરી શકતા નથી.

**૧૦.૬ આવાસોનું સ્થળ** : આશ્રયસ્થાનો જયાં ઘરવિહોણા લોકોની સંખ્યા વધુ હોય તથા જયાં બાંધકામ ચાલતું હોય એવાં સ્થળોની નજીક હોવાં જોઈએ. જયાં ગરીબ લોકો એકઠાં થતાં હોય એવાં સ્થળો એટલે કે રેલવે સ્ટેશનો, બસ ડેપો, ટર્મિનલ્સ, બજારો, જથ્થાબંધ વેચાણ માટેનાં બજારો વગેરેની નજીક આશ્રયસ્થાનો આવેલાં હોવાં જોઈએ. સાર્વજીનક અને અર્ધ સાર્વજીનક ઉપયોગનાં સ્થળો, ઔદ્યોગિક અને મનોરંજક વિસ્તારોમાં આવાં આશ્રયસ્થાનો બાંધવા માટે અર્બન ડેવલપમેન્ટ પ્રોજેકટસ ફોર્મેશન એન્ડ ઈમ્પ્લીમેન્ટેશન (યુડીપીએફઆઈ) ગાઈડલાઈન (શહેરી વિકાસ પરિયોજના ઘડતર અને આશ્રયસ્થાનો અમલીકરણ માર્ગદર્શક સૂચનાઓ) અને માસ્ટર પ્લાનમાં જરૂરી સુધારા કરવા જોઈએ.

**૧૦.૭ આવાસોની ડિઝાઈન**

જયાં હાલનાં આધારમાળખાં જાહેર મકાનોનો ઉપયોગ થતો હોય ત્યાં જરૂરી સેવાઓ / જગ્યાસંબંધી જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવેસરથી રંગરોગાન (રીફરબીશમેન્ટ) અને

સુધારા વધારા કરવા. કાયમી માળખાં કોન્ક્રીટના અથવા ટકાઉ અને વાતાવરણની અસરથી મુકત રહે એવાં બનાવવાં. રાજય સરકારોને ઓછાં ખર્ચે અને ઉર્જાની દષ્ટિએ કાર્યક્ષમ હોય એવાં મકાનો બાંધવા માટે ઉતેજન અપાશે.

૧૦.૮ અમલ કરનાર દરેક સંગઠન / સંસ્થા એક શેલ્ટર મેનેજમેન્ટ કમિટિ (આશ્રયસ્થાનો વ્યવસ્થાપન સમિતિ) ની રચના કરશે. જેમાં કેરટેકર તેમજ આશ્રયમાં રહેતા લોકોમાંથી નામનિયુકત કરવામાં આવેલી વ્યકિતઓનો સમાવેશ કવામાં આવશે. આવી આશ્રયસ્થાન વ્યવસ્થાપન સમિતિ આશ્રયના રોજીંદા વ્યવસ્થાપન, રખરખાવ, સ્વચ્છતા અને શિસ્ત માટે જવાબદાર રહેશે.

૧૦.૯ દરેક આશ્રયનું વ્યવસ્થાપન પૂરા સમયના સ્ટાફ / ટીમ દ્વારા કરવામાં આવશે. જેમાં એક ફિલ્ડ ઓફિસર (કામગીરી સરળખાથી ચાલે તે જોનાર સંયોજક જે સરકારી કર્મચારી હશે) એક ગૃહ વ્યવસ્થાપક (હોમ મેનેજર, જે રસોડાનું સંચાલન, રેકર્ડની જાળવણી, વિવાદોનો ઉકેલ વગેરેની કામગીરી કરશે) એક રેસીડેન્ટ શેલ્ટર કેરટેકર (નિવાસી આશ્રય રખેવાળ) અને એક ચોકીદારનો સમાવેશ થશે. આ સ્ટાફ સરકારી હોઈ શકે અથવા ન પણ હોય અને તે આશ્રયસ્થાનો ચલાવવા માટે જવાબદાર એજન્સીઓ / સંસ્થાઓ મારફત ગોઠવવાનો રહેશે.

૧૦.૧૦ સામુહિક રસોડા રાજયની એજન્સીઓ અથવા ખાનગી એજન્સીઓ દ્વારા ચલાવવાના રહેશે અને તેમાં ગરીબોને પરવડે એવા દરે આરોગ્યપ્રદ અને આરોગ્ય સ્વચ્છતા ધરાવતો ખોરાક પીરસવાનો રહેશે. આશ્રયમાં રહેતાં લોકોમાં આશ્રય માટે પોતાપણાનો ભાવ જાગે તે માટે લાભાર્થીઓની સ્વૈચ્છિક સહભાગિતાને પ્રોત્સાહન આપવાનું રહેશે.

## ૧૦.૧૧ SUH માટે ભંડોળ આપવાની પેટર્ન

ભારત સરકાર આશ્રયસ્થાનોનાં બાંધકામના ખર્ચના ૭૫ ટકા જેટલું ભંડોળ પૂરું પાડશે અને બાકીના ૨૫ ટકાનો હિસ્સો રાજય સરકારે આપવાનો રહેશે. ખાસ કક્ષામાં આવતાં રાજયો (અરૂણાચલપ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિકિકમ, ત્રિપૂરા, જમ્મુ અને કશ્મીર, હિમાચલપ્રદેશ તથા ઉત્તરાખંડ)ના કિસ્સામાં આ ગુણોત્તર ૯૦:૧૦ જેટલો રહેશે. પોતાના હિસ્સા તરીકે જમીન લાવવાની જવાબદારી રાજય સરકારની રહેશે.

૧૦.૧૨ આશ્રયસ્થાનના સંચાલન અને નિભાવ માટે કેન્દ્ર સરકાર પાંચ વર્ષ માટે તમામ રાજયોને સંચાલન અને નિભાવ ખર્ચના યથાપ્રસંગ ૭૫ ટકા અથવા ૯૦ ટકા પૂરા પાડશે.

૧૦.૧૩ ઘરવિહોણા શહેરી લોકોની આવકનાં સ્તરો પર આધાર રાખીને તેમની આવકના ૧/૧૦ થી ૧/૨૦ ભાગ જેટલા દરે મામૂલી ચાર્જ તેમની પાસેથી વસૂલી શકાય, જેથી લાભાર્થીઓની સંકલ્પબધ્ધતા ઊભી કરી શકાય. આ ભંડોળનો ઉપયોગ સુવિધાઓના નિભાવ માટે કરી શકાય. જે લોકો ચુકવણી કરવાની ક્ષમતા ધરાવતા ન હોય તેઓને પૂરેપૂરી મુક્તિ આપવી.

**મૌલિક અને ખાસ પ્રોજેકટ**

૧૧.૧ આ ઘટક મૌલિક પ્રોજેટકસના સ્વરૂપે નવી પહેલને પ્રોત્સાહિત કરવા પર ઘ્યાન કેન્દ્રિત કરશે. આ પહેલ નવો ચીલો પાડનારા પ્રયાસોના સ્વરૂપમાં જાહેર, ખાનગી, સામુદાયિક ભાગીદારી મારફત શહેરી આજીવિકાસંબંધી નકકર અને નિરંતર અભિગમ સ્વરૂપે હોઈ શકે જેમાં ઉત્તરોત્તર સ્થિતિ અંગે ચોકકસ અસર ઊભી થતી હોય અથવા કોઈ ચોકકસ પઘ્ધતિનું નિદર્શન થતું હોય. પ્રોજેટકસ લાંબાગાળાની અને નિરંતર આજીવિકા માટેની તકો ઊભી કરવાની વ્યૂહરચનાઓ દર્શાવતા હોવા જોઈએ અને શહેરી ગરીબો માટેનાં સંગઠનો, કૌશલ વિકાસ માટેના મૌલિક કાર્યક્રમોની રચના અને તેમનો અમલ, સહાયકારી આધાર માળખાની જોગવાઈ, ટેકનોલોજી, માર્કેટીંગ, ક્ષમતા–ઘડતર વગેરેને અથવા તે પૈકી કોઈ પણ બાબતોને આવરી લેતા હોવા જોઈએ. મૌલિક / ખાસ પ્રોજેકટ CBOs, NGOs અર્ધ સરકારી સંગઠનો, ખાનગી ક્ષેત્ર, ઔદ્યોગિક મંડળો, સરકારી વિભાગો / એજન્સીઓ, શહેરી સ્થાનિક સંસ્થાઓ, રાષ્ટ્રીય / રાજય શહેર સંસાધન કેન્દ્રો અથવા આંતરરાષ્ટ્રીય સંગઠનોના સહયોગથી ભાગીદારીના ધોરણે હાથ ધરવા જોઈએ.

૧૧.૨ આ ઘટક માટે, કેન્દ્રના ભંડોળના ૫ ટકાનો ઉપયોગ કરવાનો રહેશે. આ ઘટકનો વહીવટ કેન્દ્ર દ્વારા કરવામાં આવશે અને તેમાં રાજયોએ કોઈ હિસ્સો આપવો જરૂરી બનશે નહી. કોઈપણ ઘટક હેઠળની દરખાસ્તને આવરી લેતા ખાસ પ્રોજેકટસનો અમલ નેશનલ મિશન ડિરેકટર દ્વારા સીધો જ કરવામાં આવશે.

**વહીવટી અને અન્ય ખર્ચ**

૧૨.૧ એનયુએલએમ હેઠળની ફાળવણીના ૨ ટકા કેન્દ્ર / રાજય શહેર સ્તરોએ વહીવટ અને અન્ય ખર્ચ માટે વાપરવાના રહેશે. તેમાં દેખરેખ નિયંત્રણ, ડેટા બેસ તૈયાર કરવો અને જાળવવો, એમઆઈએસ, ઈ–ટ્રેકીંગ, મૂલ્યાંકન અને અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થશે.

**માહિતી, શિક્ષણ અને સંદેશ (આઈઈસી)**

૧૨.૨ એનયુએલએમ હેઠળની ફાળવણીના ૩ ટકા કેન્દ્ર / રાજય / શહેર સ્તરે આઈઈસી માટે વાપરી શકાશે.

**એનયુએલએમનો વહીવટ અને મિશનનું માળખું**

૧૩.૧ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન ત્રીસ્તરીય અમલીકરણ માળખું ધરાવશે. સૌથી ઉપરના સ્તરે રાષ્ટ્રીય મિશન વ્યવસ્થાપન એકમ (એનએમએમયુ) હશે જે આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય, ભારત સરકાર હેઠળ એક સ્વતંત્ર મંડળી તરીકે મિશન ડિરેકટરના હવાલા હેઠળ કામગીરી કરશે અને મિશન ડિરેકટરે તેમની કામગીરીનો અહેવાલ સચિવ, આવાસન અને શહેરી ગરીબી નિવારણને મોકલવાનો રહેશે. એક સ્વતંત્ર મંડળીની રચના કરવામાં આવે ત્યાં સુધી એનયુએલએમ ખાસ સ્ટાફ સાથે આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયના એક કાર્યક્રમ તરીકે કામગીરી બજાવશે. રાજય સ્તરે, મિશન ડિરેકટરના નેતૃત્વ હેઠળની એક સ્વતંત્ર મંડળી હેઠળ રાજય મિશન વ્યવસ્થાપન એકમ (એસએમએમયુ) હશે. રાજય મિશન ડિરેકટર કૌશલ વિકાસ / રોજગાર / આજીવિકા પ્રોત્સાહનને લગતા કાર્યક્રમોનો અમલ કરતી નગરપાલિકાઓનો હવાલો સંભાળતા, રાજયના સચિવાલયના વિભાગને અહેવાલ રજૂ કરશે. શહેર સ્તરે એક શહેર મિશન વ્યવસ્થાપન અને (સીએમએમયુ)ની રચના તમામ એનયુએલએમ શહેરોમાં કરવામાં આવશે અને આ એકમ એનએમએમયુના એકંદર માર્ગદર્શન હેઠળ કામ કરશે.

૧૩.૨ રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરોએ ટેકનિકલ સલાહકાર જૂથો (ટીએજીએસ)ની સ્થાપના કરવામાં આવશે. આ જૂથોમાં કૌશલો અને આજીવિકા, નાણાકીય સમાવેશ, સામાજિક ગતિશીલતા, ક્ષમતા ઘડતરના ક્ષેત્રના નિષ્ણાતો, ઉદ્યોગ–મંડળોના પ્રતિનિધિઓ વગેરેનો સમાવેશ થશે. એનયુએલએમ માટેના રાષ્ટ્રીય ટેકનિકલ સલાહકાર જૂથના સભ્યો અને અધ્યક્ષની નામનિયુકિત મંત્રીશ્રી (આવાસન અને શહેરી ગરીબી નિવારણ) કરશે, રાજય

ટેકનિકલ સલાહકાર જૂથના સભ્યો અને અધ્યક્ષ સંબંધિત રાજયના મુખ્ય મંત્રી / સંબંધિત સંઘપ્રદેશના વહીવટદાર કરશે અને તેમાં આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય દ્વારા નામનિયુકત કરવામાં આવેલી બે વ્યકિતઓનો સમાવેશ થયેલો હશે. એનયુએલએમ માટેના શહેર ટેકનિકલ સલાહકાર જૂથોની રચના માટે સંબંધિત રાજય / સંઘપ્રદેશ યોગ્ય માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડશે.

**રાષ્ટ્રીય મિશન વ્યવસ્થાપન એકમ**

એનયુએલએમ માટે ગવર્નિંગ કાઉન્સીલ હશે અને આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયના મંત્રી તેના અધ્યક્ષ હશે. એનયુએલએમ માટે એક કારોબારી સમિતિ હશે, જેના અધ્યક્ષ સચિવ, આવાસન અને શહેરી ગરીબી નિવારણ હશે. ગવર્નિંગ કાઉન્સીલ નીતિઓ ઘડશે અને મિશનના રાષ્ટ્રીય ઉદેશોને સુસંગત રહીને તેની ભાવિ કલ્પના અને દિશા નકકી કરશે. તે અગ્રતાઓ નિર્ધારિત કરશે અને મિશનની એકંદર પ્રગતિ અને વિકાસની સમીક્ષા કરશે. ગવર્નિંગ કાઉન્સીલની રચના નીચે મુજબ કરવામાં આવશે.

| ક્રમ નં. | હોદ્દો | સભ્ય પદ |
|---|---|---|
| ૧ | મંત્રીશ્રી, આવાસન અને શહેરી ગરીબી નિવારણ | અધ્યક્ષ |
| ૨–૪ | અધ્યક્ષ દ્વારા વારાફરતી નામનિયુકત કરવામાં આવેલ રાજય કક્ષાના શહેરી વિકાસ મંત્રી / સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મંત્રી / એમએ મંત્રી | સભ્યો |
| ૫ | સભ્ય (શહેરી વિકાસ), આયોજન પંચ | સભ્ય |
| ૬ | સભ્ય (શ્રમ અને રોજગાર), આયોજન પંચ | સભ્ય |
| ૭ | સચિવશ્રી, શહેરી વિકાસ | સભ્ય |
| ૮ | સચિવશ્રી, ગ્રામ વિકાસ | સભ્ય |
| ૯ | સચિવશ્રી, માનવ સંસાધન વિકાસ | સભ્ય |
| ૧૦ | સચિવશ્રી, શ્રમ અને રોજગાર | સભ્ય |
| ૧૧ | સચિવશ્રી, સૂક્ષ્મ અને લઘુ મધ્યમ ઉદ્યોગ સાહસો | સભ્ય |
| ૧૨ | સવિચશ્રી, મહિલા અને બાળ વિકાસ | સભ્ય |
| ૧૩ | સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૪ | કૌશલ વિકાસના પ્રભારી મંત્રીના સલાહકાર | સભ્ય |
| ૧૫ | બેકીંગને લગતી બાબતોના પ્રભારી હોય એવા, રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર | સભ્ય |
| ૧૬ | નેશનલ સ્કીલ્સ ડેવલપમેન્ટ કોર્પોરશેનના નિયામક મંડળના અધ્યક્ષ | સભ્ય |
| ૧૭–૧૯ | અધ્યક્ષ દ્વારા નામનિયુકત કરવામાં આવેલ પ્રતિષ્ઠિત આજીવિકા સંબંધી નિષ્ણાત / નાગરિક સમાજના સભ્ય / આદ્યોગિક પ્રતિનિધિઓ | સભ્યો |
| ૨૦ | સચિવશ્રી (એચયુપીએ) | સભ્ય–કન્વીનર |
| ૨૧ | અધ્યક્ષ દ્વારા સહવરણી કરવામાં આવેલા અન્ય કોઈપણ સભ્ય(ભ્યો) | સભ્ય (ભ્યો) |

૧૩.૪ કારોબારી સમિતિની રચના સચિવ,આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવશે. આ સમિતિ મિશનની પ્રવૃત્તિઓ થકી જુદાં જુદાં મિશનો, વિભાગો અને સંસ્થાઓ વચ્ચે સરળ કામગીરી થાય એવા સંપર્કો સુનિશ્ચિત કરશે. કારોબારી સમિતિના અધ્યક્ષ જરૂરિયાત મુજબ સમિતિના વધુ સભ્યોને નામનિયુકત કરશે. કારોબારી સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવશે.

| ક્રમ નં. | હોદ્દો | સભ્ય પદ |
|---|---|---|
| ૧ | સચિવશ્રી, આવાસન અને શહેરી ગરીબી નિવારણ | અધ્યક્ષ |
| ૨ | સચિવશ્રી, શહેરી વિકાસ અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૩ | સચિવશ્રી, નાણાકીય સેવાઓ, નાણા મંત્રાલય અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૪ | આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૫ | ચેરમેન, ઈન્ડિયન બેંક એસોસીએશન | સભ્યફ |
| ૬ | સચિવશ્રી, ગ્રામ વિકાસ અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |

| | | |
|---|---|---|
| ૭ | સવિચશ્રી, શ્રમ અને રોજગાર અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૮ | સચિવશ્રી, સૂક્ષ્મ, લઘુ અને મઘ્યમ ઉદ્યોગો સાહસો અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૯ | સચિવશ્રી, શાળા શિક્ષણ વિભાગ અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૧૦ | સચિવશ્રી, મહિલા અને બાળક વિકાસ અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૧૧ | સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા  અથવા તેઓ દ્વારા નામનિયુકત વ્યકિત | સભ્ય |
| ૧૨–૧૩ | સિનિયર સલાહકાર (યુડી) અને (એલઈએન), આયોજન પંચ | સભ્યો |
| ૧૪ | મિશન ડિરેકટર (જેએનએનયુઆરએમ), આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય | સભ્ય |
| ૧૫ | સંયુકત સચિવ અને નાણા સલાહકાર, આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય | સભ્ય |
| ૧૬–૧૭ | યુડી / એલએસજી / એમએ ના રાજય સચિવો વારાફરતી | સભ્યો |
| ૧૮ | સીઈઓ, નેશનલ સ્કીલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન | સભ્ય |
| ૧૯–૨૦ | મંત્રીશ્રી, આવાસન અને ગરીબી શહેરી ગરીબી નિવારણ દ્વારા નામનિયુકત કરવામાં આવે એવા પ્રતિષ્ઠિત આજીવિકા સંબંધી નિષ્ણાત / નાગરિક સમાજના સભ્ય / આદ્યોગિક પ્રતિનિધિઓ | સભ્યો |
| ૨૧–૨૩ | અઘ્યક્ષ દ્વારા નામનિયુકત કરવામાં આવે એવા મ્યુનિસિપલ કમિશ્નરો વારાફરતી | સભ્યો |
| ૨૪ | મિશન ડિરેકટર (એનયુએલએમ, આવાસ અને શહેરી ગરીબી નિવારણ) | સભ્ય–કન્વીનર |
| ૨૫ | અઘ્યક્ષ દ્વારા સહવરણી કરવામાં આવ્યા હોય એવા અન્ય કોઈપણ સભ્ય (ભ્યો) | સભ્ય (ભ્યો) |

૧૩.૫ એનયુએલએમની સ્થાપના "રાષ્ટ્રીય મિશન વ્યવસ્થાપન એકમ" દ્વારા સહાયિત સ્વતંત્ર એકમ તરીકે કરવામાં આવશે, આ એકમ મિશન ડિરેકટરના માર્ગદર્શન હેઠળ કામ કરશે. રાષ્ટ્રીય મિશન વ્યવસ્થાપન એકમ એનયુએલએમના અમલમાં સહાય કરશે. મિશન ડિરેકટરને બે નિયામકો, ૪ ઉપ સચિવો, ૫ સેકશન અધિકારીઓ અને ૬ મદદનીશો અન્ય તાબા હેઠળનો સ્ટાફ તથા ઓછામાં ઓછા ૧૦ ટેકનિકલ નિષ્ણાતોની બનેલી એક ટેકનિકલ સહાય ટૂકડી મદદ કરશે.

૧૩.૬ રાષ્ટ્રીય મિશન વ્યવસ્થાપન એકમ એસએમએમયુએસ તથા સીએમએમયુએસની પૂરતા કર્મચારીઓ સાથે સ્થાપના કરવામાં સહાય કરશે, ભાવિલક્ષી યોજનાઓ (રાજયમાં શહેરી ગરીબી ઘટાડવા માટેની વ્યૂહરચના), શહેર આજીવિકા વિકાસ યોજનાઓ, એનયુએલએમ હેઠળ માર્ગદર્શક સૂચનાઓ ઘડવામાં મદદ કરશે. એનયુએલએમના અમલ ઉપર દેખરેખ રાખશે, ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રયસ્થાનો ઊભાં કરશે તથા રાષ્ટ્ર, રાજય અને શહેર સ્તરોએ સંકલનકારી પગલાં લેવા માટે મિશન / મંત્રીઓ / વિભાગો / ઉદ્યોગ મંડળો સાથે સંપર્કો કરશે.

**રાજય મિશન વ્યવસ્થાપન એકમ**

૧૩.૭ રાજય સ્તરે રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનનો અમલ દ્વિસ્તરીય માળખાં એટલે કે ગવર્નિંગ કાઉન્સીલ અને કારોબારી સમિતિ થકી કરવામાં આવશે, રાજય સ્તરે પણ એનયુએલએમ માટે એક ગવર્નિંગ કાઉન્સીલ હશે જેના અધ્યક્ષપદે રાજયના મુખ્યમંત્રી હશે અને કારોબારી સમિતિના અધ્યક્ષપદે રાજયના મુખ્ય સચિવ હશે.

૧૩.૮ ગવર્નિંગ કાઉન્સીલની રચના નીચે મુજબ કરવામાં આવશે.

| ક્રમ નં. | હોદ્દો | સભ્ય પદ |
|---|---|---|
| ૧ | મુખ્ય મંત્રીશ્રી | અધ્યક્ષ |
| ૨ | નાણાં મંત્રીશ્રી | ઉપાધ્યક્ષ |
| ૩ | મંત્રીશ્રી, શહેરી વિકાસ / એલએસજી / મ્યુનિસિપલ બાબતો / વહીવટ – શહેરી સ્થાનિક સંસ્થાઓના પ્રભારી | સભ્ય |
| ૪ | મંત્રીશ્રી, ગ્રામ વિકાસ | સભ્ય |
| ૫ | મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર | સભ્ય |

| | | |
|---|---|---|
| ૬ | મંત્રીશ્રી, ઉદ્યોગ | સભ્ય |
| ૭ | મત્રીશ્રી, આરોગ્ય | સભ્ય |
| ૮ | મંત્રીશ્રી, ટેકનિકલ શિક્ષણ | સભ્ય |
| ૯ | મુખ્ય સચિવશ્રી, | સભ્ય |
| ૧૦ | સ્ટેટ લીડ બેંક ઓફિસર | સભ્ય |
| ૧૧ | આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય, ભારત સરકારના પ્રતિનિધિ | સભ્ય |
| ૧૨–૧૩ | શહેરી સ્થાનિક સંસ્થાઓ – મેયર / અધ્યક્ષના પ્રતિનિધિઓ (૨) | સભ્યો |
| ૧૪–૧૬ | આજીવિકા નિષ્ણાતો / નાગરિક સમાજ / ઉદ્યોગના પ્રતિનિધિઓ (૩) | સભ્યો |
| ૧૭ | એનયુએલએમના પ્રભારી સચિવ / અગ્ર સચિવ | સભ્ય–કન્વીનર |
| ૧૮ | અધ્યક્ષ દ્વારા સહવરણી કરવામાં આવે એવા અન્ય કોઈપણ સભ્ય (ભ્યો) | સભ્ય (ભ્યો) |

૧૩.૯ કારોબારી સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવશે.

| ક્રમ નં. | હોદ્દો | સભ્ય પદ |
|---|---|---|
| ૧ | મુખ્ય મંત્રીશ્રી | અધ્યક્ષ |
| ૨ | શહેરી સ્થાનિક સંસ્થાઓના પ્રભારી સચિવ / અગ્ર સચિવ | સભ્ય |
| ૩ | શહેરી વિકાસ / આવાસનના પ્રભારી સચિવ / અગ્ર સચિવ | સભ્ય |
| ૪ | સચિવશ્રી, નાણાં | સભ્ય |
| ૫ | સચિવશ્રી, ગ્રામ વિકાસ | સભ્ય |
| ૬ | સચિવશ્રી, શ્રમ અને રોજગાર | સભ્ય |
| ૭ | સચિવશ્રી, સમાજ કલ્યાણ | સભ્ય |
| ૮ | સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ | સભ્ય |
| ૯ | સચિવશ્રી, જાહેર બાંધકામ વિભાગ | સભ્ય |
| ૧૦ | સચિવશ્રી, અન્ન અને નાગરિક પૂરવઠો | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૧ | સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા | સભ્ય |
| ૧૨ | પ્રાથમિક શિક્ષણના પ્રભારી સચિવ | સભ્ય |
| ૧૩–૧૪ | સ્ટેટ લીડ બેંક ઓફિસર અને અન્ય રાષ્ટ્રીય બેંકના વડા | સભ્યો |
| ૧૫ | આરબીઆઈના રાજય પ્રતિનીધિ | સભ્ય |
| ૧૬ | ઉદ્યોગ પ્રતિનિધિ | સભ્ય |
| ૧૭–૧૯ | સ્વસહાય જૂથો / ફેડરેશનના પ્રતિનિધિઓ (૩) | સભ્યો |
| ૨૦ | રાજય મિશન ડિરેકટર, એનઆરએલએમ | સભ્ય |
| ૨૧ | ટેકનિકલ શિક્ષણ / શ્રમ / ઉદ્યોગના પ્રભારી રાજય અધિકારી | સભ્ય |
| ૨૨ | આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયના પ્રતિનિધિ | સભ્ય |
| ૨૩ | રાજય મિશન ડિરેકટર, એનયુએલએમ | સભ્ય–કન્વીનર |
| ૨૪ | અધ્યક્ષ દ્વારા સહવરણી કરવામાં આવે એવા અન્ય કોઈપણ સભ્ય / ભ્યો | સભ્ય / ભ્યો |

૧૩.૧૦ એસયુએચ હેઠળ પ્રોજેકટસ રચના, બાંધકામ અને સંચાલન મ્યુનિસિપલ સંસ્થાઓ દ્વારા તેમજ રાજય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા પારખવામાં આવેલાં ખાનગી સંગઠનો સહિતની અન્ય સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે.

દરેક પ્રોજેકટના મૂલ્યાંકન બાદ એસયુએચ હેઠળ યોગ્ય અને નભાઉક્ષમ પ્રોજેટકસ રાજયની કારોબારી સમિતિ મંજૂર કરશે.

૧૩.૧૧ રાજય શહેરી આજીવિકા મિશનની સ્થાપના એક મંડળી તરીકે કરવામાં આવશે અને આ મિશનના અમલ ઉપર તથા રાજયમાં અન્ય ગરીબી નિવારણ કાર્યક્રમો પર દેખરેખ રાખવા રાજય મિશન વ્યવસ્થાપન એકમ તેને સહાય કરશે. રાષ્ટ્રીય અને રાજય મિશનો પરસ્પર સહાયકારી સંબંધ ધરાવશે. તેઓ શહેરી આજીવિકા અને ગરીબી નિવારણના ક્ષેત્રોમાં પરસ્પર જાણકારી અને સેવાઓ મેળવશે.

૧૩.૧૨ એસએમએમયુનું નેતૃત્વ રાજય મિશન ડિરેકટર કરશે અને તેમની સહાય માટે ૪ પ્રોજેકટસ અધિકારીઓ કૌશલો અને આજીવિકા, લઘુ–સાહસો, ક્ષમતા ઘડતર અને નાણાં તથા વહીવટનો હવાલો ધરાવતા રહેશે. રાજય મિશન કાર્યકારી સ્વાયત્તત્તા ધરાવશે અને રાજયમાં તેના અમલ માટેનો એકંદર હવાલો સંબંધિત સચિવ / અગ્ર સચિવ પાસે રહેશે.

૧૩.૧૩ જરૂરિયાત મુજબ રાજય એકમ સામાજિક ગતિશીલતા, સંસ્થા વિકાસ, ક્ષમતા ઘડતર અને તાલીમ, સૂક્ષ્મ ધિરાણ, આજીવિકા પ્રોત્સાહન, કૌશલ – તાલીમ અને મળતરપ્રાપ્ત નોકરીમાં ગોઠવણી, જેન્ડર, સંચાર, એમઆઈએસ, દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન, માનવ સંસાધન, નાણાં, વહીવટ વગેરે ક્ષેત્રના નિષ્ણાતોનો સમાવેશ કરશે.

૧૩.૧૪ ઓનલાઈન દેખરેખ રાખવા માટે એસએમએમયુ તેનો ખાસ એમઆઈએસ સેલ ધરાવશે. કાર્યક્રમોનું સુસંયોજન સુનિશ્ચિત કરવા માટે રાજય મિશન વ્યવસ્થાપન એકમ જેએનએનયુઆરએમ અને આરએવાયના કાર્યક્રમ વ્યવસ્થાપન સાથે સંકલન કરશે.

૧૩.૧૫ એનયુએલએમ અને અન્ય કાર્યક્રમોનો મહતમ લાભ મેળવવા માટે પ્રવૃત્તિઓના સંકલન અર્થે રાજય સરકારના જુદા જુદા સંલગ્ન વિભાગો વચ્ચે સહયોગ સુનિશ્ચિત કરવાની જવાબદારી એસએમએમયુની રહેશે. તે મિશનના વિવિધ કાર્યક્રમોના જુદા જુદા ઘટકોના અસરકારક અમલ માટે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાજય સંસાધન સંસ્થાઓની સેવાઓનો ઉપયોગ કરશે અને એનયુએલએમના રાજય સ્તરના એકમો સાથે યોગ્ય સંકલન સુનિશ્ચિત કરશે.

**શહેર મિશન વ્યવસ્થાપન એકમ**

શહેર સ્તરે એનયુએલએમનું સંચાલન કારોબારી સમિતિ કરશે, જેના અધ્યક્ષ મ્યુનિસિપલ કમિશ્નર હશે. આ કારોબારી સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવશે.

| ક્રમ નં. | હોદ્દો | સભ્ય પદ |
|---|---|---|
| ૧ | મ્યુનસિપલ કમિશ્નર | અધ્યક્ષ |
| ૨ | એનઆરએલએમના પ્રભારી અધિકારી | સભ્ય |
| ૩ | ઉદ્યોગના પ્રભારી અધિકારી | સભ્ય |
| ૪ | મોડયુલર એમ્પ્લોયેબલ સ્કીલ્સના પ્રભારી અધિકારી | સભ્ય |
| ૫ | મુખ્ય તબીબી અધિકારી | સભ્ય |
| ૬ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી | સભ્ય |
| ૭ | જિલ્લા ખાતે નિયુકત કરવામાં આવેલા પીડબલ્યુડીના સૌથી સિનિયર સીઈ / એસઈ / ઈઈ | સભ્ય |
| ૮ | પ્રાથમિક / માધ્યમિક શિક્ષણના જિલ્લા સ્તરના જવાબદાર સૌથી સિનિયર અધિકારી | સભ્ય |

| | | |
|---|---|---|
| ૯ | જિલ્લા પુરવઠા અધિકારી | સભ્ય |
| ૧૦–૧૧ | બેંકના પ્રતિનિધિઓ (બે) | સભ્યો |
| ૧૨–૧૩ | સ્વસહાય જૂથો / ફેડરેશનોના પ્રતિનિધિઓ (બે) | સભ્યો |
| ૧૪ | સીટી પ્રોજેક્ટ ઓફિસર, એનયુએલએમ | સભ્ય – કન્વીનર |
| ૧૫ | અધ્યક્ષ દ્વારા સહવરણી કરવામાં આવે એવા અન્ય કોઈપણ સભ્ય (ભ્યો) | સભ્ય (ભ્યો) |

૧૩.૧૭ એનયુએલએમ હેઠળ આજીવિકાના ઘટક ઉપરાંત, શહેર સ્તરે રચાયેલી કારોબારી સમિતિ એ તમામ સુવિધાઓ જે મ્યુનિસિપલ સત્તામંડળો સામુદાયિક પ્રતિનિધિઓ, નાગરિક સમાજના સંગઠનો, સંલગ્ન વિભાગો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા એસયુએચ હેઠળ ઊભી કરવામાં આવી હશે તેનું વ્યવસ્થાપન કરશે.

૧૩.૧૮ એક શહેરી પ્રોજેક્ટ અધિકારી (સીપીઓ) શહેર મિશન વ્યવસ્થાપન એકમ તરીકે ઊભા કરવામાં આવેલા ખાસ એકમનું સંચાલન કરશે. સીપીઓ નાયબ મ્યુનિસિપલ કમિશનર / એકજીકયુટીવ ઓફિસરના દરજ્જાના હશે અને એક અથવા વધુ મદદનીશ પ્રોજેક્ટ અધિકારીઓ (એપીઓએસ) તેમજ સામાજિક ગતિશીલતા સંસ્થા અને ક્ષમતા ઘડતર, સૂક્ષ્મ ધિરાણ, આજીવિકા / લઘુ સાહસોના ક્ષેત્રમાં કામ કરતા કાર્યકારી નિષ્ણાતોની એક ટૂકડી તેમને મદદ કરશે. મહાનગરોમાં સીપીઓને સહાય કરવા માટે ઓછમાં ઓછા બે મદદનીશ પ્રોજેક્ટ અધિકારીઓ (એપીઓએસ)હશે. કાર્યકારી નિષ્ણાતોની નિમણૂક કરારથી કરવામાં આવશે અને તેઓ શહેર પ્રોજેક્ટ અધિકારીના નેતૃત્વ હેઠળ, તેઓના સંબંધિત ક્ષેત્રોમાં કામગીરી હાથ ધરશે. સીએમએમયુએસ શહેરોમાં સામુહિક માળખાં સાથે સંકળાયેલાં હશે. આ જોડાણને સુગમ બનાવવા માટે સીએમએમયુ સામુદાયિક સંગઠનોને રોકશે. દરેક સામુદાયિક સંગઠન ઓછામાં ઓછા ૩૦૦૦ ગરીબ કુટુંબોને આવરી લેશે.

૧૩.૧૯ એનયુએલએમની માર્ગદર્શક સૂચનાઓને અનુસરીને શહેરમાં આ મિશનના કાર્યક્રમોના અમલ માટે સીએમએમયુ જવાબદાર રહેશે.

૧૩.૨૦ રાજ્ય અને શહેર સ્તરોએ આવેલાં એમએમયુએસ શહેરી ગરીબોની નિરંતર આજીવિકા અને કૌશલ વિકાસ માટે લાંબાગાળાના માળખા તરીકે કામ કરશે એવું વિચારવામાં આવ્યું છે.

તેથી, રાજય અને શહેર સ્તરના એનએમયુ માટેના માનવ સંસાધનો રાજયો તેમના રાજયોમાં, શહેર સામુદાયિક વિકાસ / ગરીબી નિવારણ માટે કાર્યરત ( અને જયાં ન હોય ત્યાં ઊભાં કરવામાં આવેલા) રાજય / મ્યુનિસિપલ સંવર્ગ મારફત પ્રાપ્ત કરે એવી અપેક્ષા રાખવામાં આવે છે. આવા સંવર્ગોને નિષ્ણાતો / વ્યવસાયિકો કરારના ધોરણે સહાય કરશે. સંવર્ગોની રચના થાય અને તે કાર્યરત બને ત્યાં સુધી, પાંચ વર્ષના સમયગાળા માટે એનયુએલએમના સંચાલન માટે કરાર આધારિત જુદી જુદી જગ્યાઓ ઊભી કરવા માટે ભંડોળ ઉપલબ્ધ બનશે.

**દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન**

૧૪.૧ લક્ષ્યાંકો અને સિધ્ધિઓની બાબતમાં રાજયો / સંઘ પ્રદેશોએ નિર્દિષ્ટ ફોર્મેટમાં માસિક પ્રગતિ અહેવાલો (એમઆરપી) / ત્રિમાસિક પ્રગતિ અહેવાલો (કયુપીઆર) મોકલવાના રહેશે. એમઆરપીએસ / કયુપીઆરએસ ઉપરાંત, એનયુએલએમના મિશન ડિરેકટર, વખતોવખત યોગ્ય જણાય  તે મુજબ અન્ય પ્રગતિ અહેવાલો નિર્દિષ્ટ કરી શકશે. રાજયો / સંઘ પ્રદેશો દેખરેખ નિયંત્રણ માટેના યોગ્ય તંત્રો તથા એનયુએલએમના જુદા જુદા ઘટકોની પ્રગતિને લગતા માસિક અહેવાલોની ફોર્મેટ સીએમએમયુએસ દ્વારા ઊભી કરશે.

૧૪.૨ એનયુએલએમ મારફત સહાયિત સંસાધનો અને પ્રવૃત્તિઓનો વિશાળ ભૌગોલિક વ્યાપ અને કદ જોતાં, લક્ષ્યો અને સિધ્ધિઓ પર નજર રાખવા માટે માહિતી પ્રૌદ્યોગિકી આધારિત એક સર્વગ્રાહી અને સશકત એનયુએલએમ એમઆઈએસ ઊભું કરવામાં આવશે. રાજયો / સંઘ પ્રદેશોએ તેઓના પ્રગતિ અહેવાલો ઓનલાઈન રજૂ કરવાના રહેશે.

૧૪.૩ દેખરેખ નિયંત્રણ પ્રવૃત્તિઓમાં ત્રીજા પક્ષ દ્વારા મૂલ્યાંકન, મિશનની ઊભી થયેલી અસરોનું મૂલ્યાંકન અભ્યાસ અને સામાજિક ઓડિટ વગેરેનો સમાવેશ થશે પરંતુ તે આટલા પૂરતી મર્યાદિત રહેશે નહી. મિશન માટેનું મૂલ્યાંકન, તેના અમલીકરણ દરમિયાન હાથ ધરવામાં આવશે, જેથી તેમાં અધવચ્ચે સુધારા કરી શકાય અને યોજનાને તેના મુખ્ય ઉદેશોની પ્રાપ્તિને સુસંગત બનાવી શકાય.

૧૪.૪ આ પ્રવૃત્તિઓનું ખર્ચ એનયુએલએમના વહીવટ અને અન્ય ખર્ચ (એએન્ડ ઓઈ) ઘટક હેઠળ કરવામાં આવશે.

## અમલીકરણ માટેની માર્ગદર્શક સૂચનાઓ

૧૫.૧ ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયમાં મિશન ડિરેક્ટર, એનયુએલએમના અસરકારક સંચાલન, અમલ અને દેખરેખ નિયંત્રણ માટે મિશનના પ્રત્યેક પટક અને પેટા ઘટક માટે વખતોવખત વિગતવાર કાર્યલક્ષી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડશે.

## જોડાણ– રાજયો / સંઘ પ્રદેશોની યાદી

| મોટાં રાજયોની યાદી | નાનાં રાજયો / સંઘ પ્રદેશોની યાદી |
|---|---|
| ૧. આંધ્રપ્રદેશ | ૧. અરુણાચલ પ્રદેશ |
| ૨. આસામ | ૨. ગોવા |
| ૩. બિહાર | ૩. હિમાચલપ્રદેશ |
| ૪. છત્તીસગઢ | ૪. જમ્મુ અને કાશ્મીર |
| ૫. ગુજરાત | ૫. મણીપુર |
| ૬. હરિયાણા | ૬. મિઝોરમ |
| ૭. ઝારખંડ | ૭. મેઘાલય |
| ૮. કર્ણાટક | ૮. નાગાલેન્ડ |
| ૯. કેરળ | ૯. સિકિકમ |
| ૧૦. મહારાષ્ટ્ર | ૧૦. ત્રિપૂરા |
| ૧૧. મધ્યપ્રદેશ | ૧૧. ઉત્તરાંચલ |
| ૧૨. ઓરિસ્સા | ૧૨. આંદામાન અને નિકોબાર |
| ૧૩. પંજાબ | ૧૩. ચંદીગઢ |
| ૧૪. રાજસ્થાન | ૧૪. દાદરા અને નગર હવેલી |
| ૧૫. તાલીમનાડુ | ૧૫. દમણ અને દીવ |
| ૧૬. ઉત્તરપ્રદેશ | ૧૬. લક્ષદ્વીપ |
| ૧૭. પશ્ચિમ બંગાળ | ૧૭. પુડીચેરી |
| ૧૮. દિલ્હી | |

**અનુક્રમણિકા**


| **ક્રમ** | **વિષયસૂચિ** | **પૃષ્ઠાંક** |
|---|---|---|
| ૧ | કૌશલ, તાલીમ અને સ્થળ –નિર્ધારણ દ્વારા રોજગાર | |
| ૨ | સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ | |
| ૩ | ક્ષમતા નિર્માણ અને તાલીમ | |
| ૪ | સ્વરોજગાર કાર્યક્રમ | |
| ૫ | ઘરવિહોણા શહેરીજનો માટે આશ્રયની યોજના | |
| ૬ | શેરીઓમાં ફરીને વેચાણનું કામ કરતા ફેરીયાઓને સહાય | |

ફા.નં. કે. ૧૪૦૧૪ /૫૮(૮) ૨૦૧૨ એસએલએસયુ–એસએનપીયુપીઆર

**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**
**(યુપીએ પ્રભાગ)**

નિર્માણ ભવન, નવી દિલ્હી
તા.૧૩ ડિસેમ્બર, ૨૦૧૩

**કાર્યાલય યાદી**

**વિષયઃ** નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) અંતર્ગત કૌશલ, તાલીમ અને સ્થાન નિર્ધારણ દ્વારા રોજગાર માટે સંચાલકીય માર્ગદર્શક સૂચના.

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) માટે માર્ગદર્શક સૂચના તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવી છે. જુઓ કચેરી યાદી નં. કે ૧૪૦૧૧/૧/૨૦૧૩ યુપીએ.

૨. એનયુએલએમના કૌશલ, તાલીમ અને સ્થાન–નિર્ધારણ દ્વારા રોજગાર માટેની સંચાલકીય માર્ગદર્શક સૂચનાઓ આ સાથેના જોડાણમાં બીડવામાં આવી છે. તમામ અમલકર્તા એજન્સીઓએ તેનું પાલન કરવાનું રહેશે. આ માર્ગદર્શક સૂચનાઓ આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે. http:/mhupa.gov.in/NULM Mission/NULM Mission_htm, પરથી તે જોઈ શકાશે.

૩. આ યાદી ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રીશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવી છે.

**સહી/–**
**(બી.કે.અગ્રવાલ)**
**સંયુકત સચિવશ્રી, ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી કમંત્રાલય**

# નેશનલ અર્બન
# લાઈવલીહૂડ મિશન

# કૌશલ, તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા
# રોજગાર માટે માર્ગદર્શક સૂચના

**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**
**ભારત સરકાર**

## કૌશલ, તાલીમ અને સ્થળ –નિર્ધારણ દ્વારા રોજગાર માટે માર્ગદર્શક સૂચના

"..........દેશમાં વધતી જતી યુવા વસતિને સમાજમાં આદરપાત્ર ગણાય તેવી રોજગારની તકો પૂરી પાડવા તેમજ ખૂબ ઊંચા વૃધ્ધિ દરને, તેની ગતિને જાળવી રાખવા માટે સુધારેલ તાલીમ અને કૌશલ વિકાસ ખૂબ જ આવશ્યક, જરૂરી અને નિર્ણાયક છે..........."

– ૧૨મી પંચવર્ષીય યોજના,

અભિગમ લેખ મુદ્દા નં. ૧૦.૧૪

### ૧. પ્રસ્તાવના અને ઉદ્દેશ

માર્ચ, ૨૦૦૯માં જાહેર કરાયેલ રાષ્ટ્રીય કૌશલ વિકાસ નીતિમાં જણાવાયું છે કે ૨૦૨૨ની સાલ સુધીમાં કૌશલ ધરાવનાર માનવશકિતની માગ ૫ કરોડ જેટલી હશે. વધતા જતા શહેરીકરણના કારણે ૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન ૫ કરોડ ખેતી સિવાયની રોજગાર તકોનું નિર્માણ કરાશે અને એટલી જ સંખ્યામાં લોકોને પ્રમાણિત કૌશલ તાલીમ પૂરી પડાશે.

એનયુએલએમ અંતર્ગત કૌશલ, તાલીમ અને સ્થળ–નિર્ધારણ દ્વારા રોજગારનું ઘટક શહેરમાં રહેતા ગરીબ, બિન–કુશળ લોકોને કૌશલ પૂરું પાડવા / તેમજ લોકોમાં હાલમાં જે કંઈ કૌશલ છે તેની કક્ષા ઊંચી લાવવા તૈયાર કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત શહેરી ગરીબોને તાલીમ પૂરી પડાશે, જેથી તેઓ સ્વ–રોજગાર મેળવી કોઈ સાહસ ઊભું કરવા સક્ષમ બની શકે અથવા તો ખાનગી ક્ષેત્રમાં પગારદાર તરીકે નોકરી કરી શકે. કૌશલ, તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર કાર્યક્રમનો ઉદ્દેશ બજારની જરૂરિયાત મુજબ કૌશલ તાલીમ પૂરાં પાડી સ્થાનિક ધોરણે કૌશલયુકત યુવાઓ ઉપલબ્ધ બની રહે તેવું કરી માગ અને પુરવઠો (કૌશલયુકત યુવા ઉપલબ્ધિ) વચ્ચેનું અંતર ઓછું કરવાનો છે.

**ઉદ્દેશ :**

કૌશલ, તાલીમ અને સ્થળ–નિર્ધારણ દ્વારા રોજગાર કાર્યક્રમનો વ્યાપક ઉદ્દેશ નીચે મુજબ છે;

- લાંબો સમય ટકી રહે તેવી આજીવિકા પૂરી પાડવા શહેરી ગરીબોને કૌશલ, તાલીમ પૂરાં પાડવા.

- માળખાગત, બજારલક્ષી અને પ્રમાણિત અભ્યાસક્રમો દ્વારા શહેરી ગરીબોની આવકમાં વધારો કરવો. આ અભ્યાસક્રમોથી તેમને પગારદાર નોકરી મળે અને / અથવા સ્વરોજગાર માટે તક મળી રહે. જેના પરિણામે તેઓ વધુ સારી રીતે જીવન જીવી શકે, તેમનું જીવનધોરણ ઊંચું આવે અને શહેરમાંથી ગરીબી લાંબા ગાળાના ધોરણે દૂર થાય.
- રાષ્ટ્રીય અંર્થતંત્રમાં શહેરના કૌશલ, તાલીમ મેળવેલ યુવાઓના વધતા જતા યોગદાનની સાથે શહેરનો વૃધ્ધિ વિકાસ સુનિશ્ચિત થાય.

## ૨. કૌશલ તાલીમ મોડયુલ

### ૨.૧ વિવિધ કૌશલ વિશ્લેષણ

ઉપર જણાવેલ ઉદ્દેશોની પરિપૂર્તિ અર્થે ઉદ્યોગની માગ મુજબ તાલીમ પૂરી પાડવી જોઈએ. આ તાલીમ રાષ્ટ્રીય ધોરણે માન્ય હોય તે અભ્યાસક્રમ મુજબની હોવી જરૂરી છે. ઉદ્યોગની કૌશલ માગની આકારણી એટલે કે જે તે ઉદ્યોગમાં કયા પ્રકારનું કૌશલ જરૂરી છે. તેનું આકલન માત્ર શહેર કક્ષાએ સર્વગ્રાહી વિવિધ કૌશલ વિશ્લેષણ મારફત જ શકય છે. વિવિધ કૌશલ વિશ્લેષણથી ઉદ્યોગવાર કેટલી તાલીમબધ્ધ માનવશકિતની જરૂર છે તેનું સંપૂર્ણ અને ચોખ્ખું ચિત્ર રજૂ થવું જોઈએ. સાથેસાથે કયા પ્રકારનું કૌશલ જરૂરી છે તે પણ ખબર પડવી જોઈએ. વેતનદાર રોજગાર અને સ્વરોજગાર એમ બન્ને માટે કૌશલ, તાલીમ અને સ્થળ–નિર્ધારણ રોજગાર માટે કયા વ્યવસાય પસંદ કરવા તેનું પણ સ્પષ્ટ ચિત્ર રજૂ થવું જોઈએ. આ વિવિધ – વિભિન્ન કૌશલ વિશ્લેષણથી દરેક વ્યવસાય કે વેપાર માટે કયા પ્રકારનો અભ્યાસક્રમ જરૂરી છે અને તે કેટલા સમયગાળાનો છે, તેની પણ ખબર પડવી જોઈએ. આવા વિશ્લેષણ અભ્યાસમાં ૫ વર્ષના ગાળા માટેની ધારણાઓ કરવી જોઈએ. રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ દ્વારા સંચાલિત વિવિધ કૌશલ વિશ્લેષણ અભ્યાસ માટે સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને મોકલવા જોઈએ. આ માટે સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન (એસયુએલએમ) રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમની વિભાગીય કૌશલ કાઉન્સિલ મંડળીની સહાય લઈ શકે. ટેકનિકલ યુનિવર્સિટીઓ, રાજયનો શ્રમ અને રોજગાર વિભાગ, રાજયનો ઉદ્યોગ વિભાગ, સરકાર પુરસ્કૃત સંશોધન સંસ્થાઓ, રાજયનું ઉદ્યોગ મંડળ અથવા અન્ય કોઈ સક્ષમ એજન્સી વિવિધ કૌશલ વિશ્લેષણ અભ્યાસ હાથ ધરી શકે. વિવિધ કૌશલ

વિશ્લેષણ અભ્યાસ હાથ ધરવા અંગેનું ખર્ચ 'એનયુએલએમ' ના વહીવટ અને સંચાલન ખર્ચ હેઠળ નોંધી શકાય.

વિવિધ કૌશલ વિશ્લેષણ અભ્યાસથી નવા નવા વિકસતા ઉદ્યોગોની રોજગાર જરૂરિયાત પૂરી પાડવી જોઈએ અને તેનાથી સ્થાનિક ધોરણે સ્વરોજગાર મેળવવા માટે કેવો અવકાશ છે તે પણ નિયત કે મુકરર કરી શકાવું જોઈએ. સ્થાનિક વિસ્તારમાં જેની વધુમાં વધુ માગ હોય તે કૌશલ અંગે તાલીમ પૂરી પાડવી જોઈએ. અલબત્ત જો કોઈ ઉમેદવાર અન્ય પ્રદેશમાં સ્થળાંતર કરવા ઈચ્છતો હોય તો વિવિધ કૌશલ વિશ્લેષણ અભ્યાસ અંતર્ગત જે કૌશલ અંગે તાલીમ આપવાનું મુકરર ના કરાયું હોય તે કૌશલ અંગે પણ તાલીમ પૂરી પાડવી જોઈએ.

## ૨.૨ અભ્યાસક્રમની રૂપરેખા

વિવિધ કૌશલ વિશ્લેષણ અભ્યાસ થકી મુકરર કરાયેલ કૌશલ વ્યાપાર ધોરણસરના અભ્યાસક્રમ મુજબ હોવો જોઈએ. આ અભ્યાસક્રમની રૂપરેખા ઉદ્યોગની માગ, આકલનની જરૂરિયાત અને પ્રમાણીકરણની આવશ્યકતા મુજબ તૈયાર કરાઈ હોવી જોઈએ.

રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ અંતર્ગત વિવિધ ક્ષેત્રની કૌશલ પરિષદોએ રાષ્ટ્રીય વ્યાવસાયિક ધોરણ (એનઓએસ) વિકસાવ્યા છે. આ 'એનઓએસ' માં કામગીરીનું ધોરણ સ્પષ્ટપણે જણાવેલ છે. કામકાજના સ્થળે કામ કરતી વખતે દરેક વ્યકિતએ તેનું પાલન કરવું અનિવાર્યપણે આવશ્યક છે. કામ રાખનાર નિયોકતા દ્વારા એનઓએસ નિયત કરવામાં આવે છે. નિયોકતા રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ હેઠળની વિવિધ ક્ષેત્રની કૌશલ મંડળીઓ મારફત તે નકકી કરે છે. એનઓએસ અને મુકરર કરાયેલ કામની ભૂમિકા રાષ્ટ્રીય કૌશલ નીતિમાં જણાવ્યા મુજબ નેશનલ વોકેશનલ એજયુકેશન કવોલીફીકેશન ફ્રેમવર્ક અંતર્ગત નિયત કરાયેલ ધોરણ મુજબના હોવા જોઈએ. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન રાષ્ટ્રીય વ્યાવાસાયિક ધોરણ તેમજ નેશનલ વોકેશનલ એજયુકેશન કવોલીફીકેશન અંતર્ગત નિયત કરાયેલ ધોરણને આધારે અભ્યાસક્રમને આખરીરૂપ આપવાનું વિચારી શકે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે કૌશલ વિકાસ પહેલ યોજના અંતર્ગત મોડયુલર એમ્પ્લોએબલ સ્કીલ અભ્યાસક્રમોની યાદી માટે અભ્યાસક્રમોની રૂપરેખા તૈયાર કરી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે પૂરા પાડેલ અભ્યાસક્રમને કૌશલ તાલીમ અભ્યાસક્રમ માટે

અનુસરી શકાય. અલબત્ત, જો ' મોડયુલર એમ્પ્લોએબલ સ્કીલ' અભ્યાસક્રમોમાં કોઈ ખાસ કૌશલ તાલીમ માટે અભ્યાસક્રમ ના હોય તો રાજય ફોર્મલ– માન્ય નિયમો પ્રમાણેનો અભ્યાસક્રમ મંજૂર કરી શકે.

કૌશલ, તાલીમ અને સ્થાન–નિર્ધારણ દ્વારા રોજગાર અંતર્ગત કોઈપણ તાલીમ અભ્યાસક્રમ માટેના તમામ ધોરણસરના અભ્યાસક્રમ ટેકનિકલ યુનિવર્સિટી / કોલેજ, ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી, રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ (એનએસડીસી) 'એનએસડીસી' હેઠળ કામ કરતી ક્ષેત્રીય કૌશલ મંડળીઓ વગેરે જેવી સક્ષમ ટેકનિકલ સંસ્થાઓની સલાહ લઈને તૈયાર કરવો જોઈએ. અભ્યાસક્રમ તૈયાર કરવાની કામગીરી કૌશલ તાલીમ પૂરી પાડનારને જ માત્ર ન સોંપો, સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને તમામ અભ્યાસક્રમ, ઉપર જણાવેલ સંસ્થાઓ પૈકી કોઈએક એજન્સી સાથે ચર્ચા વિચારણા કરીને મંજૂર કરવા, જેથી તમામ અભ્યાસક્રમ ધોરણસરના હોય અને તાલીમ પામેલ વ્યકિતને રોજગારની તક મળી રહે તે બાબત સુનિશ્ચિત થાય. તાલીમ અભ્યાસક્રમનું મોડયુલ સ્થાનિક ઉદ્યોગની માગ મુજબનું અને રાજય / રાષ્ટ્ર કક્ષાએ સ્વીકાર્ય હોય તેવું હોવું જોઈએ. કૌશલ તાલીમનો અભ્યાસક્રમ ઉદ્યોગના ધોરણનું પ્રમાણીકરણ સુનિશ્ચિત થાય તે રીતે તૈયાર કરાયો હોવો જોઈએ.

## ૨.૩ ભાષા કૌશલ

કોઈ એક ચોકકસ કૌશલ અંગે પાયાની કૌશલ તાલીમ ઉપરાંત તાલીમ અભ્યાસક્રમ મોડયુલમાં તાલીમ માટેના અભ્યાસક્રમમાં નીચેના મોડયુલનો સમાવેશ થઈ જવો જોઈએઃ

ક. ભાષા કૌશલ – વાતચીત કરવાનું પાયાનું કૌશલ (અંગ્રેજી અને સ્થાનિક ભાષામાં) કોમ્પ્યુટર પર કામ કરવા માટે પાયાની જાણકારી (કોમ્પ્યુટર તાલીમ સિવાયના અભ્યાસક્રમ) વ્યવસાય શિષ્ટાચાર વગેરે.

ખ. નાણાકીય સાક્ષરતા – બચત, જમા, સહાયકી, ભરપાઈ, વીમા અને પેન્શન વગેરે અંગે જાણકારી અને જાગૃતિ.

ગ. અન્ય સરકારી યોજનાઓ – ઉમેદવારને અન્ય સરકારી યોજનાઓ અંગે પણ જાણકારી પૂરી પાડવી જોઈએ. (નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના અન્ય ઘટકો સહિત) સાથે ગરીબીનાબૂદી માટેના હક અંગે પણ જાણકારી આપવી જોઈએ. યુએલબી– અર્બન લોકલ

બોડી – શહેરના સ્થાનિક મંડળે શહેરના ગરીબો આવી યોજનાઓનો લાભ લઈ શકે અને પોતાના હકને પામી શકે તે માટે મદદ કરવી જોઈએ.

ઉપર જણાવેલ કામગીરીથી ઉમેદવારને લાંબાગાળા માટે અને વધુ સમય ટકી રહે તે રીતે સહાય પણ મળી રહેશે.

## ૨.૪ અભ્યાસક્રમનો સમયગાળો

કૌશલ, તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર કાર્યક્રમ અંતર્ગત હાથ ધરાનાર તમામ કૌશલ તાલીમ કાર્યક્રમોનો સમયગાળો ઓછામાં ઓછું ૩ મહિના (આશરે ૪૦૦ કલાકની ટેકનિકલ તાલીમ અને તે ઉપરાંત ૩૦ કલાકની ભાષા કૌશલ તાલીમ) નો હોવો જોઈએ. તેનું ખર્ચ ઉમેદવાર દીઠ રૂા.૧૫,૦૦૦ (ઉત્તર પૂર્વના રાજયો અને ખાસ રાજયોમાં રૂા.૧૮૦૦૦) હશે. અલબત્ત, વ્યવસાય અને અભ્યાસક્રમના મોડયુલના આધારે સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન જુદાજુદા સમયગાળાનો તાલીમ કાર્યક્રમ નિયત કરી શકે. જો 'મોડયુલર એમ્પ્લોએબલ સ્કીલ' અભ્યાસક્રમને અનુસરવાનું હોય તો ૪૩૦ કલાકની તાલીમ પૂરી પાડવા મૂળભૂત અને આગલી કક્ષાની તાલીમને ભેગી, એકબીજાના સંયોજનમાં આપી શકાય.

## ૩. ખર્ચ અને ચુકવણીના ધોરણો

કૌશલ, તાલીમ અને સ્થળ–નિર્ધારણ દ્વારા રોજગાર કાર્યક્રમ અંતર્ગત તાલીમ પૂરી પાડવા માટે મહત્તમ ખર્ચ – સહાય ઉમેદવારદીઠ રૂા.૧૫,૦૦૦ આપવામાં આવે છે. (ઉત્તર–પૂર્વના રાજયો અને ખાસ રાજયોમાં રૂા.૧૮૦૦૦). અલબત્ત, તાલીમનું ખર્ચ તાલીમના અભ્યાસક્રમ, પૂર્વ–જરૂરી માળખું, અભ્યાસક્રમ માટે જરૂરી સાધન સામગ્રી, અભ્યાસક્રમનો સમયગાળો વગેરેના આધારે જુદું જુદું હોઈ શકે છે. તાલીમ ખર્ચમાં ઉમેદવારને બોલાવવા અંગેનું ખર્ચ, અભ્યાસક્રમની રૂપરેખા, તાલીમ આપનારની ફી, તાલીમ માટે જરૂરી ખર્ચ સાધન–સામગ્રી, આકલન અને પ્રમાણીકરણ, સ્થળ–નિર્ધારણ જોડાણ, માહિતી સંચાલન પધ્ધતિ અને ઉમેદવારને કયાં કામે રાખવામાં આવે છે અને તે પછી તેના ખબર રાખતા રહે ત્યાં સુધીના તમામ ખર્ચનો સમાવેશ થશે. આ ઘટક હેઠળ કોઈ પૂર્વ જરૂરી માળખાના વિકાસ અંગેના ખર્ચ માટે સહાય પૂરી પડાશે નહીં.

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ખર્ચની ચુકવણી માટેની શરતો નકકી કરી શકે, ૩ કે તેથી વધુ હપતામાં ચુકવણી કરી શકાય. જેમકે ૩૦:૫૦:૨૦ પ્રથમ બે હપતા તાલીમ શરૂ થઈને પૂરી થાય અને ઉમેદવારને તાલીમ લીધા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારબાદ ચૂકવવા અને બાકીના ૨૦% ઉમેદવારને કામ–રોજગાર મળે / તે કોઈ ઔદ્યોગિક સાહસ કરે અને છ મહિના સુધી તે ઉમેદવારની સગડ રાખવામાં આવે ત્યારબાદ ચૂકવવા. અલબત્ત, સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન અન્ય કોઈ રીતે પણ નાણાંની ચુકવણી માટેની શરતો અને નિયમો નકકી કરી શકે છે. કૌશલ, તાલીમ અને સ્થળ નિર્ધારણ કાર્યક્રમ અંતર્ગત જે ઉમેદવારને માઈક્રો– ઉદ્યોગના વિકાસ માટે સહાય પૂરી પાડવામાં આવી હોય અને જે ઉમેદવારને નોકરીમાં રાખવામાં આવ્યો હોય, તેવા ઉમેદવારની છ મહિના સુધી સગડ રાખશે.

ઉપર જણાવેલ રકમ નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન હેઠળ ઉમેદવાર દીઠ પૂરી પડાતી મહત્તમ સહાય છે. જો કે, તાલીમ ખર્ચ ઉપર જણાવેલ રકમ કરતાં વધુ હોય તો તે વધારાની રકમ રાજય સરકાર અથવા કૌશલ તાલીમ પૂરી પાડનાર ભોગવી શકે છે.

**૪. પ્રમાણપત્ર**

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના કૌશલ, તાલીમ અને સ્થળ–નિર્ધારણ દ્વારા રોજગાર કાર્યક્રમ ઘટક અંતર્ગત જે ઉમેદવારે સફળતાપૂર્વક તાલીમ પૂરી કરી હોય તે દરેક સફળ ઉમેદવારને સક્ષમ સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. જે પ્રમાણપત્ર ઉદ્યોગમાં સ્વીકાર્ય રહેશે. મેળવેલ કૌશલની પરીક્ષા કે મૂલ્યાંકન એક સ્વતંત્ર પ્રમાણીકરણ સંસ્થા દ્વારા કરવામાં આવશે. તાલીમ આપનાર સંસ્થાને મૂલ્યાંકનની કામગીરી સોંપવી નહી કે તેને તાલીમાર્થીને પ્રમાણપત્ર આપવાની કામગીરી પણ સોંપવી નહી, કારણકે તો જ તટસ્થ પરીક્ષા કે મૂલ્યાંકન થશે.

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન એજન્સીની ગુણવત્તા, પ્રામાણિકતા અને પાછલા રેકોર્ડને ધ્યાનમાં રાખીને પ્રમાણપત્ર આપનાર એજન્સીને નિયુકત કરી શકે. વ્યવસાયલક્ષી તાલીમ માટેની રાષ્ટ્રીય પરિષદ, વ્યવસાયલક્ષી તાલીમ માટેની રાજય કક્ષાની પરિષદ વગેરે જેવી સરકારી અર્ધ–સરકારી પ્રમાણીકરણ એજન્સીઓને અગ્રતા આપી શકાય. રાજય સરકાર ક્ષેત્રીય કૌશલ પરિષદો, રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ, ટેકનિકલ શિક્ષણ માટેની

અખિલ ભારતીય પરિષદ, ટેકનિકલ યુનિવર્સિટી, એસોકેમ, નાસોકેમ વગેરે જેવા રાષ્ટ્ર કક્ષાના ઔદ્યોગિક મંડળો જેવી એજન્સીઓને ઉમેદવારોના મૂલ્યાંકન અને પ્રમાણીકરણ માટે નિયુકત કરી શકે. અલબત્ત આ કામગીરી માટે જે તે એજન્સીની સક્ષમતાને ધ્યાનમાં રાખીને ઉપરોકત કામગીરી માટે નિયુકત કરી શકાય.

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને પ્રમાણપત્ર આપનાર એજન્સી સાથે સમજૂતી–કરાર કરવા જોઈએ. આ કરારમાં સ્પષ્ટપણે કઈ તાલીમને પ્રમાણિત કરવાની છે, કામગીરીનું ક્ષેત્ર, કામ કેટલા સમયમાં, કેવી રીતે પૂરું કરવાનું છે તે સમયાવધિ અને પ્રક્રિયા સહિત કામ કરવા માટેના ધારાધોરણો અને એજન્સી દ્વારા આ કામ માટે કેટલી ફી મહેનતાણું વસૂલ કરવામાં આવશે, તેની વિગતો હોવી જોઈએ. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને કૌશલ તાલીમના અભ્યાસક્રમના આધારે સક્ષમ ટેકનિકલ સંસ્થા સાથે પરામર્શ કરીને એજન્સીને ચૂકવવાના મહેનતાણાની રકમ–ફી નિયત કરવી. આ ફીની રકમ પ્રમાણીકરણ એજન્સીને સીધી જ ચૂકવવામાં આવશે અને તે તાલીમ ખર્ચનો જ એક ભાગ ગણાશે.

કૌશલ તાલીમ પૂરી પાડનાર એજન્સી સાથે કરાનાર સમજૂતીપત્રમાં પણ આ જ બાબતો જણાવવી. આ એજન્સીએ કરવાની કામગીરીનું ક્ષેત્ર અને એ ક્ષેત્રની વ્યાખ્યા કે આંકેલી મર્યાદામાં મૂલ્યાંકનની પ્રક્રિયા અને સફળ થયેલ ઉમેદવારોના પ્રમાણીકરણની બાબત સ્પષ્ટપણે જણાવવી. કૌશલ, તાલીમ પૂરી પાડનાર સમિતિએ નામનિયુકત પ્રમાણીકરણ સંસ્થા મારફત પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

શહેરના સ્થાનિક મંડળ / સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન રાજય કક્ષાની બેંકર્સ સમિતિ / જિલ્લા કક્ષાની બેંકર્સ સમિતિ મારફત એ બાબત સુનિશ્ચિત કરશે કે ઔદ્યોગિક સાહસ વિકસાવવા માટે બેંકમાંથી લોન મેળવવા માટેની અરજી કરવા માટે આ પ્રમાણપત્ર કાયદેસરનો દસ્તાવેજ ગણાશે.

ઉમેદવાર જેમ અને જયારે તાલીમ પૂરી કરે અને મૂલ્યાંકન માટે તૈયાર થઈ જાય ત્યારે કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થા સંબંધિત પ્રમાણીકરણ એજન્સીને કેટલા ઉમેદવારનું મૂલ્યાંકન કરવાનું છે તે ઉમેદવારોની વિગતવાર યાદી, કયા વ્યવસાય– વેપારનું મૂલ્યાંકન કરવાનું છે અને તાલીમ કેન્દ્રના સ્થળ વગેરે વિગતોની જાણ કરશે. પ્રમાણીકરણ એજન્સીએ કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થા પાસેથી મૂલ્યાંકન માટેની અરજી આવે

તેના ૩૦ દિવસની અંદર મૂલ્યાંકન કામગીરી પૂર્ણ કરી પરિણામોની ઘોષણા કરી દેવામાં આવે તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે. જો કોઈ ઉમેદવાર મૂલ્યાંકનમાં સફળ ના થાય તો તેને / તેણીને પુનઃ મૂલ્યાંકન અને પ્રમાણીકરણ માટે પુનઃ તાલીમ આપવાની રહેશે. આવા અસફળ ઉમેદવારોને પુનઃ તાલીમ અને તેમના પુનઃ મૂલ્યાંકનનું ખર્ચ કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થા ભોગવશે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થાને માત્ર સફળ અને પ્રમાણપત્ર જેને આપવામાં આવ્યું તે ઉમદવારો માટે જ તાલીમ ખર્ચની ચુકવણી કરશે.

કૌશલ વિકાસ પહેલ યોજના અંતર્ગત શ્રમ અને રોજગાર મંત્રાલયે મૂલ્યાંકન સંસ્થાઓ મુકરર કરી છે. (શ્રમ અને રોજગાર મંત્રાલયની વેબસાઈટ પર તેના સંપર્કની વિગતોની યાદી આપવામાં આવી છે.) તાલીમ પામેલ ઉમેદવારોના મૂલ્યાંકનના આધારે રાષ્ટ્રીય વ્યવસાય તાલીમ પરિષદ પ્રમાણપત્ર આપે છે. શહેરનું સ્થાનિક મંડળ / સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન મૂલ્યાંકન અને પ્રમાણીકરણ માટે કૌશલ વિકાસ પહેલ યોજના અંતર્ગત જે પ્રક્રિયા અપનાવવામાં આવે છે તે જ પ્રક્રિયા અપનાવી શકે.

માનવ સંસાધન વિકાસ મંત્રાલય તેની સાર્વજીનક કોલેજ યોજના અંતર્ગત રાષ્ટ્રીય વ્યવસાયલક્ષી શિક્ષણ ગુણવત્તા માળખા મુજબ સફળ ઉમેદવારોને પ્રમાણપત્ર પૂરાં પાડે છે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન આવા રાષ્ટ્ર કક્ષાએ માન્ય પ્રમાણપત્રો આપવાનો પ્રયત્ન કરી શકે.

## ૫. કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા

### ૫.૧ સંસ્થા મુકરર કરવી

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન બોલી કે કિંમત મંગાવવાની પ્રક્રિયાથી કૌશલ તાલીમ પૂરી પાડનાર ખાનગી સંસ્થાને નામનિયુકત કરી શકે. પસંદગી માટેના માપદંડમાં ટેકનિકલ લાયકાત, સંસ્થાનો અનુભવ અને તાલીમ–ખર્ચનો સમાવેશ થવો જોઈએ. કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાનું ચુસ્તપણે ટેકનિકલ મૂલ્યાંકન સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને કરવું જોઈએ, જેથી તાલીમની ગુણવત્તા જળવાઈ રહે.

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ગતિશીલતા, તાલીમ, પ્રમાણીકરણ, બેંક સાથે જોડાણ, ફરજિયાત નોકરી માટે નિયુકિત / સ્વરોજગાર – ઊભો કરવો અને સફળ ઉમેદવારની છ

મહિના સુધી સગડ રાખવી વગેરે જેવા વિવિધ કામોના પ્રકારની વિગતો માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) પોલીટેકનિક કોલેજો, ટેકનિકલ યુનિવર્સિટીઓ વગેરે જેવી સરકારી સંસ્થાઓ સાથે સીધો જ કરાર પણ કરી શકે છે.

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ભારત સરકાર કે રાજય સરકારના કાર્યક્રમો દ્વારા ભંડોળ પૂરું પડાયું હોય તેવી અન્ય કોઈ સફળ કૌશલ તાલીમ પરિયોજનાનું મોડલ પણ અપનાવી શકે છે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ઉદ્યોગગૃહો / ઔદ્યોગિક મંડળો, કે જેઓ તાલીમ પામેલ લાભાર્થીઓને સંસ્થામાં જ કામે રાખવામાં આવતા હોય તે સંસ્થાઓ મારફત પણ કૌશલ, તાલીમ પૂરી પાડી શકે.

કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થાની નિયુકિત તેમની કામગીરી સંતોષકારક બની રહે તો ૩ વર્ષના ગાળા માટે કાયદેસરની ગણાવી જોઈએ.

તમામ તાલીમ માટેનાં પ્રમાણપત્ર બહારની સ્વતંત્ર સંસ્થા દ્વારા જ આપવામાં આવવા જોઈએ. પ્રમાણપત્રની કામગીરી કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થાને આપવી નહીં.

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન સમજૂતી કરાર માટેની શરતો, કામગીરીનું ક્ષેત્ર, એ ક્ષેત્રની વ્યાખ્યા કે આંકેલી મર્યાદાનું આલેખન કરવા, મૂલ્યાંકન કામગીરી માટે અને કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થાના દેખરેખ–નિયમન માટે બહારની વ્યવસાયી સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓની સેવા લઈ શકે છે. આ અંગેનું ખર્ચ નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના વહીવટ અને સંચાલન ખર્ચ હેઠળ નોંધવું.

**૫.૨. કૌશલ, તાલીમ પૂરી પાડનાર સંસ્થા અંગેની દરખાસ્ત માટે વિનંતી.**

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન રાજય સરકારની કૌશલ તાલીમ એજન્સીની પરામર્શમાં અને રાજયની કાર્યપાલક સભાએ મંજૂર કરી હોય તે પધ્ધતિ મુજબ કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાની નામનિયુકિત માટે બોલીની પ્રક્રિયા હાથ ધરશે. કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા માટેની દરખાસ્ત માટેની વિનંતીમાં નીચે જણાવેલ બાબતો વિગતવાર અનિવાર્યપણે આવશ્યક રીતે હોવી જરૂરી છેઃ

૧) ટેકનિકલ મૂલ્યાંકન માટે માપદંડ અને પ્રક્રિયા

૨) દરખાસ્ત માટે વિનંતી અને નિયુકિતની કાયદેસરતાનો સમયગાળો

૩) કામગીરીની બાંયધરીની રકમ

૪) સ્થળ અને અભ્યાસક્રમની વિગતો સાથે તાલીમાર્થીઓની આશરે સંખ્યા

૫) પ્રમાણીકરણ એજન્સીની યાદી, પ્રમાણીકરણ માટેની પ્રક્રિયા અને ખર્ચની વિગતો

૬) તાલીમ સહાય પછીની શરતો, જેમાં સફળતાપૂર્વક તાલીમ લીધેલ ઉમેદવારના ઓછામાં ઓછા ૫૦% ને નોકરીએ રાખવા કે સ્વરોજગાર ઊભા કરવાની જવાબદારીનો સમાવેશ થશે.

૭) સોંપવા યોગ્ય અન્ય કામગીરી, જેમકે અહેવાલ પૂરો  પાડવા માટેનું ફોર્મેટ, તે માટેની પ્રક્રિયા, ઉમેદવારનો નાણાકીય સમાવેશ, તાલીમાર્થીઓની માહિતીનો નિભાવ વગેરે.

૮) ચુકવણીની શરતો, જેમાં તાલીમખર્ચનો છેલ્લો હપતો ઉમેદવારને સફળતાપૂર્વક નોકરી મળી જાય અથવા નાનો, માઈક્રો ઉદ્યોગ તે જાતે વિકસાવે  અને તાલીમ સફળતાપૂર્વક પાર પડયા પછી ૬ મહિના સુધી તેના સગડ રાખવામાં આવે ત્યારપછી ચૂકવવામાં આવશે, એ બાબતનો સમાવેશ થતો હોવો જોઈએ.

૯) કરાર અંતર્ગત કરવાની કામગીરીની શરતોનું પાલન ના થાય તો દંડ ભોગવવાનો રહેશે.

૧૦) કરાર રદ કરવા માટેની પ્રકિયા.

### ૫.૩ તાલીમ અનુવર્તી સહાય

કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા તાલીમમાં સફળ થયેલ તમામ ઉમદવારોને નોકરી પૂરી પાડશે અથવા સ્વ–રોજગાર માટે સાહસ વિકસાવવામાં સહાય કરશે. કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાએ સફળ થયેલ ઉમેદવારો પૈકી ૫૦% ઉમેદવારોને નોકરીએ રાખવાનું કે સ્વરોજગાર માટે ઔદ્યોગિક સાહસ વિકસાવવામાં સહાય કરવાનું ફરજિયાત છે. જો તે એમ ના કરી શકે તો તેની સાથે કરાયેલ કરારમાંની શરતો મુજબ તેને યોગ્ય સજા કે દંડ કરવામાં આવશે.

**નોકરી પર કામે રાખવું** : તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા  બાદ કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા ઉમેદવારને તાલીમ પૂરી કર્યાના એક મહિનાની અંદર યોગ્ય નોકરીએ રાખશે.

**માઈક્રો ઉદ્યોગ સાહસ**: જે ઉમેદવારોને પોતાનું ઉદ્યોગ સાહસ ઊભું કરવું હોય તેને કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાએ ઉમેદવારની તાલીમ પૂરી થયાના ત્રણ મહિનાની અંદર માઈક્રો ઉદ્યોગ સાહસ ઊભું કરવા માટે તેને સહાય કરવાની રહેશે. કૌશલ તાલીમ પૂરી

પાડનાર સંસ્થા ઉમેદવારને દરખાસ્ત લખવામાં સહાય કરશે. બેંકમાંથી લોન મળે તે બાબત સુનિશ્ચિત કરશે. માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસ મંત્રાલય અંતર્ગત વડાપ્રધાનના રોજગાર નિર્માણ કાર્યક્રમ, જૂથ વિકાસ યોજના અને આવી અન્ય કોઈ યોજના અંતર્ગત સ્વરોજગાર કાર્યક્રમ ઘટક જેવી કોઈપણ લઘુ ઉદ્યોગ વિકાસ યોજના માટે સહાયકી મેળવવા માટે ઉમેદવારને જરૂરી સહાય પૂરી પાડશે.

**નાણાકીય સમાવેશ**: કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા જે ઉમેદવારોનું બેંકમાં ખાતું ના હોય તે તમામ ઉમેદવારોનું મૂળભૂત સેવીંગ્સ બેક ડિપોઝીટ એકાઉન્ટ– બચતખાતું ખોલવામાં સહાય કરશે.

## ૫.૪ તાલીમ બાદ ભાળ રાખવી

કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાએ સફળ ઉમેદવારોની છ મહિના સુધી ભાળ કે સગડ રાખવાના રહેશે. કોઈ ઉદ્યોગમાં પગારદાર નોકરીએ રાખ્યા હોય તેવા ઉમેદવારોની સઘળી માહિતી, જેમકે નિમણૂક પત્ર, કુલ પગાર પેકેજ / મહેનતાણાની રકમ વગેરે વિગતો પોતે રાખશે અને શહેરના સ્થાનિક મંડળ / સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા સાથે કરાયેલ કરારમાંની શરતો મુજબ તે વિગતો મોકલી આપશે.

માઈક્રો ઔદ્યોગિક સાહસ વિકસાવવા ઈચ્છનાર ઉમેદવારને કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાએ જરૂરી સહાય પૂરી પાડવાની અને છ મહિનાના ગાળા સુધી માઈક્રો ઔદ્યોગિક સાહસની પ્રગતિ પર દેખરેખ રાખવાની રહેશે.

## ૬. માહિતી સંચાલન પધ્ધતિ અને અહેવાલ

**કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા માટેઃ** કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાએ નિયમિત ધોરણે તાલીમની પ્રગતિ, નોકરી માટે નિમણૂક અને માઈક્રો ઉદ્યોગ સાહસ શરૂ કરવા અંગેનો અહેવાલ શહેરના સ્થાનિક મંડળ અને સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને મોકલવાનો રહેશે. અહેવાલનું ફોર્મેટ અને કેટલા સમયાંતરે તે મોકલવાનો તેની જાણ કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા સાથે કરાયેલ કરારમાં કરવામાં આવી હશે.

કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થા ઓનલાઈન માહિતી સંચાલન પધ્ધતિ પણ વિકસાવશે. તમામ ઉમેદવારોની વિગતો, તેમના સંપર્કની માહિતી, ઉમેદવારના બેંક ખાતાની વિગત, મૂલ્યાંકન અને પ્રમાણીકરણની સ્થિતિ, નોકરી માટે નિયુકિતની સ્થિતિ અથવા તો માઈક્રો

ઉદ્યોગ સાહસ સ્થાપવાની સ્થિતિ વગેરેની માહિતી આ વેબસાઈટ પર મૂકવામાં આવશે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન અને શહેરનું સ્થાનિક મંડળ ઉમેદવારની તમામ માહિતી મેળવી શકશે. કૌશલ અને તાલીમ પૂરી પાડનાર સંસ્થાના તમામ તાલીમ કાર્યક્રમો અંગેની સઘળી જાણકારી પણ તે મેળવી શકશે. નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન માટે રાષ્ટ્રીય માહિતી સંચાલન પધ્ધતિ જેમ અને જયારે શરૂ કરવામાં આવે તેમ અને ત્યારે કૌશલ અને તાલીમ પૂરી પાડનાર સંસ્થાએ મંત્રાલયે જણાવ્યા પ્રમાણે ઉમેદવારની અદ્યતન માહિતી વેબસાઈટ પર મૂકવાની રહેશે.

**સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન / શહેરના સ્થાનિક મંડળ માટે :** રાજય કક્ષાએ એસયુએલએમ અને શહેરના સ્થાનિક મંડળ કક્ષાએ સીએમએમયુ આ ઘટક હેઠળની તમામ પ્રવૃત્તિઓ / લક્ષ્યાંકો પર તેમાં સધાયેલ પ્રગતિ પર જીણવટપૂર્વક દેખરેખ રાખશે. અહેવાલ લેખન અને મૂલ્યાંકનની કામગીરી પણ હાથ ધરશે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન અને શહેરનું સ્થાનિક મંડળ કાર્યપાલક એજન્સીઓ મિશન નિયામકની, કચેરી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવે તે નિયત ફોર્મેટમાં સમયસર પ્રગતિ અહેવાલ મોકલશે જેમાં માહિના દરમિયાન સધાયેલ એકંદર સિધ્ધિ અને ત્રિમાસના અંત સુધીમાં સધાયેલ સિધ્ધિ ઉપરાંત તેના અમલ અંગેની ચાવીરૂપ બાબતો જણાવી હશે.

વધુમાં નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન અંતર્ગત એક સર્વગ્રાહી અને વિશાળ માહિતી–ટેકનોલોજી સક્ષમ નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન માહિતી સંચાલન પધ્ધતિ સ્થાપિત કરવામાં આવશે, જેનાથી લક્ષ્યાંકો અને સિધ્ધિઓની વિગતો મેળવી શકાશે. સ્ટેટ અને અર્બન લાઈવલીહૂડ બ્રાન્ચે તેમનો પ્રગતિ અહેવાલ ઓનલાઈન રજૂ કરવાનો રહેશે અને આ માધ્યમની મદદથી સ્થળ પર થતી પ્રગતિ પર પણ દેખરેખ રાખી શકાશે. માહિતી સમય પહેલાં જાહેર ન થાય અને નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન અંતર્ગત પારદર્શકતા સુનિશ્ચિત થાય તે માટે કૌશલ, તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર અંતર્ગત ચાવીરૂપ પ્રગતિ અહેવાલ પણ જાહેર ક્ષેત્રમાં સમયસર ઉપલભ્ય બનાવાશે.

## ૭. તાલીમ માટેના ઉમેદવારો

### ૭.૧ ઉમેદવારની લાયકાત

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના કૌશલ, તાલીમ અને સ્થળ–નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક અંતર્ગત તાલીમ માટે પસંદ કરાયેલ ઉમેદવાર શહેરના ગરીબ ઘરમાંથી આવેલો હોવો જોઈએ. ઉમેદવારની પસંદગી કરતી વખતે નીચે જણાવેલ શરતોને ચુસ્તપણે વળગી રહેવું જરૂરી છેઃ

૧) તેણે / તેણીએ છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન એસજેએસઆરવાય / નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન અંતર્ગત કૌશલ વિકાસ તાલીમ લીધી હોવી જોઈએ નહીં. અલબત્ત, ઉમેદવારને તેણે અગાઉ લીધેલ કૌશલ તાલીમમાં અગ્રિમ તાલીમ આપી શકાય.

૨) ઉમેદવાર રાજય કાર્યપાલક સમિતિએ મંજૂર કરેલ તાલીમ અભ્યાસક્રમ માટે ન્યૂનતમ જરૂરી લાયકાત ધરાવતો હોવો જોઈએ.

૩) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના જે ઉમેદવારોને તાલીમ આપવાની છે તેની ટકાવારી શહેરની અનુસૂચિતજાતિ અને અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી કરતાં ઓછી હોવી જોઈએ નહીં.

૪) કૌશલ, તાલીમ અને સ્થળ–નિર્ધારણ દ્વારા રોજગાર કાર્યક્રમ અંતર્ગત રાજય / સંઘ પ્રદેશ માટેના કુલ લાભાર્થીઓ પૈકી ઓછામાં ઓછું ૩૦% ઉમેદવારો મહિલાઓ હોવી જોઈએ. ઓછામાં ઓછું ૧૫% ઉમેદવારો લઘુમતી કોમની હોવી જોઈએ અને ઓછામાં ઓછું ૩% ઉમેદવારો અલગ રીતે સક્ષમ હોવા જોઈશે. અલબત્ત, વ્યાપાર અને અમલના ક્ષેત્રના આધારે, ઉપર જણાવેલ ન્યૂનતમ ટકાવારીની જરૂરિયાતની પરિપૂર્તિ ન કરી શકાય તો સામાન્ય તાલીમ કાર્યક્રમ થકી તે પૂરી કરી શકાય. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ઉપર જણાવેલ, સમાજના નબળા વર્ગના ઉમેદવારો માટે ખાસ તાલીમ કાર્યક્રમ યોજી શકે.

### ૭.૨ જાગૃતિ નિર્માણ અને માગ ઊભી કરવી

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન જાગૃતિ નિર્માણ અને લક્ષ્યાંકિત સમાજમાંથી કૌશલ તાલીમની માગ ઊભી કરવા માટે નીચે જણાવેલ વ્યૂહ અપનાવી શકેઃ

૧) સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને અને શહેરના સ્થાનિક મંડળે વર્તમાનપત્ર, રેડિયો, દૂરદર્શન, પોસ્ટર, ભીંતચિત્રો, સ્વ–સહાય જૂથની બેઠકો વગેરે મારફત નિયમિત ધોરણે

પ્રચાર ઝુંબેશ હાથ ધરવી જોઈએ, આ પ્રચાર ઝુંબેશમાં તેમણે કૌશલ તાલીમ માટેની તક અંગે માહિતી પૂરી પાડવી જોઈએ અને સંભવિત ઉમેદવારો પાસેથી અરજી મંગાવવી જોઈએ.

૨) અભ્યાસક્રમ, અભ્યાસક્રમનો સમયગાળો, તાલીમનું સ્થળ, કૌશલ તાલીમ પૂરી પાડવાનું નામ અને વિગતો તમામ શહેરી સ્થાનિક મંડળ શહેરના આજીવિકા (લાઈવલીહૂડ) કેન્દ્રો અને સરકારે શહેરમાં ઊભા કરેલ અન્ય કેન્દ્રો ખાતે ઉપલભ્ય હોવી જોઈએ.

૩) ઉમેદવારોને સાદા કાગળ પર પોતે તાલીમ લેવા ઈચ્છે છે એવી અરજી કરવાની પરવાનગી આપો. આ અરજીમાં ઉમેદવારનું નામ, વય, સંપર્કની વિગતો, શેની તાલીમ લેવી છે તે વિગત, આધાર કાર્ડનો નંબર અને ઓળખ માટેના અન્ય દસ્તાવેજો વગેરે આપવાનું કહો. સંભવિત ઉમેદવાર નામ નિયુકત કેન્દ્રો ખાતે રૂબરૂમાં અથવા મેઈલ કે ટપાલથી પોતાની આ અરજી મોકલી શકે છે. કૌશલ તાલીમ માટેની ઈચ્છાદર્શક અરજી કર્યેથી તેની રજિસ્ટરમાં નોંધણી રવામાં આવશે. અને અરજદારને આગવો નોંધણી નંબર ધરાવતી રસીદ આપવામાં આવશે. આમ કરવાથી શહેરના ગરીબોની અમુક ચોકકસ તાલીમ માટેના સંભવિત ઉમેદવારોની પ્રતીક્ષાયાદી તૈયાર થશે શહેરનું સ્થાનિક મંડળ વર્ષભર આવી અરજીઓનો સ્વીકાર કરશે. અરજીની નોંધણી કરાયેલ પત્રક માંગણી કરાયેલ તાલીમ અભ્યાસક્રમ શહેરમાં શરૂ કરવામાં આવે ત્યારે તાલીમાર્થીઓને ગતીશીલ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. આવી અરજીનો મ્યુનિસિપલ કોર્પોરેશનની એરિયા ઓફિસો, વોર્ડ ઓફિસો, શહેરના સ્થાનિક મંડળો, તે વિસ્તારના સ્વ–સહાય જૂથો, સામાજિક સંસ્થાઓ, સ્વ–સહાય જૂથના એરિયા કક્ષાના ફેડરેશનો, શહેર કક્ષાના મંડળો, નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનની કચેરી અથવા તાલીમ કેન્દ્રો નામ નિયુકિત કૌશલ તાલીમ પૂરી પાડનાર સંસ્થાઓ અને એનયુએલએમને સંલગ્ન અન્ય કોઈ સંસ્થાઓ ખાતે લઈ શકાશે. ઉમેદવારે પોતે તાલીમ લેવા ઈચ્છે છે તે ઈચ્છાદર્શકક અરજી આપવા દૂરના અંતરે જવું નહી પડે.

૪) સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન અને શહેરનું સ્થાનિક મંડળ એ બાબત સુનિશ્ચિત કરશે કે પ્રતીક્ષાયાદીમાં જેના નામની નોંધણી હોય તે ઉમેદવારને એસએમએસ, પત્ર, જાહેર નિવિદા, સ્વ–સહાય જૂથ એરિયા કક્ષાના ફેડરેશન વગેરે જેવા ઉપલભ્ય સંચાર માધ્યમ

મારફત તાલીમ કાર્યક્રમ કયારે શરૂ થશે, તાલીમ કાર્યક્રમના સ્થળની વિગતો, પાત્રતા માટેનો માપદંડ, અભ્યાસક્રમનો સમયગાળો વગેરે અંગે જાણ કરવી.

૫) શહેર માટે તાલીમ કાર્યક્રમનું કેલેન્ડર – સમયપત્રક નકકી કરતી વખતે પ્રતીક્ષા યાદી મુજબ કોઈ ચોકકસ વ્યવસાય માટેની માગને ઘ્યાનમાં રાખવી.

૬) પ્રતીક્ષા યાદી માં નોંધાયેલ ઉમેદવારો ઉપરાંત શહેર સ્થાનિક મંડળે શિબિરો યોજીને, નોંધણી ઝુંબેશ કરીને, સ્વસહાય જૂથ દ્વારા પુરસ્કૃત કરીને, વગેરે જેવા અન્ય માઘ્યમો મારફત પણ ઉમેદવારોને મુકરર કરવા જોઈએ. અલબત્ત, પ્રતીક્ષા યાદીમાં નોંધાયેલ ઉમદવારોને અગ્રતા આપવાની રહેશે.

૭) જો સંભવિત ઉમેદવારો માટે કોઈ ચોકકસ તાલીમ પૂરી પાડવાની હોય અને શહેરના સ્થાનિક મંડળ પાસે કૌશલ તાલીમ પૂરી પાડનાર સક્ષમ સંસ્થા નામનિયુકત ના હોય તો શહેરનું સ્થાનિક મંડળ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન અને સ્થાનિક ઉદ્યોગ મંડળ સાથે પરામર્શ કરીને તાલીમ પૂરી પાડવા માટે વ્યવસ્થા કરશે.

૮) તાલીમ શરૂ કરતાં પહેલાં, તમામ સંભવિત ઉમેદવારો સાથે એક સલાહ–બેઠક યોજવામાં આવશે. આ બેઠક દરમિયાન સંભવિત ઉમેદવારને ઉપલભ્ય તાલીમ કાર્યક્રમ અને એ તાલીમ કાર્યક્રમો માટે પાત્રતાના માપદંડ વગેરે અંગે વિગતે જાણકારી પૂરી પાડશે.

૯) આ તબકકે લાભાર્થીએ માહિતી અને અરજીપત્રક ભરવાનું રહેશે. આ ફોર્મમાં ઉમેદવાર અંગેની તમામ વિગતો, જેવી કે શિક્ષણ, ગરીબી રેખાની નીચેના જીવન ધોરણ, રહેઠાણનું સરનામું, સંપર્કની અન્ય વિગતો વગેરે અંગે માહિતી ભરવાની રહેશે. આ બધા દસ્તાવેજોના આધારે યોગ્ય તાલીમ કાર્યક્રમ માટે તેમની પસંદગી કરવામાં આવશે.

૧૦) શહેરનું સ્થાનિક મંડળ : ઝૂંપડપટ્ટી વિસ્તારમાં નોકરી સંબંધી દર મહિને યોજાતા મેળા, રોજગાર મેળા વગેરે મારફત સંભવિત ઉમેદવારોને માહિતી પૂરી પાડશે.

# સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ

# (સંચાલન માટે માર્ગદર્શક સૂચના)

# નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન

**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**

ફા. નં. કે. ૧૪૦૧૧ /૧/૨૦૧૩ યુપીએ

**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**
**(યુપીએ પ્રભાગ)**

નિર્માણ ભવન, નવી દિલ્હી
તા.૧૧ ડિસેમ્બર, ૨૦૧૩

**કાર્યાલય યાદી**

**વિષય:** નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન અંતર્ગત સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ માટે સંચાલકીય માર્ગદર્શક સૂચના.

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) માટે માર્ગદર્શક સૂચના તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવી છે. જુઓ કચેરી યાદી નં. કે ૧૪૦૧૧/૧/૨૦૧૩ યુપીએ.

૨. 'એનયુએલએમ'ના સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ માટેની સંચાલકીય માર્ગદર્શક સૂચના આ સાથેના જોડાણમાં બીડવામાં આવી છે. તમામ અમલકર્તા એજન્સીઓએ તેનું પાલન કરવાનું રહેશે. આ માર્ગદર્શક સૂચનાઓ આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયની વેબસાઈટ પર અપલડ કરવામાં આવી છે. http:/mhupa.gov.in/NULM_ mission/NULM Mission htm પરથી તે જોઈ શકાશે.

૩. આ યાદી ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રીશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવી છે.

**સહી/–**
**(બી.કે.અગ્રવાલ)**
**સંયુકત સચિવશ્રી, ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**

# વિષય સૂચિ

**ઘટક ૧.૧**

– સામૂહિક સંસ્થાનું નિર્માણઃ સ્વસહાય જૂથો અને તેના મંડળો
– સ્વસહાય જૂથો
– વિસ્તાર અને શહેર કક્ષાએ સ્વ સહાય જૂથના ફેડરેશનો
– સ્વ સહાય જૂથનું નિર્માણ : સંઘદા સંગઠન કામે રાખવું
– સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજના (એસજેએસઆરઆરવાય)માંથી 'એનયુએલએમ' અંતર્ગત સામૂહિક માળખાની સંક્રાતિ

**ઘટક ૧.૨**

– સાર્વજીનક નાણાંનો સમાવેશ
– નાણાં સંબંધી જાણકારી
– બેંકમાં ખાતું ખોલાવવું
– પરવડે તેવો વીમો (આરોગ્ય, જીવન અને પેન્શન)

**ઘટક ૧.૩**

– સ્વસહાય જૂથો અને તેના ફેડરેશનોને ફરતા ભંડોળની સહાય
– સ્વસહાય જૂથોને ફરતા ભંડોળની સહાય
– નોંધાયેલ વિસ્તાર કક્ષાના ફેડરેશનોને ફરતા ભંડોળમાંથી સહાય.

**ઘટક ૧.૪**

– શહેરના આજીવિકા કેન્દ્રો
– શહેરના આજીવિકા કેન્દ્રોની વિભાવના
– શહેરના આજીવિકા કેન્દ્રોની સ્થાપના માટેની શહેરના સ્થાનિક મંડળે લેવનાં પગલાં
– શહેરના આજીવિકા કેન્દ્રોની સ્થાપના માટે નાણાં ધિરાણ
– શહેરના આજીવિકા કેન્દ્રની સેવાઓ
– શહેરના આજીવિકા કેન્દ્રોનું સંચાલન અને કામગીરી
– શહેરના આજીવિકા કેન્દ્રો દ્વારા સહયોગ અને જોડાણ

**ઘટક ૧.૫**

– સામુહિક સંસ્થાઓ, સ્વ સહાય જૂથો અને તેના ફેડરેશનો માટે તાલીમ

– દેખરેખ–નિયમન અને મૂલ્યાંકન

જોડાણ–૧ નમૂનારૂપ સ્વસહાય જૂથના નિયમો અને વિનિયમો

જોડાણ–૨ વિસ્તાર કક્ષાના ફેડરેશન માટેના નમૂનારૂપ પેટા નિયમો

જોડાણ–૩ કાર્યરત સ્વસહાય જૂથ માટે તપાસણી યાદી

જોડાણ–૪ 'એનયુએલએમ' અંતર્ગત સ્વસહાય જૂથની રચના માટે સંપદા સંગઠનને કામે રાખવા માટેનું નમૂનારૂપ માળખું

જોડાણ–૫ 'એનયુએલએમ' અંતર્ગત સ્વસહાય જૂથને ફરતા ભંડોળની સહાય માટે અરજી

જોડાણ–૬ 'એનયુએલએમ' અંતર્ગત વિસ્તાર કક્ષાના ફેડરેશનને ફરતા ભંડોળની સહાય માટે અરજી


જોડાણ–૭ શહેરના આજીવિકા કેન્દ્રોની સ્થાપના માટેની દરખાસ્તમાં આપવાની વિગતો.

## 'એનયુએલએમ' સામાજિક ગતિશીલતા અને ઔદ્યોગિક વિકાસ માટે સંચાલકીય માર્ગદર્શક સૂચના

૧. નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) એ આધારભૂત સિધ્ધાંત પર આધારિત રહેશે કે અસરકારક રીતે અને લાંબો સમય સુધી રહે તે રીતે ગરીબીનાબૂદી માટે શહેરના ગરીબ ગૃહસ્થોની ગતિશીલતા માટે તેઓ પોતાની સંસ્થાઓનું નિર્માણ કરે તે એક મહત્વનું મૂડીરોકાણ છે. ગરીબોની આ સંસ્થાઓ સ્થાનિક સ્વ–સરકાર, જાહેર સેવા પૂરી પાડનાર, બેંકો, ખાનગી ક્ષેત્ર અને મુખ્ય પ્રવાહની અન્ય સંસ્થાઓ ગરીબોને સામાજિક અને આર્થિક સેવાઓ પૂરી પાડવામાં સહાયભૂત થશે.

**ઘટક ૧.૧ સામૂહિક સંસ્થાનું નિર્માણ : સ્વસહાય જૂથો અને તેના મંડળો**

૨. 'એનયુએલએમ' શહેરના ગરીબ ગૃહસ્થોની ગતિશીલતા માટે ત્રિસ્તરીય માળખું વિચારે છે. જેમાં પાયાના સ્તરે સ્વસહાય જૂથો (એસએચઓ), ઝૂંપડપટ્ટી / વોર્ડ સ્તરે વિસ્તાર કક્ષાના મંડળો (વિકમ) બને શહેર સ્તરે, શહેર કક્ષાના મંડળો (શકમં) રહેશે.




**એસએચઓથો સહાય જૂથો (એસએચઓ)**

'એસએચઓ' એ ૧૦ થી ૨૦ પુરુષો કે મહિલાઓનું જૂથ છે. જે ભેગાં મળી જૂથમાં બચત કરી અને લોન લઈ પોતાનું જીવન ધોરણ સુધારે છે. આ 'એસએચઓ' ની નિયમિત ધોરણે બેઠક યોજાય છે. જેમાં જૂથની બચતની રકમ સામૂહિક ભંડોળમાં એકઠી કરાય છે. એકઠી કરેલ આ રકમમાંથી જૂથના સભ્યોને ટૂંકા ગાળાની લોન પૂરી પાડવામાં આવે છે. થોડા સમય બાદ જૂથના સભ્યોની ધિરાણ જરૂરિયાત વધે ત્યારે 'એસએચઓ' લોન માટે બેંકનો સંપર્ક સાધી શકે છે.

૪. **સ્વસહાય જૂથનું સભ્ય પદ** : 'એનયુએલએમ' અંતર્ગત શહેરના ગરીબોના સ્વસહાય જૂથની રચના કરવામાં આવશે. ગરીબ ના હોય તેવી વ્યકિતઓનો પણ જો તેમનું સગપણ કે સંબંધ

સુદૃઢ હોય અથવા તો કોઈ ખાસ કારણો હોય તો સ્વસહાયજૂથમાં સમાવેશ કરવો. અલબત્ત, 'એનયુએલએમ' અંતર્ગત, નાણાં સહાય માટે સ્વ સહાય જૂથના ઓછામાં ઓછું ૭૦% સભ્યો શહેરના ગરીબો હોવા જરૂરી છે. એસએચઓમાં ૧૦ થી ૨૦ સભ્યો હોઈ શકે. આ જૂથોની નોંધણી કરાવવી જરૂરી નથી. સામાન્ય રીતે મહિલાઓના સ્વ–સહાય જૂથની રચના કરવામાં આવશે. જો કે અશકત કે વિકલાંગ પુરુષો માટે પણ એસએચઓની રચના માટે પરવાનગી આપવામાં આવશે. કાર્યક્રમનો ઉદ્દેશ શહેરના ગરીબ પરિવારો એસએચઓમાં સંગઠિત થાય તે છે. અલબત્ત, શહેરના જે વિસ્તારમાં ગરીબોની વસતિ એક ઠેકાણે એકત્ર હોય તે વિસ્તારને પ્રથમ લેવા જોઈએ.

## ૫. નિયમો અને વિનિયમો

પ્રત્યેક એસએચઓને પોતાના નિયમો અને વિનિયમો બનાવવા પ્રોત્સાહિત કરાશે. જેમાં નીચે જણાવેલ બાબતો આવરી લેવાવી જોઈએ.

૫.૧ સભ્યપદ માટેના ધોરણ કે પ્રતિમાન

૫.૨ જૂથ બચત માટેના ધોરણો, જેમાં બચતની રકમ જૂથમાં તે જમા કરી હોય તે તારીખનો સમાવેશ થશે.

૫.૩ એસએચઓના દરેક હોદ્દા ધારીની કામગીરી ભૂમિકા

૫.૪ જૂથ બેઠક યોજવા માટેનાં ધોરણો, જેમાં કેટલી વાર જૂથ બેઠક યોજવી તેની સંખ્યા અને ખાસ સભા બોલાવવા અંગેની વિગતોનો સમાવેશ થશે.

૫.૫ જૂથ બચતનું સંચાલન, જેમાં એસએચઓના સભ્યોને મહત્તમ મળવાપાત્ર લોનની રકમ, વ્યાજનો દર, લોનની ભરપાઈની વિગતો અને લોન મંજૂર કરવા અંગે પાયાના માપદંડની વિગતોનો સમાવેશ થશે.

૫.૬ સ્વસહાય જૂથના બેંક ખાતાનું સંચાલન

૫.૭ વિવિધ પ્રકારના અહેવાલનો નિભાવ, જેમાં બેઠકની કાર્યનોંધ, સભ્યની પાસબુક, બચત અને લોન પત્રક અને જૂથ પાસબુકનો સમાવેશ થશે.

૫.૮ સભ્યપદ પાછું ખેચવું, સભ્યને ગેરલાયક ઠેરવવો, નિયમો અને વિનિયમોમાં ફેરફાર કરવો અને સ્વસહાય જૂથનું વિસર્જન કરવું.

૫.૯ જૂથના સભ્યને દંડ / સજા આપવા માટેના ધોરણો અને નીચેના માટે દંડની રકમ :

(ક) એસએચઓની બેઠકમાં હાજર ન રહેવા માટે (ખ) બચતમાં અનિયમિતતાને કારણે અને (ગ) લોનની ભરપાઈ સમયસર કરવાને કારણે વગેરે.

**બોક્ષ–૧**

**એસએચઓના સંચાલન માટેના ચાવીરૂપ સિધ્ધાંતો**

- બેઠક માટે સર્વસંમત શરતો
- બચત માટે સર્વસંમત શરતો
- આપવાની લોન માટે સર્વ સંમત શરતો
- લોનની ભરપાઈ માટે સર્વસંમત શરતો
- સર્વસંમત સામાજિક કામોની યાદી, કાર્યસૂચિ

૬. એસએચઓના નિયમો અને વિનિયમો બનાવવાની પ્રક્રિયામાં સહાયભૂત થવા જોડાણ–૧માં નમૂનારૂપ નિયમો અને વિનિયમો આપવામાં આવ્યા છે. અલબત્ત, આ નિયમો માત્ર માર્ગદર્શનરૂપ જ છે. એસએચઓ ઉપર ફકરા–૫માં જણાવેલ તમામ મુદ્દાઓ આવરી લેવાય તે રીતે પોતાના નિયમો અને વિનિયમો બનાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

**બોક્ષ–ર સારા એસએચઓ માટે પંચસૂત્ર**

– નિયમિત બચત

– નિયમિત બેઠક

– નિયમિત ખાતાવહી અને હિસાબ રાખવા

– નિયમિતપણે લોનની ભરપાઈ

– એસએચઓના નિયમો અને વિનિયમોને વળગી રહેવું

**વિસ્તાર અને શહેર કક્ષાએ એસએચઓના મંડળો**

૭. વિસ્તાર કક્ષાના ફેડરેશન એ સ્વસહાય જૂથના મંડળો છે. તેમાં એસએચઓના તમામ સભ્યોનું પ્રતિનિધિત્વ હોય છે તેનો ઉદ્દેશ એસએચઓના સભ્યોને સહાય કરવાનો છે. અહીં સહાય એટલે એસએચઓને તેની કામગીરી કરવામાં અને તેનું દેખરેખ નિયમન કરવામાં, નવા એસએચઓના નિર્માણમાં અને નવા એસએચઓને તાલીમ આપવામાં સહાયભૂત

થવું એ. બેંક સાથે જોડાણ, આંતર–જૂથ ધિરાણ, ઉચ્ચતર માળખા કક્ષાએ વાટાઘાટ માટે અને એસએચઓના હક અને અધિકાર કરતાં વધુ વ્યાપક સત્તા મેળવવા માટે એસએચઓનું ફેડરેશન હોય તે જરૂરી છે.

૮. **વિસ્તાર કક્ષાના ફેડરેશનનું સભ્યપદ** : જે તે વિસ્તારના ૧૦ થી ૨૦ એસએચઓ આવરી લેવાય તે રીતે વિસ્તાર કક્ષાના ફેડરેશનની રચના કરવી. આ ફેડરેશનમાં વોર્ડ, ઝૂંપડપટ્ટી કે એવો કોઈ ભૌગોલિક એકમ વિસ્તાર આવરી લેવો અને તે વિસ્તારના એસએચઓમાંથી પ્રત્યેક એસએચઓના ૨ સભ્યો (નામનિયુકત કરાયેલ પ્રતિનિધિઓ) સભ્ય તરીકે રહેશે. અલબત્ત, શહેરનું સ્થાનિક મંડળ સ્થાનિક પરિસ્થિતિ મુજબ વિસ્તાર કક્ષાના આ ફેડરેશનમાં એસએચઓના સભ્યોની સંખ્યા નકકી કરશે.

૯. વિસ્તાર કક્ષાના ફેડરેશનની રાજયના સંબંધિત કાયદા મુજબ સોસાયટી / મંડળ તરીકે નોંધણી કરાવવી. વિસ્તાર કક્ષાના ફેડરેશન માટે નમૂનારૂપ પેટા–કાયદા જોડાણ–૨માં આપ્યા છે. અલબત્ત આ પેટા – કાયદા માત્ર અચૂક, માર્ગદર્શનરૂપ છે. વિસ્તાર કક્ષાનું ફેડરેશન તેના પોતાના પેટા–કાયદા બનાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

**૧૦. વિસ્તાર કક્ષાના ફેડરશનની જવાબદારીઓ :**

૧૦.૧ એસએચઓના સભ્ય માટે બેંકના જોડાણની કામગીરીમાં સહાય કરવી. એટલે કે બેંકમાં તેમનું ખાતું ખોલાવવું અને લોન મેળવવા માટે જરૂરી કામગીરીમાં સહાય કરવી.

૧૦.૨ એસએચઓના સભ્યની લોન માટેની દરખાસ્ત તૈયાર કરવામાં હાથોહાથ સહાય પૂરી પાડવી.

૧૦.૩ એસએચઓ સફળતાપૂર્વક કામગીરી કરે તે માટે નવા એસએચઓ અને હાલની એસએચઓના સભ્યોની ક્ષમતાનું નિર્માણ કરવું

૧૦.૪ એનયુએલએમ અંતર્ગત લાભ લેવા માટે એસએચઓના સભ્યને સહાય કરવી તેમજ વિવિધ સરકારી કાર્યક્રમો અંગર્તત મળવાપાત્ર સામાજિક સહાય લાભો મેળવવામાં મદદરૂપ થવું.

૧૦.૫ નવા એસએચઓના નિર્માણને સમર્થન ને સહાય પૂરાં પાડવા તેમજ એસએચઓના સભ્યોની કામગીરી પર દેખરેખ– નિયમન રાખી તેનું મૂલ્યાંકન કરવું (કાર્યરત એસએચઓ માટે એક સૂચક તપાસ યાદી જોડાણ–૩માં બીડેલ છે.)

૧૦.૬ બેંકમાંથી ધિરાણ મેળવવામાં એસએચઓના સભ્યને જો કોઈ પ્રશ્ન ઊભો થાય, તકલીફ થાય તો તેનું નિરાકરણ કરવું.

૧૦.૭ શહેર કક્ષાના ફેડરેશન કક્ષાએ મહત્વના કહેવાય તેવા પ્રશ્નો કે મુદ્દાઓ ઊભા કરવા.

૧૦.૮ એસએચઓની કામગીરી અંગે શહેરના સ્થાનિક મંડળને નિયમિત અહેવાલ મોકલવા.

૧૧. વિસ્તાર કક્ષાના ફેડરેશનો ભેગા મળીને શહેર કક્ષાનું ફેડરેશન બનાવશે. એવી ધારણા છે કે પ્રત્યેક શહેરમાં એક શહેર કક્ષાનું ફેડરેશન હોવું જોઈએ. આ શહેર કક્ષાના ફેડરેશનની રાજયના સંબંધિત કાયદા અંતર્ગત સોસાયટી / મંડળ તરીકે નોંધણી કરાવવી જોઈએ. શહેરના તમામ વિસ્તાર કક્ષાના ફેડરેશનોનું શહેર કક્ષાના ફેડરેશનમાં પ્રતિનિધિત્વ હોવું જોઈએ. મોટા શહેરોમાં, શહેરની વસતિ અને વિસ્તારને ધ્યાનમાં રાખીને એક કરતાં વધુ શહેર કક્ષાના ફેડરેશન હોઈ શકે. શહેર કક્ષાના ફેડરેશન વિસ્તાર કક્ષાના ફેડરેશન, સ્વ–સહાય જૂથો, શહેરની વહીવટી અને નાણાકીય સંસ્થાઓ સાથે મળીને કામગીરી કરે તેવી અપેક્ષા છે. જેથી શહેરના ગરીબોની સામાજિક–આર્થિક સક્ષમતા સુનિશ્ચિત થાય.

**૧૨. શહેરના સ્થાનિક ફેડરેશનની જવાબદારી :**

૧૨.૧ વિવિધ સ્તરે શહેરના ગરીબોની જરૂરિયાતો અંગે રજૂઆત કરવી.

૧૨.૨ ગરીબો માટે આયોજન, બૃહદ્ યોજના, વિક્રતા યોજના વગેરે માટે શહેરના સ્થાનિક મંડળમાં અને રાજય સરકાર સમક્ષ હિમાયત કરવી. તેમને જરૂરી સમર્થન પૂરું પાડવું

૧૨.૩ વિસ્તાર કક્ષાના ફેડરેશન અને એસએચઓના સભ્યોને બેંકની સેવાનો લાભ મળે તે માટે મદદરૂપ થવું.

૧૨.૪ નવા જૂથની રચના કરવી અને તેને સમર્થન પૂરું પાડવું.

૧૨.૫ વિસ્તાર કક્ષાના ફેડરશેનના સભ્યની કોઈ ચોકકસ ક્ષેત્રની તાલીમ અને ક્ષમતા નિર્માણની જરૂરિયાતો મુકરર કરવી.

૧૨.૬ વિવિધ સરકારી કાર્યક્રમો માટે લાભાર્થીઓ મુકરર કરવામાં મદદરૂપ થવા સારુ સંબંધિત શહેર સ્થાનિક મંડળ સાથે ગાઢપણે સંપર્કમાં રહી કામ કરવું.

૧૨.૭ એસએચઓની ઉત્પાદન પેદાશ / પેદાશોના ખરીદ – વેચાણ માટે સહાયભૂત થવું.

**એસએચઓનું નિર્માણ: સંપદા સંગઠનને કામે રાખવું**

૧૩. સીટી મિશન મેનેજમેન્ટ યુનિટ (સીએમએમયુ) અંતર્ગત કામ માટે નિયુકત કરાયેલ નિષ્ણાતો સામાજિક સંગઠકોની સાથે મળીને એનયુએલએમ હેઠળ એસએચઓની રચના માટે ક્ષેત્ર કક્ષાએ કામગીરી કરશે. કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ / કાર્યક્રમો અંતર્ગત આશા / આંગણવાડી કાર્યકર અને સામૂહિક કક્ષાની અન્ય કાર્યસંસ્થાઓનો પણ આ માટે ઉપયોગ કરવો.

૧૪. અલબત્ત, સ્વસહાય જૂથના નિર્માણમાં અને તેમના ફેડરેશનની રચનામાં ઉત્પ્રેરક, સહાયક બનવા અને એનયુએલએમ અંતર્ગત એસએચઓના સભ્યોના નાણાકીય સમાવેશને પ્રોત્સાહિત કરવા રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા ઊભી કરાયેલ, અને જેની નોંધણી થઈ ગઈ હોય તેવી સ્વાયત્ત સંસ્થાઓ અથવા એસએચઓના લાંબા સમયથી ચાલતા સંસ્થાપિત ફેડરેશનો અથવા બિન –સરકારી સંગઠનોને સંપદા સંગઠન તરીકે કામે રોકી શકાય. આ સંપદા સંગઠક એસએચઓના નિર્માણમાં મદદરૂપ થશે અને એસએચઓના વિકાસ, બેંક સાથે જોડાણ, વિસ્તાર અને શહેર કક્ષાએ તેના ફેડરેશન, તાલીમ અને ક્ષમતાનિર્માણ અને શહેરના સ્થાનિક મંડળ સાથે તેનું જોડાણ સ્થાપિત કરવાની કામગીરીમાં સહાયભૂત થશે.

૧૫. એસએચઓના નિર્માણ, હાથમાં હાથ મિલાવી સાથોસાથ કામ કરવું, એસએચઓના તમામ સભ્યોને તાલીમ, બેંક સાથે જોડાણ, ફેડરેશનની રચના અને અન્ય સંલગ્ન કામગીરી માટે સ્વ સહાય જૂથ દીઠ, એટલે કે દર એક એસએચઓએ વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦નું ખર્ચ કરી શકાય. શહેરનું સ્થાનિક મંડળ સંપદા સંગઠનની ક્ષમતા જોઈ પ્રતિ સંપદા સંગઠક દીઠ કેટલો વિસ્તાર આવરી લેવો તે બાબત નકકી કરશે. સામાન્યરીતે પ્રત્યેક સંપદા સંગઠક હેઠળ ઓછામાં ઓછું ૫૦ સ્વસહાય જૂથો આવરી લેવવા જોઈએ. રાજયએ અથવા શહેરના સ્થાનિક મંડળે સંપદા સંગઠન સાથે એક કરારનામું કરવાનું રહેશે. નાણાંની ચુકવણી સંપદા સંગઠકને એસએચઓનું નિર્માણ, સભ્યોને તાલીમ, બેંક સાથે જોડાણ, વિસ્તાર અને શહેર કક્ષાએ ફેડરેશનની રચના, એનયુએલએમ અંતર્ગત ફરતું ભંડોળ જેવા લાભ મેળવવા જેવા સમાસ્તંભોના આધારે કરવામાં આવશે. સંપદા સંગઠક બે વર્ષ સુધી એસએચઓની હારોહાર, હાથમાં હાથ મિલાવી કામ કરશે.

**૧૬. સંપદા સંગઠનની કામગીરી નીચે મુજબ છેઃ**

**૧૬.૧ સંલગ્ન જૂથો મુકરર કરવા** : સંપદા સંગઠકે વિશ્વાસ અને પરસ્પર સહાયનો સંબંધ બાંધતાં પહેલાં એસએચઓની રચના માટેની વ્યકિતઓ કે સભ્યોને મુકરર કરી તેમને પ્રોત્સાહન પૂરું પાડવું. સભ્યપદ એટલે કે એસએચઓમાં સભ્યો સહયોગી અભિગમ અને આપમેળે, પોતાની પસંદગીથી થાય તો વધુ સારું.

**૧૬.૨ ક્ષમતા નિર્માણ** : એક વાર સ્વ–સહાય જૂથની રચના થઈ જાય, તે પછી સંપદા સંગઠકે એસએચઓના તમામ સભ્યો (માત્ર આગેવાનો/ પ્રતિનિધિઓ જ નહીં) ને તાલીમ આપવાની રહેશે. આ તાલીમના વિષયો નીચે મુજબના હોઈ શકેઃ

(ક) એસએચઓની કામગીરીની પાયાની વિભાવના જેમકે સભા – બેઠકનું સંચાલન કેવી રીતે કરવું, બચતના પાયાના સિધ્ધાંતો, નાણાં ધિરાણ, લોન ભરપાઈ કરવાની આદત, જૂથના સભ્યોની જવાબદારી (ખ) નામું અને હિસાબી કામકાજ, નાણાં ભંડોળનું વ્યવસ્થાપન, બેંક અને ધિરાણ જોડાણ (ગ) માહિતીની આપ–લે, નિર્ણય લેવા ઘર્ષણનું નિવારણ, સ્વ–મૂલ્યાંકન વગેરે અને (ઘ) એનયુએલએમ અને સરકારના અન્ય વિભાગો અંતર્ગત સરકારી લાભ મેળવવા.

**૧૬.૩ ઓછામાં ઓછું ૧૫ મહિના સુધી હાથમાં હાથ મિલાવી કામ કરવું.**

એકવાર એસએચઓની રચના થઈ જાય પછી સંપદા સંગઠકે. નિયમિત ધોરણે તેની બેઠકોમાં હાજરી આપવાની રહેશે. સંપદા સંગઠન સ્વસહાય જૂથ સાથે પારસ્પરિક સંવાદ માટે બેંકર્સ, સરકારના વિવિધ વિભાગોમાંથી સરકારી અધિકારીઓ, સુસ્થાપિત સ્વસહાય જૂથોના સભ્યો (ઊલટ શિક્ષણ માટે) ને પણ બોલાવશે. સંપદા સંગઠક પોતાના દ્વારા સમર્થન પૂરું પડાતું હોય તેવા એસએચઓની કામગીરીના મૂલ્યાંકનમાં સામૂહિક સંગઠકને મદદરૂપ થશે. એસએચઓના નિર્માણના એક મહિનાની અંદર, જે એસએચઓનું બેંકમાં ખાતું ના હોય તે તમામ સહાય જૂથને પોતાનું સ્વસહાય જૂથ બેંક ખાતું ખોલવામાં સહાય કરશે અને સંપદા સંગઠક એસએચઓને બેંકમાંથી ધિરાણ મેળવવામાં પણ સહાય કરશે. એસએચઓને અન્ય વિધિસરના સ્રોતોમાંથી ધિરાણ મેળવવા માટે પણ પ્રોત્સાહિત કરવા જોઈએ.

**૧૬.૪ ૧૫ થી ૨૪ મહિનાની અંદર ટેકો પાછો ખેંચવો** : આ સમયગાળા દરમિયાન સંપદા સંગઠક જે સ્વસહાય જૂથોની રચના થઈ હોય અને જે સંતોષકારક રીતે કામગીરી કરતા હોય

તેમને અપાતો સક્રિય સહયોગ પાછો ખેચી લેશે. આ તબકકે દેખરેખ – નિયમનની કામગીરી વધશે અને ટેકો કે સહયોગ આપવાનું શરૂ કર્યાના ૨૪ મહિના પૂરાં થાય એટલે એસએચઓ હવે આત્મનિર્ભર છે કે કેમ તે નકકી કરવા સામૂહિક સંગઠકના સહયોગમાં નિર્ણાયક મૂલ્યાંકન કરવાનું રહેશે. સંપદા સંગઠક એ બાબત પણ સુનિશ્ચિત કરશે કે એસએચઓ હવે વિસ્તાર કક્ષાનું ફેડરેશન બની છે અને તે વિસ્તાર કક્ષાના ફેડરેશન અને શહેર કક્ષાના ફેડરેશન ગાઢ સંપર્કમાં રહી કામગીરી કરે છે. જેથી ક્ષમતા નિર્માણ થાય.

૧૬.૫ સંપદા સંગઠક યુઆઈડીમાં નામ નોંધણી કરાવવા, બેજીક સેર્વીગ્ઝ બેંક ડીપોજીટ એકાઉન્ટ બેંકમાં બચતખાતું ખોલાવવા અને એસએચઓના સભ્યોને ધિરાણ સલાહ આપવાની કામગીરીમાં મદદરૂપ થશે.

એનયુએલએમ અંતર્ગત સંપદા સંગઠકને કામે રાખવા માટેનું નમૂનારૂપ માળખું જોડાણ–૪માં આપવામાં આવ્યું છે. અલબત્ત, એ માત્ર સૂચક છે, માર્ગદર્શન માટે જ છે. રાજય સરકાર અને શહેરનું સ્થાનિક મંડળ સ્થાનિક પરિસ્થિતિના આધારે તેમાં યોગ્ય સુધારા વધારા કરી શકે છે.

## ૧૭. સંપદા સંગઠકની પસંદગી

૧૭.૧ રાજય અથવા કેન્દ્ર સરકારે સ્થાપેલ, નોંધણી કરાયેલ સ્વાયત્ત સંસ્થા અથવા લાબા સમયથી સુસ્થાપિત એસએચઓ ફેડરેશનો અથવા મોટા પાયાના સામૂહિક કાર્યક્રમોનું સંચાલન કરવાનો નોંધપાત્ર અનુભવ ધરાવતા અને શહેર તથા ગ્રામીણ વિસ્તારમાં સામાજિક ગતિશીલતા ને સંસ્થાન નિર્માણમાં સફળ અમલ વ્યૂહ વિકસાવતા બિન–સરકારી સંગઠનોને સંપદા સંગઠક તરીકે અગ્રતા આપી શકાય.

૧૭.૨ વધુમાં બેંક ગ્રાન્ડના જોઈએ અધિકાર ક્ષેત્રનું જ્ઞાન અને જાણકારી, ગરીબ ગૃહસ્થોની સામાજિક ગતિશીલતાનો પૂર્વ–અનુભવ, તાલીમ અને ક્ષમતા નિર્માણ, આજીવિકાને પ્રોત્સાહન, તેમજ બેંક જોડાણના આધારે બિન સરકારી સંસ્થાની સંપદા સંગઠક તરીકે પસંદગી કરી શકાય. જયારે કોઈ પણ બિનસરકારી સેવા સંસ્થાની ક્ષમતાનું મૂલ્યાંકન કરતી વખતે તે સંસ્થાની નોંધણી કરાયેલ છે કે કેમ ? સંસ્થાનું વાર્ષિક ટર્નઓવર, કેટલા વર્ષોનો અનુભવ છે, સંપાદન અને નાણાકીય સંચાલન ક્ષમતા અને સમર્પિત નિષ્ણાત કર્મચારીઓની સંખ્યા વગેરે જેવી બાબતો પર ભાર મૂકવો.

૧૭.૩ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને (એસયુએલએમ) નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના તમામ શહેરોમાં સંપદા સંગઠનની પસંદગી પારદર્શક રીતે કરવાની રહેશે. એસયુએલએમ રાજય કક્ષાએ સંપદા સંગઠકની પસંદગી કરવાની છૂટ છે અથવા તો શહેરના સ્થાનિક મંડળને જાતે જ સંપદા સંગઠક નિયુકત કરવાની છૂટ આપી શકાશે.

૧૭.૪ એ વાતનું ઘ્યાન રાખવું કે સંપદા સંગઠક તરીકે જેની પસંદગી થાય તે સંસ્થાને શહેરના પાયાના સ્તરના ગરીબો સાથે કામ કરવાનો અનુભવ હોવો જોઈએ અને એવી સંસ્થાને જ સંપદા સંગઠક તરીકે અગ્રતા આપવી જોઈએ, જે સંસ્થાનો આ અંગેનો ટ્રેક રેકોર્ડ સિઘ્ધ, સાબિત થઈ ચૂકયો હોય.

૧૭.૫ એનયુએલએમ અંતર્ગત એસએચઓની રચના માટે સંપદા સંગઠકે પોતાની ટૂકડીમાં સીપીઆરપી–સામુહિક સંપદા વ્યકિતને કામ રાખવા, તેમ છતાં પેટા કોન્ટ્રાકટ આપવાની પરવાનગી આપવામાં આવશે નહી. સીઆરપી એ પીઢ પરિપકવ સ્વસહાય જૂથના સભ્ય હોય છે જેમને એસએચઓની વિભાવના, જૂથ સંચાલનના ધોરણો, એસએચઓ બેઠકની પ્રક્રિયા ,નામું, હિસાબ રાખવો, કાર્યસૂચિ નકકી કરવી, વગેરે અંગે સારી જાણકારી અને અનુભવ હોય છે. આ સીઆરપી સભ્યો પાસે ગરીબોને પ્રોત્સાહિત કરી પ્રેરવાની તેમને તેમના પોતાના અંગત અનુભવોમાંથી પાઠ ભણાવીને તાલીમ આપવાની આવડત હોય છે અને પોતાના એસએચઓની શ્રેષ્ઠ ઉત્તમ કાર્યપઘ્ધતિ થકી જ શીખવાડવાનું કૌશલ અને ક્ષમતા હોય છે આ સીઆરપી સભ્યો માર્ગદર્શક તરીકે કામ કરે છે અને અન્ય ગરીબ લોકો માટે તેઓ આદર્શ તરીકેની ભૂમિકા ભજવે છે.

૧૭.૬ રાજય સરકાર પસંદગી (ટેકનિકલ માપદંડ) માટેના ચુસ્ત માપદંડના આધારે જાહેર સ્પર્ધાત્મક બોલી પ્રક્રિયા મારફત સંપદા સંગઠક નિયુકત કરશે, જેથી સેવાની ગુણવત્તા જળવાઈ રહે.

**સ્વર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના (એસજેએસઆરવાય)થી એનયુએલએમમાં સામૂહિક માળખાની સંક્રાન્તિ**

૧૮. એસજેએસઆરવાયના ઘટક શહેર સામૂહિક વિકાસ નેટવર્ક અંતર્ગત પાડોશી જૂથ ની જેમ 'પાડોશી સમિતિ" અને સામૂહિક વિકાસ મંડળી જેવા સામૂહિક માળખાની રચના કરવામાં આવે છે. સ્વ સહાય જૂથો / કરકસર અને ધિરાણ મંડળીઓ પણ અલગથી ઊભી કરવાની

પરવાનગી આપવામાં આવે છે. એસજેએસઆરવાય અંતર્ગત ઊભા કરાયેલ સ્વ સહાય જૂથો / કરકસર અને ધિરાણ મંડળીઓ તેમની કામગીરી ચાલુ રાખી શકે છે. અલબત્ત, પાડોશી જૂથોને એસએચઓમાં રૂપાંતરિત થઈ કરકસર કરવા અને ધિરાણ પ્રવૃત્તિ હાથ ધરવા પ્રોત્સાહિત કરાશે. એ જ રીતે પાડોશી સમિતિઓ અને સામૂહિક વિકાસ મંડળીઓ ધીરે ધીરે એનયુએલએમ હેઠળ વિચારાયેલ સામૂહિક માળખામાં સ્થળાંતરિત થઈ શકે.

૧૯. રાજય સરકાર / શહેર સ્થાનિક મંડળ દ્વારા કામે રાખવામાં આવેલ, નિયુકત કરાયેલ સંપદા સંગઠક એસજેએસઆરવાય હેઠળ ઊભા કરાયેલા, રચવામાં આવેલ સામૂહિક માળખા માટે કામ કરી એનયુએલએમના ત્રિસ્તરીય માળખાની હારોહાર કામ કરશે. એસજેએસવાય અંતર્ગત રચાયેલ જૂથો / કરકસર અને ધિરાણ મંડળીઓ / પાડોશી જૂથોને બેંકના જોડાણ, તાલીમ અને ક્ષમતા નિર્માણ વગેરે માટે સંપદા સંગઠક તરફથી સમર્થન અને સહાય મળતાં રહેશે.

## ઘટક ૧.૨ સાર્વજીનક નાણાંનો સમાવેશ

૨૦ નાણાંના સમાવેશનો અર્થ લાભ વંચિત અને ઓછી આવક ધરાવતા સમાજના વિશાળ વર્ગને પરવડે તેવી કિંમતે બેંકીગ એવા અને ધિરાણ પૂરું પાડવું વિવિધ પ્રકારની નાણાકીય સેવાઓમાં વિધિસરની નાણાકીય પધ્ધતિ દ્વારા બચત, લોન, વીમો, ચૂકવણી, ભરપાઈ સુવિધા અને નાણાકીય સલાહ / પરામર્શ સેવા જેવી સેવાઓનો સમાવેશ થાય છે. [1]એનયુએલએમનો ઉદેશ પાયાની બેંકીગ સેવાઓ ઉપરાંત સાર્વજીનક નાણાંના સમાવેશને હાંસલ કરવાનો છે. જેમાં શહેરના તમામ ગરીબો / ગૃહસ્થો આવરી લેવાય.

---

[1] સી.રંગરાજનના વડપણ હેઠળની નાણાકીય સમાવેશ અંગેની સમિતિનો અહેવાલ જાન્યુ.૨૦૦૮.

આમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છેઃ

## નાણાંસંબંધી જાણકારી

૨૧. નાણાં સંબંધી જાણકારી ધરાવતું સુદઢ સમર્થક તંત્ર ના હોય તો સાર્વજીનક નાણાંના સમાવેશના ઉદ્દેશો હાંસલ થઈ શકે નહી. આ માટે તમામ લાભાર્થીને સાર્વજીનક નાણાંના સમાવેશના વ્યાપમાં આવરી લેવા માટે રાજય / શહેર સ્થાનિક મંડળે વ્યકિતગત લાભાર્થી અને એસએચઓને તેઓ તેમની જરૂરિયાત પ્રમાણે નાણાકીય જાણકારી મેળવી શકે તે માટે વિધાયક પગલાં લેવાં જોઈએ.

૨૧.૧ સંપદા સંગઠક એસએચઓના સભ્યો માટે નાણાં સંબંધી જાણકારીને લગતી બેઠકો યોજશે. આ બેઠકોમાં લાભાર્થીને બચત, ધિરાણ, ભરપાઈ, વીમો વગેરે અંગે માહિતી અને જાણકારી પૂરી પાડશે. સાથે સાથે તે મેળવવા, તેનો લાભ લેવા માટેની કાર્યપધ્ધતિ અને સંચાલકીય જરૂરિયાતો અંગે જાણકારી આપવામાં આવશે.

૨૧.૨ બેંકો, નાણાં સંસ્થાઓ, વીમા એજન્સીઓ, માઈક્રો નાણાં એજન્સીઓને શહેરના આજીવિકા કેન્દ્રો મારફત ઝુંબેશ વગેરે હાથ ધરીને શહેરના ગરીબો સાથે માહિતીની આપ–લે કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

૨૧.૩ શહેરનું સ્થાનિક મંડળ શહેરના આજીવિકા કેન્દ્રો અને સંપદા સંગઠકો પાસે નાણાકીય જાણકારીને લગતી જરૂરી માહિતી મળી રહે અને માહિતી, શિક્ષણ અને સંચાર સંબંધી જાણકારી એમની પાસે ઉપલબ્ધ હોય તે બાબત સુનિશ્ચિત કરશે.

૨૧.૪ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નાણાકીય સાક્ષરતા કેન્દ્રો ખોલવા માટે તમામ બેંકને વિગતવાર માર્ગદર્શક સૂચના મોકલી આપી છે. તે અંગેની અદ્યતન માર્ગદર્શક સૂચના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તા.૬ જૂન, ૨૦૧૨ના પરિપત્ર નં. આરપીસીડી એફએલસી નં. ૧૨૪૫૨ / ૧૨.૦૧.૦૧૮ / ૨૦૧૧–૧૨ માં અને ૩૧ જાન્યુઆરી, ૨૦૧૩ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. આરપીસીડી / એફએલસી નં. ૭૬૪૧ / ૧૨.૦૧/ ૦૧૮ / ૨૦૧૨–૧૩ માં આપવામાં આવી છે. આ માર્ગદર્શક સૂચનાઓ મુજબ તમામ અગ્રણી બેંકોએ અગ્રણી જિલ્લા વ્યવસ્થાપકની કચેરીમાં ઓછામાં ઓછું એક નાણાકીય સાક્ષરતા કેન્દ્ર ખોલવું ફરજિયાત છે. તેનાથી વધુ કેન્દ્ર જે તે વિસ્તારની જરૂરિયાતના આધારે ખોલી શકાય. જિલ્લા સ્થાનિક મંડળ પોતાના સંબંધિત હકૂમત ક્ષેત્રમાં બેંકના નાણાકીય સાક્ષરતા કેન્દ્રો મારફત નાણાંકીય સાક્ષરતા બેઠક અને શિબિરો યોજવા માટે જરૂરી સંકલન કામગીરી કરશે.

૨૧.૫ શહેર સ્થાનિક મંડળ સામૂહિક સંગઠકો અને સંપદા સંગઠકોને વર્ષ દરમિયાન કેટલી નાણાકીય સાક્ષરતા બેઠકો અને શિબિરો યોજવાની છે તે માટેના લક્ષ્યાંક ફાળવશે.

**બેંકમાં ખાતું ખોલાવવું**

૨૨. બેંકમાં ખાતું હોવું તે પોતે જ તેની ઓળખ, દરજ્જો અને સામર્થ્ય દર્શાવે છે. તેના લીધે વિધિસરની નાણાકીય પધ્ધતિનો ઢાંચાનો લાભ લઈ શકાય છે. ભારત સરકારના નાણાં

મંત્રાલયે તેના નાણાં સેવા વિભાગને તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કુટુંબ દીઠ બેંકમાં એક ખાતું ખોલવા માટેનો આદેશ બહાર પાડેલ છે. શહેર વિસ્તારમાં અગ્રણી જિલ્લા વ્યવસ્થાપકે કોઈએક ચોકકસ – નિયત કરેલા બેંકના તમામ વોર્ડને કુટુંબ દીઠ એક ખાતું ખોલવામાં આવે તે બાબત સુનિશ્ચિત થાય તે માટે ફાળવણી કરવાની રહેશે. તા ૨૪ જુલાઈ, ૨૦૧૨નો પત્ર નં. ૬/૨૩/૨૦૧૨– એફઆઈ) આ માટે જરૂરી પ્રયત્ન કરવા, જેથી આ ઘટક અંતર્ગત આવરી લેવાવા માટેની એકદમ ન્યૂનતમ જરૂરિયાત તરીકે તમામ સંભવિત લક્ષ્યાંકિત લાભાર્થીઓ પાસે બેંકના ખાતાની સુવિધા હોય. સંચાલકીય પગલાંમાં નીચેનાનો સમાવેશ થશેઃ

૨૨.૧ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન, રાજય કક્ષાની બેંકર્સ સમિતિ અને બેંક કક્ષાએ તેનાં કન્વીનર ખાતે અનોખા ઓળખકાર્ડ આધાર – (જો 'તમારા ગ્રાહકને ઓળખો' અંતર્ગત જરૂરી હોય તો) સાથે જોડાણ સહિત તમામ લાભાર્થીઓનું બેંકમાં ખાતું ખોલાવવા માટે સર્વ સંમત કાર્યપધ્ધતિ / પ્રક્રિયા.

૨૨.૨ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને, સંબંધિત રાજય કક્ષાની બેંકર્સ સમિતિ અને બેંક કક્ષાએ તેના કન્વીનર સાથે ચર્ચા વિચારણા / સંકલન કરીને નીચે જણાવેલ બાબતો સુનિશ્ચિત કરવાની રહેશેઃ

૨૨.૨.૧ રાજય કક્ષાની બેંકની સમિતિની બેઠકમાં એનયુએલએમ લાભાર્થી માટે બચત ખાતું – બેજીક સેવીંગ્સ બેંક ડિપોજીટ એકાઉન્ટ ખોલવાની બાબતનો અગ્રતાના ધોરણે કાર્યસૂચિમાં સમાવેશ કરવો.

૨૨.૨.૨. સંચાલકીય ઔપચારિક વિધિ – જેવી કે બેંકની તમામ શાખાઓ / વિસ્તરણ કાઉન્ટરો, શહેરના આજીવિકા કેન્દ્રો અને શહેર સ્થાનિક મંડળની કચેરીમાં ફોર્મ ઉપલભ્ય રાખવા.

૨૨.૨.૩ શહેરના સ્થાનિક મંડળના હકૂમત ક્ષેત્ર હેઠળના વિસ્તારમાં શહેર સંગઠક અને સંપદા સંગઠકની સહાયથી, બેંકો સાથે સંકલન કરી બેંકમાં ખાતું ખોલવા સંબંધી શિબિરો યોજવી.

૨૨.૨.૪ અસરકારક પહોંચ માટે શહેરની જરૂરિયાત મુજબ બીઝનેસ કોરસ્પોન્ડન્ટ, વ્યવસાય ખબરપત્રી / બીઝનેસ ફેસીલીટેટર – વ્યવસાય અભિપ્રેરકની નિમણૂક કરવી, કામે રાખવા.

૨૨.૩ તબકકાવાર ધોરણે એનયુએલએમના તમામ લાભાર્થી આવરી લેવાય તે માટે રાજય કક્ષાની બેંકીંગ સમિતિ સાથે ચર્ચા – વિચારણા કરીને સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન, બેંકમાં બચત ખાતું – બેજીક સેવીંગ્ઝ બેંક ડિપોજીટ એકાઉન્ટ ખોલવા માટેના વાર્ષિક ધોરણે લક્ષ્યાંક નિયત કરશે.

**પરવડે તેવો વીમો (આરોગ્ય, જીવન અને પેન્શન)**

૨૩. એનયુએલએમના લાભાર્થીઓને સામાજિક વીમાના વ્યાપ હેઠળ આવરી લેવા માટે મૃત્યુ, અકસ્માત, અશકતતા, દવાખાનામાં ભરતી થવું, અને નિવૃત્તિ જેવા જોખમો / અચોકકસતા આવરી લેવાય તે રીતે વીમો પૂરો પાડવા માટે સંબંધિત સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન સંભવિત લાભાર્થીઓ માટે ઓછા ખર્ચનો વીમો / એવા માઈક્રો પેન્શન સહિત મળી રહે તે બાબત સુનિશ્ચિત કરશે.

૨૩.૧ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને ભારત સરકારની હાલની / ચાલુ વીમા યોજનાઓ અંતર્ગત મહત્તમ લોકો આવરી લેવાય તે બાબત સુનિશ્ચિત કરવી જોઈએ. આ યોજનાઓમાં નીચેની યોજનાઓ આવરી લેવાશે. જેવી કે આરોગ્યના વીમા માટે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, જીવન વીમા માટે આમ આદમી વીમા યોજના (અગાઉની જનશ્રી વીમા યોજના), રાજયની કોઈ ચોકકસ, વિશિષ્ટ વીમા યોજના અને માઈક્રો વીમા ઉત્પાદનો

૨૩.૨ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને પ્રીમિયમ ખર્ચનું અને દરેક ઉત્પાદનના લાભનું વિશ્લેષણ કરીને વીમા યોજનાઓ મુકરર કરવી જોઈએ / તેને આખરી રૂપ આપવું જોઈએ.

૨૩.૩ શહેર સંગઠકો / સંપદા સંગઠકો / અન્ય સંસ્થાઓ સ્વસહાય જૂથની બેઠકો, શિબિરો વગેરે મારફત જુદી તારવેલ યોજનાઓ અંગે લોકો જાગૃત બને તે બાબત સુનિશ્ચિત કરશે. આ બેઠકોમાં તેઓ આ યોજનાના મહત્વના લક્ષણો, લાભ, દાવા માટેની કાર્યપઘ્ધતિ સાથે પ્રીમિયમ ખર્ચ અંગે જાણ કરશે. શકય હશે ત્યાં શહેરનું સ્થાનિક મંડળ વીમો આપનાર કંપનીના પ્રતિનિધિને બોલાવીને તેઓ લાભાર્થીને યોજનાની વિગતો અંગે જાણકારી આપે તે બાબત સુનિશ્ચિત કરશે.

૨૩.૪ શહેરનું સ્થાનિક મંડળ વીમો આપનાર કંપની સાથે ચર્ચા કરીને પીઢ, પરિપકવ સ્વ સહાય જૂથોને માઈક્રો વીમા એજન્ટ તરીકે કામ રાખી શકાય કે કેમ તે અંગેની શકયતાઓ ખોળી કાઢી શકે.

૨૩.૫ શહેરના સ્થાન્કિ મંડળે એ બાબતની કાળજી રાખવાની રહેશે કે કોઈ યોજના લાભાર્થી પર લાદવામાં ના આવે. લાભાર્થીને કોઈપણ યોજનાના લાભો સમજવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ અને તે સ્વેચ્છાએ યોજનાનો લાભ લેવા આગળ આવે, જાતે યોજનાની પસંદગી કરે તેમ કરવું જોઈએ.

૨૩.૬ સંપદા સંગઠક અને શહેર સંગઠક વીમા યોજનાનો લાભ લેવાં ઈચ્છુક વ્યકિતઓના નામની યાદી બનાવશે અને પસંદ કરેલ યોજનામાં જોડાવા / પ્રવેશ કરવા નામ– નોંધાવવા માટે સમયાંતરે સહાયભૂત થશે.

૨૩.૭ શહેરનું સ્થાનિક મંડળ વિવિધ વીમા યોજનાઓ અંતર્ગત કેટલા લાભાર્થીઓ આવરી લેવાયા છે, તે અંગેની વાર્ષિક પ્રગતિની સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને જાણ કરશે.

**ઘટક ૧.૩ સ્વ સહાય જૂથો અને તેના ફેડરેશનોને ફરતા ભંડોળની સહાય**

૨૪. સ્વસહાય જૂથોમાં કરસર અને ધિરાણની ટેવ કેળવાય તે માટે તેમને ફરતું ભંડોળ આપવામાં આવે છે. ફરતા ભંડોળથી સ્વ સહાય જૂથોની ભંડોળ વ્યવસ્થાપનની સંસ્થાગત ક્ષમતાનું નિર્માણ પણ થાય છે. ફરતા ભંડોળથી એસએચઓ પોતાની આગવી બચત સાથે વિશિષ્ટ ભંડોળનો ભાગ બને છે. ફરતા ભંડોળનો ઉપયોગ આંતરિક ધિરાણ માટે પણ કરી શકાય. તેના પર જેમ પોતાની આગવી બચતમાંથી લેવાતા ધિરાણ પર વ્યાજ વસૂલાય છે તેમ વ્યાજ પણ વસૂલ કરી શકાય.

૨૫. શહેરના ગરીબ સ્વસહાય જૂથોને એક વખત રૂા.૧૦,૦૦૦ની ફરતા ભંડોળ સહાય પૂરી પાડવામાં આવશે. જે એસએચઓએ અગાઉ આવી સહાય ના મેળવી હોય તેવા એસએચઓને જ એક વખત આ સહાય પૂરી પડાશે. આ સહાય મેળવનાર એસએચઓ છ કરતાં વધુ મહિનાથી કાર્યરત હોવી જોઈએ અને તેના ૭૦% થી વધુ સભ્યો શહેરના ગરીબો હોવા જોઈએ. તેઓ એનયુએલએમ અંતર્ગત ફરતા ભંડોળની સહાય મેળવવા માટે પાત્ર હોવા જોઈએ. સ્વર્ણજયંતી શહેરી રોજગાર યોજના (એસજેએસઆરવાય) અંતર્ગત રચવામાં આવેલ હાલના સ્વસહાય જૂથો, જેમણે અગાઉ લાભ ન મેળવ્યો હોય તેઓ પણ ફરતા ભંડોળનો લાભ લઈ શકે.

૨૬. સ્વ સહાય જૂથે ફરતું ભંડોળ મેળવવા પોતાની અરજી (જોડાણ–૫માં સામેલ નિયત ફોર્મમાં) સંપદા સંગઠક મારફત શહેરના સ્થાનિક મંડળને આપવી. શહેરનું સ્થાનિક મંડળ

રજીની ચકાસણી કરી એસએચઓના જરૂરી દસ્તાવેજો / રેકોર્ડ ની ચકાસણી કરશે. જેમકે યોજવામાં આવેલ બેઠકની સંખ્યા, એસએચઓની સ્થાપના થઈ ત્યારથી યોજાયેલ બેઠકોની કાર્યનોંધ સભ્યો તરફથી જૂથ બચતમાંથી એકઠી થયેલ રકમ અને બચતની નિયમિતતા, ગતિશીલ કરાયેલ બચતની રકમ અને એકઠી કરાયેલ રકમ વગેરેની ચકાસણી પાત્ર એસએચઓને ફરતું ભંડોળ મંજૂર કરીને આપતાં પહેલાં કરશે. શહેરનું સ્થાનિક મંડળ યોગ્ય ખંત કે કર્તવ્ય પરાયણના માટે જરૂરી જણાય તો ક્ષેત્ર કક્ષાની ખરાઈ માટે ફરતા ભંડોળની અરજીઓ પૈકી કેટલીક અરજીની યદચ્છ નમૂનારૂપ ચકાસણી હાથ ધરી શકે. શહેરનું સ્થાનિક મંડળ સંબંધિત સ્વસહાય જૂથના બેંકના ખાતામાં ફરતા ભંડોળને સીધું જ તબદીલ કરશે.

૨૭. શહેરનું સ્થાનિક મંડળ એ બાબત સુનિશ્ચિત કરશે કે એસએચઓની અરજી આવ્યાની તારીખથી ૧૫ દિવસના ગાળામાં એસએચઓને ફરતા ભંડોળની સમયસર ચૂકવણી થાય. શહેરનું સ્થાનિક મંડળ સામયિક ધોરણે– સમયાંતરે સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને કેટલા એસએચઓને ફરતા ભંડોળની ચૂકવણી કરાઈ તેની સંખ્યા, પ્રગતિનો અહેવાલ પણ મોકલી આપશે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને આ અહેવાલ મંત્રાલયને આગળ મોકલી આપવાનો રહેશે.

**નોંધણી કરાયેલ વિસ્તાર કક્ષાના ફેડરેશનને ફરતા ભંડોળની સહાય**

૨૮. સ્વસહાય જૂથના નોંધણી કરાયેલ વિસ્તાર કક્ષાના ફેડરેશનને એક વખતની રૂા.૫૦,૦૦૦ જેટલી ફરતા ભંડોળની સહાય પૂરી પડાશે. ફરતા ભંડોળની સહાયની આ રકમ સરળ સંચાલન માટે વિસ્તાર કક્ષાના ફેડરેશન માટે બીજરૂપ મૂડી તરીકે વાપરી શકાય અને તે રકમ વિસ્તાર કક્ષાના ફેડરેશનના ભંડોળનો ભાગ બનશે. વિસ્તાર કક્ષાનું ફેડરેશન સ્વસહાય જૂથોને ધિરાણ કરવા માટે આ ફરતા ભંડોળની રકમને ઉપયોગમાં લઈ શકે. એસએચઓના સભ્યોને વિવિધ સમર્થક સેવા પૂરી પાડવા અને જાગૃતિ નિર્માણ / માહિતીના પ્રસાર વગેરે માટે પણ તે આ રકમને ઉપયોગમાં લઈ શકે છે. નોંધણી કરાયેલ વિસ્તાર કક્ષાનું ફેડરશેન નિયત ફોર્મેટ (જોડાણ–૬)માં સંપદા સંગઠકના સમર્થન સાથે શહેરના સ્થાનિક મંડળ સમક્ષ ફરતા ભંડોળની સહાય મેળવવા માટે અરજી કરી શકે. શહેરનું સ્થાનિક મંડળ આ અરજી મંજૂર કરતાં પહેલાં તેની ચકાસણી કરશે અને વિસ્તાર

કક્ષાના ફેડરશેનની દસ્તાવેજો, જેવાં કે ફેડરેશનની નોંધણી, નાણાં હિસાબનું સંચાલન અને વ્યવસ્થા તેમજ નાણાં માટેના સ્રોત, બેઠકની સંખ્યા અને કેટલા સમયાંતરે તે યોજવામાં આવી, કચેરીના હોદેદારોની ભૂમિકા યોજવામાં આવી, કચેરીના હોદેદારોની ભૂમિકા ને કામગીરી તેમજ જવાબદારી, એસએચઓની તાલીમ અને ક્ષમતાનિર્માણ અને શહેરનું સ્થાનિક મંડળ નકકી કરે તે અન્ય કોઈપણ માપદંડના આધારે ચકાસણી કર્યા પછી ફરતા ભંડોળની રકમ પૂરી કશે. શહેરનું સ્થાનિક મંડળ કર્તવ્યપરાયાણતા માટે જો જરૂરી જણાય તો ક્ષેત્ર કક્ષાની ચકાસણી માટે અરજીઓની યદચ્છ નમૂનારૂપ ચકાસણી કરી શકે. શહેરનું સ્થાનિક સત્તામંડળ ફરતા ભંડોળની રકમ લાયકાત ધરાવતા પાત્ર વિસ્તાર કક્ષાના ફેડરેશનના બેંકના ખાતામાં સીધી જ તબદીલ કરશે.

૩૦. શહેરનું સ્થાનિક સત્તા મંડળ વિસ્તાર કક્ષાના કેટલા ફેડરેશનોએ ફરતા ભંડોળનો લાભ લીધો છે, તેની સંખ્યાના સંદર્ભમાં પ્રગતિનો અહેવાલ સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને મોકલી આપશે. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશને આ અહેવાલ આગળ મંત્રાલયને મોકલી આપવાનો રહેશે.

**ઘટક ૧.૪ શહેરના આજીવિકા કેન્દ્રો**

**શહેરના આજીવિકા કેન્દ્રોની વિભાવના**

૩૧. શહેરના મધ્યમ અને ઉચ્ચતર આવક જૂથના લોકોને સલામતી, સુથારીકામ, માળીકામ, બાંધકામ, નળને લગતું પ્લમ્બીગ કામ, વીજળી સંલગ્ન કામગીરી, આરોગ્ય સંભાળમાં સહાય, ઘરની સંભાળ અને એકંદર વ્યવસ્થાનું સંચાલન વગેરે જેવી સેવાઓ પૂરી પાડીને આ અનૌપચારિક ક્ષેત્ર પરંપરાગત રીતે સેવાના સ્રોત સમાન બની ગયેલ છે. અલબત્ત, શહેર વિસ્તારમાં આ તમામ સેવાઓ સંગઠિત અને વિશ્વાસપાત્ર ધોરણે ઉપલભ્ય નથી. શહેરના જે ગરીબો ખરીદ–વેચાણ યોગ્ય માલસામાન અને સેવાઓનું ઉત્પાદન કરે છે, તેઓને ઘણીવાર, ઘણુંખરું તે માટે નભી શકે તેવું બજાર ઉપલભ્ય હોતું નથી. શહેરના ગરીબોને સરકાર અને તેના અન્ય કાર્યક્રમો (દા.ત. કૌશલ તાલીમની તક, બેંકમાંથી ધિરાણ મેળવવું સામાજિક સુરક્ષાનો લાભ વગેરે) અંતર્ગત મળવાપાત્ર લાભો વિવિધ તક અંગે કોઈ માહિતી હોતી નથી. આથી શહેરના ગરીબોને, તેમને ઉપલભ્ય કેટલીક તકનો લાભ લેવા માટે સહાયરૂપ સેવાની જરૂર રહે છે. દા.ત. માઈક્રો ઉદ્યોગ સહાય લોન મેળવવા માટે

તેમની પાસે પ્રયોજનાનું આયોજન યોજના, તેનું દસ્તાવેજીકરણ વગેરે હોવા જરૂરી છે. કારણકે બેંકમાંથી ધિરાણ મેળવવા માટેની અરજીમાં તે બીડવા આવશ્યક છે. નોંધણી, હિસાબ અને કાયદાકીય સમર્થન માટેની સેવા મેળવવા માટે પણ તેમને સહાયની જરૂર પડે છે. શહેર કક્ષાએ શહેરના આજીવિકા કેન્દ્રો સ્થાપવા પાછળનો ઉદેશ ઉપર જણાવેલ અંતરાય કે તકલીફો દૂર કરવાના અંગે તેમના માટે એક મંચ ઉભું કરવાનો છે. જયાં –

૩૩.૧ શહેરના ગરીબો પોતાના ઉત્પાદનો અને સેવાઓ સંગઠિત રીતે સંભવિત ખરીદદારો એટલે કે શહેરના આજીવિકા કેન્દ્રોને આપી શકે. શહેરના આજીવિકા કેન્દ્રો શહેરના ગરીબો દ્વારા ઉત્પાદિત માલ અને સેવાઓની માગ અને પુરવઠા વચ્ચેનું અંતર દૂર કરી તેમને જોડવા પ્રયત્ન કરશે.

૩૩.૨ શહેરના ગરીરો તેમને જેમ અને જયારે જરૂર જણાય ત્યારે માહિતી અને વ્યવસાય સમર્થન સેવા મેળવી શકે છે, અન્યથા તેઓ માટે એ મેળવવાનું સુલભ ના હોત.

**શહેરના આજીવિકા કેન્દ્રોની સ્થાપના**

૩૪. શહેરના આજીવિકા કેન્દ્રોની સ્થાપના કરીને તેને ચલાવવાની પ્રાથમિક જવાબદારી શહેરના સ્થાનિક સત્તામંડળની છે. શહેરના સ્થાનિક સત્તામંડળે શહેરના આજીવિકા કેન્દ્ર સ્થાપવા માટે સ્થળ / જગ્યા ફાળવવાની રહેશે. શહેરનું આજીવિકા કેન્દ્ર શહેરની મઘ્યમાં અને અનુકૂળ હોય તેવા સ્થળે હોવું જોઈએ, જયાં શહેરના ગરીબો સહેલાઈથી જઈ શકે. જો શહેરના સ્થાનિક સત્તામંડળ પાસે એવી કોઈ જગ્યા ઉપલભ્ય ના હોય તો તેણે શહેરના આજીવિકા કેન્દ્રને સ્થાપવા માટે એવા સ્થળે જગ્યા ભાડેથી લેવી જોઈએ. શહેરનું સ્થાનિક સત્તામંડળ જરૂર જણાય તો શહેરના આજીવિકા કેન્દ્રની કામગીરી સામાજિક સંગઠનો (દા.ત. શહેરના સ્થાનિક ફેડરેશન) અથવા અન્ય કોઈ સંસ્થા / એજન્સીને સોંપી શકે.

૩૫. નીચેના ધોરણો મુજબ શહેરના આજીવિકા કેન્દ્રોની સ્થાપના કરી શકાય.

૩૫.૧ ૧ થી ૩ લાખની વસતિ ધરાવતા શહેર દીઠ એક શહેર આજીવિકા કેન્દ્ર, જિલ્લા મુખ્ય મથકની વસતિ ૧ લાખ કરતાં ઓછી હોય તો તેવા કિસ્સામાં પણ એક શહેર આજીવિકા કેન્દ્રની સ્થાપના કરી શકાય.

૩૫.૨ ૩ થી ૫ લાખની વસતિ ધરાવતા શહેરોમાં પ્રતિ શહેર બે શહેર આજીવિકા કેન્દ્રો.

૩૫.૩ ૫ થી ૧૦ લાખની વસતિ ધરાવતા શહેરોમાં પ્રતિ શહેર ત્રણ શહેર આજીવિકા કેન્દ્રો

૩૫.૪ ૧૦ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોમાં વધુમાં વધુ આઠ શહેર આજીવિકા કેન્દ્રો.

**શહેર આજીવિકા કેન્દ્રોની સ્થાપના માટે શહેરના સ્થાનિક સત્તામંડળે લેવાના પગલાં**

૩૬. શહેરના આજીવિકા કેન્દ્રોની દરખાસ્ત તૈયાર કરવી (કાર્યયોજના સહિત)– શહેરના સ્થાનિક સત્તા મંડળે શહેર આજીવિકા કેન્દ્ર સ્થાપવા અંગેની અરજી કે દરખાસ્ત તૈયાર કરીને મંજૂરી અને બહાલી અર્થે સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને મોકલી આપવી. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને કરેલ આ દરખાસ્ત – અરજીની સાથે શહેરના સ્થાનિક સત્તામંડળે કેન્દ્રની સ્થાપના માટે ફાળવેલ (પોતાની / ભાડે) મકાનની વિગતો દર્શક પત્ર પણ બીડવો. દરખાસ્તમાં શહેરનું આજીવિકા કેન્દ્ર કઈ સેવાઓ પૂરી પાડશે. તે જણાવવું તેમજ શહેરના આજીવિકા કેન્દ્રનું વ્યવસાય મોડલ પણ દર્શાવવું. ઉકત દરખાસ્તમાં જોડાણ–૭માં જણાવેલ વિગતો હોવી જરૂરી છે.

૩૭. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન દ્વારા દરખાસ્તને મંજૂરીઃ એસયુએલએમ દરખાસ્તની ચકાસણી કરી દરખાસ્તને મંજૂરી આપશે અથવા તો તેને રદ કરશે.

૩૮. જાહેરાત અને જાગૃતિ ઝુંબેશ : શહેરના સ્થાનિક સત્તામંડળને એક વખત મંજૂરીનો હુકમ મળી જાય એટલે તેણે શહેરના ગરીબો તેમજ શહેરનાં અન્ય રહીશોમાં જનજાગૃતિના નિર્માણ માટે શહેરના આજીવિકા કેન્દ્રના કાર્યવિસ્તારમાં જાહેરાત અને પ્રચાર ઝુંબેશ હાથ ધરવી જોઈએ. જાહેરાત ઝુંબેશમાં ચોપાનિયાં, સ્થાનિક ટીવી / રેડિયો / વર્તમાનપત્રમાં જાહેરાત આપી શકાય. પોસ્ટર, બેનર, ભીંત પર લખાણ લખી જાહેરાત કરી શકાય આમ કરવાથી શહેરના વધુ ને વધુ નાગરિકો સુધી માહિતી પહોંચે, તેનો વ્યાપ વધે.

**૩૯. પૂર્વ જરૂરી માળખાની સ્થાપના** – જરૂરી સામગ્રી, જેમકે ખુરશી, કમ્પ્યુટર, ફોન, ટેબલ ફાઈલો મૂકવા ઘોડો વગેરે શહેરના આજીવિકા કેન્દ્ર ખાતે હોવા જરૂરી છે. આ કેન્દ્ર માટે ૧૦૦૦ ચો.ફૂટ વિસ્તાર – જેમાં બે ઓરડા અને એક શૌચાલય હોવા જોઈએ– તેવું સૂચન છે.

**૪૦. કર્મચારીઓની ભરતી** – શરૂઆતમાં કેન્દ્ર ચલાવવા માટે ૧–૨ માણસોને નિયુકત કરવા જો કોઈ સંસ (શહેરની શાખા કે એજન્સી) ને શહેરના આજીવિકા કેન્દ્રના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી હોય તો એજન્સીએ જરૂરી સંખ્યામાં કર્મચારીની નિમણૂક કરવાની રહેશે. **શહેર આજીવિકા કેન્દ્રોની સ્થાપના માટે નાણાં – ધિરાણ**

૪૧. પ્રત્યેક શહેર આજીવિકા કેન્દ્રને રૂા.૧૦ લાખની અનાવર્તક ગ્રાન્ટ છૂટા નાણાં નાણાં ધિરાણ તરીકે આપવામાં આવશે. આ રકમની ચૂકવણી ત્રણ હપતામાં કરવામાં આવશે. હપતાની ચુકવણી માટેના સીમાસ્તંભો નીચે પ્રમાણે રહેશેઃ

**૪૧.૧ પ્રથમ હપતાની ચુકવણી** : એસયુએલએમ શહેરના સ્થાનિક સત્તામંડળને ૩૦% ના પ્રથમ હપતાની ચુકવણી દરખાસ્ત મંજૂર થાય અને મંજૂરી પત્ર મોકલવામાં આવે તેના એક અઠવાડિયાની અંદર કરશે.

**૪૧.૨ બીજા હપતાની ચુકવણી** :૪૦% ના બીજા હપતાની ચુકવણી શહેર આજીવિકા કેન્દ્રમાં કાર્યયોજના મુજબ કર્મચારીઓની ભરતી થાય ત્યારબાદ ચૂકવાશે.

**૪૧.૩ ત્રીજા હપ્તાની ચૂકવણી** : ૩૦% ના ત્રીજા હપતાની ચુકવણી શહેર આજીવિકા કેન્દ્ર કાર્યરત થઈ જાય અને કાર્યયોજના મુજબ તેની સેવાઓ શરૂ થઈ જાય ત્યારે ચૂકવાશે.

**૪૨. શહેર આજીવિકા કેન્દ્રમાં નાણાં કઈ પ્રવૃત્તિઓ માટે ના વાપરવા ?** શહેર આજીવિકા કેન્દ્રને કેન્દ્ર સરકાર તરફથી મળેલ નાણાં ભૌતિક માળખાના બાંધકામ અથવા તેમાં નવીનીકરણ કરવાની કામગીરીમાં ન વાપરવા.

**શહેર આજીવિકા કેન્દ્રની સેવાઓ**

૪૨.૧ શહેરના ગરીબોને નીચેની પ્રવૃત્તિઓ માટે જરૂરી માહિતી અને સહાય પૂરાં પડાશે. જેમ કે બેંકમાં ખાતું ખોલાવવું, 'એનયુએલએમ' અને અન્ય યોજનાઓ અંતર્ગત તાલીમ / રોજગારની તક અંગે માહિતી અને સામાજિક કલ્યાપની યોજનાઓ અંગે માહિતી, અજોડ ઓળખપત્ર / આધાર કાર્ડ વગેરે માટે નામ નોંધણી વગેરે.

૪૨.૨. શહેરનું આજીવિકા કેન્દ્ર, કેન્દ્રમાં નોંધણી કરાયેલ શહેરના ગરીબોના માલસામાન અને સેવાઓના ખરીદ વેચાણ માટે સહાય પૂરી પાડશે શહેર આજીવિકા કેન્દ્ર જે શહેરી ગરીબો સેવા અને માલ પૂરો પાડતા હોય તેમની પાસેથી નોંધણી ફી વસૂલ કરી શકે. નોધણી દર વર્ષે નવેસરથી નોંધણી ફી ભરીને તાજી, રીન્યુ કરી શકાય. શહેરનું સ્થાનિક મંડળ શહેરના તે વિસ્તારના ગરીબો સાથે ચર્ચા કરીને નામ નોંધણીની અને તે રીન્યુ કરવા માટેની ફીની રકમ નકકી કરશે.

**૪૨.૩ ફી – આધારિત સેવાઓ** : શહેરના આજીવિકા કેન્દ્રો કેટલીક ફી – આધારિત સેવાઓ પણ પૂરી પાડશે. શહેરના ગરીબોએ નજીવી ફીની રકમની ચુકવણી કરીને તે સેવાનો લાભ લઈ

શકે. આ દરેક સેવા માટેની ફીની રકમ શહેરનું સ્થાનિક મંડળ તે વિસ્તારના શહેરના ગરીબો સાથે ચર્ચા કરીને નકકી કરશે. આવી ફી આધારિત સેવાઓની યાદી, તેની સામે તેની ફીની રકમ સાથે શહેર આજીવિકા કેન્દ્ર ખાતે દર્શાવવામાં આવી હશે. સેવાઓની સૂચક યાદી નીચે મુજબ છેઃ

**૪૨.૩.૧. બજારની માગ અને બજારના વ્યૂહ અંગે માહિતી**

નાનો વ્યવસાય કરતા શહેરના ગરીબોને બજારની જરૂરિયાત, તેમના દ્વારા ઉત્પાદન કરાતું હોય તે વસ્તુની બજાર માગ, તેની કિંમત, તેનું વેચાણ કયાં કરવું વગેરે અંગે વધુ સારી જાણકારી મળે તે માટે તેમને સહાય કરવી જોઈએ.

**૪૩.૩.૨ વેચાણ / ખરીદ–વેચાણ માટેના માર્ગો** : શહેર આજીવિકા કેન્દ્ર શહેરના ગરીબો દ્વારા ઉત્પાદિત વસ્તુઓના વેચાણ / ખરીદ – વેચાણ માટે આઉટલેટ માર્ગ સ્થળ પૂરાં પાડી શકે.

**૪.૨.૩.૩ માઈક્રો ઉદ્યોગ– સાહસિકોની નામ નોંધણી પરવાનો, હિસાબી અને કાયદાકીય સેવાઃ**

શહેર આજીવિકા કેન્દ્ર માઈક્રો ઉદ્યોગ સાહસિકોને તેમના નામની નોંધણી કરવામાં, તે માટે જરૂરી પરવાનો મેળવવામાં, તેના હિસાબ રાખવામાં અને માઈક્રો ઉદ્યોગની સ્થાપના કરી તે ચલાવવામાં જરૂરી અન્ય કાયદાકીય સલાહ પૂરી પાડી શકે.

**૪૨.૩.૪ નોકરીમાં રાખવા અંગેની સેવા** : શહેર આજીવિકા કેન્દ્ર ઉદ્યોગો સાથેના જોડાણ થકી અને તે વિસ્તારમાં પોતાના સહયોગ થકી શહેરના ગરીબોને તેમનામાં રહેલ કૌશલના આધારે યોગ્ય નોકરી શોધવામાં વ્યસ્ત કરી શકે.

**૪૩ અન્ય સેવાઓ**

**૪૩.૧ નાગરિક સેવાઓ માટે બોલી / કરાર**

શહેર આજીવિકા કેન્દ્ર વાર્ષિક નિભાવ કરાર, નગરપાલિકા કરાર / આવાસ મંડળ સેવા જરૂરિયાતો જેમકે પ્લમ્બીંગ, વીજળક, સુથારીકામ, વીજ બિલની રવાનગી, મિલકત વેરાના બિલ વગેરે માટેના કરાર માટે સીધો જ કાર્ય હુકમ કે બોલી લઈ શકે અને તે નોંધણી કરાયેલ શહેરના ગરીબો, જે આ સેવાઓ પૂરી પાડતા હોય, તેના થકી કરારની કામગીરી કરાવી શકે. અલબત્ત, શહેર આજીવિકા કેન્દ્રએ એ બાબતનું ધ્યાન રાખવું ઘટે કે શહેરના

ગરીબોને સંબંધિત હોય તેવી પ્રવૃતિઓ જ તેમણે હાથ ધરવી, જેથી શહેરના ગરીબોનો રસ અન્ય કોમર્શિયલ – વાણિજિયક હિતો દ્વારા પ્રશ્ચાદભૂમાં ધકેલાઈ જવાની શકયતાને ટાળી શકાય.

૪૩.૨ શહેર આજીવિકા કેન્દ્ર ઉદ્યોગો / કંપનીઓ, ઉદ્યોગ મંડળીઓ વગેરેને પોતાને ત્યાં, જરૂરિયાત મુજબ શહેરના ગરીબોને નોકરીએ રાખવા માટે તે માટેની પ્લેસમેન્ટ ફી – રોજગાર ફી વસૂલ કરી શકે. (દા.ત. શહેર આજીવિકા કેન્દ્ર મોટા વેચાણ કેન્દ્રો મોલ અને છૂટક દુકાનોમાં પાયાની હાઉસકીપીંગની કામગીરી માટે કર્મચારીઓને રાખવા માટે કે કંપનીઓમાં ડેટા એન્ટ્રી ઓપરેટરોને કામે રાખવા વગેરે કામગીરી માટે જોડાણ કરી શકે.

**૪૩.૩ તાલીમનું સ્થળ** : જો પર્યાપ્ત જગ્યા અને પૂર્વ જરૂરી માળખું શહેર આજીવિકા કેન્દ્ર પાસે ઉપલબ્ધ હોય તો તે સ્થળને તાલીમ આપવા માટે પણ ઉપયોગમાં લઈ શકાય.

**૪૩.૪ ઘોડિયાઘર સેવા** : જો કામે રખાયેલ મહિલા સદસ્યને ઘોડિયાઘરની સેવાની જરૂરત હોય તો શહેર આજીવિકા કેન્દ્રએ ઘોડિયાઘર શરૂ કરવા માટેની સંભવિતતા અંગે પણ તપાસ કરવી જોઈએ.

૪૩.૫ શહેર આજીવિકા કેન્દ્ર પોતાના વિસ્તારના નાગરિકોને અજોડ ઓળખપત્ર / આધાર કાર્ડ આપવા માટે યુઆઈડી સાથે સહયોગની શકયતા વિશે પણ તપાસ કરી શકે.

૪૩.૬ શહેરના ગરીબો સરકારના વિવિધ વિભાગો, બેંકો, વીમા એજન્સીઓ અને અન્ય સંગઠનો સાથે વાતચીત કરી શકે તે માટે તેમને મદદરૂપ થવું જોઈએ.

૪૪. ઉપર દર્શાવેલ યાદી માત્ર સૂચક છે. શહેરનું સ્થાનિક મંડળ સ્થાનિક જરૂરિયાતના આધારે શહેર આજીવિકા કેન્દ્રને કઈ સેવાઓ (ફી આધારિત અથવા અન્ય) પૂરી પાડવી તે શહેરના ગરીબો સાથે ચર્ચા કર્યા પછી નકકી કરી શકે.

**શહેર આજીવિકા કેન્દ્રોનું સંચાલન અને કામગીરી**

૪૫. શહેર આજીવિકા કેન્દ્રો ત્યારે જ કાર્યરત છે એમ ગણાશે. જયારે તેઓ દ્વારા સેવાઓ પૂરી પાડવા માંડે. પ્રત્યેક શહેર આજીવિકા કેન્દ્રએ પોતાની વ્યવસાય યોજના ઘડી કાઢવી જોઈએ અને બજારની જરૂરિયાત, પરવડી શકવાની ક્ષમતા અને નભાઉક્ષમતા આધારે પૂરી પાડવાની સેવાઓ મુકરર કરી તે માટેનું ફીનું માળખું તૈયાર કરવું જોઈએ.

૪૬. શહેર આજીવિકા કેન્દ્ર ખાતે રોજ–બરોજની કામગીરીના સંચાલન માટે શહેર આજીવિકા કેન્દ્ર દ્વારા પૂરી પડાતી સેવાઓના પ્રકારના આધારે કર્મચારીઓને કામે રાખવા જોઈએ.

૪૭. શહેર આજીવિકા કેન્દ્ર કરાર / બોલી કરે તો સભ્યોને કામગીરી સોંપી દેશે અને લાગુ પડવા પાત્ર ધોરણસરના દર મુજબ તેમને ચુકવણી કરશે. વ્યકિતગત સેવા માટે જો કોઈ સભ્યને બોલાવાય (દા.ત. પ્લમ્બર, ઈલેકટ્રીશીયન, સુથાર વગેરે) તો એની નોંધ કરાશે. તેને એકત્રિત કરાશે અને દર મહિનાના અંત પહેલાં તે સેવા પૂરી પાડવામાં આવશે.

૪૮. શહેર આજીવિકા કેન્દ્રના નામે બેંકમાં અલાયદું ખાતું ખોલાવવું. આ ખાતું સંયુકત સહીથી / શહેરના સ્થાનિક મંડળની સંસ્થા / એજન્સીના એક પ્રતિનિધિ અને શહેર આજીવિકા કેન્દ્રના વ્યવસ્થાપની સહીથી) ચલાવવું. હિસાબ માટેનાં તમામ ચોપડાં, જેમકે સભ્યપદની વિગતો, શેર મૂડી, ધંધામાં લેવડ દેવડ વગેરેનો શહેર આજીવિકા કેન્દ્ર ખાતે યોગ્ય નિભાવ કરવો.

**૪૯. શહેર આજીવિકા કેન્દ્રની કામગીરીની સમીક્ષા**

શહેરનું સ્થાનિક મંડળ શહેરના આજીવિકા કેન્દ્રની કામગીરીની નિયમિત સમીક્ષા કરશે.

**૫૦. શહેર આજીવિકા કેન્દ્રની નોંધણી** : શહેર આજીવિકા કેન્દ્રની જે તે રાજયમાં લાગુ પડવા પાત્ર યોગ્ય અધિનિયમ હેઠળ નોંધણી કરાવવી. સીએમએમયુ અથવા (જો સોંપણી કરવામાં આવી હોય તો) એજન્સીએ શહેર કક્ષાએ શહેર આજીવિકા કેન્દ્રની નોંધણીની જવાબદારી હાથ ધરવી.

**શહેર આજીવિકા કેન્દ્ર દ્વારા સહયોગ અને જોડાણ**

૫૧. શહેરના આજીવિકા કેન્દ્ર તેના સભ્યોને જરૂરી સેવા પૂરી પાડવા વિવિધ સરકારી વિભાગો સાથે સહયોગમાં રહે તેવી અપેક્ષા છે. જેમકે મિલકત વેરાની વસૂલાત, વીજીબલનું વિતરણ, જનમનો દાખલો કે પ્રમાણપત્ર વગેરે.

**ઘટક ૧.૫ સામૂહિક સંસ્થાઓ, સ્વસહાય જૂથો અને તેમના ફેડરેશનો માટે તાલીમ**

૫૨. સામૂહિક સંસ્થાના સભ્યોને તાલીમ અને અન્ય ક્ષમતાનિર્માણ માટે જરૂરી માહિતી આપવાનો મુખ્ય ઉદેશ તેઓ સામૂહિક સંસ્થાઓનું સંચાલન સારી રીતે કરી શકે તે માટે તેઓ જરૂરી કૌશલથી સજ્જ હોય તે છે.

૫૩. સ્વ સહાય જૂથો અને તેમના ફેડરેશનો જેવા સામુહિક માળખાના ક્ષમતા નિર્માણ માટે તેના સભ્યોનો તાલીમ આપવા માટેના કાર્યક્રમો સાતત્યપૂર્ણ ધોરણે થતા રહે તે માટે બહુપાંખીય

વ્યૂહ ઘડી કાઢવો જોઈએ. જેમાં નમૂનારૂપ આદર્શ સંસ્થાઓની મુલાકાત, સામૂહિક સંપદા ક્ષેત્રે વ્યકિતનો તજજ્ઞ તરીકે વિકાસ કરવો અને તે તજજ્ઞનો સામૂહિક સભ્યોને તાલીમ માટે ઉપયોગ કરવો વગેરેનો સમાવેશ થાય છે.

૫૪. સામૂહિક સભ્યો માટેની ન્યૂનત્તમ તાલીમમાં સ્વસહાય જૂથોની કામગીરી અને સંચાલન, બેંક સાથે જોડાણ, નામું અને હિસાબની નોંધ, સૂક્ષ્મ આયોજન વગેરેનો સમાવેશ થવો જોઈએ.

૫૬. વિસ્તાર કક્ષાના ફેડરેશનો અને શહેર કક્ષાના ફેડરેશનોને તાલીમ માટે તાલીમાર્થી દીઠ સરેરાશ રૂા.૭૫૦૦ જેટલી રકમ વાપરી શકાય.

## દેખરેખ – નિયમન અને મૂલ્યાંકન

૫૭. રાજય કક્ષાએ એસએમએમયુ અને શહેર સ્થાનિક મંડળ કક્ષાએ સીએમએમયુ આ ઘટક હેઠળની તમામ પ્રવૃત્તિઓ અને લક્ષ્યાંકોની પ્રગતિ પર જીણવટપૂર્વક દેખરેખ રાખશે. તેનો અહેવાલ તૈયાર કરી તેનું મૂલ્યાંકન કામગીરી હાથ ધરશે. સ્ટે અલામિ અને શહેરનું સ્થાનિક મંડળ / કાર્યપાલક એજન્સી મિશન નિયામકની કચેરી દ્વારા વખતોવખત નિયત કરાતા ફોર્મેટમાં સમયસર પ્રગતિ અહેવાલ મોકલશે, જેમાં એકંદર માસિક સિઘ્ધિ અને ત્રૈમાસિક ત્રણ માસના અંતે સધાયેલ પ્રગતિ અને અમલ માટેની ચાવીરૂપ બાબતો દર્શાવી હશે.

૫૮. વધુમાં, 'એનયુએલએમ' અંતર્ગત લક્ષ્યાંકો અને સિઘ્ધિઓની માહિતી મેળવવા એક સર્વગ્રાહી અને મજબૂત માહિતી ટેકનોલોજી ધરાવતું માહિતી સેવા તંત્ર – એમઆઈએસની સ્થાપના કરવામાં આવશે. રાજયએ અને શહેરના સ્થાનિક મંડળે તેમનો પ્રગતિ અહેવાલ ઓન–લાઈન મોકલી આપવાનો રહેશે. સ્થળ પર તેની પ્રગતિ પર દેખરેખ રાખવા માટે પણ તેઓ આ માઘ્યમનો ઉપયોગ કરી શકે છે. 'એનયુએલએમ' અંતર્ગત માહિતી સમયસર મળી રહે અને પારદર્શકતા સુનિશ્ચિત થાય તે માટે એસએમ અને આઈડી અંતર્ગત ચાવીરૂપ પ્રગતિ અહેવાલ જાહેર ક્ષેત્રમાં પણ સમયસર નિયમિત ઉપલભ્ય કરાશે.

## જોડાણ–૧

## નમૂનારૂપ સ્વસહાય જૂથના નિયમો અને વિનિયમો

૧. જૂથનું નામ : ................................ રહેશે. અહીં હવે પછી તેનો ઉલ્લેખ એસએચઓ તરીકે કરાશે.

૨. એસએચઓ ................શહેરમાં આવેલી છે અને આ જૂથનું સરનામું નીચે મુજબ છે:

.......................................................................

.......................................................................

પીનકોડ ..............................

૩. ઉદ્દેશો : એસએચઓના ઉદેશો નીચે મુજબ છે:

ક. જૂથના સભ્યોને નિયમિત બચત કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવું.

ખ. તાકીદની ઘરેલું જરૂરિયાતોને પહોંચી વળવા જૂથના સભ્યો માટે ધિરાણ ઉપલબ્ધ બનાવવું.

ગ. નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) અને ભારત સરકાર અને રાજય સરકારની અન્ય યોજનાઓ અંતર્ગત મળવાપાત્ર લાભ મેળવવા જૂથની રચના કરવી અને તે જૂથ ઉકત લાભ મેળવવા માટે માગ રજૂ કરવા સક્ષમ હોય.

ઘ. સભ્યોમાં આગેવાની કૌશલનું નિર્માણ કરવું, જેથી તેઓ વારાફરતી ધોરણે જૂથનું સંચાલન કરી શકે.

૪. સભ્યપદ

ક. જૂથમાં જોડાય તે સમયે વ્યકિતની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.

ખ. એસએચઓમાં પોતાનાં નાણાંની બચત કરવા વ્યકિત ઈચ્છુક હોવી જોઈએ.

ગ. એસએચઓમાંથી લોન લેવાની ઈચ્છા ધરાવતી વ્યકિત

ઘ. .................... (વર્ષની સંખ્યા) થી............. (ઝૂંપડપટ્ટી / વિસ્તારનું નામ) વિસ્તારમાં રહેતી વ્યકિતઓ.

ચ. અથવા રાજય સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં ગરીબ તરીકે મુકરર કરાયેલ પરિવારની વ્યકિતઓ.

છ. એક પરિવારમાંથી વધુમાં વધુ એક સભ્ય એસએચઓનો સભ્ય બની શકશે.

જ. કોઈપણ સમયે જૂથની કુલ સભ્ય સંખ્યા ૨૦ વ્યકિતથી વધવી ના જોઈએ અથવા તો ૧૦ વ્યકિતથી ઓછી થઈ જવી ના જોઈએ.

**૫. બચત**

ક. જૂથનો દરેક સભ્ય દર મહિને રૂા................ (આંકડા અને શબ્દમાં) ની બચત કરશે. તમામ સભ્ય તા...............(અહી તારીખ લખવી) ના રોજ પોતાની વ્યકિતગત બચત એસએચઓના ખજાનચીને જમા કરાવશે.

ખ. એસએચઓ વખતોવખત નિયમિત ધોરણે બચતની રકમ નકકી કરશે. આ રકમમાં કોઈ ફેરફાર થશે તો તે અને ફેરફાર માટેના કારણની એસએચઓની બેઠકની કાર્યનોંધમાં જાણ કરવામાં આવશે. નોંધ કરવામાં આવશે.

ગ. જો કોઈ સભ્ય નકકી કરેલ તારીખે બચતના નાણાં ન ચૂકવે તો તેને / તેણીને રૂા............. (આંકડા તથા શબ્દોમાં) નો દંડ ........... (અહીં દર મહિને, દર અઠવાડિયે કે દરરોજ લખવું) ચૂકવવાનો રહેશે.

**૬. જૂથનું સંચાલન**

ક. એસએચઓમાં એક સંચાલન સમિતિ હશે. જેની જવાબદારી રોજબરોજની કામગીરી અને વ્યૂહાત્મક સંચાલનની રહેશે.

ખ. સંચાલન સમિતિમાં ત્રણ હોદ્દેદારો રહેશે. – અઘ્યક્ષ, સચિવ અને ખજાનચી, જૂથના તમામ સભ્યો ઉપર જણાવેલ ત્રણેય હોદ્દેદારોની સભ્યોમાંથી જ એક (૧) વર્ષના ગાળા માટે વરણી કરશે.

ગ. આ હોદ્દેદારો ર થી વધુ મુદત માટે હોદ્દા પર ચાલુ રહી શકશે નહીં.

ઘ. જો કયારેક જૂથના સભ્યો તરીકે પરિવાર દીઠ એક થી વધુ સભ્યની વરણી કરવામાં આવે તો એક જ પરિવારના બે સભ્યોએ એકી વખતે એસએચઓના હોદ્દેદારો – માટેની ચૂંટણીમાં ઊભા રહેવું જોઈએ નહી.

ચ. અઘ્યક્ષશ્રીની જવાબદારીઓ.

૧. એસએચઓની નિયમિત ધોરણે યોજાતી બેઠકો અને એસએચઓની અન્ય કોઈ બેઠકમાં પ્રમુખપદ સંભાળવું.

૨. એસએચઓની વિવિધ બેઠકો દરમિયાન લેવાયેલ નિર્ણયો કે ઠરાવોને બહાલી આપવા સહી કરવી. (અંગૂઠાનું નિશાન કરવું)

૩. કોઈ ખાસ બેઠક બોલાવવી અથવા મોકૂફ રાખવી.

૪. ફરિયાદનું નિવારણ કરવું જરૂર જણાય તો અન્ય હોદ્દેદારો કે સભ્યોની મદદ લેવી.

૫. સચિવ, ખજાનચી અને અન્ય સભ્યોની કામગીરી તપાસવી અને તેનું સંકલન કરવું.

૬. એસએચઓમાં અંદરોઅંદર બને બહાર સંબંધ જાળવવા, ખાસ કરીને બેંકો અને શહેરના સ્થાનિક મંડળ સાથે, જેથી જૂથ (અને એસએચઓનો સભ્ય વ્યકિતગત ધોરણે) ધિરાણ મેળવી શકે તેમજ એસએચઓના સભ્યોને એનયુએલએમના તમામ સંબંધિત ઘટકો અંતર્ગત લાભ મળે તે બાબત સુનિશ્ચિત થાય.

૭. એસએચઓનો પ્રગતિ અહેવાલ નિયમિત ધોરણે શહેરના સ્થાનિક મંડળને સમયસર મોકલી આપવો, સાથે જો અન્ય કોઈ વિગતો મંગાવવામાં આવી હોય તો તે પણ મોકલવી.

છ૭. સચિવશ્રીની જવાબદારીઓઃ

૧. અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી લઈને બેઠક બોલાવવી અને દરેક બેઠક માટેની કાર્યસૂચિ તૈયાર કરવી.

૨. તમામ નિયમિત અને ખાસ બેઠકની કાર્યવાહીનો રેકોર્ડ રાખવો અને કાર્યનોંધ પછીની બેઠકમાં મોટેથી વાંચી સંભળાવવી.

૩. પ્રત્યેક બેઠકમાં જે ઠરાવ પસાર કરવામાં આવે તેની નોંધ કરવી અને તે જ બેઠકમાં તે મોટેથી વાંચી સંભળાવવો.

૪. સચિવશ્રી સભ્યપદનું પત્રક, હાજરીપત્રક અને પ્રવૃત્તિપત્રક તેમજ ઠરાવપત્રક રાખશે અને તેનો નિભાવ કરશે.

૫. તમામ બેઠકનું સંચાલન કરશે અને જો અધ્યક્ષ અનુપસ્થિત હોય તો બેઠકનું અધ્યાપદ સંભાળશે.

૬. એસએચઓના હિસાબી ચોપડા નિયમિત ધોરણે ચકાસશે અને દરેક બેઠકમાં સભ્યોને તે અંગે જાણ કરશે.

૭. એસએચઓમાં અંદરોઅંદર અને બહાર સંબંધ જાળવશે. ખાસ કરીને બેંકો અને શહેરના સ્થાનિક મંડળ સાથે જેથી જૂથ (અને એસએચઓનો સભ્ય વ્યક્તિગત ધોરણે) ધિરાણ મેળવી શકે. તેમજ એસએચઓના સભ્યોને એનયુએલએમના તમામ સંબંધિત ઘટકો અંતર્ગત લાભ મળે તે બાબત સુનિશ્ચિત થાય.

૮. એસએચઓનો પ્રગતિ અહેવાલ નિયમિત ધોરણે શહેરના સ્થાનિક મંડળને સમયસર મોકલી આપશે. સાથે જો અન્ય કોઈ વિગતો મંગાવવામાં આવી હોય તો તે પણ મોકલી આપશે.

જ. ખજાનચીની જવાબદારીઃ

૧. એસએચઓની નાણાકીય બાબતોને લગતા તમામ અગત્યના કાગળો અને દસ્તાવેજોને જાળવીને રાખશે.

૨. એસએચઓનાં તમામ હિસાબની નોંધ રાખશે. જેમકે સભ્યોની બચત અને સભ્યોને આપેલ ધિરાણનું પત્રક, સભ્યોની પાસબુક, જૂથની બેંક પાસબુક અને લોન બુક, રોકડની લેવડદેવડનું પત્રક, વગેરે

૩. બેઠકમાં એકઠી કરેલ તમામ રોકડ, રકમ એકત્રિત કરી હોય તેના બે દિવસની અંદર જમા કરાવશે.

૪. એસએચઓએ મંજૂર કરેલ લોનની તેના સભ્યોને ચુકવણી કરશે અને બચત, ભરપાઈની રકમ, વ્યાજની રકમ, દંડની રકમ વગેરે એકઠી કરશે.

૫. જૂથના તમામ નાણાકીય અહેવાલ રજૂ કરશે.

## ૭. બેઠકો

ક. જૂથની બેઠક દર મહિને .............(કેટલી વાર તે સંખ્યા લખવી) વાર યોજશે બેઠકની તારીખો .............(અહીં તારીખ લખવી) .............રહેશે.

ખ. જો કોઈ તાકીદની મહત્વની બાબત હોય તો ટૂંકી મુદતમાં જૂથની ખાસ બેઠક યોજી શકાય.

ગ. કોઈ નિર્ણય લેવાનો હોય ત્યારે બેઠકમાં ૩ હોદ્દેદાર પૈકી ઓછામાં ઓછું ૨ હોદ્દેદારોની હાજરી સાથે જૂથના સભ્યો પૈકી ન્યૂનતમ ૮૦% સભ્યોની હાજરી હોવી જોઈએ. તો જ લેવાયેલ નિર્ણય વાજબી, કાયદેસરનો ગણાશે. જૂથફંડ

રૂા............ (રકમ આંકડા તથા શબ્દોમાં) થી વધુ કરવા અંગે નિર્ણય કરવાનો હોય અથવા જૂથના નિયમો અને વિનિયમોમાં કોઈ ફેરફાર કરવાનો હોય ત્યારે જૂથના તમામ સભ્યોને હાજર રહેવું જરૂરી છે.

ઘ. એસએચઓ તેની વાર્ષિક સામાન્ય સભા દર વર્ષે તા...................... (અહીં તારીખ જણાવવી) ના રોજ યોજશે. આ બેઠકમાં ગત સાલની પ્રવૃત્તિઓની અને નાણાકીય પ્રગતિની સમીક્ષા હાથ ધરાશે. તેમજ આગામી વર્ષ માટેની કાર્યયોજના અને પ્રવૃત્તિઓ ઘડી કાઢવામાં આવશે. (જૂથ આ બેઠકમાં સંચાલન સમિતિના ત્રણ હોદ્દેદારોની વરણી માટેની નિયમિત વાર્ષિક ચૂંટણી હાથ ધરી શકે)

ચ. ખાસ બેઠક યોજવાની થાય અથવા તો નિયમિત બેઠકના સંચાલનમાં કોઈ ફેરફાર હોય તો જૂથના સચિવે આવી બેઠક યોજવાની હોય તેના ............... દિવસ પહેલાં જૂથના સભ્યોને તે અંગે જાણ કરવાની રહેશે.

છ. જો કોઈ સભ્ય ..........(બેઠકનો નંબર જણાવવો) બેઠકમાં અગાઉથી જાણ કર્યા વગર સતત ગેરહાજર રહે તો તેને / તેણીને બેઠક દીઠ રૂા................ (રકમ આંકડા તથા શબ્દોમાં) નો દંડ ભોગવવો પડશે.

## ૮. જૂથના રેકોર્ડનો નિભાવ

ક. દરેક સભ્યને બચત પાસબુક અને લોન પાસબુક આપવામાં આવશે. તેમાં દરેક સભ્યની બચત અને લોનની સિલક નોંધવામાં આવશે અને નિયમિત ધોરણે તેને અદ્યતન કરવામાં આવશે. પાસબુકમાં તમામ નોંધણી કરવાની જવાબદારી ખજાનચીની રહેશે.

ખ. સભ્યપદની નોંધણી, તમામ બેઠકની કાર્યવાહીની નોંધ, બેઠકમાં હાજરીની નોંધ અને બેઠકમાં લેવાયેલ ઠરાવોની નોંધ રાખવા માટે સચિવ સભ્યપદ, હાજરી, પ્રવૃત્તિ અને ઠરાવ પત્રક પોતાની પાસે રાખશે.

ગ. બચત અને લોનના તમામ વ્યકિતગત રેકોર્ડ રાખવા જૂથ કક્ષાએ ખજાનચી લોન અને બચત પત્રક પોતાની પાસે રાખશે.

ઘ. રોકડ વહી અને બેંક લોનનું રજિસ્ટર પત્રક ખજાનચી રાખશે. તેમાં તમામ આવક અને ખર્ચની સ્થિતિ તેમજ મળેલ અને ચૂકવેલ બેંક લોનની અદ્યતન માહિતી તેમાં નોંધતા રહેશે.

ચ. જૂથ બેંક પાસબુક ખજાનચીએ રાખવાની રહેશે. તેમાં દરેક જમા થયેલ અને ઉપાડેલ રકમની નિયમિત નોંધ કરવામાં આવશે.

છ. જૂથની સંચાલન સમિતિના સંબંધિત હોદ્દેદારને યોગ્ય રીતે જાણ કરીને બેઠક દરમિયાન અથવા અન્ય કોઈ સમયે જૂથના તમામ રેકર્ડ દરેક સભ્ય વ્યકિતગત રીતે તે તપાસી શકે તે માટે છૂટથી ઉપલભ્ય રાખવા જોઈએ. એસએચઓ રોકડ વહી ભરવા માટે સભ્ય સિવાયની કોઈ વ્યકિતને કામે રાખી શકે. આ સેવા માટે તેને પ્રતીકરૂપે મહેનતાણું પણ ચૂકવી શકાય. અલબત્ત, પોતાની એસએચઓને જ આવી સેવા પૂરી પાડતા સભ્યોએ આ કામગીરી સ્વૈચ્છિક ધોરણે કરવી અને આ કામગીરી માટે તેને કોઈ મહેનતાણું ચૂકવવામાં નહીં આવે.

## ૯. જૂથના ભંડોળનું સંચાલન

ક. એસએચઓ જૂથના દરેક સભ્ય માટે લોનની મર્યાદા, વધુમાં વધુ કેટલી રકમની લોન મળી શકે તે રકમ નકકી કરશે. વધુમાં વધુ રૂા................ (રકમ આંકડા તથા શબ્દમાં) ની લોન મળી શકે.

ખ. લોનની રકમ પર દર મહિને રૂા.૧૦૦ (માત્ર રૂપિયાસો) ઉપર .......... (આંકડા તથા શબ્દોમાં) રૂપિયા વ્યાજ દર વસૂલાશે.

ગ. લોનની ભરપાઈ માટેની કાર્યપધ્ધતિ એસએચઓના તમામ સભ્યો દ્વારા નકકી કરવામાં આવશે.

ઘ. લોન મંજૂર થાય એટલે લોનની રકમ ભરપાઈ કરવાના સંમત સમયગાળા ને પધ્ધતિ સહિત લોનનો તમામ રેકોર્ડ અરજદારની બચત અને લોન પાસબુકમાં અને જૂથના બચત અને લોન પત્રકમાં લખીને નોંધવો. ત્યારબાદ, તમામ ભરપાઈ (અને જો કોઈ ચૂક હોય તો તે) ની નોંધ અરજદારની બચત અને લોન પાસબુકમા અને જૂથના બચત અને લોન પત્રકમાં કરવી.

ચ. નીચેની શરતે લોન મંજૂર કરવામાં આવશે.

(૧) સભ્યએ અગાઉ લીધેલ લોનની રકમ વ્યાજની રકમ સાથે ભરપાઈ કરી દીધી હોય

(૨) સભ્ય દ્વારા ઓછામાં ઓછું ત્રણ મહિનાના ગાળા માટે એસએચઓમાં નિયમિત બચતની રકમ જમા કરાવી હોય.

છ. એસએચઓને બચત પરના વ્યાજની, લોન પરત ભરપાઈ કરાતાં તેમજ દંડ અને ફીની રકમમાંથી જે કંઈ આવક થઈ હોય તે એસએચઓ કોર્પસ ભંડોળમાં ઉમેરવામાં આવશે.

**૧૦. જૂથનું બેંક ખાતું સંભાળવું**

ક. એસએચઓનું બેંક ખાતું સૌથી નજીકની બેંકમાં ખોલવામાં આવશે. ખજાનચી, અધ્યક્ષ અને / અથવા સચિવ (કોઈપણ બે)ની સંયુકત સહીથી ખાતામાંથી નાણાંનો ઉપાડ કે ખાતામાં નાણાં જમા કરાવી શકાશે. ખાતામાંથી ઉપાડાતી તમામ રકમ માટે એસએચઓનો ઠરાવ સાથે બીડવાનો રહેશે.

**૧૧. સભ્યપદ પાછું ખેંચવું** : જો કોઈ સભ્ય જૂથમાંથી પોતાનું સભ્યપદ પાછું ખેચવા ઈચ્છે તો જૂથના સભ્યોએ વિગતવાર તે માટેની પધ્ધતિ પર ચર્ચા કરવી અને નાણાં પરત કરવાની શરતો અંગે જૂથ ચર્ચા કરવી. જૂથના પેટા, કાયદામાં તેની નોંધ કરવી.

**૧૨. સભ્યને ગેરલાયક ઠેરવવો** : નીચેના માપદંડના આધારે એસએચઓ કોઈ સભ્યને ગેરલાયક ઠેરવી શકે.

ક. ................. થી વધુ વખત સુધી જૂથની નિયમિત બેઠકમાં ભાગ ન લેવો, હાજર ન રહેવું.

ખ. ................... થી વધુ મહિના સુધી નિયમિતપણે નિયત કરેલ બચતની રકમ જમા કરાવવી.

ગ. જૂથમાંથી મેળવેલ લોન ભરપાઈ ન કરવી.

ઘ. જૂથના નિયમોનું પાલન ન કરવું.

**૧૩. નિયમો અને વિનિયમોમાં ફેરફાર** : એસએચઓના નિયમોમાં કે તેના કોઈ ભાગમાં, ઉકત હેતુ માટે બોલાવાયેલ સામાન્ય સભાની બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યો દ્વારા સુધારો કરી શકાય.

**૧૪. જૂથ બરખાસ્ત કરવું** :જૂથનું વિલયન કરવાનું હોય, બરખાસ્ત કરી દેવાનું હોય તો તમામ સભ્યોએ જૂથના વિસર્જન પહેલાં તે માટેની કાર્યપધ્ધતિ, જૂથનાં નાણાંના વિતરણના નિયમો, જૂથે ચૂકવવાના સભ્યોએ પોતે લેવાનાં નાણાં માટે શું, કેવી રીતે કરવું તે વિશે ભેગાં મળી ચર્ચા કરવી. ત્યારબાદ જેના માટે સર્વ સંમતિ સધાઈ હોય તે જૂથના વિસર્જનની શરતો અને નાણાંના પુનઃ વિતરણની શરતોની જૂથના પેટા–કાયદામાં નોંધ કરવી. સભ્યો બહુમતીથી જૂથને બરખાસ્ત કરવાનો નિર્ણય લઈ શકે.

## જોડાણ–૨

## વિસ્તાર કક્ષાના ફેડરેશન માટેના નમૂનારૂપ પેટા – નિયમો

૧. ફેડરેશનનું નામઃ ................................... રહેશે. અહીં હવે પછી તેનો ફેડરેશન તરીકે ઉલ્લેખ કરાશે.

૨. આ ફેડરેશન .................વોર્ડના સ્વસહાય જૂથોને સભ્ય તરીકે સ્વીકારી શકે. ફેડરેશનનું સરનામું નીચે મુજબ છેઃ

..................................................................

..................................................................

પીનકોડ ...............................

૩. ઉદ્દેશો : ફેડરેશનના ઉદ્દેશો નીચે મુજબ છે.

ક. એસએચઓના સભ્યો વચ્ચે નિયમિત પરસ્પર સંવાદ થાય અને નેટવર્ક સધાય તે માટેનું મંચ પૂરું પાડવું અને જયાં પણ જરૂર જણાય ત્યાં નવા એસએચઓ નિર્માણમાં સહાય કરવી.

ખ. સભ્યો એસએચઓને સંગીન કરે પણ વ્યકિતગત ધોરણે એસએચઓ પોતાની મેળે જે કામગીરી ના કરી શકે તેવી પ્રવૃતિ હાથ ધરવી. જેમકે સભ્ય એસએચઓને બેંક જોડાણ માટે મદદ કરવી. સભ્ય એસએચઓના વિકાસ અર્થે લોનની દરખાસ્ત માટે હાથમાં હાથ મિલાવી સહાય પૂરી પાડવી.

ગ. એસએચઓના સભ્યોને 'એનયુએલએમ' અને ભારત સરકાર તેમજ રાજય સરકારની અન્ય યોજનાઓનો લાભ મળે તે માટે સભ્ય બનેલ એસએચઓને મદદરૂપ થવું અને તેમના કલ્યાણનું કામ કરતી સંસ્થા સાથે જોડાણ કરવું દા.ત. વીમા માટે મદદરૂપ થવું.

ઘ. સભ્ય બનેલ એસએચઓને 'એનયુએલએમ' અંતર્ગત કૌશલ તાલીમ અને માઈક્રો ઉદ્યોગ ઊભો કરવા માટે સહાય કરીને તેમજ સરકારના વિવિધ કાર્યક્રમો (દા.ત. વીમા) અંતર્ગત સામાજિક સહાય કરી માહિતી પ્રસારણ સંસ્થા તરીકે કામ કરવું.

ચ. નવી સભ્ય બનેલ એસએચઓની હારોહાર રહી તેનું ક્ષમતા નિર્માણ કરવું અને તેની કામગીરીની નિયમિત સમીક્ષા કરવી. હાલની સભ્ય એસએચઓ સફળતાપૂર્વક કામ કરતી રહે તે માટે તેની ક્ષમતાને સંગીન બનાવવી.

છ. શહેર કક્ષાના ફેડરેશન ખાતે ફેડરેશન અને સભ્ય એસએચઓની સફળતાપૂર્વક રજૂઆત કરવી.

જ. સભ્યોમાં આગેવાની કૌશલનું નિર્માણ કરવું, જેથી તેઓ સભ્ય એસએચઓ અને ફેડરેશનનું સંચાલન કરી શકે.

## ૪. સભ્યપદ

ક. ઉપર વ્યાખ્યાયિત કરેલ વિસ્તારની એસએચઓ

(૧) જે ઓછામાં ઓછું ૬ મહિનાની કાર્યરત હોય

(૨) જે નિયમિત ધોરણે મળતી હોય ને બચત કરતી હોય (સભ્યો પૈકી ઓછામાં ઓછું ૮૦%)

(૩) આપવામાં આવેલ કોઈપણ લોન ભરપાઈ કરતી હોય (ઓછામાં ઓછું ૯૦% ભરપાઈ)

(૪) નિયત કરેલ પ્રવેશ ફી અને નિયત કરેલ વાર્ષિક લવાજમ ફી ચૂકવતી હોય.

ખ. દરેક સભ્ય એસએચઓ ફેડરેશનની કાર્યપાલક સમિતિમાં જૂથની રજૂઆત કરવા માટે એક વર્ષની મુદત માટે સભ્યો પૈકી બેની વરણી કરવામાં આવશે. આ બે સભ્યો પૈકી એક એસએચઓનો હોદ્દેદાર હશે અને બીજો એસએચઓનો સામાન્ય સભ્ય કે હોદ્દેદાર હશે.

## ૫. ફાળો

ક. પ્રવેશ વખતે પ્રત્યેક એસએચઓએ રૂા......... (રકમ આંકડા તથા શબ્દોમાં) ની પ્રવેશ ફી ભરવાની રહેશે.

ખ. પ્રત્યેક સભ્ય એસએચઓએ રૂા........... (રકમ આંકડા તથા શબ્દોમાં) ની લવાજમ ફી ભરવાની રહેશે.

ગ. જો સભ્ય એસએચઓ નકકી કરેલી તારીખે વાર્ષિક લવાજમ ફી ના ભરે તો તેને ............ (દા.ત. દર મહિને / અઠવાડિયે / દિવસ દીઠ) રૂા................ (રકમ આંકડા તથા શબ્દોમાં) દંડ ભરવાનો રહેશે.

## ૬. જૂથ સંચાલન

ક. કારોબારી સમિતિમાં સભ્ય એસએચઓ દીઠ બે પ્રતિનિધિ રહેશે.

ખ. કારોબારી સમિતિમાંથી પાંચ સભ્યોની સંચાલન સમિતિ તરીકે પસંદગી કરાશે તે ફેડરેશનની રોજબરોજની કામગીરીનું સંચાલન અને વ્યૂહાત્મક સંચાલન કરશે.

ગ. સંચાલન સમિતિમાં પાંચ સભ્યો હશે – અધ્યક્ષ, સચિવ, ખજાનચી, આજીવિકા સ્વયંસેવક, સામાજિક સુરક્ષા સ્વયંસેવક અને નાણાકીય જવાબદારી સ્વયંસેવક. આ તમામ છ સભ્યોની પસંદગી વિસ્તાર કક્ષાના ફેડરશેનના તમામ સભ્યો, વિસ્તાર કક્ષાના ફેડરેશનના તમામ સભ્યોમાંથી જ એક (૧) વર્ષની મુદત માટે કરશે.

ઘ. આ હોદ્દેદારો સતત માત્ર ૨ મુદત સુધી હોદા પર રહી શકશે.

ચ. આ ત્રણેય હોદેદારો ત્રણ જુદી જુદી એસએચઓમાંથી હોવા જોઈએ.

**છ. અધ્યક્ષશ્રીની જવાબદારી**

૧. ફેડરેશનની નિયમિત બેઠકો અને અન્ય કોઈ બેઠકમાં પ્રમુખપદ સંભાળશે.

૨. ફેડરેશનની વિવિધ બેઠકોમાં લેવાયેલ નિર્ણયો અને ઠરાવોને બહાલી આપવા તેના પર સહી (અથવા અંગૂઠાનું નિશાન) કરશે.

૩. ખાસ બેઠક બોલાવશે અથવા મોકૂફ રાખશે.

૪. સચિવ, ખજાનચી અને અન્ય સભ્યોની પ્રવૃત્તિઓ તપાસશે અને તેનું સંકલન કરશે.

૫. ફેડરેશનમાં અંદરોઅંદર અને બહાર સંબંધ જાળવવા, ખાસ કરીને બેંકો અને શહેરના સ્થાનિક મંડળ સાથે જેથી જૂથ (અને એસએચઓનો સભ્ય વ્યકિતગત ધોરણે) ધિરાણ મેળવી શકે તેમજ એસએચઓના સભ્યોને 'એનયુએલએમ'ના તમામ સંબંધિત ઘટકો અંતર્ગત લાભ મળે તે બાબત સુનિશ્ચિત થાય.

૬. ફેડરેશનનો પ્રગતિ અહેવાલ નિયમિત ધોરણે શહેરના સ્થાનિક મંડળને સમયસર મોકલી આપવો. સાથે અન્ય કોઈ વિગતો મંગાવવામાં આવી હોય તો તે પણ મોકલવી.

**જ. સચિવશ્રીની જવાબદારીઓ**

૧. અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી લઈને બેઠક બોલાવવી અને દરેક બેઠક માટેની કાર્યસૂચિ તૈયાર કરવી.

૨. તમામ નિયમિત અને ખાસ બેઠકની કામગીરીનો રેકોર્ડ રાખવો અને તે કાર્યનોંધ પછીની બેઠકમાં મોટેથી વાંચી સંભળાવવી.

૩. પ્રત્યેક બેઠકમાં જે ઠરાવ પસાર થાય તેની નોંધ કરવી અને તે જ બેઠકમાં તે મોટેથી વાંચી સંભળાવવો.

૪. સચિવશ્રી સભ્યપદનું પત્રક, હાજરીપત્રક અને પ્રવૃત્તિ પત્રક તેમજ ઠરાવપત્રક રાખશે અને તેનો નિભાવ કરશે.

૫. તમામ બેઠકનું સંચાલન કરશે અને જો અધ્યક્ષ હાજર ન હોય તો બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે.

૬. ફેડરશેનના હિસાબી ચોપડા નિયમિત ધોરણે ચકાસશે અને દરેક બેઠકમાં સભ્યોને તે અંગે જાણ કરશે.

૭. ફેડરેશનમાં અંદરોઅંદર અને બહાર સંબંધ જાળવશે. ખાસ કરીને બેંકો અને .................(શહેરનું નામ લખવું) શહેરના સ્થાનિક મંડળ સાથે, જેથી જૂથ (અને એસએચઓનો સભ્ય વ્યકિતગત ધોરણે) ધિરાણ મેળવીશ કે તેમજ એસએચઓના સભ્યોને 'એનયુએલએમ'ના તમામ સંબંધિત ઘટકો અંતર્ગત લાભ મળે તે બાબત સુનિશ્ચિત થાય.

૮. ફેડરેશનનો પ્રગતિ અહેવાલ નિયમિત ધોરણે ................ (શહેરનું નામ લખવું) શહેરના સ્થાનિક મંડળને સમયસર મોકલી આપશે. સાથે જો અન્ય કોઈ વિગતો મંગાવવામાં આવી હોય તો તે પણ મોકલી આપશે.

**ઝ. ખજાનચીની જવાબદારી**

૧. ફેડરેશનની નાણાકીય બાબતોને લગતા તમામ અગત્યના કાગળો અને દસ્તાવેજોને જાળવી રાખશે.

૨. ફેડરેશનના તમામ હિસાબની નોંધ રાખશે. જેમકે રોકડ વહી, લોનની ખાતાવહી, આવક અને ખર્ચ – ચુકવણીના વાઉચર.

૩. બેઠકમાં એકઠી કરેલ તમામ રોકડ, રકમ એકત્રિત કરી હોય તેના બે દિવસની અંદર જમા કરાવશે.

૪. ફેડરેશનને મંજૂર કરેલ લોનની તેના સભ્યોને ચુકવણી કરશે અને બચત, ભરપાઈની રકમ, વ્યાજની રકમ, દંડની રકમ વગેરે એકઠી કરશે.

૫. જૂથના તમામ નાણાકીય અહેવાલ રજૂ કરશે.

**ટ. આજીવિકા સ્વયંસેવકની જવાબદારી**

૧. એસએચઓના સભ્યોની આવકમાં વધારો થાય તેવા રોજગાર ક્ષેત્રો મુકરર કરશે.

૨. એનયુએલએમ અંતર્ગત નવા ઉદ્યોગ સાહસો સ્થાપવા માટે સહાય કરશે. સભ્યોને ધિરાણ અને સલાહ સેવાઓ સાથે જોડશે.

૩. એનયુએલએમ અંતર્ગત કૌશલ તાલીમની તકો સાથે જોડાણ પૂરું પાડશે.

**ઠ. સામાજિક સુરક્ષા સ્વયંસેવકની જવાબદારી**

૧. સભ્ય એસએચઓની સામાજિક સુરક્ષા જરૂરિયાતોનું મૂલ્યાંકન કરશે.

૨. આરોગ્ય, શિક્ષણ અને અન્ય સામાજિક સુરક્ષાનું કામકાજ સંભાળતા વોર્ડ અધિકારી સાથે સંપર્ક રાખશે અને સભ્ય એસએચઓને શહેરમાં ઉપલભ્ય સેવા લાભો સાથે જોડશે.

૩. સભ્ય એસએચઓ જેનો લાભ લઈ શકે તેવી શહેરમાં વર્તમાન યોજનાઓની યાદીનું સંકલન કરશે અને તેને અદ્યતન બનાવશે. વિસ્તાર કક્ષાના ફેડરેશન મારફત આ માહિતીનું પ્રસારણ કરશે.

**ડ. નાણાકીય કામગીરી સ્વયંસેવકની જવાબદારી**

૧. સભ્ય એસએચઓ બેંકો સાથે જોડાય તે બાબત સુનિશ્ચિત કરશે.

૨. સભ્ય એસએચઓ વીમા અને નાણાં ભરપાઈ માટે નાણા સંસ્થાઓ સાથે જોડાય તે બાબત સુનિશ્ચિત કરશે.

૩. સભ્ય એસએચઓના સભ્યોનું બેજીક સેવિંગ્સ બેંક ડિપોજીટ એકાઉન્ટ– બચત ખાતું હોય તે બાબત સુનિશ્ચિત કરશે.

૪. તમામ સભ્ય એસએચઓ નાણાકીય સાક્ષરતા તાલીમ લે તે બાબત સુનિશ્ચિત કરશે.

**૭. બેઠકો**

ક. જૂથની બેઠક દર અઠવાડિયે.................(કેટલીવાર તે સંખ્યા લખવી) વાર યોજાશે. બેઠકની તારીખો .............(અહી તારીખ લખવી) ..............રહેશે.

ખ. જો કોઈ તાકીદની મહત્વની બાબત હોય તો ટૂંકી મુદતમાં જૂથની ખાસ બેઠક યોજી શકાય.

ગ. કોઈ નિર્ણય લેવાનો હોય ત્યારે બેઠકમાં ૩ હોદ્દેદારો પૈકી ઓછામાં ઓછું ૨ હોદ્દેદારોની હાજરી સાથે જૂથના સભ્યો પૈકી ન્યૂનતમ ૮૦% સભ્યોની હાજરી હોવી જરૂરી છે. તો જ લેવાયેલા નિર્ણય કાયદેસરનો ગણાશે. જૂથ ફંડ રૂ................... (રકમ આંકડા તથા શબ્દોમાં) થી વધુ કરવા અંગે નિર્ણય કરવાનો હોય અથવા જૂથના નિયમો અને

વિનિયમોમાં કોઈ ફેરફાર કરવાનો હોય ત્યારે જૂથના તમામ સભ્યોએ હાજર રહેવું જરૂરી છે.

ઘ. ફેડરેશન તેની વાર્ષિક સામાન્ય સભા દર વર્ષે તા................ (અહીં તારીખ જણાવવી) ના રોજ યોજશે. આ બેઠકમાં ગત સાલની પ્રવૃત્તિઓની અને નાણાકીય પ્રગતિની સમીક્ષા હાથ ધરશે તેમજ આગામી વર્ષ માટેની કાર્યયોજના અને પ્રવૃીતઓ ઘડી કાઢવામાં આવશે. (જૂથ આ બેઠકમાં સંચાલક સમિતિના હોદ્દેદારોની વરણી માટેની નિયમિત વાર્ષિક ચૂંટણી હાથ ધરી શકે.

ચ. ખાસ બેઠક યોજવાની થાય અથવા તો નિયમિત બેઠકના સંચાલનમાં કોઈ ફેરફાર હોય તો જૂથના સચિવે આવી બેઠક યોજવાની હોય તેના .................. દિવસ પહેલાં જૂથના સભ્યોને તે અંગે જાણ કરવાની રહેશે.

છ. જો કોઈ સભ્ય..............(બેઠકનો નંબર જણાવવો) બેઠકમાં અગાઉથી જાણ કર્યા વિના સતત ગેરહાજર રહે તો તેને / તેણીને બેઠક દીઠ રૂા.............(રકમ આંકડા તથા શબ્દોમાં લખવી) નો દંડ ભોગવવાનો રહેશે.

## ૮. જૂથના રેકોર્ડનો નિભાવ

ક. સભ્યપદ, હાજરી, પ્રવૃત્તિ અને ઠરાવ પત્રક રજિસ્ટર સચિવ પોતાની પાસે રાખશે. તેમાં તે તમામ બેઠકનું સભ્યપદ, કાર્યવાહી, હાજરી અને ઠરાવની નોંધ કરશે.

ખ. રોકડવહી અને લોનની ખાતાવહી રજિસ્ટર ખજાનચી પોતાની પાસે રાખશે. તેમાં તમામ આવક અને ખર્ચની સ્થિતિ તેમજ મળેલ અને ચૂકવેલ બેંક લોનની અદ્યતન માહિતી તેમાં નોંધતા રહેશે.

ગ. જૂથ બેંક પાસબૂક ખજાનચીએ પોતાની પાસે રાખવાની રહેશે. તેમાં દરેક જમા થયેલ અને ઉપાડેલ રકમની નિયમિત નોંધ કરવામાં આવશે.

ઘ. જૂથની સંચાલન સમિતિના સંબંધિત હોદ્દેદારને યોગ્ય રીતે જાણ કરીને બેઠક દરમિયાન અથવા અન્ય કોઈ સમયે જૂથના તમામ રેકર્ડ દરેક સભ્ય વ્યતિગત રીતે તપાસી શકે તે માટે છૂટથી ઉપલભ્ય રાખવા જોઈએ.

## ૯. જૂથના ભંડોળનું સંચાલન

ક. ફેડરેશનની સમયાંતરે યોજાતી બેઠકોમાં લોન અને વિચારણા કરવામાં આવશે. સભ્ય એસએચઓએ ફેડરેશનની સંચાલન સમિતિના અધ્યક્ષને સંબોધીને કરેલી લેખિત અરજીના આધારે લોન પર વિચારણા કરાશે. લોન માટે અરજી કરનાર સભ્ય એસએચઓના પ્રતિનિધિઓ વાટાઘાટો, ચર્ચા – વિચારણામાં ભાગ લઈ શકશે. જો કે લોન અંગે નિર્ણય લેતી વખતે તેમને પોતાનો મત આપવાની પરવાનગી અપાશે નહી.

ખ. એસએચઓ જૂથના દરેક સભ્ય માટેની લોનની મર્યાદા કાર્યપાલક સમિતિના તમામ સભ્યો હાજર હોય ત્યારે કાર્યપાલક સમિતિ દ્વારા ફેડરેશનની નાણાકીય સ્થિતિને તેમજ તમામ સભ્ય એસએચઓની ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવાની તેની જવાબદારીને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવશે.

ગ. લોનની રકમ પર દર મહિને રૂા.૧૦૦ (માત્ર રૂપિયા સો) ઉપર .................. (આંકડા તથા શબ્દોમાં) રૂપિયા વ્યાજદર વસૂલ કરાશે.

ઘ. લોનની ભરપાઈ માટેની કાર્યપધ્ધતિ ફેડરેશનની કાર્યપાલક સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

ચ. લોન મંજૂર થાય એટલે લોનની રકમ ભરપાઈ કરવાના સંમત સમયગાળાને પધ્ધતિ સહિત લોનનો તમામ રેકોર્ડ પ્રવૃત્તિ, ઠરાવ, બચત અને લોન રજિસ્ટરમાં નોધવો. ત્યારબાદ તમામ ભરાઈ (અને જો કોઈ ચૂક થઈ હોય તો તે) ની નોંધ પણ લોનની ખાતાવહીમાં કરવી.

છ. નીચેની શરતે લોન મંજૂર કરવામાં આવશેઃ

૧. સભ્ય એસએચઓએ ફેડરશેનને તમામ લેણી નીકળતી સભ્યપદની ફીની ચુકવણી કરી દીધી હોય અને અગાઉ લીધેલ લોનની રકમ તેના પરના વ્યાજની રકમ સાથે ભરપાઈ કરી દીધી હોય.

૨. સૂચિત લોનનો હેતુ ચાલી શકે, નભી શકે તેવો હોય.

૩. સભ્ય એસએચઓ નિયમિત ધોરણે મળતા હોય, બચત કરતા હોય, તેના પેટાકાયદાનું પાલન કરતા હોય અને ફેડરેશનમાં સક્રિય રસ લેતા હોય.

જ. ફેડરેશનને બચત પરના વ્યાજની લોનની ભરપાઈની તેમજ દંડ અને ફીની રકમની વસૂલાતમાંથી જે કંઈ આવક થઈ હોય તેનું ફેડરશેનના ફંડ / કોર્પસમાં પુનઃ રોકાણ કરવામાં આવશે.

## ૧૦. જૂથનું બેંક ખાતું સંભાળવું

ક. ફેડરેશનનું બેંક ખાતું સૌથી નજીકની બેંકમાં ખોલવામાં આવશે. ખજાનચી, અધ્યક્ષ અને / અથવા સચિવ (કોઈપણ બે) ની સંયુકત સહીથી ખાતામાંથી પૈસાનો ઉપાડ કે ખાતામાં નાણાં જમા કરાવી શકાશે. ખાતામાંથી ઉપાડની તમામ રકમ માટે ફેડરેશનની કાર્યપાલક સમિતિનો તે અંગેનો ઠરાવ સમર્થનમાં બીડવાનો રહેશે.

## ૧૧. સભ્યપદ પાછું ખેંચવું

જો કોઈ સભ્ય એસએચઓ જૂથમાંથી પોતાનું સભ્યપદ પાછું ખેચવા ઈચ્છે તો કાર્યપાલક સમિતિએ તે માટેની કાર્યપધ્ધતિ અને નાણાં પરત કરવા અંગેની શરતો વિશે વિગતે ચર્ચા કરવી. જૂથના પેટા કાયદામાં તેની નોંધ કરવી.

## સભ્યને ગેરલાયક ઠેરવવો

નીચેના માપદંડના આધારે ફેડરેશન કોઈ સભ્યને ગેરલાયક ઠેરવી શકે.

ક. .................... થી વધુ વખત સુધી ફેડરેશનની નિયમિત બેઠકમાં ભાગ ન લેવો, હાજર ન રહેવું.

ખ. લવાજમ ફી ન ભરવી.

ગ. ફેડરેશનમાંથી મળેલ લોન ભરપાઈ ન કરવી.

ઘ. જૂથના નિયમોનું પાલન કરવું

**૧૩. પેટા–કાયદામાં ફેરફાર** – ફેડરેશનનાં નિયમોમાં કે તેના કોઈ ભાગમાં, ઉકત હેતુ માટે બોલાવાયેલ સામાન્ય સભાની બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યો દ્વારા સુધારો કરી શકાય.

**૧૪. ફેડરેશનનું વિસર્જન કરવું** : જૂથ બરખાસ્ત કરવાનું હોય તો તમામ સભ્યોએ જૂથના વિસર્જન પહેલાં, તે માટેની કાર્યપધ્ધતિ, જૂથના નાણાંના વિતરણના નિયમો, જૂથે ચૂકવવાના અને સભ્યોએ પોતે લેવાનાં નાણાં માટે શું, કેવી રીતે કરવું તે વિશે ભેગાં મળી ચર્ચા કરવી. ત્યારબાદ જેના માટે સર્વસંમતિ સધાઈ હોય તે જૂથના વિસર્જનની શરતો ને નાણાંના પુનઃ વિતરણની શરતોની જૂથના પેટા–કાયદામાં નોંધ કરવી. સભ્યો બહુમતીથી જૂથને બરખાસ્ત કરવાનો નિર્ણય લઈ શકે.

# જોડાણ–૩

## કાર્યરત સ્વસહાય જૂથ માટે તપાસ યાદી

## દર મહિને આ તપાસ યાદી મુજબ તપાસણી કરવી.

| ક્રમ નં. | કઈ બાબતની તપાસ કરવાની છે ? | તપાસ યાદી |
|---|---|---|
| ૧ | જૂથનું કદ | જૂથની સભ્ય સંખ્યા |
| ૨ | સભ્યના પ્રકાર | ૭૦% શહેરી ગરીબો હોવા જોઈએ, જેથી ફરતા ભંડોળની સહાય મળે તે બાબત સુનિશ્ચિત થાય. |
| ૩ | બેઠકની સંખ્યા | અઠવાડિયામાં ઓછામાં ઓછી એક બેઠક |
| ૪ | એસએચઓના નિયમો | એસએચઓના નિયમો ઘડી કાઢવા અને દરેક બેઠકમાં એ નિયમોનું પાલન કરવું. |
| ૫ | દર બેઠકમાં હાજર રહેલ સભ્ય સંખ્યા | દર બેઠકમાં ઓછમાં ઓછું ૯૦% હાજરી |
| ૬ | જૂથમાં એકત્રિત થયેલ બચતની રકમ | નિયમિત ધોરણે યોજાતી દરેક બેઠકમાં તમામ સભ્યએ જમા કરાવેલ બચતની રકમ. |
| ૭ | સભ્યો દ્વારા આંતરિક લોનની ભરપાઈ | લોન ભરપાઈ કરવાના સમયપત્રક મુજબ એસએચઓના સભ્યો દ્વારા સમયસર તમામ આંતરિક લોનની ભરપાઈ. |
| ૮ | રેકોર્ડનો નિભાવ | – કાર્યનોંધ વહીમાં દરેક બેઠકનો રેકોર્ડ રાખવો. તેના પર જૂથના તમામ સભ્યોની સહી / અંગૂઠાનું નિશાન હોવા જોઈએ.<br>– દરેક બેઠકમાં હાજર રહેલ સભ્યોનો હાજરી રેકોર્ડ રાખવો.<br>– દરેક બેઠકમાં બચત અને આંતરિક લોન પત્રકને અદ્યતન બનાવવું.<br>– બેંકની પાસબુકમાં મહિને એકવાર નોંધ કરાવીને તેને અદ્યતન રાખવી. |

| | | |
|---|---|---|
| ૯. | સંચાલન સમિતિ | – ત્રણ હોદ્દેદારો – અધ્યક્ષ, સચિવ અને ખજાનચી ની વરણી કરવી<br>– વર્ષમાં એકવાર ચૂંટણી યોજવી<br>– ત્રણેય હોદ્દેદારોએ પ્રત્યેકે ઓછામાં ઓછું ૯૦% બેઠકોમાં હાજરી આપવી.<br>– એસએચઓમાં એક જ પરિવારના બે સભ્યો હોદ્દેદારો બની શકશે નહીં. |
| ૧૦ | બેંક સાથે જોડાણ | – એસએચઓનું બેંકમાં ખાતું હોવું જરૂરી છે.<br>– બેંક દ્વારા ધિરાણ માટે એસએચઓ ગુણવત્તામાં સફળ હોય. |
| ૧૧ | ક્ષમતા નિર્માણ | – એસએચઓના દરેક સભ્યએ ઓછામાં ઓછું એકવાર એસએચઓ દ્વારા પૂરી પડાતી પાયાની તાલીમ લીધી હોવી જોઈએ.<br>– એસએચઓના દરેક સભ્યએ ઓછામાં ઓછું એકવાર નાણાકીય ક્ષમતા તાલીમ લીધી હોવી જોઈએ.<br>– એસએચઓના હોદ્દેદારોએ આગેવાની અને સંચાલન તાલીમ લીધી હોવી જોઈએ. |

## જોડાણ–૪

## 'એનયુએલએમ' અંતર્ગત સ્વસહાય જૂથની રચના માટે સંપદા સંગઠકને કામે રાખવા માટેનું નમૂનારૂપ માળખું

(એસયુએલએમ સામૂહિક ગતિશીલતા માટે સંપદા સંગઠકને કેવી રીતે કામે રાખી શકાય તે માટે આ માત્ર એક સૂચક માર્ગદર્શક જ છે. દરેક એસયુએલએમ પોતાની જરૂરિયાત પ્રમાણે તેમાં સુધારો વધારો કરી શકે છે. અથવા તો તેને અપનાવી પણ શકે છે)

**વિભાગ–૧ પાર્શ્વભૂ :**

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) નો ઉદ્દેશ ગરીબી ઘટાડવા અને શહેરના ગરીબ ગૃહસ્થોની નિર્બળતા દૂર કરવા ગરીબોની પાયાના સ્તરની સંસ્થાઓનું નિર્માણ કરીને  શહેરના ગરીબો સ્વ રોજગાર મેળવી શકે અને તેમને કૌશલયુકત વેતનદાર રોજગારની તક મળે અને તેના પરિણામે તેમની આજીવિકામાં પ્રસંશનીય કહી શકાય તેવો અને લાંબા સમય ટકે તેવો સુધારો થાય તે છે.

સામાજિક ગતિશીલતા હાંસલ કરી શકાય તે બાબત સુનિશ્ચિત કરવા શહેર વિસ્તારમાં એસએચઓની રચનાને પ્રોત્સાહન પૂરું પાડવાની બાબતમાં એનયુએલએમ સંપદા સંગઠકની સહભાગી બનશે. એસએચઓની રચનામાં સહાય ભૂત થવા, એસએચઓના વિકાસ, બેંક સાથે જોડાણ, વિસ્તાર અને શહેર કક્ષાએ તેના ફેડરેશન, તાલીમ અને ક્ષમતા નિર્માણ, શહેરના સ્થાનિક મંડળ સાથે સાથે જોડાણ સુસ્થાપિત કરવું અને સામાજિક, ધંધાકીય અને નિવાસને લગતી નિર્બળતા ઓછી કરવા માટે સંપદા સંગઠકને કામે રાખવામાં આવશે.

**વિભાગ–ખ    સંપદા સંગઠકને કામે રાખવાના અપેક્ષિત પરિણામો**

૧.  મુકરર કરાયેલ શહેરના ગરીબ ગૃહસ્થના ઘરમાંથી ઓછામાં ઓછું એક વ્યકિત, ઘણું કરીને ઘરની મહિલા– એસએચઓની સભ્ય હોવી જોઈએ.

૧.૧  એસએચઓના સભ્યો પૈકી ઓછામાં ઓછું ૭૦% શહેરના ગરીબો હોવા જોઈએ.

૧.૨  નીચે જણાવેલ વિષયો અંગે સંપદા સંગઠકે એસએચઓને ક્ષમતાનિર્માણની તાલીમ આપવી. જેમકે (ક) એસએચઓની વિભાવના (બચત સહિત), બેઠકનું કેવી રીતે સંચાલન કરવું, જૂથના સભ્યોની જવાબદારી, વગેરે (ખ) ખાતાવહી અને હિસાબ, ભંડોળનું

સંચાલન, બેંક અને ધિરાણ જોડાણનું નિર્માણ (ગ) સંચાર, નિર્ણય લેવો, સંઘર્ષ કે વિવાદનું નિવારણ લાવવું, સ્વ–મૂલ્યાંકન વગેરે (ઘ) એનયુએલએમ અંતર્ગત સરકારી લાભ મેળવવા, કેન્દ્ર અને રાજય સરકારના તથા સ્થાનિક અન્ય સામાજિક કાર્યક્રમો અંતર્ગત સરકારી લાભ મેળવવા.

૧.૩ તમામ સ્વસહાય જૂથનું બચતની રકમ જમા કરાવવા માટે બેંકમાં ખાતું હોવું જોઈએ.

૧.૪ તમામ એસએચઓનું ધિરાણ અર્થે બેંક સાથે જોડાણ જરૂરી છે

૧.૫ નવી રચાયેલ તમામ એસએચઓ એનયુએલએમ અંતર્ગત ફરતા ભંડોળની સહાય મેળવી શકે.

૨. એસએચઓ વિસ્તાર કક્ષાએ સમવાયી, સામૂહિક સંબંધ હશે અને શહેર દીઠ ઓછામાં ઓછું એક શહેર કક્ષાનું ફેડરેશન હશે.

૨.૧ સંપદા સંગઠક એ બાબત સુનિશ્ચિત કરશે કે વિસ્તાર કક્ષાના ફેડરેશન / શહેર કક્ષાના ફેડરેશનના તમામ સભ્યોએ નીચે જણાવેલ વિષયો પર ક્ષમતાનિર્માણની તાલીમ લીધી હોય : (ક) ફેડરેશનની વિભાવના (બચત સહિત) બેઠકનું કેવી રીતે સંચાલન કરવું, જૂથના સભ્યોની ફેડરેશનની જવાબદારી, વગેરે (ખ) ખાતાવહી અને હિસાબ, ભંડોળનું સંચાલન, બેંક અને ધિરાણ જોડાણનું નિર્માણ (ગ) સંચાર, નિર્ણય લેવો, સંઘર્ષ કે વિવાદનું નિવારણ લાવવું, સ્વ–મૂલ્યાંકન વગરે (ઘ) એનયુએલએમ અંતર્ગત તથા કેન્દ્ર અને રાજય સરકારના તથા સ્થાનિક અન્ય સામાજિક કાર્યક્રમો અંતર્ગત સરકારી લાભ મેળવવા.

૨.૨ તમામ વિસ્તાર કક્ષાના ફેડરેશન / શહેર કક્ષાના ફેડરેશનની નોંધણી કરાવવી જોઈએ.

૨.૩ નવી રચાયેલ તમામ વિસ્તાર કક્ષાના ફેડરેશન એનયુએલએમ અંતર્ગત ફરતા ભંડોળની સહાય મેળવી શકે.

**વિભાગ–ગ: સંપદા સંગઠક સાથે ભાગીદારીના સિધ્ધાંતો**

ક. શહેર કક્ષાએ એનયુએલએમ સંલગ્ન કામ એનયુએલએમ અગાઉની સ્વર્ણજયંતી શહેરી રોજગાર યોજના (એસજેએસઆરવાય) અને અન્ય સ્થાનિક યોજનાઓ હેઠળના શહેરી વિસ્તારોમાંના વર્તમાન એસએચઓ અને તેની સામાજક ચકાસીને ગતિશીલતા ચકાસીને શરૂ કરાશે. માપવાની ચકાસવાની આ કામગીરીના પરિણામે શહેર કક્ષાએ જયાં શહેરના ગરીબો એસએચઓમાં જોડાયા નથી તેવા વિસ્તારો પણ મુકરર થશે. આ કામગીરીનો ઉદ્દેશ

હાલની એસએચઓની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવાનો (અને જયાં લાગુ પડતું હોય ત્યાં ફેડરેશનની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવાનો), એસએચઓ ફેડરેશનને સંગીન બનાવવા તેની કામગીરીમાં કયાં દરમિયાનગીરી કરવી જરૂરી છે તે નકકી કરવાનો, અગાઉની સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજનામાંથી તેમને એનયુએલએમમાં સંક્રાંત કરવાનો અને કયાં વધુ / નવીન સામાજિક ગતિશીલતા જરૂરી છે તે નકકી કરવાનો છે.

૨. સંપદા સંગઠકની પસંદગી માટેનાં ધોરણોનું ચુસ્તપણે પાલન કરાશે. જેમાં સંસ્થાની નોંધણી કરાઈ છે કે કેમ ? તેનું ટર્ન ઓવર કેટલું છે ? સંસ્થાને કેટલા વર્ષનો અનુભવ છે ? સંગીન સંપાદન અને નાણાં સંચાલન ક્ષમતા, સમર્પિત નિષ્ણાત કર્મચારીઓની સંખ્યા, વિષયનું જ્ઞાન અને ગરીબ ગૃહસ્થોની સામાજિક ગતિશીલતાનો પૂર્વ અનુભવ, તાલીમ અને ક્ષમતાનિર્માણ અજીવિકામાં આગળ વધવું અને સામૂહિક સંગઠનનું બેંક સાથે જોડાણનો સમાવેશ થશે.

૩. એસયુએલએમ, માપવાની ચકાસવાની કામગીરીના આધારે એનયુએલએમ અંતર્ગત સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ માટે દરેક રાજયમાં સંપદા સંગઠકને કામે રાખવાની યોજના ઘડી કાઢશે. સંપદા સંગઠકની પસંદગી પારદર્શક રીતે કરાશે.

૪. દરેક શહેરમાં ચાવીરૂપ તબદીલી વિકસાવવાની અને સંપદા સંગઠક માટે લક્ષ્યાંક સંઘટિત કરવાની જવાબદારી શહેરના સ્થાનિક મંડળની રહેશે.

૫. શહેરનું સ્થાનિક મંડળ, સંપદા સંગઠકને શહેરનો નકકર વિસ્તાર, જેમાં સંપદા સંગઠકને કામ કરવાનું રહેશે. તે જણાવશે આ કામગીરી સંબંધિત સંપદા સંગઠકની ક્ષમતાના આધારે કરવામાં આવશે. સંપદા સંગઠક હેઠળ ઓછામાં ઓછું ૫૦ સ્વસહાય જૂથો આવરી લેવાવા જોઈએ. સ્થાનિક પરિસ્થિતિ મુજબ નિર્ણાયક જનસમૂહને હાંસલ કરવા અને ગુણવત્તાપૂર્ણ તાલીમ સુનિશ્ચિત થાય તે માટે એક સંપદા સંગઠક એક કરતાં વધુ શહેર આવરી લઈ શકે.

૬. સંપદા સંગઠક તેની રોજબરોજની કામગીરી અંગે શહેરના સ્થાનિક મંડળને જાણ કરશે.

**વિભાગ–ઘ : સંપદા સંગઠકની પસંદગી માટેનાં ધોરણો**

૧. સરકારી સંસ્થાઓ, સંગઠકની કેરાલા (કુદુમ્બશ્રી) આંધ્રપ્રદેશ (મેપ્મા) જેવા અન્ય મિશનો, રાજય મિશનોને સંપદા સંગઠક તરીકે કામે રાખી શકાય.

૨. ક્ષેત્રમાં કામ કરવાનો સુદૃઢ અને સિધ્ધ અગાઉનો રેકોર્ડ ધરાવતી બિન–સરકારી સેવા સંસ્થાઓને કામે રાખી શકાય.

૩. કાયદાકીય જોગવાઈ મુજબ સંભવિત સંપદા સંગઠક નોંધણી કરાયેલ સંસ્થા હોય તે જરૂરી છે.

૪. તમામ સંભવિત સંપદા સંગઠકે પોતાનો હિસાબી રેકોર્ડ બરાબર રાખવાનો રહેશે અને આવક તથા ખર્ચના યોગ્ય રીતે ઓડિટ કરાયેલ વાર્ષિક પત્રક રાખવાના રહેશે.

૫. સંભવિત સંપદા સંગઠકના કાર્યપ્રવૃત્તિ પરત્વેના નવનિર્ધાર અને સિધ્ધાંતમાં એનયુએલએમ અંતર્ગત સામૂહિક ગતિશીલતા અને સંસ્થાના મકાન જેવા મહત્વનાં પાસાં માન્ય હોવા જોઈએ. જેમકે ભાગીદારીવાળી પ્રક્રિયાને વળગી રહેવું. આત્મનિર્ભરતાના ઉદેશમાં વિશ્વાસ, શહેરના ગરીબોને સક્ષમ બનાવવા, સંલગ્ન જૂથોની રચનાનો અનુભવ, ધિરાણ અને આવકનિર્માણ પ્રવૃતિનું સંચાલન કરતા જૂથોને અગ્રતા આપવી અને ગરીબોની પાયાની સંસ્થાઓની ક્ષમતા નિર્માણનો અનુભવ.

૬. સંભવિત સંપદા સંગઠક પાસે શહેરમાં એક આધાર કે પાયો છે, જેમાં તે કામ કરવાનું સૂચવે છે અને પૂરતી સંખ્યામાં તાલીમ લીધેલ ક્ષેત્રીય કર્મચારીઓ સાથે તે વિસ્તારમાં ક્ષેત્રીય અનુભવ છે. તેને એ વિસ્તારની સામાજિક, આર્થિક સાંસ્કૃતિક અને રાજકીય પરિસ્થિતિની સ્પષ્ટ સમજ છે. તેને જનતા સાથે ઉદાહરણરૂપ કહી શકાય તેવો સંબંધ છે આ સ્થિતિમાં સંભવિત સંપદા સંગઠક કામ કરવાનું સૂચવે તો તે લાભદાયક બની રહેશે.

૭. સંપદા સંગઠક એનયુએલએમ અંતર્ગત એસએચઓના નિર્માણ માટે પોતાની ટુકડીમાં સીઆરપી સામૂહિક સંપદા વ્યકિતને કામે રાખી શકે. અલબત્ત, પેટા કરાર કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

૮. સંપદા સંગઠકે ઓછામાં ઓછું ૧૦૦ એસએચઓના નિર્માણ અને બેંક જોડાણને સફળતાપૂર્વક પ્રોત્સાહન પૂરું પાડયું હોવું જોઈએ.

૯. સંભવિત સંપદા સંગઠક સ્વભાવથી બિનસાંપ્રદાયિક હોવો જોઈએ અને કોઈપણ રાજકીય સંસ્થા સાથે જોડાયેલો હોવો જોઈએ નહીં.

૧૦. સંભવિત સંપદા સંગઠક એસયુએલએમ અથવા શહેરના સ્થાનિક મંડળ સાથે સમજૂતિપત્ર પર સહી સિકકા કરીને પોતાને નીચેની બાબતે કરારબધ્ધ કરવા સંમત હોવો જોઈએઃ

૧૦.૧ એનયુએલએમના ઉદ્દેશો અને ઘટકોને આગળ ધપાવવા.

૧૦.૨ પ્રાયોજનાના ઉદ્દેશોને હાંસલ કરવામાં જો કોઈ અંતરાય આવતા હોય તો પોતાના વ્યૂહ અને પધ્ધતિમાં ફેરફાર કરવો.

૧૦.૩ એનયુએલએમના માર્ગદર્શન અને વિભાવના મુજબ રચાયેલ એસએચઓને સમર્થન અને સહાય પૂરાં પાડવા.

૧૦.૪ એનયુએલએમ અંતર્ગત જરૂરી બેઠકમાં હાજરી આપવી, પ્રતિભાવ પધ્ધતિ અને કાર્યપધ્ધતિમાં યોગદાન આપવું. જેમાં નિયમિત રીપોર્ટીગનો સમાવેશ થઈ જશે.

**વિભાગ–ચઃ સંપદા સંગઠકની કામગીરીનો વ્યાપ**

સંપદા સંગઠકની કામગીરીમાં તેમને સોંપવામાં આવેલ શહેરમાંનો ચોકકસ ભૌગોલિક વિસ્તારમાં નીચેની બાબતોનો સમાવેશ થશેઃ

૧. એનયુએલએમ અંતર્ગત વખતોવખત બહાર પડાતી માર્ગદર્શક સૂચના અને સલાહ નોંધ દ્વારા રેખાંકન કરાયા મુજબ નમૂનારૂપ સંસ્થા નિર્માણનો અમલ કરવો

૨. એસએચઓ અને તેના ફેડરેશનની ગુણવત્તા અને સાદર્શ જૂથોના આધારે તેના ગરીબોને ગતિશીલ કરવા સભ્યોની પસંદગી અને એસએચઓની રચના સક્રિય ભાગીદારીવાળી હોવી જોઈએ .

૩. સંપદા સંગઠકે એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે એસએચઓના ઓછામાં ઓછું ૭૦% સભ્યો શહેરના ગરીબો હોય.

૪. તેમના સભ્યોને આજીવિકા માટે વધુ સહાય પૂરી પાડવા અને સામાજિક કાર્યમાં પણ મદદરૂપ થવા તાલીમો યોજી, મુલાકાતો ગોઠવી અને શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા આ સંસ્થાઓની ક્ષમતાનું નિર્માણ કરવું. એકવાર સ્વસહાય જૂથનું નિર્માણ થઈ જાય એટલે સંપદા સંગઠક એસએચઓના તમામ સભ્યો (પાત્ર આગેવાનો / પ્રતિનિધિઓ જ નહીં) નીચે જણાવેલ પાયાની બાબતો અંગે તાલીમ પૂરી પાડવી તેવી અપેક્ષા છે જેમકે (ક) એસએચઓની વિભાવના, બચત સહિત એસએચઓની બેઠકનું સંચાલન કેવી રીતે કરવું, જૂથ અને ફેડરેશનના સભ્યોની જવાબદારી, વગેરે (ખ) ખાતાવહી અને હિસાબ, નામું, હિસાબી કામકાજ, હિસાબ વિધિ પધ્ધતિ, ભંડોળનું સંચાલન, બેંક અને ધિરાણ જોડાણનું નિર્માણ (ગ) માહિતીની આપ–લે, સંચાર, નિર્ણય લેવો, નિર્ણાયક કાર્ય, સંઘર્ષ કે વિવાદનું

નિવારણ, સ્વ–મૂલ્યાંકન વગેરે અને (ઘ) એનયુએલએમ તેમજ કેન્દ્ર અને રાજય સરકારના તથા સ્થાનિક અન્ય સામાજિક કાર્યક્રમો અંતર્ગત સરકારી લાભ મેળવવા.

૬. ઓછામાં ઓછું ૧૫ મહિના સુધી હાથમાં હાથ મિલાવી કામ કરવામાં સહાય કરવી. એક વખત જૂથની રચના થઈ જાય પછી સંપદા સંગઠકે તેની બેઠકોમાં નિયમિત હાજરી આપવાની રહેશે. બેકના અધિકારીઓ, સરકારના વિવિધ વિભાગના અધિકારીઓ, ઓછામાં ઓછું ૨ વર્ષથી સ્થપાયેલ એસએચઓના સભ્યો (ઊલટ માહિતી મેળવવા) ને એસએચઓ સાથે અરસ–પરસ વાતચીત કરવા (એસએચઓ અને ફેડરેશન કક્ષાએ) બોલાવવા, આ તબકકે સંપદા સંગઠક ક્ષમતાનિર્માણ કાર્યક્રમો પણ યોજશે અને એસએચઓના સભ્યોને એનયુએલએમ અંતર્ગત આ કાર્યક્રમોના લાભ લેવા પ્રોત્સાહિત કરશે. સંપદા સંગઠક પોતે જે સ્વસહાય જૂથનું સમર્થન કરતો હોય તે એસએચઓની કામગીરીના મૂલ્યાંકનમાં સામૂહિક સંગઠકને મદદ કરશે. એસએચઓની રચના થયાના એક મહિનાની અંદર બેંકમાં ખાતું ન ધરાવતા તમામ જૂથોને એસએચઓ બેંક ખાતું ખોલાવવા માટે મદદ કરવી જોઈએ.

૭. **૧૫ થી ૨૪ મહિના દરમિયાન સહાય પાછી ખેંચવી** :આ સમયગાળા દરમિયાન સંપદા સંગઠકે જો એસએચઓની રચના થયા બાદ તે સંતોષકારક રીતે કામગીરી બજાવતી હોય તો તેને સક્રિય સહયોગ આપવાનું બંધ કરી દેવું જોઈએ. આ તબકકે દેખરેખ –નિયમનની કામગીરી વધી જશે. સક્રિય સહયોગના ૨૪ મહિનાના અંતે એસએચઓને આત્મનિર્ભર ગણી શકાય તેમ છે કે નહી તે નકકી કરવા માટે સંપદા સંગઠકે પોતે જેને સમર્થન કે સહાય પૂરી પાડતો હોય તે એસએચઓનું નિર્ણાયક મૂલ્યાંકન શહેરના સ્થાનિક મંડળના સામૂહિક સંગઠકના સહયોગમાં હાથ ધરવું જોઈએ. અહીં સંપદા સંગઠક એસએચઓને વિસ્તાર કક્ષાના ફેડરેશનમાં એકત્ર થવા પ્રોત્સાહિત કરશે. સાથે સાથે સંપદા સંગઠક પોતાનો પૂરેપૂરો સહયોગ પાછો ખેંચી લે ત્યારે એસએચઓ પોતાની સઘળી કામગીરી સંભાળી શકે તે માટે તેને સક્ષમ કરવા એસએચઓ વિસ્તાર કક્ષાના ફેડરેશન અને શહેર કક્ષાના ફેડરેશનના ગાઢ સહયોગમાં કામ કરે તે માટે પ્રોત્સાહન પૂરું પાડશે.

૮. અનોખા ઓળખપત્રની નોંધણી, બેજીક સેવીગ્સ બેંક ડીપોજીટ એકાઉન્ટ– બેંકમાં બચતખાતું ખોલાવવું અને એસએચઓના સભ્યોને ધિરાણ માટે સલાહ માર્ગદર્શન પૂરું પાડવું, જેવા સંલગ્ન સરકારી કાર્યક્રમોની સંકેન્દ્રિત ગોઠવણ કરશે.

**વિભાગ–જ : દેખરેખ નિયમન અને મૂલ્યાંકન**

એનયુએલએમમાં ઘણી બધી પ્રક્રિયા કરવાની હોય છે અને વિવિધ સ્તરે તે હાંસલ કરેલ પ્રગતિની ગુણવત્તા અને પ્રમાણના આધારે સતત સમીક્ષા, મૂલ્યાંકન અને શિક્ષણ હાથ ધરે છે. માહિતી સેવા પ્રબંધકે આ માટે મદદ કરવાની રહેશે અને તેણે તમામ સ્તરે, લેવાયેલ નિર્ણયની જાણ કરવાની રહેશે. એસયુએલએમ રાજયમાં કાર્યક્રમની પ્રગતિ પર દેખરેખ રાખવા માટે વિવિધ માળખા તંત્રને કામ માટે રાખશે. આમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

૧. એસએચઓની જવાબદારી, જેમાં પોતાની સંસ્થાની કામગીરી પર દેખરેખ–નિયમન, હાથ ધરાયેલ પ્રક્રિયાઓનું જીણવટભર્યું આંતરિક ઓડિટ, અને સ્થાનિક સામાજિક ઓડિટ

૨. માહિતી સેવા પ્રબંધક આધારિત આવક – જાવક પર દેખરેખ +નિયમન

૩. સ્વતંત્ર સામાજિક ઓડિટ અને ત્રીજા પક્ષકાર દ્વારા મૂલ્યાંકન.

૪. પાયાના મૂલ્યાંકન દ્વારા અસરની આકારણી અને ચાવીરૂપ પરિણામસૂચકો અંગે અસર મૂલ્યાંકન અભ્યાસ.

૫. વાર્ષિક અહેવાલ.

૬. આંતરિક સમીક્ષા તંત્ર, જેમાં માસિક / ત્રૈમાસિક આયોજન / પ્રગતિ અહેવાલ, કર્મચારીઓ / હોદ્દેદારો દ્વારા ક્ષેત્ર મુલાકાતો સંયુકત છમાસિક / વાર્ષિક સમીક્ષા, સમીક્ષા અને પરામર્શ કાર્યશિબિર અને એકત્રિત મંચની બેઠક તેમજ વિવિધ તબકકે સંકલન સમિતિનો સમાવેશ થશે.

# જોડાણ – ૫
## એનયુએલએમ અંતર્ગત સ્વસહાય જૂથને ફરતા ભંડોળની સહાય માટે અરજી

## એનયુએલએમ અંતર્ગત સ્વસહાય જૂથ (એસએચઓ)ને ફરતા ભંડોળની સહાય માટે અરજી (જરૂરી દસ્તાવેજો બીડવા)

| અરજી નં. | અરજી કર્યા તારીખ | સ્વ સહાય જૂથનું નામ | પૂરું સરનામું પીનકોડ/ ફોન નં. સાથે | સીમાચિહન | એસએચઓની રચનાની તારીખ | બેંક ખાતું ખોલાવ્યા તારીખ | બેંક ખાતાનો નંબર | બેંકનું નામ | શાખાનું નામ | બેંકની શાખાનું સરનામું | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | |
| એસએચઓના હોદ્દેદારોની વિગતો | | | | .......... ની વિશેષ નોંધ | | ......... ની વિશેષ નોંધ | | ........ ની એકંદર વિશેષ નોંધ | | મંજૂર | ☐ | ફરતું ભંડોળ એસએચઓમાં તબદીલ કયા તારીખ | |
| પ્રમુખ | નામ | સહી | ફોન નંબર | રીપોર્ટીંગ ઓફિસર / ક્ષેત્રીય સંકલનકાર | | સીએમએમયુ પ્રતિનિધિ | | શહેર સ્થાનિક મંડળનો સક્ષમ સત્તાધિકારી | | ના મંજૂર | ☐ | | |
| સચિવ | નામ | સહી | ફોન નં. | નામ | | નામ | | નામ | | | | | |
| | | | | સહી | | સહી | | સહી | | | | | |
| ખજાનચી | નામ | સહી | ફોન નં. | ફોન નંબર | | ફોન નંબર | | ફોન નંબર | | | | | |
| | | | | તારીખ | | તારીખ | | તારીખ | | | | | |

## જોડાણ–૬
## એનયુએલએમ અંતર્ગત વિસ્તાર કક્ષાના ફેડરેશનને ફરતા ભંડોળની સહાય માટે અરજી

એનયુએલએમ અંતર્ગત વિસ્તાર કક્ષાના ફેડરેશન (વિકફે) ને ફરતા ભંડોળની સહાય માટે અરજી

(જરૂરી દસ્તાવેજો બીડવા)

| અરજ નંબર | અરજી કર્યા તારીખ | વિકફેનું નામ | પૂરું સરનામું પીનકોડ / ફોન નં. | સીમાચિહન | વિકફેની રચનાની તારીખ | બેંક ખાતું ખોલાવ્યા તારીખ | બેંક ખાતાનો નંબર | બેંકનું નામ | શાખાનું નામ | બેંકની શાખાનું સરનામું | નોંધણીની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

| વિકફેના હોદેદારોની વિગતો | – દ્વારા વિશેષ નોંધ– | – દ્વારા વિશેષ નોંધ– | .............ની એકંદર વિશેષ નોંધ મંજુર ☐ | ફરતું ભંડોળ વિકફેમાં તબદીલ થયા તારીખ |
|---|---|---|---|---|
| | | | | |

| પ્રમુખ | નામ | સહી | ફોન નંબર | રીપોર્ટીંગ ઓફિસર / ક્ષેત્રીય સંકલનકાર | | સીએમએમયુ પ્રતિનિધિ | | શહેર સ્થાનિક મંડળનો સક્ષમ સત્તાધિકારી | | ના મંજૂર ☐ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સચિવ | નામ | સહી | ફોન નં. | નામ | | નામ | | નામ | | |
| | | | | સહી | | સહી | | સહી | | |
| ખજાનચી | નામ | સહી | ફોન નં. | ફોન નંબર | | ફોન નંબર | | ફોન નંબર | | |
| | | | | તારીખ | | તારીખ | | તારીખ | | |

## જોડાણ– ૭

## શહેરના આજીવિકા કેન્દ્રોની સ્થાપના માટેની દરખાસ્તમાં આપવાની વિગતો

શહેરના સ્થાનિક મંડળ દ્વારા એસયુએલએમને શહેર આજીવિકા કેન્દ્રની સ્થાપના માટે જે દરખાસ્ત મોકલવામાં આવે તેમાં નીચેની વિગતો હોવી જરૂરી છેઃ

૧. નગરપાલિકાનું નામ :

૨. નગરપાલિકામાં કુલ વોર્ડ :

૩. નગરપાલિકામાં કુલ ઝૂંપડપટ્ટી

(ક) અધિકૃત (ખ) ખાસ નામ વગરની

૪. શહેર આજીવિકા કેન્દ્ર દ્વારા આવરી લેવાયેલ વોર્ડના નામ

૫. તે વિસ્તારની કુલ વસતિ

૬. તે વિસ્તારમાં આવરી લેવાયેલ કુલ શહેરી ગરીબો.

૭. શહેર આજીવિકા કેન્દ્ર દ્વારા અપેક્ષિત આવરી લેવાનાર સંભવિત સભ્યોની સંખ્યા.

૮. વિસ્તારમાં શહેર આજીવિકા કેન્દ્ર મારફત સંભવિત પૂરી પડાનાર મુખ્ય સેવાઓ.

૯. તે વિસ્તારમાં શહેર આજીવિકા કેન્દ્રની સેવાઓની વૃધ્ધિનો અવકાશ.

૧૦. શહેરના સ્થાનિક મંડળે શહેર આજીવિકા કેન્દ્ર માટે આપેલ સ્થળની વિગતો

 ક. વિસ્તાર

 ખ. સ્થળ

 ગ. શું તે સ્થળ શહેરના સ્થાનિક મંડળની કચેરી ની નજકીમાં છે ? (હા/ના)

૧૧. શહેર આજીવિકા કેન્દ્રને સહાય માટેની યોજના – સંપદા એજન્સી / સીબીઓ

૧૨. દરખાસ્ત તૈયાર કરનાર – …………

૧૩. દરખાસ્તનું મૂલ્યાંકન કરનાર – …………………

૧૪. દરખાસ્ત આગળ મોકલનાર અધિકારીનું નામ અને હોદ્દો

૧૫. શહેર આજીવિકા કેન્દ્રની વ્યવસાય યોજના – નફા–નુકસાન વિનાનો હિસાબ બહાર પાડવો અને કેન્દ્રની આર્થિક દ્રષ્ટિએ નભાઉક્ષમતા સહિત.

ફાઈલ નં. કે. ૧૪૦૧૪ /૫૮(૯)/ ૨૦૧૨ યુપીએ

**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**
**(યુપીએ પ્રભાગ)**

નિર્માણ ભવન, નવી દિલ્હી
તા.૧૮ ડિસેમ્બર, ૨૦૧૩

**કાર્યાલય યાદી**

**વિષય:** નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) અંતર્ગત ક્ષમતા નિર્માણ અને તાલીમ માટે કામગીરીલક્ષી માર્ગદર્શક સૂચના.

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) માટેની કામગીરીલક્ષી સૂચનાઓ તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ કચેરી યાદી નં. કે ૧૪૦૧૧/૧/૨૦૧૩ યુપીએ અન્વયે બહાર પાડવામાં આવી છે.

૨. એનયુએલએમની ક્ષમતા નિર્માણ અને તાલીમ ભાગ માટેની કામગીરી લક્ષી માગદર્શક સૂચનાઓ અહીં સાથે જોડી છે, જેનું પાલન તમામ અમલકર્તા સંસ્થાઓએ કરવાનું રહેશે. આ માર્ગદર્શક સૂચનાઓ આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયની વેબસાઈટ પર પણ અપલોડ કરવામાં આવી છે. તેને http:/mhupa.gov.in/NULM-mission/NULM Mission htm પરથી એકસેસ કરી શકાશે.

૩. આ ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયની મંજૂરીથી બહાર પાડવામાં આવી છે.

**સહી/–**
**(બી.કે.અગ્રવાલ)**
**ભારત સરકારના સંયુક્ત સચિવ**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી**
**મંત્રાલય**

# નેશનલ અર્બન
# લાઈવલીહૂડ મિશન

# ક્ષમતા નિર્માણ અને તાલીમ માટેની
# કામગીરીલક્ષી માર્ગદર્શક સૂચના

**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**
**ભારત સરકાર**

## કામગીરીલક્ષી માર્ગદર્શક સૂચનાઓ –એનયુએલએમ : ક્ષમતા નિર્માણ અને તાલીમ (સીબીએન્ડટી)

આ માર્ગદર્શક સૂચનાઓ એનયુએલએમના ભાગ–ર "ક્ષમતા નિર્માણ અને તાલીમ (સીબીએન્ડટી) માટેની કામગીરી લક્ષી માર્ગદર્શક સૂચનાઓ છે. તેનો ઉદેશ એનયુએલએમના મિશન ડોકયુમેન્ટ / મુખ્ય માર્ગદર્શક સૂચનાઓ સાથે વંચાણમાં લેવાનો છે તેમજ એનયુએલએનના અન્ય અંગભૂત ભાગ માટે કામગીરીલક્ષી માર્ગદર્શક સૂચનાઓનો સંદર્ભ લઈ શકાશે.

### ૧. ક્ષમતા નિર્માણ અને તાલીમ (સીબીએન્ડટી)

### ૧.૧ આધાર

ક્ષમતા નિર્માણ અને તાલીમ ઘટકોના મુખ્ય ઉદ્દેશો છે.

- શહેરી ગરીબી નાબૂદી અંગે કામ કરતા એચયુપીએ મંત્રાલય અને રાજય સંસ્થાઓની ભૂમિકાને આજીવિકા ઉત્તેજન અને શહેરી ગરીબી નાબૂદીના ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તાયુકત તકનીકી સહાય પૂરી પાડનાર તરીકે પરિવર્તિત કરવી;
- એનયુએલએમના કાર્યદક્ષ અમલ માટે રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તર મજબૂત સંસ્થાગત માળખાનું નિર્માણ;
- શહેરી ગરીબ અને એનયુએલએમના અમલમાં સામેલ થયેલી તેમની સંસ્થાઓ અને તંત્રનું ક્ષમતા નિર્માણ

### ૧.૨ સીબીએન્ડ ટી ભાગ અંતર્ગત પેટા ઘટકો છે.

(૧) રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે તકનીકી સહાય

(ર) રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે મિશન મેનેજમેન્ટ યુનિટ (એમએમયુ) માટે તાલીમ અને અન્ય ક્ષમતા નિર્માણ સહાય.

### ૧.૩ રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે તકનીકિ સહાય

#### ૧.૩.૧ નેશનલ લાઈવલીહૂડ મિશન અમલ માળખાનું નિરીક્ષણ

**૧.૩.૧.૧** નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) આવાસન અને શહેરી ગરીબી – નાબુદી મંત્રાલયના એક મુખ્ય કાર્યક્રમનો ઉદ્દેશ શહેરી ગરીબ પરિવારો આર્થિક ઉપાર્જન થઈ શકે તેવી સ્વરોજગાર અને કુશળ વેતન રોજગાર તકો મેળવે અને તેને પરિણામે મજબૂત પાયાના સ્તરની સંસ્થાઓના નિર્માણ મારફત તેમની આજીવિકામાં

નિરંતર ધોરણે ઠીક ઠીક પ્રમાણમાં સુધારણા કરીને શહેરી ગરીબોની ગરીબી અને નિઃસહાયતામાં ઘટાડો થાય. એનયુએલએમએ અનુસરેલી મહત્વની પ્રયુકિતઓ છે;

૧. વિકસી રહેલી શહેરી અર્થવ્યવસ્થા દ્વારા આપવામાં આવતી વૃધ્ધિ પામી રહેલા બજાર આધારિત નોકરીની તકો મેળવવા સક્ષમ બનાવે તેવા કૌશલ્યોનું નિર્માણ;

૨. શહેરી ગરીબ– સ્વ અને જૂથ દ્વારા માઈક્રો ઉદ્યોગો (શહેરી ફેરિયાઓ સહિત)ની સ્થાપના માટે તાલીમ અને સહાય;

૩. શહેરી ગરીબ, તેમની સંસ્થાઓ (જેમકે સ્વ સહાય જૂથો અને તેમના ફેડરેશન) અને નિર્વાહ સાધનોના વિકાસ અને ગરીબી નાબૂદી કાર્યક્રમોમાં સામેલ તંત્ર વ્યવસ્થાનું ક્ષમતા નિર્માણ;

૪. શહેરી ઘરવિહોણા લોકો કાયમી ૨૪ કલાક આશ્રય મેળવે અને તેનો ઉપયોગ કરી શકે તે સુનિશ્ચિત કરવું;

૫. શહેરી ફેરિયાઓને સહાય.

૧.૩.૧.૨ કાર્યક્રમના અમલ માટે નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન ત્રિસ્તરીય આંતર આધારિત માળખુ (રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે) ધરાવશે. એનયુએલએમના આ સ્તર ગરીબોની નિરંતર આજીવિકાને ઉત્તેજન આપવાના સામાન્ય ઉદ્દેશથી આંતરિક રીતે ખુબ જ નજીકથી જોડાયેલા રહેશે અને દોરવણી મેળવશે તેમજ શહેરી ગરીબી નાબૂદી અને શહેરી ગરીબના સશકિતકરણના ઉદ્દેશથી કાર્ય કરશે.

### ૧.૩.૨ રાષ્ટ્રીય સ્તરે વહીવટી અને અમલ માળખું

૧.૩.૨.૧ રાષ્ટ્રીય સ્તરે, નેશનલ અર્બન લાઈવલીહૂડ (એનયુએલએમ) ની સ્થાપના યોગ્ય કાયદા અન્વયે નોંધણી થયેલી સંસ્થા તરીકે થશે. એનયુએલએમના અમલ માટેના તમામ પાસાઓ અંગે દેખરેખ રાખવા માટે ભારત સરકાર એક મિશન ડાયરેકટરની નિમણૂક કરશે. એનયુએલએમના અમલ અને દેખરેખ નિયંત્રણમાં મિશન ડાયરેકટને સહાય કરવા માટે રાષ્ટ્રીય સ્તરે એક સહાયક ટુકડી નેશનલ મિશન મેનેજમેન્ટ યુનિટ (એનએમએમયુ)ની સ્થાપના કરવામાં આવશે.

૧.૩.૨.૨ એનએમએમયુમાં સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ, સામાજિક આધાર વ્યવસ્થા માળખું, કૌશલ્યો અને નિર્વાહ સાધનો, નાણાકીય સમાવેશ અને માઈક્રો ઉદ્યોગ સાહસો, ઘરવિહોણા માટે ગૃહ નિર્માણ, નાણા, એમઆઈએસ, દેખરેખ નિયંત્રણ અને

મૂલ્યાંકન, એચઆર (માનવ સંસાધન) સંદેશાવ્યવહાર અને જાણકારી વ્યવસ્થા જેવા વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાત જાણકારી ધરાવતા ૧૦ ટેકનિકલ વિશેષજ્ઞોની નિમણૂક કરવામાં આવશે. એનએમએમયુ રાજયો / સંઘપ્રદેશો સાથે અસરકારક સંકલન સુનિશ્ચિત કરશે અને તેમને દોરવણી આપશે તેમજ તેની દેખરેખ રાખશે. એનએમએમયુ સ્તરે તકનીકિ નિષ્ણાતો માટેના હોદ્દાઓ અને વિચારાર્થ મુદાની યાદી જોડાણ–૧માં આપી છે.

૧.૩.ર.૩ એનએમએમયુની કામગીરીમાં નીચેનાનો સમાવેશ થશે પરંતુ તેટલા પૂરતું જ મર્યાદિત રહેશે નહી.

- એનયુએલએમનો અમલ અને દેખરેખ નિયંત્રણ
- રાજય સરકાર દ્વારા એસએમએમયુની સ્થાપના માટે સવલત પૂરી પાડવી
- રાજય શહેરી ગરીબી ઘટાડા માટેની પ્રયુકિતઓ અને નિર્વાહ સાધનોના વિકાસ આયોજન અને અન્ય ગરીબ સમર્થક કાર્યક્રમોની તૈયારી માટે સહાય આપવી
- એનયુએલએમના વિશિષ્ટ અંગભૂત ભાગ અંગે વ્યવસાયિક અને ટેકનિકલ સામગ્રી પૂરી પાડવી.
- સર્વગ્રાહી પગલા માટે જુદા જુદા ક્ષેત્રોની જાણકારી મેળવવા અન્ય મિશન / મંત્રાલયો / વિભાગ / ઔદ્યોગિક સંગઠનો સાથે સંપર્ક કરવો;
- એનયુએલએમ અને રાજય અર્બન લાઈવલીહૂડ મિશન વચ્ચે સંપર્કની સવલત પૂરી પાડવી;
- શહેરી ગરીબી મુદ્દાઓ અંગે અભ્યાસ હાથ ધરવા / શરૂ કરવા અને તેના તારણોનો પ્રચાર કરવો;
- સમગ્ર દેશમાં જયાં તેનો ઉત્તમ અમલ થયો હોય તેનો અભ્યાસ કરવો અને બાકીના ભાગમાં તેમ કરવા માટે સહાય પૂરી પાડવી;
- ક્ષમતા નિર્માણ અને તાલીમ મોડયુલના વિકાસને સહાય;
- રાજય અને શહેર સ્તરે સર્વગ્રાહી દેખરેખ નિયંત્રણ અને શિક્ષણ પધ્ધતિને ઉત્તેજન આપવું
- શહેરી ગરીબી, ઝૂંપડપટ્ટી અને આજીવિકા વગેરે અંગે ઉત્તમ પ્રણાલી, આંકડાઓ અંગે માહિતી પૂરી પાડે તેવા રાષ્ટ્રીય સંસાધન સમુચ્ચ તરીકે કામગીરી કરવી;

- રાજયો / શહેરોને ક્ષમતા નિર્માણ સહાય આપવા માટે સ્રોત કેન્દ્રો / સંસ્થાઓના રાષ્ટ્રીય નેટવર્ક સાથે નજીકથી કામગીરી કરવી;
- એનયુએલએમના અમલમાં સંકળાયેલા મુખ્ય સરકારી સ્ટાફ તેમજ એસએમએમયુ, સીએમએમયુ વગેરે ખાતેના ટેકનિકલ નિષ્ણાતોની ક્ષમતા નિર્માણનું આયોજન.

૧.૩.૨.૪ રાષ્ટ્રીય રાજય અને શહેર સ્તરે ટેકનિકલ સહાય અને રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે મિશન મેનેજમેન્ટ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ સહાય સહિતના સીબી એન્ડ ટી ઘટકો અંગેનું સમગ્ર ખર્ચ એનયુએલએમ હેઠળની કુલ ફાળવણીની ૧૨% થી વધુ રહેશે નહી.

**૧.૩.૩ રાજય સ્તરે વહીવટી અને અમલ માળખું**

૧.૩.૩.૧ દરેક રાજય / સંઘપ્રદેશમાં નોંધણી થયેલી સંસ્થા તરીકે રાજય અર્બન લાઈવલીહૂડ મિશન / એસયુએલએમ)ની સ્થાપના કરવામાં આવશે જે રાજય / સંઘપ્રદેશમાં એનયુએલએમના અમલ માટે જવાબદાર રહેશે. જોકે, રાજય / સંઘપ્રદેશ એસયુએલએમ તરીકે ગરીબી નાબૂદી અને આજીવિકા ઉત્તેજન ક્ષેત્રમાં પહેલેથી કામ કરતી સ્વાયત્ત સંસ્થાને નીમી શકે છે. એસયુએલએમનું સંચાલન રાજય સરકાર દ્વારા નીમેલા રાજય મિશન ડાયરેકટર દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત, રાજય સરકાર નાણા અને હિસાબો, મહેકમ બાબતો અને અન્ય આવી સમર્થક કામગીરીની બાબતમાં રાજય મિશન ડાયરેકટરને સહાય કરવા માટે જરૂરી સરકારી અધિકારીઓની પણ નિમણૂક કરશે.

૧.૩.૩.૨ રાજય / સંઘપ્રદેશ સ્તરે એનયુએલએમના અમલ અને દેખરેખ નિયંત્રણમાં રાજય મિશન ડાયરેકટર, એસયુએલએમને સહાય કરવા માટે રાજય સ્તરે કામ કરતી સહાય ટૂકડી રાજય મિશન મેનેજમેન્ટ યુનિટ (એસએમએમયુ) ની સ્થાપના કરવામાં આવશે. આ યુનિટમને એનયુએલએમ ભંડોળ પૂરું પાડશે.

૧.૩.૩.૩ એસએમએમયુમાં ગરીબી નાબૂદી, સામાજિક ગતિશીલતા, નાણાકીય સમાવેશ, આજીવિકા ઉત્તેજન, માનવ સંસાધન વગેરે જેવા જુદા જુદા ક્ષેત્રમાં નિષ્ણાત જાણકારી ધરાવતા તકનીકિ નિષ્ણાતોનો કર્મચારીવર્ગ લેવામાં આવશે.

૧.૩.૩.૪ એનયુએલએમ અંતર્ગત મોટા રાજયો માટે એસએમએમયુ સ્તરે ૬ તકનિકી નિષ્ણાતો અને નાના રાજયો માટે ૪ તકનીકિ નિષ્ણાતો માટે ભંડોળ પૂરું પાડવામાં આવશે.

મોટા અને નાના રાજયોની યાદી જોડાણ–૨માં આપી છે. એસએમએમયુ સ્તરે તકનિકી નિષ્ણાતો માટેની જગ્યઓ અને વિચારાર્થે મુદ્દાની યાદી જોડાણ–૩માં આપી છે. તકનીકિ નિષ્ણાત માટેના કરારનો નમૂનો જોડાણ–૪માં આપ્યો છે.

૧.૩.૩.૫ એસએમએમયુ જગ્યાઓ ભરાઈ ન હોય તેવા પ્રસંગે, નીચેની બાબતો પરિપૂર્ણ થવાની શરતે આ જગ્યાઓ માટે સરકારી કર્મચારી વર્ગ નિયુકત કરી શકાશે

(ક) અધિકારીની જગ્યા માટે વ્યકિત જરૂરી તમામ યોગ્યતા માપદંડ પરિપૂર્ણ કરતી હોવી જોઈએ.

(ખ) જગ્યા યોગ્ય ઉમેદવાર ઉપલભ્ય થાય ત્યાં સુધી જ હંગામી ધોરણે ભરવામાં આવે છે.

(ગ) પગાર અને ભથ્થાની ચુકવણી એનયુએલએમ અંતર્ગત ધોરણોને મર્યાદિત રહેશે. પગાર / ભથ્થા માટેની કોઈપણ વધારાની ચુકવણીનું ખર્ચ રાજય સરકારને ભોગવવાનું રહેશે.

૧.૩.૩.૬ એનયુએલએમ, એસએમએમયુના ખર્ચ માટે ૫ વર્ષના સમયગાળા સુધી સહાય કરશે. ૫ વર્ષ પછી રાજયોએ શહેરી ગરીબી નાબૂદી કાર્યક્રમોના અમલ માટે તેમની આંતરિક ક્ષમતા કેળવવી પડશે.

૧.૩.૩.૭ એસએમએમયુની સમગ્ર જવાબદારીઓમાં નીચેનાનો સમાવેશ થશે પણ તે પૂરતું જ મર્યાદિત રહેશે નહી

- રાજયમાં યુએલબી મારફત એનયુએલએમના અમલની સગવડ આપવી.
- શહેર સ્તરે સીએમએમયુની સ્થાપના સવલત આપવી
- એનયુએલએમના વિશિષ્ટ અંગભૂત ભાગ અંગેની વ્યવસાયિક અને તકનિકી નિવેશ સામગ્રી પૂરી પાડવી.
- રાજય માટે શહેરી ગરીબી ઘટાડા માટેની પ્રયુકિત / નિર્વાહ સાધન વિકાસ આયોજન તૈયાર કરવું
- શહેરના આજીવિકા વિકાસ આયોજનોની તૈયારીમાં શહેરોને સહાય
- રાજયમાં અન્ય મિશનો અને કાર્યક્રમો સાથે સંકલન કરવું અને સર્વગ્રાહી અભિગમનો વિકાસ કરવો

- સીએમએમયુ એસએમએમયુ સ્તરે એનયુએલએમના અમલમાં સંકળાયેલા મુખ્ય સરકારી કર્મચારી વર્ગ તેમજ તકનિકી નિષ્ણાતો માટે રાજય સ્તરે ક્ષમતા નિર્માણ કાર્યક્રમો, વર્કશોપ, પરિસંવાદ અને ક્રોસ લર્નીગ મુલાકાતો વગેરેનું આયોજન.
- એનયુએલએમના અમલ અને ઉત્તમ પ્રથાઓની પ્રગતિ અને પ્રક્રિયાને લેખિત સ્વરૂપમાં તૈયાર કરવી.
- એનયુએલએમની અસરનું મૂલ્યાંકન કરવા અભ્યાસો હાથ ધરવા / શરૂ કરવા
- રાજય સ્તરે એનયુએલએમના અમલને મદદ કરવા રાજય સરકારના જુદા જુદા વિભાગો કેન્દ્ર સરકાર, બેન્કો અને આવા સંગઠનો સાથે સંકલન કરવું

### ૧.૩.૪ શહેર સ્તરે વહીવટી અને અમલ માળખું

૧.૩.૪.૧ શહેર સ્તરે, શહેરી સ્થાનિક સંસ્થાઓ (યુએલબી) મારફત એનયુએલએમ પ્રવૃત્તિઓનો અમલ કરવામાં આવશે. રાજય સરકાર / યુએલબી દ્વારા નિયુકત સીટી પ્રોજેકટ ઓફિસર (સીપીઓ) ના વડપણ હેઠળ સીટી મિશન મેનેજમેન્ટ યુનિટ (સીએમએમયુ) ની રચના કરવામાં આવશે.

૧.૩.૪.૨ સામાજિક ગતિશીલતા, સંસ્થા અને ક્ષમતા નિર્માણ, નિર્વાહ સાધન / માઈક્રો ઉદ્યોગ સાહસ, માઈક્રો નાણા સહાય વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાત જાણકારી ધરાવતા તકનીકિ વિશષજ્ઞોને સીએમએમયુમાં નિયુકત કરવામાં આવશે. જેનું ફંડ એનયુએલએમ અંતર્ગત કરવામાં આવશે. આ ઉપરાંત, રાજય સરકાર / યુએલબી નાણા અને હિસાબ, મહેકમ બાબતો અને અન્ય આવી સમર્થક સેવાઓ માટે અન્ય અધિકારીઓને પણ નિયુકત કરશે.

૧.૩.૪.૩ એનયુએલએમ અંતર્ગત શહેર સ્તરે ૫ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરો માટે વધુમાં વધુ ૪ તકનીકિ નિષ્ણાતો, ૩ થી ૫ લાખ વસતિ ધરાવતા શહેરો માટે ૩ તકનિકી નિષ્ણાતો અને ૩ લાખથી ઓછી વસ્તીવાળા શહેરોમાટે ૨ તકનિકી નિષ્ણાતો માટે ભંડોળ પૂરું પાડવામાં આવશે.

૧.૩.૪.૪ શહેરમાં કમ્યુનિટી ઓર્ગેનાઈઝર (સીઓ)ની પણ નિમણૂક કરવામાં આવશે. દરેક કમ્યુનિટી ઓર્ગેનાઈઝર ઓછામાં ઓછા ૩૦૦૦ શહેરી ગરીબ પરિવારોને આવરી લેશે. ભંડોળની ઉપલભ્યતાને અધીન રહીને શહેર સ્તરે જરૂરિયાત અનુસાર સીઓની

નિમણૂક કરવી. જોકે, એનયુએલએમ અંતર્ગત આવરી લીધેલા દરેક શહેરમાં ઓછામાં ઓછા એક સીઓની નિમણૂક કરવી. સીએમએમયુ સ્તરે તકનિકી નિષ્ણાત અને સીઓ માટેની જગ્યાઓ અને વિચારાર્થ મુદ્દાની યાદી જોડાણ–પમાં આપી છે.

૧.૩.૪.૫ વ્યવસાય માટની સીએમએમુની જગ્યાઓ ભરાઈ ન હોય તેવા પ્રસંગે, નીચેની બાબતો પરિપૂર્ણ થવાની શરતોને અધીન રહીને સરકારી / યુએલબી સ્ટાફ આ જગ્યાઓ માટે નિયુકત કરી શકાશે.

(ક) અધિકારીઓ જગ્યા માટે જરૂરી તમામ યોગ્યતા માપદંડ પરિપૂર્ણ કરતા હોવા જોઈએ.

(ખ) યોગ્ય ઉમેદવાર ઉપલભ્ય ન હોય ત્યાં સુધી જ જગ્યાઓ હંગામી રીતે ભરવામાં આવે છે.

(ગ) પગાર અને ભથ્થાની ચૂકવણી એનયુએલએમ અંતર્ગત ધોરણોને મર્યાદિત રહેશે. પગાર / ભથ્થા માટેની કોઈપણ વધારાની ચુકવણીનું ખર્ચ રાજય સરકાર અથવા યુએલબીએ કરવાનું રહેશે.

૧.૩.૪.૬ એનયુએલએમ દ્વારા સીએમએમયુને આપવામાં આવતી સહાય માત્ર ૫ વર્ષ સુધી જ મર્યાદિત રહેશે. પાંચ વર્ષ પછી શહેરી ગરીબી નાબુદી કાર્યક્રમોના અસરકારક અમલ માટે તેમની આંતરિક ક્ષમતાનું નિર્માણ શહેરોએ આ સમયગાળાની અંદર કરવાનું રહેશે.

૧.૩.૫ મિશન મેનેજમેન્ટ યુનિટ (એમએમયુ) ના તકનિકી નિષ્ણાતોની ભરતી પ્રક્રિયા અને કામગીરી સંચાલન

### ૧.૩.૫.૧ તકનીકિ નિષ્ણાતોની ભૂમિકા

તેમના જે તે વિશેષિત ક્ષેત્રમાં નિવેશ સામગ્રી અને સહાય પૂરી પાડવા માટે તમામ મિશન મેનેજમેન્ટ યુનિટ ખાતે તકનિકી નિષ્ણાતો રોકવામાં આવશે, જેઓ રાષ્ટ્રીય સ્તરે મિશન ડાયરેકટર, રાજય સ્તરે રાજય મિશન ડાયરેકટર અને શહેર સ્તરે સીટી પ્રોજેકટ ઓફિસર દ્વારા અસરકારક અને કાર્યક્ષમ અમલ માટે સહાય કરશે. તકનિકી નિષ્ણાત તેમના વિષય વિશેષતા સંબંધી માહિતી પૂરી પાડવા માટે મુખ્ય વ્યકિત ગણાશે અને તમામ સ્તરોએ એમએમયુનો હવાલો સંભાળતા નિયમિત સરકારી અધિકારીઓને રીપોર્ટ કરશે.

### ૧.૩.૫.૨ ભરતીની પધ્ધતિ

એસએમએમયુ અને સીએમએમયુ માટે જરૂરી તકનિકી નિષ્ણાતોની ભરતી જાહેરાત મારફત કરી શકાશે. રાજયોને એસએમએમુ અને સીએમએમયુ માટે તકનિકી નિષ્ણાતોની

પસંદગી માટે કડક પ્રક્રિયા હાથ ધરવાની સલાહ આપવામાં આવે છે. આ પ્રક્રિયામાં જાહેર ખબર (પેપર, જોબ, પોર્ટલ વગેરે) મારફત અરજીઓ મંગાવવી, નિયત માપદંડ અનુસાર યોગ્ય અરજીઓની પરખ, પસંદ કરેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા અને વ્યકિતગત મુલાકાતનો સમાવેશ થાય છે. રાજય, એસએમએમયુ અને સીએમએમયુ માટે તકનિકી નિષ્ણાતોની પરખ અને પસંદગી માટે રાજય મિશન ડાયરેકટરના વડપણ હેઠની એક પસંદગી સમિતિની નિમણૂક કરશે. આવાસન અનુે શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયના પ્રતિનિધિ રાજયએ ઘડેલી પસંદગી સમિતિના સભ્ય રહેશે.

૧.૩.૫.૩ **એનએમએમયુ / એસએમએમયુ /સીએમએમયુ માટે તકનિકી નિષ્ણાતોની સેવાઓ પૂરી પાડવા માટે સંસ્થા / સંગઠનની પસંદગી**

એનએમએસયુમાં તકનિકી નિષ્ણાતની સેવાઓ પૂરી પાડવા માટે રાષ્ટ્રીય સ્તરે બહારની સંસ્થા / સંગઠનનો વિકલ્પ ધ્યાનમાં લેવામાં આવશે. આજ રીતે, એસએમએમયુ અને સીએમએમયુમાં તકનિકી નિષ્ણાતોની સેવાઓ પૂરી પાડવા માટે રાજય / શહેર માટે વિશેષ શરતોમાં આપેલો ઉતમ વિકલ્પ જણાતો હોય તો રાજય બહારની સંસ્થાની નિમણૂક કરવાના વિકલ્પને ઉપયોગમાં લઈ શકશે. સ્રોત સંસ્થાની પસંદગી માટેનું માળખું જોડાણ–૬માં આપેલું છે.

**૧.૩.૫.૪ વળતર અને ભથ્થાં**

૧.૩.૫.૪.૧ ખુલ્લા બજારમાં યોગ્ય અનુભવ સાથેની ઉત્તમ બુધ્ધિમતાને આકર્ષવા માટે જગ્યા માટે નિયત કરેલા અનુભવો અને શૈક્ષણિક લાયકાત પરિપૂર્ણ કે તેવા રાષ્ટ્રીય સ્તર ખાતેના તકનિકી નિષ્ણાતને માસિક રૂા.૧૦૦,૦૦૦ નું મહતમ એકત્રિત વળતર આપવામાં આવશે.

૧.૩.૫.૪.૨ એસએમએમયુ સ્તરે નીમેલા તકનિકી નિષ્ણાતોને મહતમ રૂા.૭૫,૦૦૦ /–નું માસિક વળતર અને સીએમએમયુ સ્તરે નીમેલા તકનિકી નિષ્ણાતોને મહત્તમ રૂા.૬૦,૦૦૦નું માસિક વળતર આપવામાં આવશે.

૧.૩.૫.૪.૩ શહેર સ્તરે સીઓને રૂા.૧૦,૦૦૦નું માસિક વળતર આપવામાં આવશે.

૧.૩.૫.૪.૪. વળતર માટેની આ મહત્તમ મર્યાદા છે, જો કે રાજય / શહેર સ્તરે પ્રવર્તમાન બજાર સ્થિતિ અનુસાર આથી ઓછી રકમ ચૂકવી શકાશે.

૧.૩.૫.૪.૫ તકનિકી નિષ્ણાતોને ચૂકવાતા કુલ પગારના વધુમાં વધુ ૪૦% નો ઉપયોગ તકનિકી નિષ્ણાતો માટે કચેરી સહાયક જેમકે, હિસાબનીસ, ડેટા એન્ટ્રી ઓપરેટર, અનેક જાતની કામગીરી કરતા અધિકારીઓ માટે ટીએ, ડીએ, માટે એનએમએમયુ, એસએમએમયુ અને સીએમએમયુ ખાતે કરી શકાશે. તકનિકી નિષ્ણાતો માટે પ્રવાસ, રહેઠાણ અને ભોજન વગેરે માટેના ટીએ/ડીએ માટેના દર જે તે એનએમયુ નિયત કરશે.

૧.૩.૫.૪.૬ જરૂર જણાયે, બે વર્ષ પછી તકનિકી નિષ્ણાતોને ચૂકવેલા વળતરના દરોની સમીક્ષા કરી શકાય અને ચૂકવવામાં આવતા પગારના મહત્તમ ૧૦% ને અધીન તે સમયે પ્રવર્તમાન બજાર સ્થિતિ અનુસાર તેમાં સુધારો કરી શકાય છે.

## ૧.૩.૫.૫. તકનિકી નિષ્ણાતોની સેવાઓ ભાડે લેવી અને તેમની કામગીરી મૂલ્યાંકન

૧.૩.૫.૫.૧ સફળતાપૂર્વક ભરતી કરેલા તમામ તકનિકી નિષ્ણાતોને ૨ વર્ષ માટનો પ્રારંભિક કોન્ટ્રાકટ આપવો, જેમાં જોડાયાની તારીખથી ૬ મહિનાના સમયગાળો અજમાયશી સમયગાળો રહેશે. અજમાયશી સમયગાળા દરમિયાન જો કામગીરી સંતોષકારક ન હોય તો સંબંધિત સક્ષમ અધિકારીએ ઓછામાં ઓછા એક મહિનાનો નોટીસ પિરિયડ આપીને તકનિકી નિષ્ણાતોની સેવાઓની સમાપ્તિ કરવા સહિત કોઈ પણ યોગ્ય પગલાં લેવા

૧.૩.૫.૫.૨ તમામ એમએમયુ ખાતે બે વર્ષના અંતે તકનિકી નિષ્ણાતોની કામગીરીની તેમના મુખ્ય જવાબદારી ક્ષેત્રો સામે અને તેમના જે તે રીપોર્ટીગ અધિકારીઓ ( રાષ્ટ્રીય સ્તરે મિશન ડાયરેકટર, રાજય સ્તરે સ્ટેટ મિશન ડાયરેકટર અને શહેર સ્તરે સીટી પ્રોજેકટ ઓફિસર) દ્વારા વાર્ષિક કાર્ય યોજનાને આધારે સમીક્ષા કરવી. સંતોષજનક કામગીરીના આધારે, તકનિકી નિષ્ણાતો તેમના કરારના રીન્યુઅલ માટે પાત્ર બનશે.

## ૧.૩.૫.૬ તકનિકી નિષ્ણાતોની સેવાઓની સમાપ્તિ

એસયુએલએમ / યુએલબી સ્તરે વ્યકિતગત નીતિમાં નકકી કર્યા પ્રમાણે વિશ્વાસઘાત / અત્યંત ખરાબ વર્તણૂંક મુકરર કરેલ કામગીરીનું પાલન ન કરવું જેવી બાબતોમાં નોટીસ પિરિયડના સ્વરૂપમાં એક મહિનાનું વળતર આપીને તકનિકી નિષ્ણાતોની સેવાઓ તાત્કાલિક બંધ કરવી. આ સંબંધમાં યોગ્ય શરતો કરાર ખતમાં સમાવિષ્ટ કરવી.

## ૧.૪ રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે મિશન મેનેજમેન્ટ યુનિટ માટે તાલીમ અને અન્ય ક્ષમતા નિર્માણ સહાય.

૧.૪.૧ એનયુએલએમના અમલ માટે રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે સમયસર અને ગુણવત્તાયુકત સહાય પૂરી પાડવા માટે તાલીમ અને સમૂહથી અન્ય સમૂહ સુધીની જાણકારી / અભિવ્યકિત મુલાકાતો મારફત એમએમયુ ખાતે ઉચ્ચ ગુણવત્તાયુકત તકનિકી નિષ્ણાતો ની ટુકડીઓની રચના કરવાનું આવશ્યક છે.

૧.૪.૨ એમએમયુને ક્ષમતા નિર્માણ નિવેશ સામગ્રી પૂરી પાડવા માટે રાષ્ટ્રીય / રાજય સ્તરે યોગ્ય સસ્થાઓ નિશ્ચિત કરવામાં આવશે, બનાવવામાં આવશે અને કરાર કરવામાં આવશે. એનયુએલએમમાં સંકળાયેલા કમ્યુનિટી ઓર્ગેનાઈઝર અને રીસોર્સ ઓર્ગેનાઈઝર સહિત એમએમયુના તમામ ઘટકો માટે ક્ષમતા નિર્માણ નિવેશ સામગ્રી પૂરી પાડવામાં આવશે જેમાં કામગીરી અંગેની પ્રસ્તાવના અને સંસ્કરણ તાલીમ, અભિવ્યકિત મુલાકાતો, જાણકારી માટેના પ્રવાસો વગેરેનું આયોજન કરવું.

૧.૪.૩ ગરીબી નાબૂદી, કૌશલ્ય અને નિર્વાહ સાધન, સામાજિક વિકાસ અને સર્વગ્રાહી અભિગમ, સામુદાયિક ગતિશીલતા, ધિરાણ, બજાર વ્યવસ્થા, સંશોધન અને તાલીમ, સામાજિક ચકાસણી, એમઆઈએસ વગેરે જેવા વિવિધ વિષયવસ્તુ ક્ષેત્રોમાં મુખ્ય નિષ્ણાત જાણકારી અને અનુભવ પર આધારિત સંસ્થાઓ / સ્ત્રોત સંસ્થાની પસંદગી કરવામાં આવશે. સ્ત્રોત સંસ્થાઓ સ્ત્રોત વ્યકિતઓના જરૂરી સમુરચયની વ્યવસ્થા કરશે.

૧.૪.૪ જરૂર જણાયે, સ્ત્રોત સંસ્થાઓએ હાથ ધરેલા તાલીમ કાર્યક્રમમાં એનએમએમયુ અને એસએમએમયુ સ્ટાફનો સમાવેશ કરવામાં આવશે.

૧.૪.૫ એસએમએમયુ, તાલીમની કાર્યદક્ષતા અને ગુણવત્તાના દેખરેખ નિયંત્રણમાં સામેલ રહેશે.

૧.૪.૬ રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે એમએમયુ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ સહાય માટેનું માળખું જોડાણ–૭માં આપેલું છે.

## ૧.૫ ભંડોળની પધ્ધતિ

૧.૫.૧ કેન્દ્ર અને રાજયો વચ્ચે આ અંગભૂત ઘટક અંતર્ગતનું ભંડોળ ૭૫:૨૫ ના પ્રમાણમાં વહેંચવામાં આવશે. ખાસ વર્ગના રાજયો (અરૂણચલપ્રદેશ, આસામ, મણિપૂર, મેઘાલય,

મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપૂરા, જમ્મુ અને કશ્મિર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) ના કેસમાં આ પ્રમાણ કેન્દ્ર અને રાજયો વચ્ચે ૯૦:૧૦નું રહેશે.

૧.૫.૨ સીબીએન્ડ ટી અંગેનું કુલ ખર્ચ રાજય / સંઘપ્રદેશ માટે એનયુએલએમ અંતર્ગત કરેલી કુલ ફાવળણીના ૧૨% થી વધારે રાખવું નહી. રાજયએ કરેલા ખરેખર ખર્ચ હિસાબને ઘ્યાનમાં રાખીને એચયુપીએ મંત્રાલય રાજયમાં નિયુકત કરવાના તકનિકી નિષ્ણાતોની કુલ સંખ્યામાં ઘટાડો કરી શકશે. જેથી રાજયમાં મિશનના અન્ય ઘટકોની સરખામણીઓ સીબીએન્ડ ટી ઘટક અંગેનું ખર્ચ પ્રમાણ કરતાં વધારે થાય નહી.

૧.૫.૩ રાજય અને / અથવા શહેર સ્તરે ખાસ જરૂરિયાતને લગતા વધારાના તકનિકી નિષ્ણાતોની જરૂર પડે તેવી બાબતમાં, રાજયો એસયુએલએમ / યુએલબીને તેમના વળતર સંબંધી ખર્ચને પહોંચી વળવા માટે વધારાનું ભંડોળ પૂરું પાડશે.

## જોડાણ–૧

## એનએમએમયુ સ્તરે નિયુક્ત તકનિકી નિષ્ણાતોની વિગતો

નેશનલ મિશ મેનેજમેન્ટ યુનિટ (એનએમએમયુ) ને રાષ્ટ્રીય સ્તરે ૧૦ તકનિકી નિષ્ણાતો હશે. એનએમએમયુ સ્તરે તેમની જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

### ૧. રાષ્ટ્રીય સ્તર (૧૦ સભ્યોની ટૂકડી)

| ક્રમ નં. | વિગતો | જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | નેશનલ મિશન મેનેજર – સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ | ૩ |
| ૨ | નેશનલ મિશન મેનેજર – કૌશલ્ય અને નિર્વાહ સાધનો | ૩ |
| ૩ | નેશનલ મિશન મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો – ઉદ્યોગ સાહસો | ૧ |
| ૪ | નેશનલ મિશન મેનેજર –એચઆર અને ક્ષમતા નિર્માણ | ૧ |
| ૫ | નેશનલ મિશન મેનેજર – એમઆઈએસ અનેએમઈ | ૧ |
| ૬ | નેશનલ મિશન મેનેજર – સંદેશાવ્યવહાર અને જાણકારી વ્યવસ્થા | ૧ |
| | કુલ | ૧૦ |

**એનએમએમયુ જગ્યાઓ માટેના વિચારાર્થ મુદ્દા**

**૧. કાર્યક્ષેત્ર**

ઉપર્યુકત જગ્યાઓ માટે પસંદ કરાયેલી વ્યકિત એનએલએમના મિશન ડાયરેકટરને એનયુએલએમના જે તે અંગભૂત ભાગની સંકલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવામાં અને તેને કાર્યાન્વિત કરવામાં સહાય કરશે. જગ્યા પ્રારંભમાં બે વર્ષ માટે કરાર ધોરણે છે. કામગીરી મૂલ્યાંકનના આધારે દર બે વર્ષે કરારનું રીન્યુઅલ કરવામાં આવે છે. પદધારી એનયુએલએમના મિશન ડાયરેકટરને સીધેસીધો રીપોર્ટ કરશે. તે / તેણી એનયુએલએમના જે તે અંગભૂત ભાગ માટે રાજય સ્તરે જવાબદાર ટુકડીઓ સાથે જીણવટપૂર્વક કામ કરશે

અને તેમને સહાય કરશે. આ વ્યકિત એનયુએલએમનો અમલ કરતા રાજયોમાં વિસ્તૃત રીતે પ્રવાસ કરે તે જરૂરી રહેશે. તે / તેણી અંગ્રેજી અને હિન્દી બન્ને ભાષામાં લેખન અને વાતચીત પર સારું પ્રભુત્વ ધરાવતી હોવી જોઈએ. અન્ય કોઈ પણ પ્રાદેશિક ભાષાની જાણકારીને હકારાત્મક રીતે ગણતરીમાં લેવામાં આવશે.

## ૨. શૈક્ષણિક લાયકાત, અનુભવ અને ક્ષમતા

<table>
<tr><th>ક્રમ</th><th>જગ્યા</th><th>શૈક્ષણિક લાયકાત</th><th>અનુભવની વિગતો</th><th>ક્ષમતા</th></tr>
<tr><td>૧</td><td>નેશનલ મિશન મેનેજર – સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ</td><td rowspan="3">સરકાર માન્ય સંસ્થાઓમાંથી જોબની ભૂમિકા અને જવાબદારીઓને સંબંધિત કોઈ પણ શાખામાં મેનેજમેન્ટ / એમબીએમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા</td><td>માન્ય વિસ્તારં અને ધોરણના ગરીબી નાબૂદી કાર્યક્રમોવાળી સામાજિક વિકાસ કામગીરીમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ</td><td rowspan="3">વ્યકિત એમએસ ઓફિસની જાણકારી ધરાવતી હોવી જોઈએ ભાગીદારી સંચાલનમાં સ્વીકૃત ક્ષમતા હોવી જોઈએ, મજબૂત પૃથકકરણાત્મક, વૈચારિક અને વ્યૂહાત્મક વિચાર કૌશલ્ય ધરાવતી, મોટા પાયાના આયોજનનું સંચાલન કરવાની ક્ષમતા ધરાવતી, એમઆઈએસ વગેરેનું સંચાલન કરી શકે તેવી હોવી જોઈએ, સરકારી સંસ્થાઓ સાથે કામગીરીના અનુભવને પ્રથમ પસંદગી આપવામાં આવશે.<br>ઉપર્યુકત ક્ષમતા ઉપરાંત વ્યકિત કલાયન્ટ મેનેજમેન્ટમાં ધ્યાનપાત્ર ક્ષમતાઓ, ઉત્તમ વાતચીત કૌશલ્ય ધરાવતી મોટા પાયાની ભરતીનું સંચાલન કરવાની ક્ષમતા વાળી, વિષયવસ્તુ આધારિત ક્ષમતા નિર્માણ પ્રયુકિત અને મોડયુલ વગેરેનો વિકાસ કરી શકે તેવી હોવી જોઈએ.</td></tr>
<tr><td>૨.</td><td>નેશનલ મિશન મેનેજર – કૌશલ્ય અને નિર્વાહ સાધનો</td><td>માન્ય વિસ્તાર અને ધોરણના કૌશલ્ય તાલીમ અને નિયુકિત કાર્યક્રમોના અમલમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ</td></tr>
<tr><td>૩</td><td>નેશનલ મિશન મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો – ઉદ્યોગ</td><td>ગરીબી ઘટાડા કાર્યક્રમો / નાણાકીય સંસ્થાઓમાં ધિરાણ સંપર્ક કડી,</td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| | સાહસો | | સામાજિક સુરક્ષા અને અથવા માઈક્રો ઉદ્યોગ સાહસો અંગેની કામગીરીમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષનો અનુભવ | |
| ૪ | નેશનલ મિશન મેનેજર –એચઆર અને ક્ષમતા નિર્માણ | | રાષ્ટ્રીય / રાજય સ્તરના પ્રોજેકટમાં સ્ટાફની ભરતી, તાલીમ અને ક્ષમતા નિર્માણમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભ | |
| ૫ | નેશનલ મિશન મેનેજર – એમઆઈએસ અનેએમઈ | કમ્પ્યુટર સાયન્સમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / માસ્ટર્સ, એમએસસી (કમ્પ્યુટર સાયન્સ) બી.ટેક | ડિઝાઈનીંગમાં અને ખાસ કરીને ગરીબી ઘટાડા અને વિસ્તૃત વિકાસ પ્રોજેકટ માટે એમઆઈએસ અને એમઈના અમલમાં | ઉપર્યુકત ક્ષમતાઓ ઉપરાંત વ્યકિતમાં અત્યંત સારા દસ્તાવેજીકરણ કૌશલ્યો હોવા જોઈએ તેમજ રીપોર્ટ તૈયાર કરવામાં ઘણા સારા હોવા જોઈએ. પ્રોજેકટ મેનેજમેન્ટ સોફટવેર, ડેટાબૈજ મેનેજમેન્ટ સિસ્ટમ, વેબસાઈટ ડેવલપમેન્ટ અને મેનેજમેન્ટથી જાણકાર હોવી જોઈએ. |

| | | | | |
|---|---|---|---|---|
| | | (કમ્પ્યુટર સાયન્સ) અથવા સરકારી માન્ય સંસ્થા / યુનિવર્સિટીમાંથી એમસીએ | ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ તેમજ ડેટા એનાલીસીસ ટેકનિકની પૂરેપૂરી સમજ ધરાવતી હોવી જોઈએ. | |
| ૬ | નેશનલ મિશન મેનેજર – સંદેશાવ્યવહાર અને જાણકારી વ્યવસ્થા | બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા અથવા કમ્યુનિકેશન / પત્રકારત્વ / ડેવલપમેન્ટ કમ્યુનિકેશન અથવા સરકાર માન્ય સસ્થાઓમાંથી કામગીરીની ભૂમિકા અને જવાબદારીઓ સંબંધિત અન્ય કોઈ શાખામાં માસ્ટર્સ | રાષ્ટ્રીય / રાજય સ્તરના પ્રોજેકટ માટે ડેવલપમેન્ટ ઓફ કમ્યુનિકેશન અને નોલેજ મેનેજમેન્ટનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ | ઉપર્યુકત ક્ષમતાઓ ઉપરાંત વ્યકિત પબ્લીશીંગ સ્કીલ ધરાવતી હોવી જોઈએ. જેમના લેખ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સાયયિકોમાં પ્રસિધ્ધ થયા હોય તેવી વ્યકિતઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે. |

## ૩. મુખ્ય જવાબદારી ક્ષેત્રો

### ક) નેશનલ મિશન મેનેજર – સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ

સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ ઘટક માટેની, એનયુએલએમની આશ્રય અને સામાજિક આધાર વ્યવસ્થા બાબતો માટેની માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવામાં આવી છે અને રાજયોને ઉપલભ્ય કરાવવામાં આવી છે તેની ખાતરી કરવી.

- એનયુએલએમના સામાજિક ગતિશીલતા ઘટક અને આશ્રય અને સામાજિક આધારવ્યવસ્થા બાબતોના અમલ માટેના સમગ્ર કામગીરી આયોજન તૈયાર કરવા
- એનયુએલએમ દ્વારા નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓના અમલ માટે રાજયોને સવલતો પૂરી પાડવી.
- રાજય / સંઘપ્રદેશ સ્તરે એનયુએલએમના એસએમ એન્ડ આઈડી ઘટકો માટે જવાબદાર ટુકડીને સામુદાયિક ગતિશીલતા, સ્વસહાયજૂથો, ફેડરેશન, રીવોલ્વીંગ ફંડ, સીએલસી, શહેરી ફેરિયાઓ અને શહેરી ગરીબો માટે આશ્રય વગેરે બાબતોમાં તેમના ઉદેશો હાંસલ કરવા માટે સહાય અને માર્ગદર્શન
- સમગ્ર રાજયોમાં સ્વસહાય જૂથો એએલએફ અને સીએલએફની સ્થાપના કરવામાં આવી છે તે સુનિશ્ચિત કરવું
- એસએમએયુ અને સીએમએમયુ સ્ટાફ માટે હાથ ધરેલા ક્ષમતા નિર્માણ કાર્યક્રમમાં સ્રોત વ્યકિત તરીકે ભાગ લેવો (જરૂર હોય ત્યારે)
- એસએમએમયુ / સીએમએમયુના ક્ષમતા નિર્માણ / તેને સુગ્રાહી બનાવવામાં સ્રોત સંસ્થાઓને સહાય. તે / તેણી જયારે જરૂર જણાય ત્યારે, સામાજિક ગતિશીલતા, સામાજિક આધાર વ્યવસ્થા વગેરે સંબંધમાં ક્રોસ લર્નીગ વર્કશોપનું આયોજન કરીને ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ અંગે ધ્યાન રાખશે.
- એનયુએલએમના એસએમ એન્ડ આઈટી ઘટક, સીએલસી શહેરી ફેરિયાઓ, શહેરી ઘરવિહોણા માટે આશ્રયો અંગે હાથ ધરેલી તાલીમની ગુણવત્તા અંગે સમયાંતરે દેખરેખ નિયંત્રણ

- સ્ટેટ મિશન મેનેજમેન્ટ યુનિટને જરૂરિયાત આધારિત ટેકનિકલ સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- એનયુએલએમના અમલમાં સંબંધિત / વિભાગો સાથે યોગ્ય સંપર્ક માટે અને સામાજિક ગતિશીલતા અને સામાજિક આધાર વ્યવસ્થાના સંકલન માટે વ્યવસ્થા
- એસયુએલએમ દ્વારા સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ ઘટક, આશ્રય અને સામાજિક આધાર વ્યવસ્થાની માહિતી આપવામાં આવે છે તે બાબતે ખાતરી કરવી
- એનઅયુએલએમના સફળ અમલ માટે રાષ્ટ્રીય સ્તરે અન્ય નેશનલ મિશન મેનેજર સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- એનયુએલએમના અમલના દેખરેખ નિયંત્રણ માટે અને મુખ્ય નિરીક્ષણો માટે રાજયોમાં પ્રવાસ
- મિશન ડાયરેકટરને સામાજિક ગતિશીલતા અંગે રીપોર્ટ કરવો
- એનયુએલએમના મિશન ડાયરેકટરે સોંપેલા અન્ય કોઈ સંબંધિત કાર્યોનુ પાલન

**ખ. નેશનલ મિશન મેનેજર – કૌશલ્ય અને નિર્વાહ સાધનો**

- એનયુએલએમના ઈએસટી એન્ડ પી ઘટકો માટે માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવામાં આવી છે અને રાજયો માટે ઉપલભ્ય કરાવવામાં આવી છે તેની ખાતરી કરવી
- એનયુએલએમના ઈએસટી એન્ડ પી ઘટકના અમલ માટે સમગ્ર કાર્ય આયોજન તૈયાર કરવું
- એનયુએલએમ દ્વારા નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓના અમલ માટે રાજયોને સુવિધાઓ આપવી.
- રાજય / સંઘપ્રદેશ સ્તરે એનયુએલએમના સાર્વત્રિક નાણાકીય સમાવેશ (યુએફઆઈ) અને સ્વ રોજગાર કાર્યક્રમ (એસઈપી) માટે જવાબદાર ટુકડીને સ્વસહાય જૂથો અને તેના સભ્યો અને શહેરી ગરીબ ધ્વારા સ્થાપવામાં આવેલા માઈક્રો ઉદ્યોગ સાહસો માટે બેન્ક સંપકી બાબતમાં તેમના ઉદેશો સિધ્ધ કરવા સહાય અને માર્ગદર્શન
- એસએમએમયુ અને સીએમએમયુ સ્ટાફ માટે હાથ ધરેલા ક્ષમતા નિર્માણ કાર્યક્રમોમાં સ્રોત વ્યકિત તરીકે ભાગીદારી (જરૂર પડે ત્યારે)

- એનયુએલએમના સાર્વત્રિક નાણાકીય સમાવેશ (યુએફઆઈ) અને સ્વ રોજગાર કાર્યક્રમો (એસઈપી) અંગે હાથ ધરેલી તાલીમોની ગુણવતાનું સમયાંતરે દેખરેખ નિયંત્રણ
- સ્ટેટ મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂર આધારિત તકનિકી સભ્યો પૂરી પાડવા માટે જવાબદાર
- રાજયોની અંદર અથવા તેની બહાર સીએમએમયુના ક્ષમતા નિર્માણ / માનસિક સુસજજ કરવામાં સ્રોત સંસ્થાઓને સહાય તેણી/તે જયારે જરૂર જણાય ત્યારે શહેરી ગરીબ અને અન્ય કેઆરએને નાણાકીય જાણકારી આપવા સંબંધી ક્રોસ લર્નીંગ વર્ક શોપનું આયોજન કરવામાં ક્ષમતા નિર્માણ મોડયુલ વિકાસ અંગે ધ્યાન રાખશે.
- એનયુએલએમના અમલમાં સંબંધિત સંસ્થાઓ / વિભાગો સાથે યોગ્ય સંપર્ક માટેની અને સાર્વત્રિક નાણાકીય સમાવેશ અને સ્વરોજગાર કાર્યક્રમ એજન્ડાના સંકલન માટેની વ્યવસ્થા
- એસએલએમયુ ધ્વારા સાર્વત્રિક નાણાકીય સમાવેશ (યુએફઆઈ) અને સ્વરોજગાર કાર્યક્રમ (એસઈપી) ની માહિતી આપવામાં આવી છે તેની ખાતરી કરવી
- એનયુએલએમના સફળ અમલ માટે અન્ય નેશનલ મિશન મેનેજર સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- સાર્વત્રિક નાણાકીય સમાવેશ (યુએફઆઈ) અને સ્વરોજગાર કાર્યક્રમ (એસઈપી) અંગે એનયુએલએમના મિશન ડાયરેકટરને માહિતી આપવી.
- એનયુએલએમના મિશન ડાયરેકટરે સોંપેલા અન્ય કોઈપણ સંબંધિત કાર્યનો અમલ

**ઘ) નેશનલ મિશન – મેનેજર એમઆઈએસ એન્ડ એમઈ**

- એનયુએલએમનો અમલ કરતા રાજયોને એમઆઈએસ અને એમઈનું માળખું ઉપલભ્ય થાય તે સુનિશ્ચિત કરાવવું.
- એનયુએલએમના એમઆઈએસ અને એમઈ ઘટકોના અમલ માટે સમગ્ર કાર્ય યોજનાનો વિકાસ
- રાજયોને સુવિધા આપવી અને રાજય સ્તરે એમઆઈએસના યોગ્ય અમલની ખાતરી કરવી, શહેરોમાંથી માહિતીનું સકલન અને તેની રાષ્ટ્રીય સ્તરે રજૂઆત.
- યોજનાના વાસ્તવિક સમય દેખરેખ નિયંત્રણ માટે રાજયોની ક્ષેત્ર મુલાકાતો હાથ ધરવી.

- એસએમએમયુ અને સીએમએમયુ સ્ટાફ માટે હાથ ધરેલા ક્ષમતા નિર્માણ કાર્યક્રમમાં સ્રોત વ્યક્તિ તરીકે ભાગ લેવો (જરૂર જણાય ત્યારે)
- સ્ટેટ મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂરિયાત આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- એમઆઈએસ અને એમએન્ડ ઈના અમલમાં એસએમએમયુ / સીએમએમયુના ક્ષમતા નિર્માણને સહાય. તે / તેણી એમઆઈએસ વગેરે સંબંધી ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ માટે દેખરેખ રાખશે.
- પાયાના સ્તરના અભ્યાસ, એમપીઆર, પ્રક્રિયા દસ્તાવેજીકરણ વગેરે જેવી માહિતી અને રીપોર્ટીગ પધ્ધતિના સમગ્ર કાર્યક્ષેત્ર સુનિશ્ચિત કરાવવા રાજયોને સુવિધા
- એનયુએલએમના સફળ અમલ માટે રાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રીય મિશન મેનેજર સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- એનયુએલએમના મિશન ડાયરેકટરને એમઆઈએસ અને એમઈ ઘટકો અંગે જાણ
- એનયુએલએમના મિશન ડાયરેકટરે નિર્ધારિત કરેલા અન્ય કોઈ પણ કાર્યોનું પાલન.

**(ચ) નેશનલ મિશન મેનેજર – એચઆર અને ક્ષમતા નિર્માણ**

- એનયુએલએમના એચઆર અને સીબી એન્ડ ટી ઘટક માટેના માર્ગદર્શક સૂચનો તૈયાર કરવામાં આવ્યા છે અને રાજયોને ઉપલભ્ય કરાવવામાં આવ્યા છે તેની ખાતરી કરવી.
- એનયુએલએમના એચઆર અને સીબી એન્ડ ટી ઘટકોના અમલ માટે સમગ્ર કાર્યયોજનાનો વિકાસ
- તમામ રાજયોમાં એસઅમેએમયુ માળખાની સ્થાપના કરવામાં આવી છે તે સુનિશ્ચિત કરવું
- એનયુએલએમ દ્વારા નિયત કરેલા માર્ગદર્શક સૂચનાઓના અમલ માટે રાજયોને સવલત પૂરી પાડવી.
- રાજય / સંઘ પ્રદેશ સ્તરે એનયુએલએમના તાલીમ અને ભરતી વગેરે બાબતમાં સીબી એન્ડ ટી ઘટકો માટે જવાબદાર ટુકડીને સહાય અને માર્ગદર્શન
- એસએમએમયુ અને સીએમએમયુ સ્ટાફ માટે હાથ ધરેલા ક્ષમતા નિર્માણ કાર્યક્રમોમાં સ્રોત વ્યક્તિ તરીકે સહભાગિતા (જરૂર જણાશે)

- રાજયોની અંદર કે તેની બહાર એસએમએમયુના ક્ષમતા નિર્માણ / માનસિક સુસજજતા માં સ્રોત સંસ્થાઓને સહાય તે / તેણી ક્રોસ લર્નીગ વર્કશોપની વ્યવસ્થા કરતા ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ માટે પણ ઘ્યાન રાખશે.
- સ્ટેટ મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂરિયાત આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- એનયુએલએમના સ્ટાફ અને અન્ય ધારકોની ક્ષમતાઓને સુદઢ બનાવવાના હેતુસર સંબંધિત સંસ્થા / વિભાગો સાથે યોગ્ય સંપર્કની વ્યવસ્થા
- એચએલએમયુ દ્વારા સીબીએન્ડ ટી ઘટક અંગે માહિતી આપવામાં આવી છે તેની ખાતરી કરવી.
- એનયુએલએમના સફળ અમલ માટે રાષ્ટ્રીય સ્તરે અન્ય રાષ્ટ્રીય મિશન મેનેજરો સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- એનયુએલએમના અમલના દેખરેખ નિયંત્રણ માટે અને મુખ્ય નિરિક્ષણો પૂરાં પાડવા માટે રાજયોમાં પ્રવાસ
- મિશન ડાયરેકટર, એનયુએલએમને સીબીએન્ડ ટી ઘટક અંગે માહિતી આપવી.
- એનયુએલએમના મિશન ડાયરેકટરે સોંપેલ અન્ય કોઈપણ સંબંધિત કાર્યોનો અમલ

**(છ) નેશનલ મિશન મેનેજર – સંદેશાવ્યવહાર અને જાણકારી વ્યવસ્થા**

- એનયુએલએમમાં સંદેશાવ્યવહાર અને જાણકારી માટેનું માળખું તૈયાર કરવું અને કાર્યાન્વિત કરવું
- રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પ્રણાલીઓના દસ્તાવેજીકરણ માટે સમગ્ર વ્યૂહરચના ઘડવી.
- શહેરી ગરીબી, નિર્વાહ સાધનોને ઉત્તેજન, કૌશલ્ય વર્ધન અને એનયુએલએમ સંબંધિત અન્ય વિવિધ વિષયવસ્તુઓ અંગે માહિતી, કેસ સ્ટડી, સંશોધન પ્રકાશન, ઉત્તમ પ્રણાલીઓ (સ્વદેશી અને  આંતરરાષ્ટ્રીય) વગેરેનો સંગ્રહ કરવો
- એનયુએલએમની જાણકારી વ્યવસ્થા માટે જવાબદાર અને રાજય / સંઘપ્રદેશ સ્તરે માહિતી આપતી ટુકડીઓને સહાય અને માર્ગદર્શન

- એસએમએમયુ અને સીએમએમયુ સ્ટાફ માટે હાથ ધરેલા ક્ષમતા નિર્માણ કાર્યક્રમમાં સ્રોત વ્યકિત તરીકે ભાગીદારી (જયારે જરૂર હોય ત્યારે)
- સ્ટેટ મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂરિયાત આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર.
- એનયુએલએમના સફળ અમલ માટે રાષ્ટ્રીય સ્તરે નેશનલ મિશન મેનેજર સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- એનયુએલએમના રાજયોનો પ્રવાસ અને તેના મુખ્ય નિરીક્ષણો પૂરાં પાડવા
- એનયુએલએમના મિશન ડાયરેકટરને સંદેશાવ્યવહાર અને જાણકારી વ્યવસ્થા પહેલ અંગે માહિતગાર કરવા
- એનયુએલએમના મિશન ડાયરેકટર સોપેલા અન્ય કોઈપણ  સંબંધિત કાર્યોનું પાલન

# જોડાણ–૨

## મોટા અને નાના શહેરોની યાદી

| ક્રમ | મોટા શહેરો | નાના શહેરો / સંઘશાસિત પ્રદેશો |
|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | અરૂણાચલપ્રદેશ |
| ૨ | આસામ | ગોવા |
| ૩ | બિહાર | હિમાચલપ્રદેશ |
| ૪ | છત્તીસગઢ | જમ્મુ કશ્મિર |
| ૫ | ગુજરાત | મણિપુર |
| ૬ | હરિયાણા | મિઝોરમ |
| ૭ | ઝારખંડ | મેઘાલય |
| ૮ | કર્ણાટક | નાગાલેન્ડ |
| ૯ | કેરળ | સિક્કિમ |
| ૧૦ | મહારાષ્ટ્ર | ત્રિપૂરા |
| ૧૧ | મધ્યપ્રદેશ | ઉત્તરાંચલ |
| ૧૨ | ઓરિસ્સા | આંદામાન અને નિકોબાર ટાપુઓ |
| ૧૩ | પંજાબ | ચંદીગઢ |
| ૧૪ | રાજસ્થાન | દાદર અને નગર હવેલી |
| ૧૫ | તામિલનાડુ | દમણ અને દીવ |
| ૧૬ | ઉત્તરપ્રદેશ | લક્ષદ્વીપ |
| ૧૭ | પશ્ચિમ બંગાળ | પુડિચેરી |
| ૧૮ | દિલ્હી | |

## જોડાણ–૩

## એસએમએમયુ સ્તરે નિયુક્ત તકનિકી નિષ્ણાતોની વિગતો

રાજય મિશન મેનેજમેન્ટ યુનિટ (એસએમએમયુ) માં મોટા રાજયોમાં ૬ (છ) નિષ્ણાતો અને નાના રાજયો / સંઘ્રપ્રદેશોમાં ૪ (ચાર) નિષ્ણાતો રાખવામાં આવશે. મોટા અને નાના રાજયોની યાદી જોડાણ ૨ ક પ૨ આ જોડાણના અંતે આપવામાં આવી છે જોકે રાજયો કાર્યક્રમમાં તકનિકી નિષ્ણાતો માટેની જરૂરિયાતના આધારે તેમની પોતાની યાદી તૈયાર કરી શકે છે. એસએમએમયુ સ્તરની જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| મોટા રાજયો (૬ સભ્યોની ટુકડી) | નાના રાજયો (૪ સભ્યોની ટુકડી |
|---|---|
| ૧. સ્ટેટ મિશન મેનેજર – સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ | ૧. સ્ટેટ મિશન મેનેજર – સામાજિક ગતિશીલતા અને આધાર વ્યવસ્થા |
| ૨. સ્ટેટ મિશન મેનેજર – આશ્રય અને સામાજિક આધાર વ્યવસ્થા | ૨. સ્ટેટ મિશન મેનેજર – કૌશલ્ય અને આધાર વ્યવસ્થા |
| ૩. સ્ટેટ મિશન મેનેજર – કૌશલ્ય અને નિર્વાહ સાધન | ૩. સ્ટેટ મિશન મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો ઉદ્યોગ સાહસ |
| ૪. સ્ટેટ મિશન મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો ઉદ્યોગ સાહસ | ૪. સ્ટેટ મિશન મેનેજર – એમઆઈએસ અને એમઈ |
| ૫. સ્ટેટ મિશન મેનેજર – એમઆઈએસ અને એમઈ | |
| ૬. સ્ટેટ મિશન મેનેજર –એચઆર અને ક્ષમતા નિર્માણ | |

**એસએમએમયુ જગ્યાઓ માટે વિચારાર્થ મુદ્દા**

**૧. કાર્યક્ષેત્ર**

આ જગ્યાઓ માટે પસંદ કરાયેલી વ્યકિત રાજય સ્તરે એનયુએલએમના જે તે અંગભૂત ભાગોને કાર્યાન્વિત કરવામાં એસયુએલએમના સ્ટેટ મિશન ડાયરેકટરને સહાય કરશે. જગ્યા પ્રારંભમાં બે વર્ષ માટે કરાર ધોરણે છે. કામગીરી મૂલ્યાંકનના આધારે દર બે વર્ષે કન્ટ્રાકટને રીન્યુ

કરવામાં આવે છે. પદધારી સીધેસીધુ સ્ટેટ મિશન ડાયરેકટર, એસયુએલએમને માહિતી આપશે. તેણી / તે બારીકાઈપૂર્વક કામગીરી બજાવશેઅને એનયુએલએમના જે તે ઘટકો માટે શહેર સ્તરે જવાબદાર ટૂકડીઓને સહાય કરશે. વ્યકિત રાજયના એનયુએલએમ શહેરોમાં વ્યાપક પ્રમાણમાં પ્રવાસ કરે તે જરૂરી છે. વ્યકિત અંગ્રેજી અને પ્રાદેશિક બન્ને ભાષામાં લેખન અને વાતચીત પર સારું પ્રભુત્વ ધરાવતી હોવી જોઈએ.

## ૨. શૈક્ષણિક લાયકાત અને અનુભવ અને ક્ષમતા

| અ.નં. જગ્યા / હોદ્દો | શૈક્ષણિક અને અનુભવની વિગતો | ક્ષમતા |
|---|---|---|
| ૧. સ્ટેટ મિશન મેનેજર – સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા /એમબીએ અથવા પાંચ ર્વાના અનુભવ સહિત અન્ય કોઈપણ સંબંધિત શાખામાં માસ્ટર્સ અથવા સરકારી માન્ય સંસ્થામાંથી સ્નાતક સહિત માન્ય કદ અને ધોરણના ગરીબી ઘટાડા કાર્યક્રમોવાળા સામાજિક વિકાસ કાર્યમાં ૮ વર્ષનો અનુભવ | |
| ૨. સ્ટેટ મિશન મેનેજર– આશ્રય અને સામાજિક આધાર વ્યવસ્થા | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / એમબીએ અથવા અન્ય કોઈપણ સંબંધિત શાખામાં માસ્ટર્સ સહિત પાંચ વર્ષનો અનુભવ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી સ્નાતક સહિત સામાજિક વિકાસ અને મહેકમ દેખરેખ નિયંત્રણ / સમુદાય આધાર વ્યવસ્થા માળખાની જાળવણી જેવા મુદાઓ સામેલ હોય તેના ગરીબી ઘટાડા કાર્યક્રમમાં ૮ વર્ષનો અનુભવ | |
| ૩. સ્ટેટ મિશન મેનેજર – કૌશલ્યો અને નિર્વાહ સાધનો | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / એમબીએ અથવા અન્ય કોઈપણ સંબંધિત શાખામાં માસ્ટર્સ સહિત પાંચ વર્ષનો અનુભવ અથવા સરકારી માન્ય સંસ્થામાંથી સ્નાતક સાથે માન્ય કદ અને ધોરણના કૌશલ્ય તાલીમ અને નિયુકિત કાર્યક્રમોના અમલમાં ૮ વર્ષનો અનુભવ | |
| ૪. સ્ટેટ મિશન મેનેજર – નાણાીય સમાવેશ અને માઈક્રો | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / એમબીએ અથવા અન્ય કોઈપણ સંબંધિત શાખામાં માસ્ટર્સ સહિત ૫ વર્ષના અનુભવ અથવા | |

| | | |
|---|---|---|
| ઉદ્યોગ સાહસ | સરકારી માન્ય સંસ્થાઓમાં સ્નાતક સહિત ગરીબી ઘટાડા કાર્યક્રમો / નાણાકીય સંસ્થાઓમાં ધિરાણ સંપર્ક સમાજિક સુરક્ષા અને / અથવા માઈક્રો ઉદ્યોગ સાહસો અંગેનું કામ કરવાનો ૮ વર્ષનો અનુભવ | |
| ૫.સ્ટેટ મિશન મેનેજર– એચઆર અને ક્ષમતા નિર્માણ | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / એમબીએ અથવા અન્ય કોઈપણ સંબંધિત શાખામાં માસ્ટર્સ સાથે ૫ વર્ષનો અનુભવ અથવા સરકારી માન્ય સસ્થામાંથી સ્નાતક સહિત સ્ટાફ ભરતી, તાલીમ અને રાજય કક્ષાના પ્રોજેકટમાં ક્ષમતા નિર્માણ કામગીરીનો ૮ વર્ષનો અુભવ | |
| ૬. સ્ટેટ મિશન મેનેજર – એમઆઈએસ અને એમઈ | બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર્સ, એમએમસી (કમ્પ્યુટર સાયન્સ) બી.ટેક (કમ્પ્યુટર સાયન્સ) અથવા સરકાર માન્ય સંસ્થા / યુનિવર્સિટીમાંથી એમસીએ સહિત ડિઝાઈનીંગમાં અને વિસ્તૃત વિકાસ પ્રોજેકટ, ખાસ કરીને ગરીબી ઘટાડા પ્રોજેકટ માટે એમઆઈએસ અને એમઈના અમલમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ અને ડેટા પૃથકકરણ તકનીકની સંપૂર્ણ જાણકારી. | |

## ૩. મુખ્ય જવાબદારી ક્ષેત્રો

## (ક) રાજય મિશન મેનેજર – સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ

- એનયુએલએમએ નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓનું પાલન રાજયો અને શહેરો કરે તેની ખાતરી કરવી.
- રાજયમાં સામાજિક ગતિશીલતા ઘટકના અમલ માટે કાર્ય યોજનાનો વિકાસ
- સામુદાયિક ગતિશીલતા, સ્વ સહાય જૂથો, ફેડરેશન અને રીવોલ્વીંગ ફંડની બાબતમાં રાજયોની એસએમએન્ડ આઈટી ઉદેશો માટે જવાબદાર
- એનયુએલએમ અંતર્ગત સ્રોત સંગઠનો નકકી કરવા અને તેમની પેનલ બનાવવી.
- રાજયના તમામ શહેરોમાં સ્વસહાય જૂથો એએલએફ અને સીએલએફની રચના થઈ છે તેની ખાતરી કરવી
- તકનિકી અને ક્ષમતા નિર્માણ સ્રોત સંસ્થાઓ નકકી કરવી તેમની સાથે નિયમિત આંતર વ્યવહાર કરવો અને એનયુએલએમના અમલમાં તેમને સાંકળવા
- શહેર મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂર આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- રાજયોની અંદર સીએમએમયુના ક્ષમતા નિર્માણ / માનસિક સુસજજતા માટે સ્રોત સંસ્થાઓને સહાય. તે / તેણી જયારે જરૂર પડે ત્યારે કેઆરએ સંબંધિત ક્રોસ લર્નીગ વર્કશોપની વ્યવસ્થા કરીને ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ પર ઘ્યાન રાખશે.
- સંબંધિત સંસ્થાઓ / વિભાગો સાથે યોગ્ય સંપર્કની ગોઠવણી અને એનયુએલએમના અમલમાં સામાજિક ગતિશીલતા એજન્ડાનું સંકલન
- સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ ઘટકની જાણકારી આપવામાં આવી છે તેની ખાતરી કરવી.
- એનયુએલએમના સફળ અમલ માટે રાજય સ્તરે રાજય મિશન મેનેજર સાથે જીણવટપૂર્વક કામગીરી
- સ્ટેટ મિશન ડાયરેકટર, એસયુએલએમ એ સોંપેલી અન્ય કોઈપણ સંબંધિત કામગીરીનું પાલન

## (ખ) સ્ટેટ મિશન મેનેજર – આશ્રય અને સામાજિક આધાર વ્યવસ્થા

- એનયુએલએમ દ્વારા નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓનું પાલન શહેરોએ કર્યુ છે તેની ખાતરી કરવી.
- રાજયમાં સીએલસીનું આયોજન સ્થાપના અને કાર્યાન્વિત કરવું
- રાજયમાં યુએસવી અને એસયુએચ ઘટકોના અમલની ખાતરી કરવી
- સીએલસીના ઉત્તેજન માટે સંગઠનોની સવલતો નકકી કરવી અને જાહેર ખાનગી ભાગીદારીના ધોરણે તેનો અમલ
- સીએલસી, ફેરિયા બજારવ્યવસ્થા અને શહેરી ઘરવિહોણા માટે આશ્રય સંબંધમાં યુએલબી સાથે જીણવટપૂર્વક કામગીરી
- તમામ શહેરી ફેરિયા વિકાસ યોજના તૈયાર કરવામાં આવી છે અને શહેર સ્તરે કાર્યાન્વિત કરવામાં આવી છે તેની ખાતરી કરવી
- સીટી મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂર આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- રાજય સ્તરે અસરકારક સંકલન અને મિશનના અમલ માટે સામાજિક આધારવ્યવસ્થા એજન્ડાના સંકલન માટે અન્ય વિભાગો સાથે સંપર્ક સુનિશ્ચિત કરવા માટે જવાબદાર.
- રાજયોની અંદર અથવા દરેક જગ્યાએ સીએમએમયુના ક્ષમતા નિર્માણ / માનસિક સુસજજતા માટે સ્રોત સંસ્થાઓને સહાય. તે / તેણી જયારે જરૂર જણાય ત્યારે કેઆરએ સંબંધિત ક્રોસ લર્નીગ વર્કશોપનું આયોજન કરવા માટે ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ પર ધ્યાન રાખશે.
- કેઆરએ વિરુધ્ધની માહિતી અંગેની ખાતરી કરવી
- એનયુએલએમના સફળ અમલ માટે રાજય સ્તરે અન્ય સ્ટેટ મિશન મેનેજર સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- એસયુએલએમના સ્ટેટ મિશન ડાયરેકટરે સોંપેલા અન્ય કોઈપણ સંબંધિત કાર્યોનું પાલન

**(ગ) સ્ટેટ મિશન મેનેજર – કૌશલ્ય અને નિર્વાહ સાધન**

- રાજયો અને શહેરોએ એનયુએલએમ દ્વારા નિયત કરેલી ઈએસટી અને પી માર્ગદર્શક સૂચનાઓનું પાલન કર્યું છે તેની ખાતરી કરવી
- રાજયોમાં દરેક જગ્યાએ ઈએસટી એન્ડ પી એજન્ડા માર્ટ કાર્ય યોજના તૈયાર કરવી.
- રાજયના ઈએસટી એન્ડ પી ઉદેશો માટે જવાબદાર
- અધિકૃતિ અને પ્રમાણીકરણ માટે કુશળ તાલીમ પૂરી પાડનાર, સંસ્થાઓ નકકી કરવી અને તેની યાદી બનાવવા માટે જવાબદાર
- સામેલ થયેલી એસટીપી અને અન્ય સંસ્થાઓનું દેખરેખ નિયંત્રણ અને કામગીરી ગુણવત્તા
- સીટી મિશન મેનેજમેન્ટ યુનિટને જરૂર આધારિત સહાય આપવા માટે જવાબદાર
- સીએમએમયુના ક્ષમતા નિર્માણ / માનસિક સુસજ્જતા માટે સ્રોત સંસ્થાને સહાય. તે / તેણી જયારે જરૂર જણાય ત્યારે કેઆરએ સંબંધિત ક્રોસ લર્નીગ વર્કશોપ ગોઠવીને ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ પર દેખરેખ રાખશે.
- ઉદ્યોગ સંસ્થાઓ, કૌશલ્ય વિકાસ મિશન, ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સીલ, તેને સુસંગત કાર્ય કરતા વિભાગો, સ્રોત સંસ્થાઓ અને અન્ય સંબંધિત સંસ્થાઓ સાથે સંપર્કની ખાતરી કરવી
- કેઆરએ વિરુધ્ધની માહિતીની ખાતરી કરવી
- એનયુએલએમના સફળ અમલ માટે રાજય સ્તરે સ્ટેટ મિશન મેનેજર સાથે જીળવટપૂર્વક કામગીરી
- સ્ટેટ મિશન ડાયરેકટર, એસયુએલએમ એ સોંપેલા અન્ય કોઈ પણ સંબંધિત કાર્યોનું પાલન

**(છ) સ્ટેટ મિશન મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો ઉદ્યોગ સાહસ**

- રાજયો અને શહેરોએ એનયુએલએમએ નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓનું પાલન કર્યું છે તેની ખાતરી કરવી
- સમગ્ર શહેરમાં સાર્વત્રિક નાણાકીય સમાવેશ અને સ્વરોજગાર કાર્યક્રમ એજન્ડા માટે કાર્ય યોજના તૈયાર કરવી
- રાજયના યુએફઆઈ અને એસઈપી ઉદેશો માટે જવાબદાર
- સ્વસહાય જૂથો અને તેના સભ્યો માટે બેન્ક સંપર્ક સુનિશ્ચિત કરવો

- શહેરી ગરીબે સ્થાપેલા માઈક્રો ઉદ્યોગ સાહસ માટે ધિરાણની સવલત
- સીટી મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂર આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર.
- રાજયોની અંદર અથવા સમગ્ર રાજયમાં ક્ષમતા નિર્માણ / માનસિક સુસજજતા માટે સ્રોત સંસ્થાઓને સહાય તેણી / તે જરૂર જણાયે શહેરી ગરીબ અને અન્ય કેઆરએને નાણાકીય જાણકારી આપવા સંબંધી ક્રોસ લર્નીગ વર્કશોપ ગોઠવીને ક્ષમતા નિર્માણ મોડયુલ અંગે દેખરેખ રાખશે.
- સંબંધિત સંસ્થાઓ / વિભાગો સાથે યોગ્ય સંપર્ક માટે ગોઠવણી અને એનયુએલએમના સાર્વત્રિક નાણાકીય સમાવેશ અને સ્વરોજગાર કાર્યક્રમ એજન્ડાનુ સંકલન
- કેઆરએ વિરુધ્ધ મળતી માહિતીની ખાતરી કરવી
- એનયુએલએમના સફળ અમલ માટે રાજય સ્તરે સ્ટેટ મિશન મેનેજરો સાથે જીણવટપૂર્વક કામગીરી
- સ્ટેટ મિશન ડાયરેકટર, એસયુએલઅમે ધ્વારા સોંપવામાં આવતી કામગીરીનું પાલન

**(ચ) સ્ટેટ મિશન મેનેજર – એમઆઈએસ અને એમઈ**

- એનયુએલએમના ઘટકોના દેખરેખ નિયંત્રણ માટે કાર્ય યોજના તૈયાર કરવી.
- રાજય કક્ષાએ એમઆઈએસના યોગ્ય અમલ સુનિશ્ચિત કરવા માટે શહેરોમાં સર્વત્ર માહિતીનું સંકલન અને તેને રાષ્ટ્રીય સ્તરે રજુઆત માટે જવાબદાર
- યોજનાના વાસ્તવિક સમયના દેખરેખ નિયંત્રણ માટે શહેરો / યુએલબીની ક્ષેત્ર મુલાકાત હાથ ધરવી
- રાજય સ્તરે પાયાના સ્તર સુધી કાર્યક્રમ પહોંચાડવા માટેના પ્રવેશમાર્ગ માટે યુએલબી (સીએમએમયુ) દ્વારા સમયસર માહિતી રજૂ કરવામાં આવી છે તેની ખાતરી કરવી.
- સીટી મિશન મેનેજમેન્ટ યુનિટોને જરૂરિયાત આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર

- એમઆઈએસ અને એમઈના અમલમાં રાજયની અંદર અથવા સમગ્ર રાજયમાં સીએમએમયુના ક્ષમતા નિર્માણને સહાય. તે / તેણી પણ એમઆઈએસ વગેરે સંબંધિત ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ અંગે દેખરેખ રાખશે.
- પાયાનો અભ્યાસ, એમપીઆર, પ્રક્રિયા દસ્તાવેજીકરણ વગેરે જેવી તમામ દેખરેખ નિયંત્રણ અને રીપોર્ટીગ સિસ્ટમ નું પાલન સુનિશ્ચિત કરવું
- એનયુએલના સફળ દેખરેખ નિયંત્રણ માટે રાજય સ્તરે સ્ટેટ મિશન મેનેજર સાથે ધ્યાનપૂર્વક કામગીરી
- સ્ટેટ મિશન ડાયરેકટર, એસયુએલએમ એ સોંપેલા અન્ય કોઈપણ સંબંધિત કાર્યોનું પાલન.

**(છ) સ્ટેટ મિશન મેનેજર – એચઆર અને ક્ષમતા નિર્માણ**

- રાજય અને શહેરોએ એનયુએલએમ દ્વારા નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓનું પાલન કર્યુ છે તેની ખાતરી કરવી
- રાજયમાં સીબી અને ટી ઘટકના અમલ માટે કાર્ય યોજના તૈયાર કરવી
- રાજયમાં સીબી અને ટી ઉદેશો માટે જવાબદાર
- રાજયમાં તમામ શહેરોમાં સર્વત્ર સીએમએમયુ માળખાની સ્થાપના થઈ છે અને તેમાં કર્મચારીવર્ગ લેવામાં આવે છે તેની ખાતરી કરવી
- તકનિકી અને ક્ષમતા નિર્માણ સ્ત્રોત સંસ્થાઓ નિશ્ચિત કરવી તેમની સાથે નિયમિત રીતે કામગીરી અંગે વાતચીત કરવી અને તેમને એનયુએલએમના ધારકોની ક્ષમતા નિર્માણ કરવામાં સાંકળવા
- સીટી મિશન મેનેજમેન્ટને જરૂર આધારિત તકનિકી સહાય આપવા માટે જવાબદાર
- રાજયોની અંદર અથવા સમગ્ર રાજયમાં ક્ષમતા નિર્માણ / સીએમએમયુ માટે માનસિક સુસજ્જ કરવા માટે સ્ત્રોત સંસ્થાઓને સહાય. તેણી / તે જયારે જરૂર જણાય ત્યો કેઆરએ સંબંધિત ક્રોસ લર્નીગ વર્કશોપનું આયોજન કરીને ક્ષમતા નિર્માણ મોડયુલના વિકાસ પર દેખરેખ રાખશે.
- એનયુએલએમના સ્ટાફ અને અન્ય ધારકોની ક્ષમતાને સુદઢ બનાવવા હેતુસર સંબાધિત સંસ્થાઓ / વિભાગો સાથે યોગ્ય સંપર્ક કરવા માટેની વ્યવસ્થા

- કેઆરએ વિરુઘ્ઘ જાણ કરવી
- એનયુએલએમના સફળ અમલ માટે રાજય સ્તરે સ્ટેટ મિશન મેનેજર સાથે જીપવટપૂર્વક કામગીરી
- સ્ટેટ મિશન ડાયરેકટર, એસયુએલએમ દ્વારા સોંપેલા અન્ય કોઈપણ સંબંધિત કાર્યોનું પાલન

## જોડાણ–૪

## તકનિકી નિષ્ણાત (પરામર્શક) માટે કરારનો નમૂનો

આ કરાર પ્રથમ પક્ષકાર તરીકે <કચેરી સરનામું > ખાતે <રજિસ્ટ્રેશન અને અધિનિયમનો પ્રકાર> હેઠળ પોતાની રજિસ્ટર્ડ કચેરી ધરાવતા <સંગઠનનું નામ> (અહી હવે પછી જેનો ઉલ્લેખ (ટૂંકું નામ) તરીકે કરવામાં આવશે અને વિષય કે સંદર્ભથી વિરુધ્ધ કશું ન હોય તો તેમાં તેના ઉત્તરાધિકારી, પ્રતિનિધિ, એજન્ટ, મુખત્યાર અને નામે કરનારનો સમાવેશ થાય છે.) અને બીજા પક્ષકાર તરીકે <સરનામુ> ખાતે પોતાનું નિવાસસ્થાન ધરાવતા <તકનિકી નિષ્ણાતોનું નામ> (અહી હવે પછી જેનો ઉલ્લેખ "પરામર્શક" તરીકે કરવામાં આવશે અને સંદર્ભથી અન્યથા કશું વિપરિત ન હોય તો તેમાં તેના ઉત્તરાધિારીઓ, પ્રતિનિધિો, વહીવટદારો અને મુખત્યારો વગેરેનો સમાવેશ થશે) વચ્ચે કરવામાં આવે છે અને <તારીખ> ના રોજ <સ્થળે> ખાતે તેનો અમલ કરવામાં આવે છે.

**૧. હેતુ**

૧.૧ આ કરારનો હેતુ શરતો નકકી કરવાનો છે જેના આધારે પરામર્શક આ કરારના જોડાણ –૩ ક માં સંલગ્ન વિચારાર્થ મુદામાં નિયત કર્યા પ્રમાણેની સેવાઓ પૂરી પાડશે.

**૨. પૂર્વ વાટાઘાટ અને અન્ય કરારો**

૨.૧ આ કરાર, આ સાથેના વિષય સંબંધે પક્ષો વચ્ચે જો કોઈ મૌખિક કે લેખિત રજૂઆતો અથવા કરારો થયા હો યતો તે તમામ સમાપ્ત કરે છે.

૩. પરામર્શક દ્વારા આપવામાં આવતી સેવાઓ

૩.૧ <સંગઠનનું નામ> એ પ્રસ્તાવ મૂકયો છે અને પરામર્શકે આ કરારમાં નિયત કરેલી શરતો મુજબ આ કરારના **જોડાણ –૪ ક** તરીકે સાથે જોડેલા વિચારાર્થ મુદામાં નકકી કર્યા પ્રમાણે અને આ પ્રોજેકટ અને સંચાલન સંબંધમાં વખતોવખત ઉદભવતી બાબતો અંગે <કાર્યક્રમનું નામ> માટે સ્વતંત્ર સલાહ અને પરામર્શ સેવાઓ પૂરીપાડવા માટેના કાર્યનો સ્વીકાર કર્યો છે.

૩.૨ **સ્થળ**: સેવાઓ (સ્થળ)માં (કાર્યક્રમનું નામ) ની કચેરી ખાતે અથવા <રીપોર્ટીગ ઓફિસ – મિશન ડાયરેકટર / સ્ટેટ મિશન ડાયરેકટર / સીટી પ્રોજેકટ ઓફિસર> એ મુકરર કરેલા

અન્ય કોઈ સ્થળે પૂરી પાડવામાં આવશે. પરામર્શક <રીપોર્ટીંગ ઓફિસર> ની મંજૂરીથી આ કાર્ય સોંપણીની મુદત દરમિયાન કોઈપણ કારણસર કામનું સ્થળ છોડી શકશે.

૩.૩. આ કરાર હેઠળના કાર્યની મુદત દરમિયાન, પરામર્શક અન્ય કોઈ કંપની, પેઢી, પ્રોજેકટ અથવા વ્યકિત માટે કામગીરી સ્વીકારી કે બજાવી શકે નહી અને માત્ર આ પ્રોજેકટની સોંપેલી કામગીરી જ કરી શકશે.

૩.૫ આ કરારની સમગ્ર મુદત દરમિયાન, પરામર્શકે જયારે જરૂર જણાય ત્યારે <રીપોર્ટીંગ ઓફિસર> ને <અથવા સૂચના આપી હોય તેવી અન્ય કોઈ વ્યકિત અથવા વ્યકિતઓ> વાજબી જણાતી હોય તેવી કોઈપણ સેવાઓ સંબંધે લેખિત અથવા મૌખિક સલાહ અથવા માહિતી આપશે.

## ૪. પરામર્શકને ચુકવણી

૪.૧ પ્રોજેકટ માટે અપાયેલી સેવાઓ માટે <સંગઠનનું નામ>, પરામર્શકને ફીની ચુકવણી કરશે જેની વિગતો જોડાણ–૪ ખમાં આપવામાં આવી છે.

૪.૨ વિશેષ રીતે જોગવાઈ કરી હોય તે સિવાયન પરામર્શકે કરેલા તમામ પ્રકારના ખર્ચને ચુકવવાપાત્ર ફીમાં આવરી લેવામાં આવે છે કરાર કર્યા મુજબની ફીમાં તમામ પ્રકીર્ણ ચુકવણીઓનો સમાવેશ થાય છે. જો કે, ભરતિયા પર અલગ રીતે દર્શાવેલા કોઈ પણ વેરા અથવા કાનૂની વસૂલાતની ચુકવણી <સંગઠનનું નામ> કરશે.

૪.૩ ફીની ચૂકવણી <રીપોર્ટીંગ ઓફિસર> ને વિચારાર્થ મુદામાં જણાવેલી આવશ્યકતાઓનું પાલન કરવાની <રીપોર્ટીંગ ઓફિસર> ને જરૂરી ડોકયુમેન્ટ તૈયાર કરીને / રજૂ કરવાની શરતે કરવામાં આવે છે.

૪.૪ ભરતિયું <મહિનાના અંતે રજૂ કરવાનું> મળ્યાના ૧૫ દિવસની અંદર પરામર્શકને તમામ ચૂકવણીઓ કરવાની રહેશે.

૪.૫ પરામર્શક આથી અહી નીચે આપેલી જવાબદારીઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો <સંગઠનનું નામ> આ કરાર અન્વયે પરામર્શકને ચૂકવવાપાત્ર અને બાકી ચૂકવણીની સામે <સંગઠનનું નામ>ની ચૂકવવાપાત્ર અને બાકી ચૂકવણીઓની ક્ષતિપૂર્તિ કરવા હકદાર બનશે.

૪.૬ તમામ ભરતિયા <સંગઠનનું નામ> ના નામે કરવા અને તેમાં કોન્ટ્રાકટ નંબરની નોંધ કરવી.

૪.૭ આ કરાર હેઠળ <સંગઠનનું નામ>ની જવાબદારીમાં આવતી નાણાકીય મર્યાદાઓ જોડાણ–૪ખમાં નિયત કરવામાં આવી છે અને <સંગઠનનું નામ> ની લેખિત પૂર્વ સંમતિ સિવાય તેમાં વધારો કરી શકાશે નહી. <સંગઠનનું નામ> ની લેખિત પૂર્વ સંમતિ સિવાય કરારની નાણાકીય મર્યાદામાં વધારો કરે તેવી કોઈ ફરજોનું પાલન કરવામાં આવશે નહી.

૪.૮ પરામર્શક <સંગઠનનું નામ> ને બાંયધરી આપે છે અને રજૂઆત કરે છે કે તે એક સ્વતંત્ર કન્ટ્રાકટર છે અને તેથી લાગુ પડતા વેરાની ચુકવણી માટે અને કાયદાનું પાલન કરવા માટે તે એક માત્ર જવાબદારી ધરાવે છે. વધુમાં પરામર્શક કોઈપણ વ્યાજ, દંડ અથવા તે પરની કુલ રકમ સહિત આ કરાર અન્વયે કરવામાં આવેલી કોઈ પણ ચુકવણી અથવા વ્યવસ્થા અંગે <સંગઠનનું નામ> પાસે બાકી નીકળતા તમામ અથવા કોઈપણ વેરા, અન્ય કોઈ ફાળા અથવા અન્ય કોઈપણ પ્રકારની સ્થાનિક વસૂલાતોની બાબતમાં <સંગઠનનું નામ> ને નુકસાન ભરપાઈ કરવા સંમત થાય છે.

## ૫. વીમો

૫.૧ <સંગઠનનું નામ> કોઈપણ વીમા આરક્ષણ પૂરું પાડવા જવાબદાર રહેશે નહી અને પરામર્શક આ કરારના અમલ માટે જરૂરી હોય તેવા કોઈપણ આરક્ષણની વ્યવસ્થા કરવા માટે જવાબદાર રહેશે. વિશેષમાં,<સંગઠનનું નામ> આવશ્યકતા અનુસાર પરામર્શક યોગ્ય રીતે જીવન, મેડીકલ, વ્યકિતગત અકસ્માત અને પ્રવાસ વીમો ધરાવતા હોવા જોઈએ.

૫.૨. સેવાઓ પૂરી પાડવામાં રોકાયેલા પરામર્શકનું આરોગ્ય સારું હોવું જોઈએ અને સોંપેલું કામ સારી રીતે પૂરું કરી શકે તેવી સ્થિતિમાં તે / તેણી ન હોય તો, તેણે / તેણીએ તેના / તેણીની આરોગ્ય સ્થિતિ અંગે વિલંબ કર્યા સિવાય રીપોર્ટીગ અધિકારીને જાણ કરવી.

૫.૩ કોઈપણ વાહન ચલાવતા પહેલા પરામર્શકે તેની / તેણીની પાસે વાહનને પોતાના નુકસાન અને ત્રીજા પક્ષની જવાબદારી, બન્ને માટે વીમા આરક્ષણ ધરાવે છે તેની ખાતરી કરવી.

## ૬. પરાવનગી અને પરવાનો

પરામર્શકને સોંપેલી કામગીરી જયાં બજાવવાની હોય તે સ્થળે અમલમાં હોય તે કાયદા અને વિનિયમો અન્વયે આ કરારના પાલન માટે જરૂરી કોઈપણ પરવાનગી અથવા પરવાના

માટે એક માત્ર પરામર્શક જવાબદાર રહેશે. આ કરારના પાલન માટે કોઈ પણ પરવાનગી અથવા પરવાનો મેળવવામાં જો પરામર્શક પોતાના કરસૂરથી અથવા તે સિવાય નિષ્ફળ જાય તો <સંગઠનનું નામ> નોટીસ સિવાય આ કાર્ય સોંપણી સમાપ્ત કરી શકે.

## ૭. પરામર્શકનો દરજ્જો

૭.૧ અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, પરામર્શક ત્રીજા પક્ષના સંબંધમાં <સંગઠનનું નામ>ના વતી કામ કરશે નહી કે જવાબદારી લેશે નહી અથવા <સંગઠનનું નામ> વતી અથવા તેના નામે તેમ કરવા અથવા કંઈ પણ કહેવા કોઈપણ સત્તાધિકારી તરીકે પોતે વાટાઘાટ કરશે નહી અથવા વાટાઘાટ કરવા દેશે નહી. પરામર્શક આ બાબતે કોઈપણ ત્રીજા પક્ષ દ્વારા ગેરસમજ થઈ શકે તેવા વિધાન અથવા વર્તનથી દૂર રહેશે.

૭.૨ પરામર્શક પોતાની સ્વતંત્રતા સાથે સમાધાન કરવું પડે તેવા કોઈપણ સંબંધોથી દૂર રહેશે. પરામર્શક જો આવી સ્વતંત્રતા જાળવવામાં નિષ્ફળ જાય તો, <સંગઠનનું નામ> કોઈપણ નુકસાન, કે જે આના કારણે<સંગઠનનું નામ> ભોગવવું પડતુ હોય તેના વળતરને બાધ આવ્યા સિવાય ત્યાર પછી આ કરારને સમાપ્ત કરશે.

૭.૩ આ કરારનું પાલન જે રાજય અથવા દેશમાં થવાનું હોય તે રાજય અથવા દેશમાં અમલમાં હોય તેવા તમામ કાયદાઓ અને વિનિયમોનું પાલન પરામર્શકે કરવાનું રહેશે. પરામર્શક તેના દ્વારા આવા કાયદાઓ અને નિયમોનો કોઈપણ ભંગ થવાથી ઉભા થતા દાવા અને કાર્યવાહી સામે <સંગઠનનું નામ> ને નુકસાન ભરપાઈ કરશે.

૭.૪ કરારનું જે રાજય અથવા દેશમાં પાલન કરવાનું હોય ત્યાં પ્રવર્તમાન રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રણાલીઓનો પરામર્શક આદર રાખશે.

## ૮. માહિતી પ્રગટ કરવી

૮.૧ પરામર્શકે કરારના સમયગાળા દરમિયાન ઉપયોગમાં લીધેલી અથવા જાણેલી તમામ માહિતી (સંગઠનનું નામ) ની રહેશે અને કાયમ તેની મિલકત રહેશે. કરાર રદ થયે અથવા સમાપ્ત થયે, પરામર્શકે આ કરાર સંબંધિત આવી તમામ મૂર્ત બાબતો કે જે પરામર્શકના કબજા અથવા નિયંત્રણમાં હોય તેને અને જે કાંતો (સંગઠનનું નામ) ને લગતી હોય, અથવા

આ કરાર સંબંધિત માહિતી ધરાવતી હોય તેને (સંગઠનું નામ) તુરત જ પહોંચાડવાની રહેશે.

૮.૨ પરામર્શક તેની કરારની કામગીરીના સંબંધમાં અથવા (સંગઠનનું નામ) ને જાણ કરીને કાયદા દ્વારા આવશ્યક હોય તે પ્રમાણે (સંગઠનનું નામ) ને આવશ્યક હોય તે સિવાય સંગઠનનું નામ) ની કોઈપણ ખાનગી અથવા (સંગઠનનું નામ) ના કામકાજ, નાણાકીય અથવા અન્ય બાબતો સંબંધી કોઈપણ અન્ય માહિતી કરાર દરમિયાન અથવા તે સમય પછી પ્રગટ કરશે નહી. અથવા તેનો ઉપયોગ કરશે નહી. અથવા પ્રગટ થવામાં અથવા ઉપયોગ થવામાં કારણરૂપ બનશે નહી.

૮.૩ આ ખંડની જોગવાઈઓ કોઈપણ કારણ માટે કોઈ પણ સમયે આ કરાર સમાપ્ત થતો / રદ થતો અટકાવશે.

## ૯. ઈન્ટેલ.કચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ

૯.૧ સેવાઓ પૂરી પાડવા દરમિયાન પરામર્શકે ઉભા કરેલા તમામ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ અથવા સેવાઓ પૂરી પાડવા દરમિયાન (સંગઠનનું નામ) ને પરામર્શક દ્વારા આપવામાં આવેલા તમામ ઈન્ટેલકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ (સંગઠનનું નામ) માં નિહિત રહેશે.

૯.૨ ઉકત જોગવાઈની સામાન્યતાને બાધ આવ્યા સિવાય, પરામર્શક કોઈપણ સાહિત્ય સંબંધી અથવા જેમાં ડેટાબેઝ, ટેબલ અને સંકલન, કમ્પ્યુટર પ્રોગ્રામ, સાઉન્ડ રેકોર્ડીગ અને ફોટોગ્રાફસ જેવી આ કરારની કામગીરી દરમ્યાિન કરવામાં આવતી કામગીરી પર કોઈ હક ધરાવશે નહી. કોપીરાઈટ એકટ, ૧૯૫૭ અનુસાર (સંગઠનનું નામ) કોપીરાઈટના પ્રથમ માલિક રહેશે. પરામર્શક તેના દ્વારા આ કામગીરીમાં કોઈપણ નૈતિક હકો જતા કરે છે.

૯.૩ આ ખંડની જોગવાઈઓ કોઈપણ કારણ માટે કોઈપણ સમયે આ કરાર રદ થતો / સમાપ્ત થતો અટકાવશે.

## ૧૦. કરાર રદ કરવો

૧૦.૧ બેમાંથી કોઈપણ પક્ષ એક મહિનાની લેખિત નોટીસથી આ કરારને રદ કરી શકશે. (સંગઠનનું નામ) ના મતે જો તે (સંગઠનનું નામ) ને ઇચ્છનીય જણાય અથવા આ કરાર અન્વયે પરામર્શક દ્વારા તેની જવાબદારીઓનો સાધનિક ભંગ થવાના પ્રસંગે સંક્ષિપ્ત સૂચના

દ્વારા અથવા (સંગઠનનું નામ) એમ ઈચ્છે તો એક મહિનાની લેખિત સૂચનાથી (સંગઠનનું નામ) આ કરાર રદ કરી શકે છે.

**૧૦.૨ રદ કરતી વખતે –**

(ક) આ કરાર અન્વયે બાકી ચૂકવણીઓ, આ કરાર અનુસારની બાકી રકમની પતાવટ કરીને, રદ થયાની તારીખ સુધીમાં કરવામાં આવશે.બીજી કોઈ ચુકવણી બાકી રાખવામાં આવશે નહી. કે ચુકવવામાં આવશે નહી.

(ખ) (સંગઠનનું નામ) પરામર્શક પાસે (સંગઠનનું નામ) ના કામકાજ સંબંધી અથવા પરામર્શકે તૈયાર કરેલી કોઈપણ નકલો સહિત તમામ કામકાજના કાગળો, કમ્પ્યુટર ડિસ્ક, ટેપ અથવા અન્ય સાધન સામગ્રી પહોંચાડવા માટે જણાવી શકે છે અને

(ગ) કરાર રદ થયાની તારીખે બાકી હોય તે અન્ય તમામ અહેવાલો રજૂ કરવાના રહેશે.

**૧૧. રીપોર્ટીગ**

૧૧.૧ પરામર્શક (રીપોર્ટીગ ઓફિસર)ને રીપોર્ટ કરશે અને જણાવ્યા અનુસારની માહિતી અને સમયાંતરે એહવાલો રજૂ કરશે.

**૧૨. વિવાદોમાં લાગુ પડતા કાયદા અને ઠરાવ**

૧૨.૧ આ કરાર નું સંચાલન તમામ રીતે ભારતીય કાયદા દ્વારા કરવામાં આવશે. આ કરારમાંથી ઉભદવતા કોઈપણ વિવાદનો સુખદ રીતે ઉકેલ લાવવા પક્ષો પ્રયાસ કરશે પરંતુ એમ શકય ન હોય તે વખતે વિવાદની બાબત (સંગઠનનું નામ) એ નિયુકત કરેલા એક માત્ર મધ્યસ્થીની મધ્યસ્થતા માટે કરારના પક્ષો વચ્ચે સુલેહ કરાવવા અથવા કસૂરવાર ઠેરાવવા માટે સોંપવામાં આવશે મધ્યસ્થીનો નિર્ણય આખરી ગણાશે અને બન્ને પક્ષોને બંધનકર્તા રહેશે.

૧૨.૨ આ કરારને લગતા અર્થઘટન, કામગીરી, ઉપાયો, જવાબદારીઓ, હકકો અને અન્ય બાબતો સંબંધી કોઈપણ વિવાદ અંગે નિર્ણય માટે (સ્થળ) ભારતના કાર્યક્ષેત્ર હેઠળની અદાલતોનો જ અધિકાર રહેશે.

**૧૩. નોટીસ**

૧૩.૧ બેમાંથી કોઈપક્ષ દ્વારા અન્યને આપવી આવશ્યક હોય તેવી કોઈપણ નોટીસ લેખિતમાં રહેશે અને તેને નકલ, વ્યકિતગત સોપણી અથવા નીચે જણાવ્યા પ્રમાણે તે મેળવવા માટે અન્ય પક્ષના સરનામે રજિસ્ટર્ડ ટપાલથી અથવા વખતોવખત બેમાંથી કોઈપક્ષે અન્યને લેખિતમાં જણાવ્યું હોય તેવા સરનામે મોકલવી અને પોસ્ટલ સત્તાધિકારીને આપેલી કોઈપણ રસીદ આવી કોઈપણ નોટીસ પોસ્ટ કર્યાની હકીકત અને તારીખનો એક માત્ર પુરાવો બનશે.

૧૪. દૈવી આપત્તિ બન્ને પક્ષો વચ્ચેનું જોડાણ અમલમાં આવે તે તારીખ પછી દેવી આફતના કોઈપણ સંજોગોને કારણે આવી જવાબદારીઓનું પાલન કરવાનું અટકાવવામાં આવે તો બેમાંથી કોઈપણ પક્ષ આ કરાર અન્વયે તેમની જવાબદારીમાં કસૂરવાર ગણાશે નહી અથવા તે તેમની જવાબદારીનો ભંગ ગણાશે નહી.

**૧૫. નુકસાન ભરપાઈ**

૧૫.૧ પરામર્શક આ કરારના પાલનમાં યોગ્ય કૌશલ્ય અને કાળજી નું પાલન કરશે અને આ કરારના પાલનને કારણે ઉદવભતા અથવા તેને સંબંધિત કોઈપણ ખોટ, નુકસાન અથવા દાવાની બાબતમાં (સંગઠનનુ નામ) તેના એજન્ટ અને કર્મચારીઓને નુકસાન ભરપાઈ કરશે.

**૧૬. રદ કરી શકાય તેવો કરાર**

૧૬.૧ કોઈપણ કારણસર આ કરારની કોઈપણ શરત, ખંડ અથવા જોગવાઈ કાયદામાન્ય નથી એમ નિર્ણય થાય તો આવી કોઈપણ અમાન્યતા આ કરારની કોઈપણ શરત, ખંડ અથવા જોગવાઈની કાયદેસરતા અથવા કામગીરીને અસર કરશે નહી અને આવી ગેરકાયદે, શરત, ખંડ અથવા જોગવાઈ આ કરારમાંથી રદ કરવા પાત્ર ગણાશે.

**૧૭. ભાષા**

૧૭.૧ અન્યથા સંમતિ મળી હોય તે સિવાય આ કરાર સંબંધમાં પરામર્શકે રજૂ કરેલા તમામ અહેવાલો અથવા અન્ય લેખિત અથવા પ્રિન્ટેડ સામગ્રી અને પ્રશ્નો વચ્ચેનો તમામ સંદેશાવ્યવહાર અને પત્રવ્યવહાર અંગ્રેજી ભાષામાં રહેશે.

**૧૮. સુધારા**

૧૮.૧ આ કરારની જોગવાઈઓમાં દરેક પક્ષકાર અથવા યોગ્ય અધિકૃત કરેલા પ્રતિનિધિઓ દ્વારા સહી કરેલા પૂરક કરાર દ્વારા જ ફેરફાર કરી શકાશે અથવા ઉમેરો કરી શકાશે.

૧૮.૨ આ કરાર (સંગઠનનું નામ) અને પરામર્શક વચ્ચે અંગત રહેશે અને બેમાંથી એક પણ પક્ષ અન્ય પક્ષની લેખિત પૂર્વ મંજૂરી સિવાય આ કરાર અન્વયે વેચાણ, કરી શકશે નહી. કોઈપણ ફરજો અધિકાર અથવા હિતો કે જે આ કરાર હેઠળ ઉભા કર્યા હોય તેને અન્યના નામે કરી શકશે નહી. કે તબદીલ કરી શકાશે નહી.

**૧૯. અમલમાં આવ્યા તારીખ**

૧૯.૧ આ કરાર બન્ને પક્ષકારો દ્વારા તેના પર સહી થાય ત્યારથી અમલમાં આવશે.

**૨૦. અર્થઘટન**

આ કરારમાં સંદર્ભથી અન્યથા મુકરર કર્યુ હોય અથવા તેથી પ્રતિકુળ હોય તે સિવાય,

૨૦.૧ "ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ" માં કોઈપણ અને તમામ પેટન્ટ, પેટન્ટ અરજીઓ, જાણકારી, રજિસ્ટર્ડ થયા સિવાયના અને રજિસ્ટર્ડ થયેલા ટ્રેડમાર્ક, ટ્રેડમાર્ક અરજીઓ, ટ્રેડનું નામ, રજિસ્ટર થયેલી ડિઝાઈન, રજિસ્ટર થયા સિવાયના ડિઝાઈન હકો, સેમીકન્ડકટર ટોપોગ્રાફી અધિકાર, કોપીરાઈટ ડેટાબેઝ હક અથવા ભારતમાં અથવા વિશ્વમાં કોઈપણ સ્થળે આના જેવા ઈન્ટેલેકચ્યુઅલ અથવા વાણિજિયક હકોનો સમાવેશ થાય છે.

૨૦.૨ (સંગઠનનું નામ) એટલે જેમણે કોઈપણ હેતુ માટે (સંગઠનનું નામ) ની નિમણૂક / નિયુકિત / સેવાઓ ભાડે લીધી છે તે કોઈપણ ત્રીજો પક્ષ

૨૦.૩ પક્ષકારનો સંદર્ભ એ આ કરારનો પક્ષકારનો સંદર્ભ છે અને આમાં પક્ષકારના પરવાનગી મેળવેલા મુખત્યાર અને / અથવા સમગ્ર ઉપક્રમને નામે કરનાર જે તે ઉત્તરાધિકારીનો સમાવેશ થાય છે.

૨૦.૪ તે કાનૂની પ્રતિનિધિ ધરાવતા હોય કે નહી અથવા તે સમય અમલમાં હોય તે કાયદામાં કંઈ પણ મજકૂર હોય તેમ છતાં વ્યકિતના સંદર્ભમાં કોઈપણ વ્યકિત, વૈયકિતક કંપની, પેઢી, નિગમ, સરકાર, રાજય અથવા રાજયનું સંગઠન અથવા કોઈપણ ઉપક્રમનો સમાવેશ થાય છે.

૨૦.૫ કાનૂન અથવા કાનૂની દસ્તાવેજ અથવા તેની કોઈપણ જોગવાઈનો અર્થ જે ફરીથી ઘડી શકાય અથવા જેમાં વખતોવખત સુધારા થઈ શકે તેવો કાનૂન અથવા કાનૂની દસ્તાવેજો અથવા જોગવાઈ

૨૦.૬ એક વચન સૂચવતા તમામ શબ્દો / સંજ્ઞાઓમાં બહુવચન અને તેથી ઉલટું બન્નેનો સમાવેશ થાય છે, કોઈપણ જાતિ સૂચવતા તમામ શબ્દો / સંજ્ઞાઓમાં તમામ જાતિઓનો સમાવેશ થશે.

૨૦.૭ તમામ જોડાણ આ કરારનો એકત્રિત ભાગ છે. જોડાણોનો સંદર્ભનો અર્થ આ કરારના સંદર્ભ તરીકે થશે.

જેની સાખ રૂપે પક્ષકારો અહી આ કરારનો અમલ કરે છે અને આ દિવસે તેમનો સિકકો / સહી કરે છે.

| (સંગઠનનું નામ) ના નામે અને તેમના વતી | પરામર્શકના નામે અને તેમના વતી |
|---|---|
| સહી/– | સહી/– |
| નામઃ | નામઃ |
| હોદ્દો : | હોદ્દોઃ |
| તારીખ : | તારીખ : |

## પરિશિષ્ટ–૪ ક વિચારાર્થ મુદ્દા

**મુખ્ય જવાબદારીઓ**

**હોદ્દાની મુખ્ય જવાબદારીઓની યાદી પૂરી પાડવી.**

**પરિશિષ્ટ–૪ ખ : ચૂકવણી**

(રીપોર્ટીગ ઓફિસર) અથવા તેના આધિકૃત પ્રતિનિધિએ જણાવ્ય મુજબના વિચારાર્થ મુદ્દાની આવશ્યકતાઓનું પાલન કરતા અને કરેલા કામકાજના દિવસોની વિગતો આપીને(રીપોર્ટીગ ઓફિસર) અથવા અધિકૃત પ્રતિનિધિ દ્વારા મંજૂર કરેલા ભરતિયા અને સમયપત્રક / માસિક અહેવાલ (જોડાણ–૩) રજૂ કરતા પરામર્શકને અધીન, (સંગઠનનું નામ) વ્યકિત મહિના (૩૦ દિવસ અથવા તે પ્રમાણ અનુસાર) (વળતરની રકમ) ના દરે આ કરારના યોગ્ય હેતુઓ માટે પરામર્શક દ્વારા જરૂરિયાત મુજબ વિતાવેલા સમય માટે ફીની ચૂકવણી કરશે. પરામર્શક પાસેથી સર્વિસ ટેકસ નોંધણી નંબર મળ્યે (સંગઠનનું નામ) યોગ્ય દરે સર્વિસ ટેકસની ચૂકવણી કરશે.

ફીની ચુકવણી યોગ્ય દરે ટીડીએસ (ટેકસ ડીડકટેડ એટ સોર્સ) ની કપાતને અધીન રહેશે.

વાસ્તવિક રકમ (માસિક રૂા. (રકમની વિગત ) ની મર્યાદામાં) પરના કમ્યુનિકેશન ભથ્થાની ભરપાઈ (સંગઠનનું નામ) દ્વારા કરવામાં આવશે.

બહારના મથકે પ્રવાસ (નોકરીનું સ્થળ) ની બહાર) માટે ટીએ / ડીએના ધોરણે નીચે મુજબ છે.

(સંગઠનનું નામ) રહેવાની ગોઠવણી કરશે અથવા ખરેખર ખર્ચ પર રહેવા અને જમવાના ખર્ચ (દૈનિક (રકમની વિગતો)ની મર્યાદામાં) ની ભરપાઈ કરશે. (સંગઠનનું નામ) ટ્રેઈન દ્વારા (વર્ગની વિગતો) (સંખ્યા કિમી સુધી બહારના મથકના પ્રવાસની ગોઠવણી કરશે. (સંખ્યા) કિમી કરતાં વધારે અંતર માટે, નેશનલ કેરીઅર માફરત હવાઈ પ્રવાસ (ઈકોનોમી કલાસ) ની જ સવલત આપવામાં આવશે.

માર્ગ મુસાફરીની ભરપાઈ કિમી. દીઠ રૂા.(દર) સુધી અથવા વાસ્તવિક રકમ,બેમાંથી જે ઓછું હોય તે મર્યાદામાં આપવામાં આવશે.

(સંગઠનનું નામ) ફકત સરકારી હેતુ માટે જ નોન–એસી ટેકસી માટે સ્થાનિક પ્રવાસની ગોઠવણી કરશે.

રીએમ્બર્સમેન્ટ હકદાવા સહિત તમામ મૂળ ટિકીટ અડધિયા અને બોર્ડિંગ પાસ, ખર્ચ વાઉચર (ટેક્સી ભાડે કરી હોય તેવા કેસમાં ડયુટી રસીદ અને ચૂકવણીની રસીદ સહિત) (સંગઠનનું નામ) ને પૂરાં પાડવા જરૂરી છે.

**રજા**

પરામર્શક વર્ષમાં (સંખ્યા) દિવસની રજા <સંખ્યા> દિવસ માંદગીની રજા સહિત) માટે હકદાર બનશે. આ રજાઓ (સંગઠનનું નામ)માં આપવામાં આવતી રાષ્ટ્રીય રજાઓ ઉપરાંત આપવામાં આવશે. તમામ રજાઓ માટે (રીપોર્ટીગ ઓફિસર) અથવા (અધિકૃત પ્રતિનિધિ) ની પૂર્વ મંજૂરી લેવી જરૂરી છે. કરારના સમયગાળાના અંતે રજા / રજાઓ આગળ ખેંચવામાં આવશે નહી અને વાપર્યા સિવાયની રજાના બદલે કોઈ ચૂકવણી કરવામાં આવશે નહી.

## જોડાણ–૫

## સીએમયુ સ્તરે નિયુકત કરવાના તકનીકિ નિષ્ણાતોની વિગતો

સીટી મિશન મેનેજમેન્ટ યુનિટોમાં ત્રણ લાખ વસતિથી નીચેના શહેરોમાં ૨ નિષ્ણાતો, ૩ થી ૫ લાખની વસતિવાળા શહેરોમાં ૩ નિષ્ણાતો અને ૫ લાખ  વસતિ કરતાં વધુ વસતિ ધરાવતા શહેરોમાં ૪ નિષ્ણાતો રાખવામાં આવશે. જો કે, રાજયો / શહેરો કાર્યક્રમોમાં તકનિકી નિષ્ણાતો માટેની આવશ્યકતાના આધારે તેમની પોતાની યાદી સૂચવી શકે છે. સીએમએમયુ સ્તર ખાતેની જગ્યાઓની વિગતો નીચે પ્રમાણે છે.

| મોટા શહેરો (>૫ લાખ વસતિ) | મધ્યમ શહેરો (>૩ અને< ૫ લાખ વસતિ) | જિલ્લા મુખ્ય મથકના નગરો ( <૧૧ લાખ વસતિ) અને નાના શહેરો (>૧ અને <૩ લાખ વસતિ) |
|---|---|---|
| ૧. મેનેજર – સામાજિક વિકાસ અને આધાર વ્યવસ્થા<br>૨. મેનેજર – કૌશલ્યો અને નિર્વાહ સાધનો<br>૩. મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો સાહસ<br>૪. મેનેજર– એમઆઈએસ અને એમઈ | ૧. મેનેજર – સામાજિક વિકાસ અને આધાર વ્યવસ્થા<br>૨. મેનેજર – કૌશલ્યો અને નિર્વાહ સાધનો<br>૩. મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો ઉદ્યોગ સાહસ | ૧. મેનેજર – સામાજિક વિકાસ અને આધાર વ્યવસ્થા<br>૨. મેનેજર – કૌશલ્યો અને નિર્વાહ સાધનો |

**ક.  સીએમએમયુ જગ્યાઓ માટે વિચારાર્થ મુદ્દા**

**૧.  કાર્યક્ષેત્ર**

આ જગ્યાઓ માટે પસંદ થયેલી વ્યકિત શહેર સ્તરે એનયુએલએમના જે તે ભાગોને કાર્યાન્વિત કરવામાં સીએમએમયુના સીટી પ્રોજેકટ ઓફિસરને સહાય કરશે. જગ્યા પ્રારંભમાં બે વર્ષ માટે કરાર ધોરણે છે. કામગીરી મૂલ્યાંકનના આધારે દર બે વર્ષે કન્ટ્રાકટનું રીન્યુઅલ કરવામાં આવે છે. પદધારી સીએમએમયુના સીટી પ્રોજેકટ ઓફિસરને સીધેસીધો રીપોર્ટ કરશે. વ્યકિત અંગ્રેજી અને પ્રાદેશિક બન્ને ભાષામાં લેખન અને વાતચીત પર સારુ પ્રભુત્વ ધરાવતી હોવી જોઈએ.

## ૨. શૈક્ષણિક લાયકાત અને અનુભવ અને ક્ષમતા

| અ.નં. જગ્યા / હોદ્દો | શૈક્ષણિક અને અનુભવની | ક્ષમતા |
|---|---|---|
| ૧. મેનેજર – સામાજિક વિકાસ ને આધાર વ્યવસ્થા | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા /એમબીએ અથવા અન્ય કોઈ સંબંધિત શાખામાં માસ્ટર્સ સાથે ૩ વર્ષનો અનુભવ અથવા સરકાર માન્ય સંસ્થાઓમાંથી સ્નાતક અને ગરીબી ઘટાડા કાર્યક્રમ સહિત સામાજિક વિકાસ કામગીરીમાં ૬ વર્ષનો અનુભવ. | વ્યકિતને એમએસઓફિસનું જ્ઞાન હોવું જોઈએ. મજબૂત પૃથકકરણાત્મક કૌશલ્ય ધરાવતા હોવા જોઈએ. તેમજ સરકારી સંસ્થામાં કામગીરીના અનુભવને પ્રથમ પસંદગી આપવામાં આવશે. |
| ૨. મેનેજર– કૌશલ્યો અને નિર્વાહ સાધનો | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા /એમબીએ અથવા અન્ય કોઈ સંબંધિત શાખામાં માસ્ટર્સ સાથે ૩ વર્ષનો અનુભવ અથવા સરકાર માન્ય સંસ્થાઓમાંથી સ્નાતક અને કૌશલ્ય તાલીમ અને નિયુકિત કાર્યક્રમના અમલમાં ૬ વર્ષનો અનુભવ. | |
| ૩. મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો ઉદ્યોગ સાહસ | મેનેજમેન્ટમાં બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / એમબીએ અથવા અન્ય કોઈપણ સંબંધિત શાખામાં માસ્ટર્સ અથવા સરકાર માન્ય સંસ્થાઓમાંથી સ્નાતક સહિત ગરીબી ઘટાડા કાર્યક્રમો / નાણાકીય સંસ્થાઓમાં ધિરાણ સંપર્ક સમાજિક સુરક્ષા અને / અથવા માઈક્રો ઉદ્યોગ સાહસો ને ઉત્તેજનમાં ૬ વર્ષનો અનુભવ | |
| ૪. મેનેજર – એમઆઈએસ અને એમઈ | બે વર્ષનો પૂર્ણ સમયનો અનુસ્નાતક ડિપ્લોમા / કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર્સ, એમએમસી (કમ્પ્યુટર સાયન્સ) બી.ટેક (કમ્પ્યુટર સાયન્સ) અથવા સરકાર માન્ય | ઉપર્યુકત ક્ષમતાઓ ઉપરાંત વ્યકિતમાં ઘણુ સારુ |

| | | |
|---|---|---|
| | સંસ્થા / યુનિવર્સિટીમાંથી એમસીએ તેમજ ખાસ કરીને ગરીબી ઘટાડા પ્રોજેક્ટ જેવા વિસ્તૃત વિકાસ પ્રોજેક્ટ માટે એમઆઈએસ અને એમઈ ડિઝાઈનીંગ અને અમલમાં ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ. | ડોકયુમેન્ટેશન કૌશલ્ય હોવું જોઈએ અને રીપોર્ટ તૈયાર કરવામાં ઘણા સારા હોવા જોઈએ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ સોફ્ટવેર ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમ, વેબસાઈટ ડેવલપમેન્ટ અને મેનેજમેન્ટથી માહિતગાર હોવા જોઈએ. |

## ૩. મુખ્ય જવાબદારીઓ ક્ષેત્રો

## ક. મેનેજર – સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ

- શહેર એનયુએલએમ દ્વારા નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરે છે તેની ખાતરી કરવી.
- શહેર માટે સામાજિક ગતિશીલતા ઘટકોના અમલ માટે કાર્ય યોજનાનો વિકાસ
- સામુદાયિક ગતિશીલતા, સ્વસહાય જૂથો, ફેડરશેન, રીવોલ્વીંગ ફંડ, સીએલસી, ફેરિયા વિકાસ યોજના, ફેરિયા બજાર વ્યવસ્થા વિકાસ અને શહેરી ઘરવિહોણા વગેરે માટે આશ્રયની બાબતમાં શહેરના એમએમએન્ડ આઈડી, યુએસવી અને એસયુએમ ઉદ્દેશો માટે જવાબદાર
- સ્વસહાય જૂથો, એએલએફ અને સીએલએફ માળખાઓની સ્થાપના શહેરમાં થઈ છે તેની ખાતરી કરવી.
- સામુહિક સંગઠનોને જરૂરિયાત આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- સંબંધિત સંસ્થાઓ / વિભાગો સાથે યોગ્ય સંપર્ક માટેની વ્યવસ્થા અને એનયુએલએમના અમલમા સામાજિક ગતિશીલતા એજન્ડાનું સંકલન
- સામાજિક ગતિશીલતા અને સંસ્થા વિકાસ ઘટકના રીપોર્ટીંગની ખાતરી
- એનયુએલએમના સફળ અમલ માટે શહેર સ્તરે અન્ય મેનેજરો સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- સીએમએમયુના સીટી પ્રોજેકટ ઓફિસરે સોપેલી અન્ય કોઈપણ સંબંધિત કામગીરીનું પાલન

## (ખ) મેનેજર – કૌશલ્યો અને નિર્વાહ સાધન

- શહેરોએ એનયુએલએમ દ્વારા નિયત કરેલી ઈએસટી એન્ડ પી માર્ગદર્શક સૂચનાઓનું પાલન કર્યું છે તે સુનિશ્ચિત કરવું.
- શહેર માટે ઈએસટી એન્ડ પી એજન્ડા માટે કાર્ય યોજના તૈયાર કરવી.
- શહેરના ઈએસટી એન્ડ પી ઉદ્દેશો માટે જવાબદાર

- શહેર સ્તરે કૌશલ્ય તાલીમ પ્રવકતાની ઓળખ સુનિશ્ચિત કરવી અને એસટીપી અને સામેલ થયેલી અન્ય સંસ્થાઓની કામગીરી ગુણવત્તાનું દેખરેખ નિયંત્રણ
- સીઓને જરૂર આધારિત તકનીકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- ઉદ્યોગ મંડળો, કૌશલ્યો વિકાસ મિશન, ક્ષેત્રીય કૌશલ્ય કાઉન્સિલ, લાઈન ડિપાર્ટમેન્ટ, સ્રોત સંસ્થાઓ અને અન્ય સંબંધિત સંસ્થાઓ સાથે સંપર્ક સુનિશ્ચિત કરવો.
- કેઆરએ સામેના રીપોર્ટીંગની ખાતરી કરવી
- એનયુએલએમના સફળ અમલ માટે શહેર સ્તરે અન્ય મેનેજરો સાથે જીણવટપૂર્વક કામગીરી
- સીએમએમયુના સીટી પ્રોજેકટ ઓફિસરે સોંપેલા અન્ય કોઈ પણ સંબંધિત કાર્યોનું પાલન

**(ગ) મેનેજર – નાણાકીય સમાવેશ અને માઈક્રો ઉદ્યોગ સાહસ**

- શહેરે એનયુએલએમ દ્વારા નિયત કરેલી માર્ગદર્શક સૂચનાઓનું પાલન કર્યું છે તેની ખાતરી કરવી.
- શહેર માટે સાર્વત્રિક નાણાકીય સમાવેશ (યુએફઆઈ) અને સ્વરોજગાર કાર્યક્રમ (એસઈપી) એજન્ડા માટે કાર્ય યોજના તૈયાર કરવી
- શહેરના યુએફઆઈ અને એસઈપી ઉદેશો માટે જવાબદાર
- સ્વસહાય જૂથો અને શહેર સ્તરે તેમના સભ્યો માટે બેન્ક સંપર્ક સુનિશ્ચિત કરવો.
- શહેર સ્તરે શહેરી ગરીબ માટે સ્થાપેલા માઈક્રો ઉદ્યોગ સાહસ માટે ધિરાણ પ્રાપ્તિ માટેનો પ્રવેશ માર્ગ સરળ બનાવવો.
- સીઓને જરૂર આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- સંબંધિત સંસ્થાઓ / વિભાગો માટે યોગ્ય સંપર્ક માટે વ્યવસ્થા અને એનયુએલએમના અમલમાં સાર્વત્રિક નાણાકીય સમાવેશ અને સ્વરોજગાર કાર્યક્રમ એજન્ડાનું સંકલન
- કેઆરએ સામેના રીપોર્ટીંગની ખાતરી કરવી
- એનયુએલએમના સફળ અમલ માટે શહેર સ્તરે અન્ય મેનેજરો સાથે બારીકાઈપૂર્વક કામગીરી.
- સીએમએમયુના સીટી પ્રોજેકટ ઓફિસરે સોંપેલા અન્ય કોઈપણ સંબંધિત કાર્યોનું પાલન

**(ઘ) મેનેજર – એમઆઈએસ અને એમઈ**

- એનયુએલએમના ઘટકોના દેખરેખ નિયંત્રણ માટે કાર્ય યોજના તૈયાર કરવી.
- શહેર સ્તરે એમઆઈએસનો યોગ્ય અમલ, શહેર સ્તરે માહિતીનું સંકલન અને તેની રાજયોને રજૂઆતની ખાતરી બાબતે જવાબદાર
- શહેર સ્તરે યોજનાના વાસ્તવિક સમયનું દેખરેખ નિયંત્રણ હાથ ધરવું
- રાજયને માહિતીની સમયસર રજૂઆત માટે જવાબદાર
- સીઓને જરૂર આધારિત તકનિકી સહાય પૂરી પાડવા માટે જવાબદાર
- શહેર સ્તરે પાયાના સ્તરના અભ્યાસ, એમપીઆર, પ્રક્રિયા દસ્તાવેજીકરણ વગેરે જેવી તમામ દેખરેખ નિયંત્રણ અને રીપોર્ટીંગ સિસ્ટમનું પાલન કરવું
- એનયુએલએમના સફળ દેખરેખ નિયંત્રણ માટે શહેર સ્તરે અન્ય મેનેજરો સાથે બારીકાઈપૂર્વક કામગીરી
- સીટી પ્રોજેકટ ઓફિસર, સીએમએમયુ દ્વારા સોંપેલા અન્ય કોઈપણ સંબંધિત કાર્યોનું પાલન

**ખ. સામુદાયિક સંગઠન માટે વિચારવાના મુદ્દા (સીઓ)**

**૧. કાર્યક્ષેત્ર**

આ જગ્યા માટે પસંદ કરાયેલી વ્યકિત શહેર સ્તરે ૩૦૦૦ શહેરી ગરીબ પરિવારોને આવરી લેશે. તેણી / તે શહેરી ગરીબ સાથે પારસ્પરિક વાતચીત કરશે તેમને પ્રત્યક્ષ મળશે અને એનયુએલએમના તમામ લાભો તેમને સુલભ કરાવવામાં શહેરી ગરીબોને સહાય કરશે. જગ્યા પ્રારંભમાં બે વર્ષ માટે કરાર આધારિત જવાબદારી છે. કામગીરી મૂલ્યાંકનને આધારે દર બે વર્ષે કરારનું રીન્યુઅલ કરવામાં આવે છે. પદધારી સીટી પ્રોજેકટ ઓફિસર, સીએમએમયુ અથવા તેમણે નકકી કરેલા અન્ય કોઈપણ અધિકારીને જાણ કરશે. વ્યકિત અંગ્રેજી અને પ્રાદેશિક બન્ને ભાષામાં લેખન અને વાતચીત પર સારું પ્રભુત્વ ધરાવતી હોવી જોઈએ.

**૨. શિક્ષણ અને અનુભવ વિગતો**

આ જગ્યા માટે સૂચવેલી શૈક્ષણિક લાયકાત કોઈપણ શાખામાં ઈન્ટરમીડીયેટ (૧૦+૨) છે જોકે સ્થાનિક સ્થિતિના આધારે આ જગ્યા માટે જરૂરી શૈક્ષણિક લાયકાતમાં વધારો કરવાનો

નિર્ણય રાજયો અને શહેરો લઈ શકશે. ઉમેદવારોને સામાજિક વિકાસ અંગે સમુદાય સાથે કામગીરીનો ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. હાલ જે સીઓ હોય તેઓ આ માપદંડ પરિપૂર્ણ કરતાં હોય તો તેઓને પણ ધ્યાનમાં લઈ શકાય. એમએસ ઓફિસ (વર્ડ, એકસેલ, પાવર પોઈન્ટ વગેરે) ની જાણકારી આવશ્યક છે.

### ૩. મુખ્ય જવાબદારી ક્ષેત્રો

- શહેરી ગરીબની તેના અથવા તેણીના કામગીરીલક્ષી ક્ષેત્રના – સીધેસીધા અથવા સ્રોત સંગઠનો મારફત સામાજિક ગતિશીલતા ખાતરી કરવી.
- જૂથો / ફેડરેશેનની રચનામાં સમુદાયોને સવલત આપવી
- તેના / તેણીના કામગીરીલક્ષી ક્ષેત્રમાં એનયુએલએમને સંબંધિત જુદા જુદા કાર્યક્ષેત્રો / પાસાઓના અમલ માટેની સવલત આપવી.
- આધાર વ્યવસ્થા, માળખું, અસ્કયામતો અને સામાજિક પાસાઓ અંગે સામુદાયિક સ્તરે સર્વગ્રાહી ડેટાબેઝ વિકસાવવો. એકીકૃત સેવાઓના પ્રવેશ માર્ગમાં અપંગ વ્યકિતઓના સ્વસહાય જૂથો સહિત સ્વ સહાય જૂથો અને તેમના ફેડરેશનને સહાય અને તેને સંગીન બનાવવું.
- એસએચજી – બેન્ક સંપર્કને ઉત્તેજન
- સેવાઓના કેન્દ્રીકરણ માટે સરકારી વિભાગો સાથે સંપર્ક સ્થાપવો
- એનયુએલએમ સંબંધિત મોજણીઓમાં સહાય કરવી.
- સામુદાયિક કરાર, સામુદાયિક અસ્કયામતો વગેરેના ઓ એન્ડ એમ જેવા વિકાસ કાર્યોના અમલમાં સહાય.
- સારી પ્રણાલીઓની કામગીરીનું લેખિત સ્વરૂપ તૈયાર કરવું
- જરૂરિયાત અનુસાર સામુદાયિક સ્તરની બેઠક તાલીમોનું આયોજન અને હાજરી
- જરૂર પ્રમાણે સમયાંતર અહેવાલો રજૂ કરવા
- સીપીઓ દ્વારા વખતોવખત સોંપેલા અન્ય કોઈપણ કાર્યો / ફરજો

## જોડાણ–૬

## રાષ્ટ્રીય, રાજય અથવા શહેર સ્તરે મિશન મેનેજમેન્ટ યુનિટોની સ્થાપના માટે એજન્સીની પસંદગી માટેનું માળખું

### ૧. ભૂમિકા

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) આવાસન અને શહેરી ગરીબી – નાબુદી મંત્રાલયના એક મુખ્ય કાર્યક્રમનો ઉદ્દેશ શહેરી ગરીબ પરિવારો આર્થિક ઉપાર્જન કરી શકે તેવી સ્વરોજગાર અને કૂશળ વેતન રોજગાર તકો મેળવે અને તેને પરિણામે મજબૂત પાયાના સ્તરની સંસ્થાઓના નિર્માણ માફરત તેમની આજીવિકામાં નિરંતર ધોરણે ઠીક ઠીક પ્રમાણમાં સુધારણા કરીને શહેરી ગરીબોની અને નિઃસહાયતામાં ઘટાડો થાય. એનયુએલએમએ અનુસરેલી મહત્વની પ્રયુકિતઓ છે;

૧. વિકસી રહેલી શહેરી અર્થવ્યવસ્થા દ્વારા આપવામાં આવતી વૃધ્ધિ પામી રહેલા બજાર આધારિત નોકરીની તકો મેળવવા સક્ષમ બનાવે તેવા કૌશલ્યોનું નિર્માણ;

૨. શહેરી ગરીબ– સ્વ અને જૂથ દ્વારા માઈક્રો ઉદ્યોગો (શહેરી ફેરિયાઓ સહિત)ની સ્થાપના માટે તાલીમ અને સહાય;

૩. શહેરી ગરીબ, તેમની સંસ્થાઓ (જેમકે સ્વ સહાય જૂથો અને તેમના ફેડરેશન) અને નિર્વાહ સાધનોના વિકાસ અને ગરીબી નાબૂદી કાર્યક્રમોમાં સામેલ તંત્ર વ્યવસ્થાનું ક્ષમતા નિર્માણ;

૪. શહેરી ઘરવિહોણા લોકો કાયમી ૨૪ કલાક આશ્રય મેળવે અને તેનો ઉપયોગ કરી શકે તે સુનિશ્ચિત કરવું;

૫. શહેરી ફેરિયાઓને સહાય.

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન, કાર્યક્રમના અમલ માટે ત્રણ સ્તરીય સ્વતંત્ર માળખું ધરાવશે. રાષ્ટ્રીય સ્તરે એનયુએલએમનું વડપણ મિશન ડાયરેકટર દ્વારા કરવામાં આવશે. રાજય સ્તરે રાજય અર્બન લાઈવલીહૂડ મિશનનું વડા સ્ટેટ મિશન ડાયરેકટર હશે તેમજ સીટી પ્રોજેકટ ઓફિસર શહેર સ્તરે તેનું સંચાલન કરશે. એનયુએલએમના આ ત્રણ સ્તરો અંદરોઅંદર ખૂબ નજીકથી જોડાયેલા રહેશે અને ગરીબોના નિરંતર નિર્વાહ સાધનોને ઉત્તેજન આપવાના સામાન્ય ઉદેશથી માર્ગદર્શન મેળવશે. તેમજ શહેરી ગરીબીને નાબૂદ કરવાના અને શહેરી ગરીબોને આર્થિક પગભર બનાવવાના ધ્યેય સાથે કામગીરી કરશે.

આ હેતુ માટે, એનયુએલએમ તમામ મિશન પ્રવૃત્તિઓના સંચાલન અને સહાય માટે શહેર, રાજય અને રાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક રીતે સક્ષમ અને ઉત્સાહપૂર્વક અમલ કરે તેવી ટૂકડીવાળા માળખાને ઉતેજન આપવા પર ભાર મૂકે છે.

એનયુએલએમ અનુક્રમે રાષ્ટ્રીય, રાજય અથવા શહેર સ્તરે એનએમએમયુ / એસએમએમયુ / સીએમએમયુની ભુમિકા ભજવી શકે તેવી સંસ્થાની સેવાઓ ભાડે લેવાનું નકકી કરી શકે છે. કે જેઓ એનયુએલએમના તમામ અંગભૂત ભાગોમાં હાર્દરૂપ કાર્યક્રમ અમલ માટે સહાય સેવાઓ પૂરી પાડશે. આવી સંસ્થાઓને સેવાઓ ભાડે લેવાથી આ સ્તરે મિશનને સહાય કરવા માટે એનએમએમયુ / એસએમએમયુ / સીએમએમયુ સ્તરે વ્યકિતઓની સેવાઓ ભાડે લેવાની જરૂર ઉભી કરશે.

**૨. કાર્યક્ષેત્ર**

૧. મેનેજમેન્ટ એજન્સી એમએમયુની આવશ્યકતા પ્રમાણે યોગ્ય અને લાયક માનવશકિત નિયુકત કરવા માટે જવાબદાર રહેશે.

૨. એમએમયુ માટે મેનેજમેન્ટ એજન્સીએ નિયુકત કરેલી વ્યકિતઓ પૂર્ણ સમયના સ્ટાફ તરીકે કામગીરી બજાવશે. ગુણવત્તાની ખાતરી કરવા, સંસ્થા નિયુકત માનવબળના સંચાલન માટે ધોરણો અને માર્ગદર્શક સૂચનઓનું વર્ણન કરતી એચઆર પોલીસી વિકસાવશે અને તેને અનુસરશે. નિયુકત કરેલા માનવબળ જેના માટે તેમની નિમણૂક થઈ છે તે એમએમયુની સેવા જરૂરિયાતો પ્રમાણે હશે.

૩. એજન્સી એ નિયુકત કરવાના માનવબળની રચના એનયુએલએમની સીબી એન્ડ ટી માર્ગદર્શક સૂચનાઓમાં નિયત કર્યા પ્રમાણે એમએમયુના માનક કાર્યોના આધારે કરવામાં આવશે.

૪. એજન્સી જેઓ નિયત યોગ્યતા માપદંડ પરિપૂર્ણ કરતા હોય તેવા જ ઉમેદવારોની પસંદગી કરશે. કોઈ પણ સંજોગોમાં, પસંદગી અને ભરતી પ્રક્રિયાને ભેગી કરવામાં આવશે નહી.

૫. ટીમની એક વ્યકિત કામ છોડીને જતી રહે ત્યારે તેને બદલે બીજી વ્યકિતની નિયુકત ઓછામાં ઓછા સમયગાળામાં કરવામાં આવે તેની ખાતરી સંસ્થા કરશે.

૬. સંસ્થા જાહેર ખબર, આરએફપી બહાર પાડવા વગેરે જેવી ઉમેદવારો પ્રાપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરશે. જોકે, ઉમેદવારોની આખરી પસંદગી એસયુએલએમ હાથ ધરશે.

૭. એસાઈનમેન્ટના તમામ દેખરેખ નિયંત્રણ અને રીપોર્ટીગ પાસાઓ સ્ટેટ મિશન ડાયરેકટરના નિયંત્રણ અને દેખરેખ હેઠળ રહેશે.

૮. એજન્સીને ત્રૈમાસિક ધોરણે સ્ટેટ મિશન ડાયરેકટર પાસેથી માનવબળ નિયુકત કરવા સહિત તેની પ્રવૃતિ યોજના માટે મંજૂરીની જરૂર રહેશે.

**૩. મુખ્ય કાર્યો અને જવાબદારીઓ**

૧. એમએમયુ માટે પર્યાપ્ત અને લાયક માનવબળ નિયુકત કરીને ગુણવત્તાયુકત સેવાઓ પૂરી પાડવી– કરાર ધોરણે ખુલ્લા બજારમાંથી અથવા સંગઠનની અંદરથી નામનિયુકિત બન્ને રીતે કાર્યને સમર્પિત માનવબળની ભરતી કરવામાં આવશે.

૨. વિગતવાર કાર્ય યોજના, કાર્ય સોંપણીનો અભિગમ અને સૂચિત માનવબળ નિયુકિત યોજના સાથેનો નિરીક્ષણ અહેવાલ રજૂ કરવાનો રહેશે.

૩. પ્રાપ્તિ સહાય સેવા સંસ્થા જાહેરખબરો, ટેન્ડર નોટીસ બહાર પાડવી, ઈઓઆઈનું સંચાલન અને આરએફપી પ્રક્રિયા સહિતની પ્રાપ્તિ કામગીરીઓ હાથ ધરશે.

જો કે, મૂલ્યાંકન અને પસંદગીની કામગીરી એનયુએલએમની સ્ટેટ લેવલ નોડલ એજન્સી હાથ ધરશે. જરૂર પ્રમાણે અને મંજૂરી મળે તે પ્રમાણે સંસ્થા, પ્રેસ રીલીઝ અને અન્ય પ્રીન્ટ માધ્યમનું પણ સંચાલન કરે છે.

૪. મેનેજમેન્ટ એજન્સી એનયુએલએમના તમામ અંગભૂત ભાગની કાર્યલક્ષી વ્યવસ્થા અને તે પરના દેખરેખ નિયંત્રણ અને રીપોર્ટીગને આવરી લે તેવી એમએમયુની તમામ કામગીરીઓ માટે જવાબદાર રહેશે.

૫. નાણાકીય સંચાલન સહાય સેવાઓ – સંસ્થા સમર્થક દસ્તાવેજો સહિતની સેવાઓ માટે ખર્ચ કરેલા રેકર્ડની જાળવણી માટે બેક એન્ડ સમર્થન અને પ્રવૃતિ સદર, સમયાંતર પ્રગતિ અને વિશ્લેષણ અહેવાલો દ્વારા ખર્ચ શોધવા માટે એકાઉન્ટીંગ સિસ્ટમ પૂરું પાડશે અને ખર્ચ પત્રકો તૈયાર કરવામાં મદદ કરશે.

૬. પ્રવાસ અને હેરફેર સાધનો – નિયુકત કરેલા માણસો મુખ્ય મથકની બહાર કચેરી કામે પ્રવાસ હાથ ધરશે. સેવાઓ પૂરી પાડવા માટે, નિયુકત વ્યકિતઓએ વ્યાપક પ્રમાણમાં પ્રવાસ કરવો જરૂરી રહેશે. સંસ્થાએ રજૂ કરેલા પ્રવાસ, નિર્વાહ અને રહેવાની સગવડ

માટેના ધોરણો અનુસાર પ્રવાસ ખર્ચની ભરપાઈ માટેના ધોરણો એસયુએલએમ નકકી કરશે.

વાર્ષિક કાર્ય યોજના – વાર્ષિક કાર્ય યોજના અનુસાર સંસ્થા તેની વાર્ષિક કાર્ય યોજના અને ત્રૈમાસિક યોજના તૈયાર કરશે.

ક) નિયુકત કરેલા માનવબળનું ખર્ચ

ખ) કચેરી કામગીરી માટે સામાન અને સેવાઓની ઉપલબ્ધિ

ગ) સંદેશા વ્યવહાર – જાહેર ખબર, પ્રેસ રીલીઝ વગેરે પ્રગટ કરવું

ઘ) હાર્ડવેર અને સોફટવેર સહિત આઈટી નિભાવ સેવાઓ

## ૪. એજન્સીની પસંદગી

પસંદગીમાં ગુણવત્તા અને ખર્ચ આધાતિ પસંદગીને અનુસરવામાં આવશે. દરખાસ્તના ભાગ તરીકે, મેનેજમેન્ટ સંસ્થાએ તકનિકી દરખાસ્ત રજૂ કરવી જરૂરી બનશે કે જે આરએફપી તેમજ નાણાકીય દરખાસ્તમાં વિગતે આપેલા મૂલ્યાંકન માપદંડને પૂરા કરે. વધારાની સેવાઓના આધારે નિયુકત કરેલી માનવશકિતમાં એકસરખા પ્રમાણના ધોરણે નકકી કરેલા દરે ત્યાર પછી ઉમેરો કરવામા ંઆવશે. ખર્ચ વૃધ્ધિ વાર્ષિક મહતમ ૫% કરી શકાશે. પસંદગી પ્રક્રિયા માટે ૧૨ મહિના માટેનું કુલ ખર્ચ વત્તા વહીવટી ફી ગણતરીમાં લેવામાં આવશે.

## ૫. સમીક્ષા અને દેખરેખ નિયંત્રણ

મંજૂર થયેલા કાર્ય આયોજનની સામે કરવામાં આવેલા કાર્યના ધોરણે સંસ્થાની કામગીરીનો નિર્ણય કરવામાં આવશે. સંસ્થા ત્રૈમાસિક પ્રવૃતિ આયોજનો તૈયાર કરશે અને એસયુએલએમ સાથે શેર કરશે. એસયુએલએમ અને મેનેજમેન્ટ સંસ્થા સંયુકત માસિક તંત્રવ્યવસ્થા અમલમાં મુકશે અને તેને રજૂ કરશે. એસયુએલએમને કાર્યસોંપણી સંબંધમાં જો કોઈપણ વાંધા હશે તો તેવી બાબતમાં, તે સંસ્થાને લેખિતમાં જાણ કરશે. સંસ્થા એસયુએલએમ દ્વારા કરવામાં આવેલી ભલામણોનું પાલન કરશે.

## ૬. રીપોર્ટીગ

તમામ હેતુઓ માટે મેનેજમેન્ટ સંસ્થા સ્ટેટ મિશન ડાયરેકટર, એનયુએલએમ, ભારત સરકાર અથવા તેના /તેણીના નામનિયુકતને રીપોર્ટ કરશે.

## ૭. કામનો સમયગાળો

એસાઈનમેન્ટ માટેનો કુલ સમયગાળો ત્રણ વર્ષ માટે હોવાની ધારણા હોવા છતાં પસંદગી પ્રક્રિયા પછી ૧૨ મહિના માટેનો કંટ્રાકટ આપવામાં આવશે. સંસ્થાની વાર્ષિક કામગીરી મૂલ્યાંકનના આધારે અને ઉપલભ્ય બજેટને આધારે કન્ટ્રાકટને પારસ્પરિક સંમતિના ધોરણે વધુ ૧૨ મહિના વધારી શકાશે.

## ૮. યોગ્યતા માપદંડ

૧. સંસ્થા શહેરી ગરીબી નાબૂદીના સંદર્ભમાં તેના જેવી સેવાઓ પૂરી પાડવાનો ઓછામાં ઓછો ૮ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઈએ.

૨. સંસ્થાને રાષ્ટ્રીય અને રાજય બન્ને સ્તરે નેતાગીરી માટે વ્યાવસાયિક વ્યૂહાત્મક ભરતીમાં ઓછામાં ઓછું ૫ વર્ષનો અનુભવ હોવો જોઈએ.

૩. સંસ્થાએ રાષ્ટ્રીય / રાજય સ્તરના સરકારી પ્રોજેકટ માટે છેલ્લા પાંચ વર્ષમાં ઓછામાં ઓછા ૩ મોટા પાયાના પ્રોજેકટની નાણાકીય ખાતરી વ્યવસ્થા સહિત કાર્યક્રમ મેનેજમેન્ટ સિસ્ટમને મદદ કરેલી હોવી જોઈએ.

## ઈચ્છિત ધ્યેય

એક અગ્રેસર સંસ્થા કે જે મોટા પાયાના શહેરી ગરીબી કાર્યક્રમ વ્યવસ્થા, વ્યાવસાયિકોની વ્યૂહાત્મક ભરતી અને નિયુકિતમાં વિવિધ અનુભવોને એક સાથે ભેગા કરીને સંસ્થાનું એક જૂથ ઉભું કરી શકે તેને પસંદ કરવામાં આવશે

## સેવાઓની વિગતવર્ણન

૨. એચઆરએસ સંસ્થાના મુખ્ય સ્ટાફ પ્રોફાઈલ (જરૂરી મુખ્ય સભ્યોની નિર્દિષ્ટ ટુકડી)

| ક્રમ નં. | કી નંબર | ઈચ્છનીય પ્રોફાઈલ |
|---|---|---|

૩.ભાવ મોકલતી વખતે જરૂરી ઓછામાં ઓછી ૪ જગ્યાઓના નિષ્ણાતો અને પ્રોફાઈલ

| જગ્યા | કક્ષા | મુખ્ય લાયકાત જરૂરી હોય, | જરૂરી અનુભવ |
|---|---|---|---|

## જોડાણ–૭

## રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે મિશન મેનેજમેન્ટ યુનિટ માટે તાલીમ અને અન્ય ક્ષમતા નિર્માણ સહાય માટે તાલીમ સંસ્થાઓને રોકવા માટેનું માળખું

તાલીમી સંસ્થાઓ રાષ્ટ્રીય, રાજય અને શહેર સ્તરે મિશન મેનેજમેન્ટ યુનિટના ક્ષમતા નિર્માણ માટે એનયુએલએમ / એસયુએલએમ દ્વારા તાલીમ સંસ્થાઓને કેવી રીતે રોકવામાં આવે છે તેનો ફકત એક નિર્દેશ છે.

**૧. ભૂમિકા**

નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન (એનયુએલએમ) આવાસન અને શહેરી ગરીબી – નાબુદી મંત્રાલયના એક મુખ્ય કાર્યક્રમનો ઉદ્દેશ શહેરી ગરીબ પરિવારો આર્થિક ઉપાર્જન થઈ શકે તેવો સ્વરોજગાર અને કૂશળ વેતન રોજગાર તકો મેળવે અને તેને પરિણામે મજબૂત પાયાના સ્તરની સંસ્થાઓના નિર્માણ માફરત તેમની આજીવિકામાં નિરંતર ધોરણે ઠીક ઠીક પ્રમાણમાં સુધારણા કરીને શહેરી ગરીબોની અને નિઃસહાયતામાં ઘટાડો થાય. એનયુએલએમ એ અનુસરેલી મહત્વની પ્રયુકિતઓ છે;

૧. વિકસી રહેલી શહેરી અર્થવ્યવસ્થા દ્વારા આપવામાં આવતી વૃધ્ધિ પામી રહેલા બજાર આધારિત નોકરીની તકો મેળવવા સક્ષમ બનાવે તેવા કૌશલ્યું નિર્માણ;

૨. શહેરી ગરીબ– સ્વ અને જૂથ દ્વારા માઈક્રો ઉદ્યોગો (શહેરી ફેરિયાઓ સહિત)ની સ્થાપના માટે તાલીમ અને સહાય;

૩. શહેરી ગરીબ, તેમની સંસ્થાઓ (જેમકે સ્વ સહાય જૂથો અને તેમના ફેડરેશન) અને નિર્વાહ સાધનોના વિકાસ અને ગરીબી નાબૂદી કાર્યક્રમોમાં સામેલ તંત્ર વ્યવસ્થાનું ક્ષમતા નિર્માણ;

૪. શહેરી ઘરવિહોણા લોકો કાયમી ૨૪ કલાક આશ્રય મેળવે અને તેનો ઉપયોગ કરી શકે તે સુનિશ્ચિત કરવું;

૫. શહેરી ફેરિયાઓને સહાય.

એનએમએમયુ, એનયુએલએમના અમલ પાસા તરીકે કામગીરી કરશે. એનએમએમયુ પર્યાપ્ત સ્ટાફ વડે એસએમઅયુ અને સીએમએમયુની સ્થાપના કરવા માટેની સવલત આપે છે. પરિપ્રેક્ષ્ય યોજનાઓ (રાજય શહેરી ગરીબી ઘટાડા વ્યૂહ) અને શહેર નિર્વાહ સાધન વિકાસ યોજનાઓ તૈયાર કરવામાં, એનયુએલએમ અંતર્ગત માર્ગદર્શક સૂચનાઓ તેયાર

કરવામાં, એક કેન્દ્રી પગલા માટેના ક્ષેત્રોને બહાર લાવવામાં અન્ય મિશન / મંત્રાલયો / વિભાગો / ઔદ્યોગિક સંસ્થા સાથે સંપર્ક અને શહેરી ગરીબના નિર્વાહ સાધનો માટે સવલત આપવી. ક્ષમતા નિર્માણ અને તાલીમ મોડયુલ વિકસાવવા, એનયુએલએમની પ્રવૃતિઓની ચકાસણી દેખરેખ નિયંત્રણ / મુલ્યાંકન / સામાજિક તપાસ હાથ ધરવા અને સ્રોત કેન્દ્રો સંસ્થાઓના રાષ્ટ્રીય નેટવર્ક વડે બારીકાઈપૂર્વક કામગીરી કરવામાં આવશે અને એ રીતે રાજય અને શહેર સ્તરે રાજયો / શહેરોના ક્ષમતા નિર્માણ માટે જરૂરી સહાયની ખાતરી કરવામાં આવશે.

સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન સીએમએમયુ દ્વારા શહેર સ્તરે એનયુએલએમ પ્રવૃત્તિઓના અમલ પર દેખરેખ રાખે છે. એસયુએલએમ રાજય શહેરી ગરીબી ઘટાડા વ્યૂહરચના / નિર્વાહ સાધન વિકાસ આયોજન તૈયાર કરે છે, શહેરી નિર્વાહ સાધન વિકાસ આયોજનો તૈયાર કરવામાં સહાય કરે છે. શહેર સ્તરે મિશન પ્રવૃત્તિઓના અમલને સુનિશ્ચિત કરે છે. સંસ્થાકીય અને તકનિકી મુદાઓમાં શહેર યુનિટોને માર્ગદર્શન આપે છે. સ્રોત કેન્દ્રોના નેટવર્ક માટેની સહાય વડે રાજયોમાં મિશનના ઉદેશોને ઉતેજન આપવા રાજય સ્તરના કૌશલ્ય તાલીમ અને નિયુકિત સહાય કાર્યક્રમો, ક્ષમતા નિર્માણ પ્રવૃત્તિઓ, વર્કશોપ, પરિસંવાદો અને ક્રોસ વર્નીગ મુલાકાતોનું આયોજન કરે છે. અમલની પ્રગતિ અને પ્રક્રિયા અને ઉતમ પ્રણાલીઓને લેખિત સ્વરૂપ આપે છે. એનયુએલ પ્રવૃતિઓના સમવર્તી / સમયાંતર મૂલ્યાંકન / સામાજિક તપાસ હાથ ધરે છે.

૨૦૧૨ની વસતિ ગણતરી અનુસાર ૧૦૦,૦૦૦ કે તેથી વધુ વસતિવાળા તમામ શહેરોમાં અને ૧૦૦,૦૦૦ વ્યકિતઓથી ઓછી વસતિવાળા તમામ જિલ્લા મુખ્ય મથક નગરોમાં સીએમએમયુની સ્થાપના કરવામાં આવશે અને તે શહેર સ્તરે કાર્યક્રમ પ્રવૃત્તિઓના અમલ માટે યુએલબીને સહાય કરશે.

એમએમયુના ક્ષમતા નિર્માણને સુનિશ્ચિત કરવા, એનયુએલએમ / એસયુએલ તાલીમ સંસ્થાઓની સેવાઓ લેશે. એમએમયુના ક્ષમતા નિર્માણ માટે તાલીમી સંસ્થાઓ તરીકે ધ્યાનમાં લઈ શકાય તેવા શકય સંગઠનો છે.

– આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય સાથે જોડાયેલા એનઆરસી
– રાજય અને જિલ્લા સ્તરે એટીઆઈ

– સરકાર અથવા સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા અન્ય કોઈ તાલીમ સંગઠનો

**ખ. તાલીમ સંસ્થાઓ સાથે જોડાણના અપેક્ષિત પરિણામો**

રાષ્ટ્રીય, રાજય અને શહેર એમ જુદા જુદા સ્તરે એનયુએલએમનો અમલ કરતા મુખ્ય સરકારી અધિકારીઓ અને એનએમએમયુ, એસએમએમયુ અને સીએમએમયુ સ્તરે નિયુકત ટુકડીઓને પસંદ કરેલી તાલીમ સંસ્થાઓએ ક્ષમતા નિર્માણ નિવેશ પૂરી પાડવી જોઈએ. ક્ષમતા નિર્માણ નિવેશમાં નીચે મુજબના વિષય વસ્તુવાળા ક્ષેત્રો આવરી લેવા જોઈએ પરંતુ તે તેટલા પૂરતું જ મર્યાદિત રહેશે નહી.

૧.૧ ગરીબી – નાબૂદી – માળખું, કાર્યક્ષેત્ર અને શકયતાઓ

૧.૨ સામાજિક ગતિશીલતા સ્વ સહાય જૂથો અને ફેડરેશનનું નિર્માણ, કામગીરી અને સંચાલન

૧.૩ એકસમાન કામગીરીવાળા વિભાગો અને સરકારી કાર્યક્રમોને કેન્દ્રમાં લાવવા

૧.૪ નાણાકીય સમાવેશ અને સામાજિક સુરક્ષા

૧.૫ કૌશલ્ય તાલીમ કાર્યક્રમો ઘ્વારા રોજગાર

૧.૬ સીએલસીની કામગીરી અને સંચાલન

૧.૭ શહેરી ઘરવિહોણા માટે આશ્રય સ્થાનની વ્યવસ્થા અને કામગીરી

૧.૮ શહેરી ફેરિયાઓ માટે ફેરિયા બજાર વ્યવસ્થા ઉભી કરવી

૧.૯ તાલીમ મોડયુલનો વિકાસ

૧.૧૦ શહેરી ગરીબ માટે ઉદ્યોગ સાહસને ઉત્તેજન

૧.૧૧ ભાગીદારીયુકત આયોજન અને મૂલ્યાંકન

૧.૧૨ જૂથ નિર્માણ અને સંચાલન

૧.૧૩ કાર્યક્રમોનું દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન

૧.૧૪ શહેર / રાજયોમાં અને તેની આસપાસ ઉતમ પ્રણાલીઓને બહાર લાવવા માટેની મુલાકાત

૨. તાલીમનો સમય, ભાગ લેનારના પ્રકાર અને આપવામાં આવતી જાણકારીના સ્તરને આધારે ૨ દિવસના સંસ્કરણ તાલીમથી લઈને ૭ દિવસના સઘન તાલીમો એમ અલગ અલગ હોઈ શકે. તેમાં વર્ગખંડ તાલીમ, વિષયવસ્તુ આધારિત ક્ષેત્ર અંગે નિદર્શન મુલાકાતો, લર્નિંગ વિઝિટ વગેરેનો સમાવેશ થાય છે.

## ગ. તાલીમ સંસ્થાઓ માટે જોડાણ માપદંડ

૧. કાનૂની આવશ્યકતાઓ અનુસાર, મૂળ તાલીમ સંગઠન અને રજિસ્ટર્ડ મંડળ છે.

૨. તમામ મૂળભૂત તાલીમ સંસ્થાઓએ તેના હિસાબી રેકર્ડને એક ઓડિટ કરેલા આવક અને ખર્ચના વાર્ષિક પત્રકોની જાળવણી કરવી.

૩. તાલીમી સંસ્થા પાસે જુદા જુદા ધારકોની તાલીમ અને ક્ષમતા નિર્માણનો લઘુત્તમ ૫ વર્ષનો અનુભવ હોવો જોઈએ.

૪. મૂળભૂત તાલીમ સંસ્થા પાસે ક્ષમતા નિર્માણ હેતુ માટે ૫ સ્રોત જૂથ સભ્યો પૂરેપૂરા ઉપલભ્ય હોવા જોઈએ.

## છ) તાલીમ સંસ્થાનું કાર્યક્ષેત્ર

કોઈપણ આપેલ તાલીમ સંસ્થા એ આવરી લીધેલ ક્ષેત્ર અને હાથ ધરવાની તાલીમ સંખ્યા રાષ્ટ્રીય અથવા રાજય સ્તરે (એનયુએલએમ / એસયુએલએમ) નકકી કરવામાં આવશે. તાલીમ સંસ્થાના કાર્યોમાં નીચેનાનો સમાવેશ કરવો.

૧. એમએમયુ ટુકડીઓના ક્ષમતા નિર્માણ માટે એનયુએલએમ / એસયુએલએમ ખાતે આપેલા ઉદેશો અનુસાર તાલીમ કેલેન્ડર તૈયાર કરવું.

૨. જરૂરી તાલીમ મોડયુલ માટેની તૈયારી

૩. યોગ્ય આધાર વ્યવસ્થા સહિત તાલીમ સ્થળ નકકી કરવું

૪. તાલીમની શરૂઆત પહેલા તમામ એમએમયુને અગાઉથી જાણ કરવી.

૫. તાલીમ કાર્યક્રમોનું સંચાલન

૬. હાથ ધરેલી તાલીમ અંગે વિગતવાર અહેવાલ.

## ચ. તાલીમ સંસ્થાઓને ફંડ

તાલીમાર્થી દીઠ સરેરાશ રૂા.૭૫૦૦/– ની રકમનો ઉપયોગ કરી શકાશે. તાલીમ સંસ્થાઓને આપવામાં આવતા હપતા નીચે મુજબ રહેશે.

૧. આખરી હપતો – ૨૦% – સંસ્થા સાથે એમઓયુ કર્યા પછી

૨. બીજો હપતો – ૩૦% – તાલીમ કેલેન્ડર અને ત્રૈમાસિક પ્રગતિ અહેવાલ મળ્યા પછી

૩. ત્રીજો હપતો અને ત્યાર પછીના હપતા– પ્રગતિ અહેવાલ મળ્યા પછી

## ૭. તાલીમ સંસ્થાઓનું દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન

તાલીમ સંસ્થાઓએ યોજેલા તાલીમ કાર્યક્રમોની પ્રગતિ અને ગુણવત્તાના દેખરેખ નિયંત્રણ માટે એનયુએલએમ / એસયુએલએમ વિવિધ તંત્ર વ્યવસ્થાનો વિકાસ કરી શકે. તેમાં નીચેનાનો સમાવશે થશે.

૧. તાલીમ સંસ્થાઓએ રજૂ કરેલો તાલીમ પછીનો અહેવાલ

૨. તાલીમ સંસ્થાઓએ યોજેલી તાલીમોમાં એનયુએલએમ / એસયુએલએમના મુખ્ય અધિકારીઓ દ્વારા સમયાંતર મુલાકાતો

૩. તાલીમમાં ભાગલેનાર પાસેથી ફીડબેક

૪. યોજેલી તાલીમોનું ત્રીજા પક્ષ દ્વારા મૂલ્યાંકન અને તાલીમની અસર

ફાઈલ નં. કે. ૧૪૦૧૪ /૫૮(૧૦) / ૨૦૧૨/યુપીએ

**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**
**(યુપીએ પ્રભાગ)**

નિર્માણ ભવન, નવી દિલ્હી
તા.૧૮ ડિસેમ્બર, ૨૦૧૩

**કાર્યાલય યાદી**

**વિષયઃ** રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સ્વરોજગાર કાર્યક્રમ (એસઈપી) માટે સંચાલકીય માર્ગદર્શક સૂચના.

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન માટે માર્ગદર્શક સૂચના તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ બહાર પાડવામાં આવી છે. જુઓ કચેરી યાદી નં. કે ૧૪૦૧૧/૧/૨૦૧૩ યુપીએ.

૨. રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના સ્વરોજગાર ઘટક માટે સંચાલકીય માર્ગદર્શક સૂચનાઓ આ સાથેના જોડાણમાં બીડવામાં આવી છે. તમામ અમલકર્તા એજન્સીઓને તેનું પાલન કરવાનું રહેશે. આ માર્ગદર્શક સૂચનાઓ આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયની વેબસાઈટ પર અપલડ કરવામાં આવી છે. http:/mhupa.gov.in/NULM-mission/NULM Mission htm, પરથી તે જોઈ શકાશે.

૩. આ યાદી ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયના મંત્રીશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવી છે.

**સહી/–**
**(બી.કે.અગ્રવાલ)**
**સંયુક્ત સચિવશ્રી, ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**

# નેશનલ અર્બન
# લાઈવલીહૂડ મિશન

# સ્વરોજગાર કાર્યક્રમ (એસઈપી) માટે
# સંચાલકીય માર્ગદર્શક સૂચના

**આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**
**ભારત સરકાર**

**સંચાલકીય માર્ગદર્શક સૂચના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન : સ્વરોજગાર કાર્યક્રમ (એસઈપી)**

આ ઘટક–૪ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના સ્વરોજગાર કાર્યક્રમ (સ્વરોજગાર કાર્યક્રમ) માટેની જ સંચાલકીય માર્ગદર્શક સૂચના છે. તેને મિશનના દસ્તાવેજ / રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનની મુખ્ય માર્ગદર્શક સૂચનાઓ અનેરાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના અન્ય ઘટકો સાથે વાંચવી અનેરાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના અન્ય ઘટકો માટેની માર્ગદર્શક સૂચનાઓને સંદર્ભ તરીકે રાખી શકાય.

**ઘટક–૪ સ્વ–રોજગાર કાર્યક્રમ**

**૧. પ્રસ્તાવિક**

**૧.૧** આ ઘટકમાં શહેરના ગરીબોને વ્યકિતગત ધોરણે / જૂથમાં પોતાના કૌશલ, તાલીમ, રૂચિ, અને સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ નફાકારક સ્વરોજગાર સાહસ / માઈક્રો ઉદ્યોગ સાહસ સ્થાપવા માટે નાણાકીય સહાય પર ભાર મૂકવામાં આવશે. આ ઘટકમાં શહેરના ગરીબોના સ્વસહાય જૂથો (એસએચજી) બેંકમાંથી સરળતાથી ધિરાણ મેળવી શકે અને સ્વસહાય જૂથોની લોન પર વ્યાજ સહાય મેળવી શકે તે માટે પણ સહાય આપવામાં આવશે. આ ઘટકમાં, વધુમાં, પોતાની આજીવિકા માટે માઈક્રો ઉદ્યોગ સાહસ હાથ ધરનાર વ્યકિતઓ / જૂથ ઉદ્યોગ સાહસિકો એસએચજીના સભ્યો અને શહેરી ગરીબ વિક્રેતાઓ / ફેરિયાઓને ટેકનોલોજી, ખરીદ–વેચાણ અને અન્ય સહાયક સેવાઓ પર પણ ભાર મૂકવામાં આવશે. ઉદ્યોગ સાહસિકની કાર્યકારી મૂડીની જરૂરિયાત માટે ક્રેડિટ કાર્ડની સવલત પણ આ ઘટક અંતર્ગત આપવામાં આવશે.

૧.૨ અલ્પ રોજગાર ધરાવતા અને બેરોજગાર શહેરી ગરીબોને ઉત્પાદન, સેવા અને પરચૂરણ ધંધા જેવા નાના સાહસો ઊભા કરવા માટે પણ જરૂરી માર્ગદર્શન પૂરું પડાશે. જેની સ્થાનિક કક્ષાએ સારી એવી માગ છે. ખાસ કરીને સ્થાનિક કૌશલ અને સ્થાનિક હસ્તકલાને પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ. દરેક શહેર / નગરમાં ઉપલભ્ય કલાકૌશલ / ઉત્પાદનોનું ખરીદ–વેચાણ, ખર્ચ, આર્થિક નભાઉક્ષમતાને ઘ્યાનમાં રાખીને આવી પ્રવૃત્તિઓ / પ્રોજેકટોનો એક સંક્ષેપ સર્વસંગ્રહ વિકસાવવો જોઈએ.

૧.૩ સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત મહિલા લાભાર્થીઓની ટકાવારી ૩૦ ટકા કરતાં ઓછી હોવી જોઈએ નહીં શહેર / નગરમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ગરીબોની

વસતિ સંખ્યાના પ્રમાણમાં તેમને એટલા તો ઓછામાં ઓછું લાભ મળવા જ જોઈએ. આ કાર્યક્રમ અંતર્ગત અલગ રીતે સક્ષમ માટે ૩ ટકા અનામતની ખાસ જોગવાઈ કરવી જોઈએ. લઘુમતીઓના કલ્યાણ માટેના વડાપ્રધાનના ૧૫ મુદ્દાના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને આ ઘટક અંતર્ગત કુલ લક્ષ્યાંકના ૧૫ ટકા ભૌતિક અને નાણાકીય લઘુમતીઓ માટે અંકિત કરવા જોઈએ.

૨ **લાભાર્થીની પસંદગી** :સામૂહિક સંગઠકો અને શહેરના સ્થાનિક મંડળના વ્યવસાયીઓ શહેરના ગરીબો પૈકી સંભવિત લાભાર્થીઓને મુકરર કરશેરાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ અંતર્ગત રચાયેલ સામાજિક માળખા, દા.ત. સ્વસહાય જૂથો (એસએચજી) / વિસ્તાર કક્ષાના ફેડરેશનો (એએલએફ) સંભવિત વ્યકિતગત અને જૂથ સાહસિકોને સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત નાણાં સહાય માટે શહેરના સ્થાનિક મંડળમાં મોકલશે. લાભાર્થીઓ શહેરના સ્થાનિક મંડળનો સીધો જ સંપર્ક કરી શકે અથવા તો તેના પ્રતિનિધિને પણ મળી શકે. બેંકો ખાતે પણ સંભવિત લાભાર્થીઓને મુકરર કરી શકે અને તેઓને સીધા શહેરના સ્થાનિક મંડળને મળવા માટે મોકલી શકે.

૩. **શૈક્ષણિક લાયકાત અને તાલીમની જરૂરિયાત** : આ ઘટક અંતર્ગત લાભ મેળવવા માટે સંભવિત લાભાર્થીઓ માટે કોઈ ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત જરૂરી નથી. પરંતુ જયાં માઈક્રો ઉદ્યોગસાહસ વિકસાવવા માટે મુકરર કરેલ પ્રવૃત્તિ માટે કોઈ વિશિષ્ટ ખાસ કૌશલ જરૂરી હોય ત્યાં લાભાર્થીને નાણાં સહાય પૂરી પાડતાં પહેલાં તેમને જરૂરી તાલીમ પૂરી પાડવી. આ માટે તેમને ઘટક–૩ કૌશલ, તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર અંતર્ગત પેટા ઘટક–૩.૧ માઈક્રો ઉદ્યોગ સાહસ વિકાસ / સ્વરોજગાર માટે કૌશલ તાલીમ સાથે જોડવા. સૂચિત ઉદ્યોગ – સાહસ ચલાવવા માટે જરૂરી કૌશલ સંભવિત લાભાર્થી સંપાદિત કરી લે, મેળવી લે તે પછી જ નાણાં–સહાય કરવી.

૩.૧ જો લાભાર્થીએ જાણીતી સંસ્થા /નોંધણી કરાયેલ બિનસરકારી સંસ્થા / સ્વૈચ્છિક સંસ્થા / અથવા કોઈ સરકારી યોજના અંતર્ગત તાલીમ લીધેલી હોય તો તેને આવી તાલીમ લેવાનું જરૂરી બનશે નહીં. પરંતુ શરત એ રહેશે કે તેણે પોતે તાલીમ લીધેલી છે, તે સંબંધી જરૂરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો લાભાર્થીએ પારિવારિક વ્યવસાયમાંથી આવું જરૂરી

કૌશલ હાંસલ કરેલ હોય તો શહેર સ્થાનિક મંડળે નાણાં સહાય કરતાં પહેલાં તત્સંબંધી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**૩.૨ ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ (ઈડીપી) :**

શહેરનું સ્થાનિક મંડળ લાભાર્થીઓને કૌશલ તાલીમ આપવા ઉપરાંત વ્યકિતગત કે જૂથ ઉદ્યોગ સાહસિકો માટે ૩ થી ૭ દિવસના ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમનું આયોજન કરશે. આ કાર્યક્રમમાં ઉદ્યોગ સાહસનું સંચાલન, પાયાનું હિસાબી કામકાજ, નાણાંકીય સંચાલન, ખરીદ– વેચાણ, આગળ અને પાછળના જોડાણો, કાયદાકીય કાર્યપધ્ધતિ, ખર્ચ અને આવક વગેરે જેવા ઉદ્યોગ સાહસ વિકસાવવા માટેના પાયાના સિધ્ધાંતો આવરી લેવામાં આવશે. ઉપરના મુદ્દાઓ ઉપરાંત તાલીમ મોડયુલમાં જૂથ ગતિશીલતા, કાયમી વહેંચણી, જૂથ ઉદ્યોગ સાહસ માટે મજિયારો નફો ભોગવવા માટેના વ્યવસ્થા તંત્ર જેવી બાબતો પણ આવરી લેવાશે.

૩.૩ સ્ટેટ મિશન મેનેજમેન્ટ યુનિટ (એસએમએમયુ) દ્વારા સહાયિત સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન દ્વારા પેનલમાં નોંધણી કરાયેલ સંસ્થા/એજન્સીની અથવા પરામર્શક સંસ્થાની મદદથી ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ મોડયુલ વિકસાવીને તેનું આખરીરૂપ આપવું શહેર સ્થાનિક મંડળ તાલીમ કાર્યક્રમનું સંચાલન કરવા માટે તેને ઉપયોગમાં લઈ શકે. ઉદ્યોગ સાહસિકતા વિકાસ / તાલીમ સંચાલન / શૈક્ષણિક સંસ્થાઓ / ઉદ્યોગ સાહસિકતા વિકાસ / તાલીમ વગેરે ક્ષેત્રે પ્રવૃત્ત નામાંકિત સંસ્થાઓ, ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાઓ મારફત ઉદ્યોગ સાહસિકતા વિકાસ અંગેના તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી શકે.

૩.૪ આ ઘટક અંતર્ગત લાભાર્થીઓને તાલીમ આપવા અંગે જે ખર્ચ થાય તે કૌશલ, તાલીમ અને સ્થળ– નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક હેઠળની અંદાજપત્રીય જોગવાઈમાંથી મેળવી લેવું.

૪. **નાણાંકીય ઢાંચો** : વ્યકિતગત અને જૂથ–સામૂહિક ઉદ્યોગ સાહસ ઊભું કરવા માટે શહેરી ગરીબોને પૂરી પડાતી નાણાકીય સહાય બેંક લોન પર વ્યાજસહાયના સ્વરૂપમાં હશે. વ્યકિત અને જૂથીય ઉદ્યોગ સાહસો ઉભા કરવા માટે મળેલ બેંક લોન પર ૭% થી વધુ જેટલું વ્યાજ હોય તે વ્યાજ સહાયકી પેટે મળવાપાત્ર છે. હાલના વ્યાજના દર અને ૭% વચ્ચેના તફાવતની રકમ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત બેંકને આપવામાં આવશે.

લોનની રકમની સમયસર ભરપાઈ થતી હશે તેવા લોકોને જ વ્યાજસહાયકી આપવામાં આવશે. આ અંગે બેંક પાસેથી તત્સંબંધી યોગ્ય પ્રમાણપત્ર મેળવવામાં આવશે.

**૫. વ્યાજસહાયકી મેળવવા માટેની કાર્યપધ્ધતિ**

૫.૧ યોજના અંતર્ગત તમામ શીડયુલ્ડ કોમર્શિયલ બેંક, પ્રાદેશિક ગ્રામીણ બેંકો અને સહકારી બેંકો, જે કોર બેકીંગ સોલ્યુશન મંચ હેઠળ આવતી હોય તે તમામ બેંકો વ્યાજ સબવેન્ટ સરકાર ઈત્યાદિ તફરથી મળતી આર્થિક મદદ મેળવવા માટે પાત્ર ગણાશે.

૫.૨ લાભાર્થીને લોનની ચૂકવણી કર્યા બાદ બેંકની સંબંધિત શાખા, લોન ચુકવણીની વિગતો, વ્યાજ સહાયકીની રકમની વિગતો સાથે શહેરના સ્થાનિક મંડળને મોકલી આપશે.

૫.૩ બેંક દ્વારા કરાયેલ પતાવટના દાવાનો શહેરનું સ્થાનિક મંડળ દર ત્રણ મહિને નિકાલ કરશે. અલબત્ત, દાવા તો દર મહિને રજૂ કરી દેવાના રહેશે. શહેરનું સ્થાનિક મંડળ પોતાને ત્યાં માહિતી, દાવાની ચકાસણી કરશે અને બેંકોને વ્યાજ સહાયકીની રકમ (વર્તમાન વ્યાજ દર અને ૭% ના વ્યાજ દર વચ્ચેની તફાવતની રકમ) ની ચૂકવણી કરશે.

૫.૪ આ ઘટક અંતર્ગત લોન માટેના વ્યાજ સહાયકીના દાવાનું નિયત ફોર્મ જોડાણ–૫ માં આ સાથે બીડેલ છે.

૫.૫ રાજય કક્ષાની બેંકર્સ સમિતિ રાજય સરકાર સાથે પરામર્શ કરીને દાવા એકત્રિત કરવા / મંજૂર કરવા માટે વૈકલ્પિક પધ્ધતિ ઘઢી કાઢવાનો વિકલ્પ છે.

૫.૬ દાવાની પતાવટમાં ત્રણ મહિનાથી વધુ સમય જવો જોઈએ નહીં. જો બેંકના દાવાની ૬ મહિના સુધી પતાવટ કરવામાં ના આવે તો રાજય કક્ષાની બેંકર્સ સમિતિ શહેરના સ્થાનિક મંડળ દ્વારા દાવાની પતાવટ કરવામાં આવે તે શરતને અધીન રહીને પસંદ કરેલ શહેરોમાં થોડા સમય પૂરતું આ યોજના બંધ રવાની સત્તા ધરાવે છે. આવી ઘટના ઘટે તેવા કિસ્સામાં દાવાની પતાવટનું કામ આશાસ્પદ રીતે અગ્રણી જિલ્લા બેંકને આપવું જોઈએ.

**૬. પેટા ઘટક – ૪ : વ્યકિતગત ઉદ્યોગ સાહસ (એઈઈપી–આઈ) લોન અને સહાયકી**

૬.૧ જો કોઈ શહેરી ગરીબ વ્યકિતગત લાભાર્થી સ્વરોજગાર માટે વ્યકિતગત ધોરણે માઈક્રો ઉદ્યોગ સાહસ સ્થાપવા ઈચ્છતો / તી હોય તો તે / તેણી આ ઘટક અંતર્ગત કોઈપણ બેંકમાંથી સહાયિત દરે લોન મેળવવાનો લાભ મેળવી શકે છે. વ્યકિતગત ધોરણે ઉદ્યોગ – સાહસ માટે લોન મેળવવા માટેનાં ધોરણો / વિગતો નીચે મુજબ છે.

**૬.૨ વય** : સંભવિત ભાવિ લાભાર્થી લોન માટે અરજી કરે ત્યારે તેની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષની હોવી જરૂરી છે.

**૬.૩ પ્રાયોજના – ખર્ચ** : વ્યકિતગત ધોરણે હાથ ધરાતા માઈક્રો ઉદ્યોગ સાહસનું મહત્તમ પ્રાયોજના ખર્ચ રૂા.૨,૦૦,૦૦૦ (રૂા. બે લાખ) છે.

**૬.૪ બેંક લોન પર જામીન** : બેંક લોન માટે કોઈ જમીનની જરૂર રહેશે નહી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૬ મે, ૨૦૧૦ના પરિપત્ર નં. આરપીસીડી – એસએમઈ અને એનએફએલબીસી – નં. ૭૯/૦૬ ૦૨ ૩૧/ ૨૦૦૯–૧૦ થી માઈક્રો અને લઘુ ઉદ્યોગ સાહસ ક્ષેત્રના એકમોને પૂરી પડાતી રૂા.૧૦ લાખ સુધીની લોન પર જામીન ન લેવાનો બેકોને આદેશ આપવામાં આવેલ છે. (જોડાણ–૧) આથી, ઊભી કરાયેલ અસ્કયામતો જ લોન મેળવવા માટે બેંકમાં વગર કબજે ગીરો મૂકવાની રહેશે. બેંકો બાંયધરી માટે લાભાર્થી દ્વારા કરવાની પ્રવૃત્તિની પાત્રતા મુજબ સ્વોરજગાર કાર્યક્રમ માટે લોન માટે બાંયધરી મેળવવા ભારત સરકાર અને લઘુ ઉદ્યોગ વિકાસ બેંક દ્વારા ઉભા કરવામાં આવેલ માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટનો સંપર્ક સાધી શકે. (યોજનાની વિગતો જોડાણ–૨માં સામેલ છે.)

**૬.૫ લોનની ભરપાઈ** : લોનની ભરપાઈ દેવા–મોકૂફીની અધિકૃત મુદત શરૂ થયાના શરૂઆતના ૬ થી ૧૮ મહિનામાં બેંકોના ધારાધોરણ મુજબ ૫ થી ૭ વર્ષ વચ્ચેની હશે.

**૭. પેટા ઘટક ૪.૨ : જૂથ ઉદ્યોગ સાહસ (એસઈપી–જી) લોન અને સહાયકી**

સ્વસહાય જૂથ અથવા સ્વર્ણિમ જયંતી શહેરી રોજગાર યોજના અથવા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત રચવામાં આવેલ સ્વસહાય જૂથના સભ્યો અથવા શહેરી ગરીબોનું જૂથ સ્વરોજગાર માટે જૂથ ઔદ્યોગિક સાહસ ઊભું કરવા ઈચ્છતું હોય તો તે જૂથ આ ઘટક અંતર્ગત કોઈપણ બેંક પાસેથી સહાયિત દરે લોન મેળવવાનો લાભ મેળવી શકે છે. જૂથ માઈક્રો – ઉદ્યોગ સાહસ લોન માટેનાં ધોરણો / વિગતો નીચે મુજબ છેઃ

**૭.૧ પાત્રતા** : જૂથ ઔદ્યોગિક સાહસ માટે ઓછામાં ઓછું ૫ સભ્યો હોવા જરૂરી છે અને તેમાં ન્યૂનતમ ૭૦% સભ્યો શહેરના ગરીબ પરિવારના હોવા જોઈએ. લાભાર્થીઓ / જૂથના સભ્યોએ જૂથ ઔદ્યોગિક સાહસ માટે કરેલ અરજી / આવેદન એસજેએસઆરવાય અથવા

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત રચવામાં આવેલ સ્વયંસહાય જૂથ / વિસ્તાર કક્ષાના ફેડરેશન મારફત મોકલવી.

**૭.૨ વય** : જૂથ ઔદ્યોગિક સાહસના તમામ સભ્યો બેંક લોન માટે અરજી કરે ત્યારે ૧૮ વર્ષના થઈ ગયા હોવા જોઈએ.

**૭.૩ પ્રાયોજના ખર્ચ** : જૂથ ઔદ્યોગિક સાહસ માટે વધુમાં વધુ પ્રાયોજના ખર્ચ રૂા.૧૦,૦૦,૦૦૦ (રૂપિયા દસ લાખ) છે.

**૭.૪ લોન** : પ્રાયોજના ખર્ચમાંથી લાભાર્થી ફાળાની રકમ બાદ કર્યા પછી બાકી રહેલ રકમ જૂથ ઔદ્યોગિક સાહસના લાભાર્થીઓને બેંકમાંથી લોન રૂપે ઉપલભ્ય કરવામાં આવશે.

**૭.૫ બેંક લોન પર જામીનની બાંયધરી** : બેંક લોન માટે કોઈ જામીનની જરૂર નથી. માત્ર ઊભી કરેલ અસ્કયામતો જ લોન મેળવવા માટે બેંકમાં વગર કબજે ગીરો મૂકવાની રહેશે. બેંકો ફકરા ૫.૪માં વિગતે જણાવવામાં આવ્યું છે તે મુજબ માઈક્રો અને લઘુ ઔદ્યોગિક સાહસો માટે ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટનો સંપર્ક સાધી શકે છે.

**૭.૬ ભરપાઈ** : લોનની રકમ ગીરોખતના શરૂઆતના ૬ થી ૧૮ મહિના પછી બેંક નકકી કરે તે મુજબ ૫ થી ૭ વર્ષની વચ્ચે હોઈ શકે.

**૮. અરજી પુરસ્કૃત કરવા માટેની કાર્યપધ્ધતિ :**

૮.૧ વ્યકિતગત અને જૂથ ઉદ્યોગ સાહસ માટેની અરજી શહેરનું સ્થાનિક મંડળ પુરસ્કૃત કરશે. શહેર સ્થાનિક મંડળ વ્યકિતગત અને જૂથ ઉદ્યોગ સાહસ માટેની પુરસ્કર્તા એજન્સી બની રહેશે.

૮.૨ શહેરનું સ્થાનિક મંડળ જાહેર માધ્યમો થકી, ઝુંબેશ, માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃત્તિ, સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત, શહેર આજીવિકા કેન્દ્રો વગેરે મારફત સંભવિત લાભાર્થીને સ્વરોજગાર કાર્યક્રમ અંગે માહિતી અને જાણકારી આપશે. શહેરનું સ્થાનિક મંડળ આ ઘટક અંગેની માહિતી સંપદા સંગઠક અને તેના ક્ષેત્રીય કર્મચારીઓનો સક્રિય સહયોગ લઈને પણ જનતા સુધી પહોંચાડી શકે છે.

૮.૩ ઉદ્યોગ સાહસ ઊભુ કરવા નાણાં સહાય મેળવવા ઇચ્છતા લાભાર્થી એક સાદા કાગળમાં પોતાની અરજી સંબંધિત શહેરના સ્થાનિક મંડળના અધિકારી સમક્ષ રજૂ કરશે. અરજીમાં નીચેની વિગતો લખવાની રહેશે. જેમકે નામ, વય, સંપર્ક માટેની વિગતો, સરનામું,

આધાર કાર્ડની વિગતો (જો હોય તો) કેટલી રકમની લોન જરૂરી છે, બેંકનો ખાતા નંબર (જો હોય તો) ઉદ્યોગ સાહસ / પ્રવૃત્તિઓ પ્રકાર, કક્ષા વગેરે. લાભાર્થી પોતાની અરજી ટપાલથી / મેઈલથી શહેર સ્થાનિક મંડળની કચેરીમાં મોકલી શકે છે. શહેરનું સ્થાનિક મંડળ વર્ષભર, વર્ષ દરમિયાન ગમે ત્યારે આવી અરજીઓ સ્વીકારશે.

૮.૪ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ ઘટક અંતર્ગત રચવામાં આવેલ સામુહિક માળખા, જેમકે – સ્વસહાય જૂથો / વિસ્તાર કક્ષાના ફેડરશેનો સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત સંભવિત વ્યકિતગત અને જૂથ ઉદ્યોગ સાહિસકોને નાણાં સહાય મેળવવા માટે શહેરના સ્થાનિક મંડળમાં મોકલી શકે.

૮.૫ લાભાર્થી પાસેથી લોન માટેની અરજી મળ્યેથી સંબંધિત શહેરનું સ્થાનિક મંડળ અરજીની વિગતો પત્રકમાં નોંધશે અથવા જો એમઆઈએસ – માહિતી સેવા સંચાલક ઉપલભ્ય હોય તો તેમાં નોંધશે. અને એ રીતે લાભાર્થીની પ્રતીક્ષા યાદી તૈયાર થશે. શહેરનું સ્થાનિક મંડળ દરેક સંભવિત લાભાર્થીને એક અજોડ નોંધણી નંબર સાથે તેની અરજી મળ્યા અંગેની પહોંચ આપશે. આ નંબર ઉકત અરજી હાલમાં કયા તબકકે છે તે અંગેની જાણકારી મેળવવા માટે ઉપયોગમાં લઈ શકાશે.

૮.૬ બેંકો પણ પાત્રતાના માપદંડના આધારે લાભાર્થી મુકરર કરી શકે અને સંભવિત લાભાર્થી પાસેથી અરજી કે આવેદનપત્ર મેળવી શકે જે અરજીઓ બેંક સીધી સ્વીકારે તે બેંકોએ શહેરના સ્થાનિક મંડળને મોકલી આપવાની રહેશે. આ રીતે આવેલી અરજીઓ પણ પ્રતીક્ષા યાદીનો ભાગ બનશે.

૮.૭ શહેરનું સ્થાનિક મંડળ પ્રતીક્ષા યાદીમાંના ક્રમ મુજબ લાભાર્થીને બોલાવી જરૂરી દસ્તાવેજીકરણ કામગીરી પૂર્ણ કરવા જણાવશે. જેમાં લોનની અરજી માટેનું ફોર્મ ભરવું, કાર્ય પ્રવૃત્તિની વિગતો, ઓળખ માટેની સાબિતી, સરનામા માટેની સાબિતી, બેંકના ખાતાની વિગતો વગેરેનો સમાવેશ થશે. એસયુએલએમએ સ્ટેટ લેવલ બેંકર્સ કમિટિ – રાજય કક્ષાની બેંકર્સ સમિતિ, બેક કન્વીનરના સહયોગમાં લોન માટેનું અરજી પત્રક – ફોર્મ યોગ્ય ફોર્મેટ ઘડી કાઢવાનું રહેશે. લોન માટે વિકસાવાયેલ આ અરજી ફોર્મ જ રાજયભરમાં ઉપયોગમાં લેવાનું રહેશે.

૮.૮ તમામ વિગતો બરાબર ભરી હોય તેવી અરજીઓ શહેરના સ્થાનિક મંડળ પાસે આ કામગીરી માટે રચવામાં આવેલ ટુકડીને મોકલી આપવામાં આવશે આ ટુકડી કોઈપણ અરજી મંજૂર કે નામંજૂર કરવા માટેની ભલામણ કરતાં પહેલાં સંભવિત લાભાર્થીને રૂબરૂ મુલાકાત માટે બોલાવશે અથવા તો જો જરૂર જણાશે તો અરજદાર પાસેથી વધારાની માહિતી મંગાવશે.

૮.૯ ટુકડી દ્વારા ભલામણ કરાયેલ અરજીઓ શહેરનું સ્થાનિક સત્તામંડળ તેના પર આગળની કાર્યવાહી કરવા માટે બેંકને મોકલી આપશે. ટુકડી દ્વારા ભલામણ કરાયેલ આવી તમામ અરજી પર સંબંધિત બેંક ૧૫ દિવસના સમયગાળામાં કાર્યવાહી હાથ ધરશે. આ અરજીઓ શહેર સ્થાનિક મંડળની ટુકડી દ્વારા ભલામણ કરાઈ હોઈ બેંકો અપવાદરૂપ સંજોગોમાં જ આ અરજીઓ નામંજૂર કરી શકે.

૮.૧૦ બેંક તેને મળેલ અરજીઓની વર્તમાન સ્થિતિ અંગે શહેર સ્થાનિક મંડળને સમયાંતરે અહેવાલ મોકલી આપશે. જો માહિતી સેવા તંત્રને ઉપયોગમાં લેવાનું હોય તો બેંકો પોતે જાતે અહેવાલ તૈયાર કરે તે ઉપરાંત અરજીઓની સ્થિતિ ઓનલાઈન અદ્યતન કરી શકે તે માટે બેંકોને પરવાનગી આપી શકાય.

**૯. શહેરના સ્થાનિક મંડળ કક્ષાએ કાર્ય વિશેષ દળ**

વ્યકિતગત અને જૂથ ઉદ્યોગ સહાય માટે લોન માટેની અરજીઓની ચકાસણી અર્થે શહેરના સ્થાનિક મંડળ કક્ષાએ કાર્ય વિશેષ દળ / ટુકડી / જૂથની રચના શહેરનું સ્થાનિક મંડળ કરશે. શહેર સ્થાનિક મંડળના મુખ્ય કાર્યપાલક અધિકારી / નગરપાલિકાના સક્ષમ સત્તાધિકારી કાર્ય વિશેષ દળની રચના કરશે અને તે આ કાર્ય વિશેષ ટુકડી ના અધ્યક્ષ રહેશે. શહેર સ્થાનિક મંડળ કક્ષાએ એક કરતાં વધુ કાર્ય વિશેષ ટુકડી હોઈ શકે, તેનો આધાર શહેરના સ્થાનિક મંડળના કદ / વસતિ પર રહેશે. શહેરના સ્થાનિક મંડળે રચેલ વિશેષ કાર્ય ટુકડીનું સૂચક બંધારણ નીચે મુજબ છે.

| ક્રમ | શહેર સ્થાનિક મંડળ કક્ષાએ કાર્ય વિશેષ ટુકડી | |
|---|---|---|
| ૧ | શહેરના સ્થાનિક મંડળના મુખ્ય કાર્યપાલક અધિકારી / નગરપાલિકા આયુકત અથવા શહેરના સ્થાનિક મંડળના મુખ્ય કાર્યપાલક અધિકારી | અધ્યક્ષ |

| | | |
|---|---|---|
| | અધિકૃત કરે તેવા કોઈ પ્રતિનિધિ | |
| ૨ | અગ્રણી જિલ્લા વ્યવસ્થાપક | સભ્ય |
| ૩ | શહેરના પ્રાયોજના અધિકારી, શહેરના સ્થાનિક મંડળ અથવા શહેરના સ્થાનિક મંડળના અધિકૃત પ્રતિનિધિ | સભ્ય સંયોજક |
| ૪ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ | સભ્ય |
| ૫ | પ્રવર શાખા પ્રબંધક (વધુમાં વધુ બે) | સભ્ય |
| ૬ | વિસ્તાર કક્ષાના ફેડરેશન / શહેર કક્ષાના ફેડરેશનના પ્રતિનિધિ (૨) | સભ્ય |

૯.૨ શહેરનું સ્થાનિક મંડળ અરજીઓ કાર્યવિશેષ દળને મોકલી આપશે. આ કાર્ય વિશેષ ટુકડી અનુભવ, કૌશલ, પ્રવૃત્તિ કે કામગીરી નભી શકે તેમ છે કે કેમ ? પ્રવૃત્તિનો વ્યાપ વગેરેના આધારે અરજીઓની ચકાસણી કરશે. ત્યારબાદ કાર્ય વિશેષ ટુકડી અરજીઓને જુદી તારવીને અરજદારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવશે.

૯.૩ ત્યારબાદ કાર્યવિશેષ ટુકડી જો અરજી અનુકૂળ, વાજબી, યોગ્ય જણાય તો મંજૂર કરતી ભલામણ કરશે અને જે અરજી અયોગ્ય જણાય તો તેને નામંજૂર કરશે અથવા તો અરજદારને વધુ જરૂરી માહિતી પૂરી પાડવા જણાવશે. તેના આધારે અરજીની પૂનઃ ચકાસણી કરવામાં આવશે.

## ૧૦. માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસો માટેના મંત્રાલયની ધિરાણ બાંયધરી યોજના સાથે જોડાણ

લઘુ ઉદ્યોગ વિકાસ બેંક અને ભારત સરકાર દ્વારા ઊભા કરાયેલ માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે, પ્રવૃત્તિની પાત્રતા મુજબ સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત લોન માટે બાંયધરી માટે રાખેલ નાણાં મેળવવા બેંકો ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટનો સંપર્ક સાધી શકે. યોજનાની વિગતો જોડાણ–૨માં આપી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તા.૬ મે, ૨૦૧૦ના તેના પરિપત્રથી બેંકોને જામીનના બદલે ધિરાણ બાંયધરી યોજના લેવા આદેશ પણ આપ્યો છે. (જોડાણ–૧)

## ૧૧. એસઈપી – આઈ અને એસઈપી –જી માટે પ્રગતિ અહેવાલ

૧૧.૧ શહેરનું સ્થાનિક સત્તામંડળ કાર્ય વિશેષ દળે ટુકડીએ ભલામણ કરેલ અરજીઓનું એક માહિતી પત્રક તૈયાર કરશે. તેમાં અરજીની મંજૂરી, લોનની ચુકવણી અને અરજી નામંજૂર (તે માટેનાં કારણો સહિત) ની વિગતો નોંધશે. સંબંધિત બેંક સાથે આ વિગતોની કાયદેસરતા ચકાસીને પછી જ તે પત્રકમાં તેની નોંધ કરવાની રહેશે આ માહિતી પત્રક સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશનને દર મહિને મોકલી આપવામાં આવશે.

૧૧.૨ એસયુએલએમ શહેર સ્થાનિક મંડળ પાસેથી મળેલ તમામ અહેવાલનું સંકલન કરશે. અને દર મહિને તેની જાણ આવાસન, શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયને કરશે.

૧૧.૩ એસયુએલએમ એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે કે સ્વરોજગાર કાર્યક્રમ હેઠળ સધાયેલ પ્રગતિની રાજય કક્ષાની બેંકર્સ સમિતિ અને જિલ્લા કક્ષાની ઘટક સમિતિની બેઠકોમાં સમીક્ષા હાથ ધરાય સ્વરોજગાર કાર્યક્રમના અસરકારક સંકલન અને અલમ માટે રાજય કક્ષાની બેંકર્સ સમિતિ કાર્યક્રમ સંલગ્ન અન્ય મહત્વના મુદા એસયુએલએમ, સમક્ષ મૂકશે.

## ૧૨. પેટા ઘટક – ૪.૩ – સ્વ–સહાય જૂથની લોન પર વ્યાજ સહાયકી (સ્વ સહાય જૂથનું બેંક જોડાણ)

૧૨.૧ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નીતિ, વખતોવખત બહાર પડાતી સંઘીય અંદાજપત્રીય ઉદઘોષણા અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આ અંગે બહાર પાડવામાં આવેલ વિવિધ માર્ગદર્શક સૂચનાઓમાં સ્વ–સહાયજૂથના બેંક સાથે જોડાણ પર ભાર મૂકવામાં આવ્યો છે. સ્વ–સહાય જૂથના બેંક સાથેના જોડાણ કાર્યક્રમને આગળ ધપાવવા માટે અને તે વધુ યોગ્ય અને અનૂકૂળ બનાવવા બેંકોને તેમની નીીત અને અમલ બન્ને કક્ષાએ મુખ્ય પ્રવાહ ધિરાણ કામગીરીના ભાગરૂપે સ્વ–સહાય જૂથને ધિરાણ આપવાની બાબત અંગે વિચારવું જોઈએ તેવી સલાહ આપવામાં આવી છે.

૧૨.૨ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સ્વ–સહાય જૂથ કાર્યક્રમ અંગેના મૂળ પરિપત્ર મુજબ (જુઓ તા.૧ જુલાઈ, ૨૦૧૩નો આરપીએડી એફઆઈડી બીસી ૧૦/૧૨.૨૧.૦૩૩ / ૨૦૧૩–૧૪ – જોડાણ–૪) મુજબ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકોને સ્વ–સહાય જૂથના બેંક જોડાણ માટે સૂચના આપેલ છે. સ્વ–સહાય જૂથ બેંક જોડાણમાં સ્વ સહાય જૂથની બચત બેંક ખાતું ખોલાવવું (એસએચજી નોંધણી કરાયેલ હોય કે ન હોય તો પણ)

શરૂઆતમાં સભ્યોમાં બચતની ટેવ પડે તે માટે ત્યારબાદ સ્વસહાય જૂથને બચત જોડાણ લોન (બચતથી લોનનો ગુણોત્તર ૧:૧ થી ૧:૪ વચ્ચે હોઈ શકે) મંજૂર કરી શકાય. અલબત્ત, લોન મંજૂર કરતાં અગાઉ બેંક યોગ્ય આકારણી અને શ્રેણીકરણ ક્રમનિર્ધારણ કરશે જો કે, પીઢ, પરિપકવ સ્વસહાય જૂથને બેંક બચતની રકમ કરતાં ચાર ગણા કરતાં વધારે રકમની લોન મંજૂર કરી શકે, અલબત આ નિર્ણય લેવાનું બેંકના પોતાના વિવેકાધીન રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એમ પણ સૂચન કર્યું છે કે સમાજના નબળા વર્ગને નાણાં ધિરાણ કરવાની બેંકની પ્રવૃત્તિનો બેંકે, એસએચજીના સભ્યોને આપવાની પેશગીના હેતુને ધ્યાનમાં રાખ્યા વિના સમાવેશ કરવો જોઈએ.

૧૨.૩ એનયુએલએમના સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ ઘટક અંતર્ગત શહેરનું સ્થાનિક મંડળ એસએચજીનું બેંકમાં ખાતું ખોલાવવા અંગે જરૂરી પાયાની કામગીરી કરશે અને ફરતા ભંડોળની સહાય તેને મળે તે માટે મદદરૂપ બનશે. શહેરનું સ્થાનિક મંડળ આ માટે સંપદા સંગઠકને કામે રાખી શકે, કામગીરી સોંપી શકે અથવા તો પોતાના કર્મચારીઓ દ્વારા એસએચજીને સીધુ જ મદદરૂપ થઈ શકે. (એસએચજીની વિભાવના અને નિર્માણ / રચના, સંપદા સંગઠક અને ફરતા ભંડોળ અંગે એસએમ એન્ડ આઈડી માર્ગદર્શક સૂચનાના પેટા ઘટક ૧.૧ અને ૧.૩માં વિગતે જણાવવામાં આવ્યું છે)

૧૨.૪ શહેરના ગરીબોને પરવડે પેવા વ્યાજ દરે ધિરાણ પૂરું પાડવા માટે એનયુએલએમ અંતર્ગત બેંક લોન મેળવનાર એસએચજીને વ્યાજસહાયકી આપવામાં આવશે. વ્યાજ સહાયકીમાં પ્રવર્તમાન વ્યાજ દર – એટલે કે બેંકો દ્વારા હાલમાં વસૂલાત કરાતો વ્યાજ દર, અને શહેરી ગરીબોની એસએચજીને પૂરી પડાતી તમામ પ્રકારની લોન પર વસૂલ કરાતા વાર્ષિક ૭% વ્યાજ દર વચ્ચેના તફાવતની રકમનો સમાવેશ થાય છે. એસએચજીને અપાતી લોન પર વસૂલાતા વ્યાજની રકમનો આ તફાવત (હાલના વ્યાજ દર અને વાર્ષિક ૭% ના વ્યાજ દર વચ્ચેનો તફાવત) બેંકોને ભરપાઈ કરવામાં આવશે.

૧૨.૫ પોતાની લોનની રકમની સમયસર ભરપાઈ કરી દેનાર તમામ મહિલા સ્વસહાય જૂથોને વધારાની ૩% વ્યાજ સહાય પૂરી પડાશે. આ વ્યાજ સહાયકી, લોનની રકમની સમયસર ભરપાઈ (લોન ભરપાઈ કરવા માટે નિયત કરેલ સમયપત્રક મુજબ) કરી દેવાય અને શહેર સ્થાનિક મંડળ દ્વારા બેંકોમાંથી તત્સંબંધી જરૂરી પ્રમાણપત્ર મળી જાય, ત્યાર બાદ જ

મળવાપાત્ર રહેશે. વધારાની 3% વ્યાજ સહાય લાયકાત ધરાવતા મહિલા સ્વસહાય જૂથોને ચૂકવવામાં આવશે. બેંકોએ લાયકાત ધરાવતા મહિલા સ્વસહાય જૂથોના બેંક ખાતામાં વધારાની 3% વ્યાજની રકમ જમા કરવાની રહેશે, ત્યારબાદ બેંક તે રકમ ભરપાઈ કરવા અંગે કાર્યવાહી કરી શકશે.

૧૨.૬ શહેરનું સ્થાનિક મંડળ પોતાના ક્ષેત્રીય કર્મચારીઓ અથવા સંપદા સંગઠક મારફત બેંકમાંથી ધિરાણ મેળવવા માટે લાયકાત ધરાવતી એસએચજીને લોન માટેનું અરજીપત્રક ભરવામાં મદદરૂપ થશે. શહેરનું સ્થાનિક મંડળે એસએચજીની લોન માટેની અરજી જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત બેંકોને મોકલી આપવાની રહેશે. શહેરનું સ્થાનિક મંડળ એસએચજીની લોન માટેની બેંકને મોકલેલ અરજીઓની માહિતીયાદી વિસ્તાર દીઠ, બેંક દીઠ, સંપદા સંગઠક દીઠ / કર્મચારીઓ દીઠ રાખશે. તૈયાર કરેલ આ સઘળી માહિતી એસયુએલએમને દર મહિને મોકલવામાં આવશે.

૧૨.૭ બેંકો ચૂકવણી કરાયેલ લોનની વિગતો શહેર સ્થાનિક મંડળને મોકલી આપશે તેની સાથે વ્યાજ સહાયની રકમની ગણતરીની વિગતો પણ બીડવાની રહેશે. શહેરનું સ્થાનિક મંડળ પોતાને ત્યાં આ માહિતીની ચકાસણી કરશે અને ફકરા–૫માં જણાવ્યું તે જ રીતની કાર્યપધ્ધતિ અપનાવી વ્યાજ સહાયની રકમની દર ત્રણ મહિને બેંકને ચૂકવણી કરશે. વધારાની વ્યાજ સહાય માટેની દાવા અરજી મટેનું નિયત ફોર્મ જોડાણ–૬માં સામેલ છે.

૧૨.૮ એનયુએલએમ અંતર્ગત અસરકારક એસએચજી– બેંક જોડાણ સુનિશ્ચિત કરવા માટે (એસયુએલએમ) નિયમિત ધોરણે બેંક સાથે દેખરેખ–નિયંત્રણ અને સમીક્ષા કરશે. તેમજ રાજયમાં એસએચજી લોન પર વ્યાજ સહાયકી માટે રાજય કક્ષાની બેંકર્સ સમિતિ સાથે સંકલન કરશે. અન્ય કક્ષાની બેંકર્સ સમિતિ અને અગ્રણી બેંકોનો શહેરી ગરીબોનો સમાવેશ કરવા માટે બેંક અને શાખાના કર્મચારીઓને તૈયાર કરવામાં સક્રિય સહયોગ આપશે.

૧૨.૯ અહીં એ વાતની નોંધ લેવી ઘટે કે જે સ્વ સહાય જૂથોને વ્યાજ સહાયકીનો લાભ મળનાર છે તે એસએચજી મુકરર કરવા, પસંદ કરવા, નિર્માણ કરવા અને તેના દેખરેખ–નિયમનની જવાબદારી રાજય / શહેર સ્થાનિક મંડળની રહેશે. વ્યાજ સહાયકીનો લાભ લેવા માટે અયોગ્ય એસએચજી મુકરર કરવા માટે બેંક જવાબદાર ગણાશે નહી.

૧૨.૧૦ ઝડપી ભરપાઈ માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શક સૂચનાઓ નીચે મુજબ છે.

**ક. સ્વસહાય જૂથોને રોકડ ધિરાણની મર્યાદા માટે**

૧. બાકી રહેલ સિલક મંજૂર થયેલ રકમ કરતાં સતત ૩૦ થી વધુ દિવસ સુધી વધુ રહેવી જોઈએ નહી.

૨. ખાતામાં નિયમિત ધોરણે રકમ જમા થવી જોઈએ અને ઉપાડાવી જોઈએ. કોઈપણ સંજોગોમાં ઓછામાં ઓછું એક ગ્રાહક મહિના દરમિયાન ધિરાણ મેળવે તે જરૂરી છે.

૩. મહિના દરમિયાન જે ગ્રાહકે ધિરાણ મેળવ્યું હોય તે મહિના દરમિયાન ઉધારાયેલ વ્યાજની રકમને આવરી લેવા પર્યાપ્ત થઈ પડશે.

**ખ. સ્વ સહાય જૂથોને મુદતી લોન માટે**

મુદતી લોનનું ખાતું જયાં તમામ વ્યાજની ચૂકવણી અને / અથવા મૂળ રકમના હપતા લોનના સમગ્ર સમયગાા દરમિયાન લોનની ભરપાઈની તારીખના ૩૦ દિવસની અંદર ચૂકવાઈ જતા હોય તે ખાતું ઝડપી ચૂકવણી ખાતું ગણાશે.

ભવિષ્યમાં આ અંગે ઝડપી ચૂકવણીની માર્ગદર્શક સૂચનાઓ માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શક સૂચનાઓમાંથી માર્ગદર્શન મળતું રહેશે.

**૧૩. પેટા ઘટક ૪.૪– ઉદ્યોગ સાહસ વિકસાવવા માટે ક્રેડિટ કાર્ડ**

૧૩.૧ એનયુએલએમ અંતર્ગત ઉદ્યોગ સાહસ સ્થાપવા માટે સહાયિત દરે લોન મારફત વ્યકિતગત ઉદ્યોગ સાહસિકને અપાતી નાણાં સહાયને શહેરી ગરીબોને આજીવિકા માટે મદદરૂપ થવા માટેના શરૂઆતના પ્રેરકબળ તરીકે જોવામાં, ગણવામાં આવશે. તેમ છતાં વ્યકિતગત ઉદ્યોગ સાહસિકોને તેનું ઉદ્યોગ સાહસ આર્થિક ઈષ્ટિએ નભી શકે તે માટે કાર્યકારી મૂડીરૂપે વધુ નાણાં સહાયની જરૂર પડશે. આમાં માલસામાનને કાચી સામગ્રીની ખરીદી અને અન્ય પરચૂરણ ખર્ચ વગેરે ખર્ચને પહોંચી વળવા માટે તાત્કાલિક અને ટૂંકાગાળાની માસિક રોકડ જરૂર પડશે. માઈક્રો ઉદ્યોગ સાહસિક પાસે નિયમિત નિયત માસિક રોકડ પ્રવાહ ઉપલબ્ધ હોતો નથી. જેમાંથી તે પોતાના ઔદ્યોગિક સાહસને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે થતા ખર્ચને પહોંચી વળી શકે. આવી તાત્કાલિક ધિરાણ જરૂરિયાતો માટે નાણાં સંસ્થાનો સંપર્ક કરવો જરૂરી બને છે. તે માટે જરૂરી કાર્યવાહી અને દસ્તાવેજો તૈયાર કરવા પડે છે. આ બધામાં

સારો એવો સમય જાય છે. કાર્યકારી મૂડી ધિરાણની આ જરૂરિયાત સામાન્યરીતે ધિરાણના અનૌપચારિક સ્રોતોમાંથી (નાણાં ધિરનાર– ધીરધારનો ધંધો કરનાર શરાફ સહિત) પૂરી પાડવામાં આવે છે. જેઓ ઘણાં ઉંચા વ્યાજ દરે રકમ ધીરે છે.

૧૩.૨ માઈક્રો ઉદ્યોગ સાહસિકો પોતાની કાર્યકારી મૂડી અને પરચૂરણ ધિરાણ જરૂરિયાતો પહોંચી વળી શકે તે માટે તેમને સહાય કરવા એનયુએલએમ બેંકો મારફત ક્રેડિટ કાર્ડ મેળવવામાં મદદરૂપ થશે.

૧૩.૩ એસયુએલએમ રાજય કક્ષાની બેંકર્સ સમિતિ સાથે ચર્ચા કરીને વ્યકિતગત ઉદ્યોગ સાહસિકોને ક્રેડિટ કાર્ડ આપવા માટેના ધોરણો, રકમની મર્યાદા અને તત્સંલગ્ન વિગતોને આખરીરૂપ આપશે. સામાન્ય ક્રેડિટ કાર્ડ યોજનાનો અમલ તમામ શીડયુલ્ડ કોમર્શિયલ બેંકો કરે છે અથવા શહેર વિસ્તારમાં બેંકોનું ઔદ્યોગિક સાહસ વિકસાવવા માટે ક્રેડિટ કાર્ડનો અન્ય કોઈ પ્રકાર એસયુએલએમ અને રાજય કક્ષાની બેંકર્સ સમિતિએ શોધી કાઢવો જોઈએ. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના જાહેરનામા મુજબની સુધારો કરાયેલ સામાન્ય ક્રેડિટ કાર્ડ યોજના જોડાણ–૪માં આપવામાં આવી છે.

૧૩.૪ શહેરનું સ્થાનિક મંડળ સંભવિત લાભાર્થીઓને મુકરર કરશે અને તેમને ક્રેડિટ કાર્ડ આપવા માટે બેંક સાથે જોડાણ કરવામાં સહાય કરશે. અહી ભાર એ વાત પર છે કે શરૂઆતમાં અંતર્ગત નાણાં સહાય મેળવી હોય તે તમામ લાભાર્થીઓને આવરી લેવા ક્રેડિટ કાર્ડ આપવામાં સહાય કરવી. વધુમાં, અન્ય લાભાર્થીઓ, જેઓ પોતાનો વ્યવસાય ધરાવે છે, ચલાવે છે, પરંતુ તેમને સ્વરોજગાર કાર્યક્રમ અંતર્ગત નાણાં સહાયનો લાભ મળ્યો નથી તેમને પણ, જો તેઓ ક્રેડિટકાર્ડ આપવા માટેના નિયત ધોરણો ને માપદંડો ધરાવતા હોય તો તેમને પણ આવરી લેવાય.

૧૩.૫ આ માટેના લક્ષ્યાંક શહેરના સ્થાનિક મંડળ કક્ષાએ જ નકકી કરી શકાય અને આ ઘટક હેઠળ સધાયેલ પ્રગતિ એસયુએલએમ કક્ષાએ એકત્રિત થાય છે અને આવાસન તથા શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયને સામયિક ધોરણે તે મોકલી આપવામાં આવે છે.

**૧૪. પેટા ઘટક – ૪.૫ ટેકનોલોજી, ખરીદ વેચાણ અને અન્ય સહાય**

૧૪.૧ માઈક્રો ઉદ્યોગ સાહસિકને પોતાનો વ્યવસાય ચલાવવા અને નિભાવવા માટે ઘણું ખરું સહાયની જરૂર હોય છે. આ સહાય ઉદ્યોગ સાહસની સ્થાપના, ટેકનોલોજી ખરીદ વેચાણ

અને અન્ય સેવાઓ માટે જરૂરી હોય છે. માઈક્રો ઉદ્યોગ સાહસો, જે ઘણા નાના વ્યવસાય ધંધા– કરતા હોય છે તેઓ બજારની જરૂરિયાત અંગે વધુ સારી સમજ કેળવે પોતે જે વસ્તુનું ઉત્પાદન કરે છે તેની બજામાં માંગ, તેના ભાવ, તેનું વેચાણ કયાં કરવું વગેરે અંગે વધુ સમજ કેળવે તે જરૂરી છે. આ ઘટક હેઠળ સહાયક સેવા પૂરી પાડવા વિચારાયું છે. જેથી માઈક્રો ઉદ્યોગ સાહસ વિકસાવવા માટે પ્રોત્સાહક વાતાવરણ મળી રહે.

૧૪.૨ એનયુએલએમ અંતર્ગત ઊભા કરાયેલ શહેર આજીવિકા કેન્દ્રો માઈક્રો ઉદ્યોગ સાહસોને ઉદ્યોગ સાહસની સ્થાપના (પરવાનો પ્રમાણપત્ર, નોંધણી, કાયદાકીય સેવા વગેરે) ઉત્પાદન, સંપાદન, ટેકનોલોજી, પ્રક્રિયા, ખરીદ વેચાણ, પેકેજીંગ, હિસાબી કામકાજ વગેરે જેવી સેવાઓ પૂરી પાડશે. જેથી તે ઔદ્યોગિક સાહસ લાંબો સમય ટકી શકે શહેર આજીવિકા કેન્દ્રો માઈક્રો ઉદ્યોગ સાહસ દ્વારા ઉત્પાદિત માલની બજારમાં માગનો અભ્યાસ કરવા તેમજ આકારણી / શકયતાનું આલકન કરવા તથા તે માલ અને સેવા માટે બજાર વ્યૂહ ઘડી કાઢવા પણ મદદ પૂરી પાડશે.

૧૪.૩ શહેર આજીવિકા કેન્દ્રોના ધોરણો મુજબ તમામ સ્વરોજગાર કાર્યક્રમ વ્યકિતગત અને જૂથ ઉદ્યોગ સાહસો શહેર આજીવિકા કેન્દ્રોની સહાય મેળવી શકે છે. શહેર આજીવિકા કેન્દ્રો શહેરના સ્થાનિક મંડળના સહયોગમાં અન્ય વિવિધ સરકારી યોજનાઓ કે જેના અંતર્ગત માઈક્રો ઉદ્યોગના વિકાસ અર્થે સેવાઓ અને લાભ પૂરાં પડતાં હોય તેનો લાભ સંભવિત લાભાર્થીઓને મળે તે માટે એવી યોજનાઓ સાથે જોડાણ કરી શકે.

૧૪.૪ એસયુએલએમ શહેર આજીવિકા કેન્દ્રોને ઉપર જણાવેલ સેવાઓ પૂરી પાડવા વધારાનું ભંડોળ / વ્યવસાયી સહાય માટેની વ્યવસ્થા કરી શકે.

## ૧૫. નાણાં સહાયનો ઢાંચો

૧૫.૧ આ ઘટક હેઠળ પૂરી પડાતી સહાય કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે ૭૫:૨૫ના ગુણોત્તરમાં વહેંચવામાં આવશે. ખાસ કક્ષા હેઠળના રાજયો (અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિકિકમ, ત્રિપૂરા, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉતરાખંડ) માટે આ સહાય કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે ૯૦:૧૦ ના ગુણોત્તરમાં વહેંચવામાં આવશે.

૧૫.૨ મંત્રાલય રાજયને ફાળવાયેલ લક્ષ્યાંકને ધ્યાનમાં રાખીને રાજયને વાર્ષિક ધોરણે ફંડ પૂરું પાડશે. રાજય સરકાર સંબંધિત રાજય કક્ષાની બેકીંગ સમિતિ અને શહેરના સ્થાનિક મંડળ સાથે ચર્ચા વિચારણા કરીને લક્ષ્યાંક નિયત કરશે અને લક્ષ્યાંકને અનુરૂપ ભંડોળ શહેરના સ્થાનિક મંડળને પૂરું પાડશે, જેથી બેંકોને વ્યાજ સહાયની તમામ રકમની ભરપાઈ નાણાકીય વર્ષ દરમિયાન જ થઈ જાય અને રાજય સરકાર પાસે વ્યાજ સહાયની રકમની ચુકવણી બાકી છે તેવું ના બને.

## ૧૬. દેખરેખ – નિયંત્રણ અને મૂલ્યાંકન

૧૬.૧ રાજય કક્ષાએ એસએમએમયુ અને શહેર સ્થાનિક મંડળ કક્ષાએ સીએમએમયુ આ ઘટક હેઠળ કરાતી તમામ પ્રવૃત્તિઓ / લક્ષ્યાંકો પર જીણવટપૂર્વક દેખરેખ રાખશે રીપોર્ટીગ હાથ ધરશે અને મૂલ્યાંકન કામગીરી કરશે. એસયુએલએમ અને શહેરનું સ્થાનિક મંડળ / કાર્યપાલક સંસ્થા મિશન નિયામકની કચેરી દ્વારા વખતોવખત બહાર પડાતા નિયત ફોર્મમાં પ્રગતિ અહેવાલ, સમયસર મોકલી આપશે જેમાં એકંદર માસિક સિધ્ધિ, ત્રણ માસના અંતે સિધ્ધિ અને અમલમાં મૂકવાની ચાવીરૂપ બાબતોને આવરી લેવાશે.

૧૬.૨ વધુમાં, એનયુએલએમ અંતર્ગત એક સર્વગ્રાહી અને મજબૂત માહિતી ટેકનોલોજી સક્ષમ એનયુએલએમ માહિતી સેવા તંત્ર સ્થાપવામાં આવશે જેના થકી લક્ષ્યાંકો અને સિધ્ધિઓ પર નજર રાખી શકાશે. રાજય સરકારોએ અને શહેરના સ્થાનિક ભંડોળોએ પોતાનો પ્રગતિ અહેવાલ ઓનલાઈન રજૂ કરવાનો રહેશે. ક્ષેત્રમાં સધાયેલ પ્રગતિ પર દેખરેખ રાવખા તેઓ આ માધ્યમનો ઉપયોગ કરી શકે છે. એનયુએલએમ અંતર્ગત માહિતી અગાઉથી મળી રહે અને પારદર્શકતા સુનિશ્ચિત થાય તે માટે સ્વરોજગાર કાર્યક્રમ હેઠળના ચાવીરૂપ પ્રગતિ અહેવાલ પણ જાહેર ડોમેનમાં ક્ષેત્રમાં સમયસર ઉપલબ્ધ કરાશે.

## જોડાણ–૧

આરબીઆઈ/૨૦૦૯–૧૦ / ૪૪૯ / આરપીસીડી – એસએમઈ અને એમએફએસ : બીસી નં ૭૯ / ૦૬.૦૨.૩૧/ ૨૦૦૯–૧૦ તા.૬ મે ૨૦૧૦

અધ્યક્ષશ્રી / કારોબારી નિયામકશ્રી,

તમામ નિયત કરાયેલ શીડયુલ્ડ કોમર્શિયલ બેંક

(પ્રાદેશિક ગ્રામીણ બેંકો અને સ્થાનિક કક્ષાની બેંકો સહિત)

શ્રીમાન,

માઈક્રો અને લઘુ ઉદ્યોગોને જામીનમુકત લોન અંગેની ધિરાણ બાંયધરી યોજનાની સમીક્ષા માટે કાર્યકારી જૂથ

આપ જાણો જ છો તેમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ માઈક્રો અને લઘુ ઉદ્યોગસાહસો માટેના ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટની ધિરાણ બાંયધરી યોજનાની સમીક્ષા માટે કાર્યકારી જૂથ (અધ્યક્ષ શ્રી વી.કે. શર્મા, કાર્યપાલક નિયામક, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા)ની રચના કરી છે અને તેનો વપરાશ વધે તે માટે પગલાં સૂચવ્યાં છે. કાર્યકારી જૂથનો અહેવાલ તા.૬ માર્ચ ૨૦૧૦ના રોજ બહાર પાડવામાં આવ્યો, જે અમારી વેબસાઈટ પર જોઈ શકાશે. www.rbi.org.in કાર્યકારી જૂથે તેની સાથે નીચે પ્રમાણે ભલામણ કરી છે.

"માઈક્રો અને લઘુ ઉદ્યોગ ક્ષેત્રને અપાતી જામીનમુકત લોનની મર્યાદા હાલ રૂા.૫ લાખ છે તે વધારીને રૂા.૧૦ લાખ કરવી. અને બેંકો માટે તે ફરજિયાત કરવી. બેંકો ધિરાણ બાંયધરી યોજના અંતર્ગત વારાફરતી જામીન ધિરાણ સુવિધા લઈ શકે. ધિરાણ બાંયધરી યોજનાની કક્ષા ઊંચી લાવવા યોજનાના ચાવીરૂપ મુદ્દા / બાબતો એ યોજના અંતર્ગત મળતા લાભ અંગે વ્યાપક જનજાગૃતિ આણવી જરૂરી છે. શાખા કક્ષાએ કામ કરતી સંસ્થાઓને જામીન સામે ધિરાણ આપવાની અભિરૂચિ કહો કે ટેવ કહો હોઈ જૂથ ભલામણ કરે છે કે બેંકના મુખ્ય કાર્યપાલક અધિકારીને આ બાબતે પૂરેપૂરી અને સંપૂર્ણ સતા હોય કે શાખા કક્ષાએ કામ કરતી સંસ્થાઓ ધિરાણ બાંયધરી યોજનાનો લાભ લે તે માટે તેમને પ્રોત્સાહિત કરે. આમા તેમના ક્ષેત્રીય કર્મચારીઓના મૂલ્યાંકનમાં આ અંગેની તેમની કામગીરીને મૂલ્યાંકન માપદંડ તરીકે રાખવાનો સમાવેશ થશે."

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઉપર કરાયેલ ભલામણનો સ્વીકાર કર્યો છે. તદનુસાર અમારા તા.૨૪ ઓગસ્ટ ૨૦૦૯ના પરિપત્ર નં. આરપીસીડી એસએમઈ અને એનએફએસબીસી નં. ૧૬/૦૬ ૦૨.૩૧ (પી) ૨૦૦૯–૧૦ના પરિપત્રથી સુધારો કરીને બેંકોને, માઈક્રો અને લઘુ ઉદ્યોગ સાહસ ક્ષેત્રે રૂા.૧૦ લાખ સુધી કરાયેલ લોન ધિરાણ પર કોઈ જમીન ન લેવા આદેશ કરાયો છે.

૨. બેંકોએ પોતાની શાખા કક્ષાની સંસ્થાઓને પણ ધિરાણ બાંયધરી યોજનાનો લાભ લેવા માટે દઢતાપૂર્વક પ્રોત્સાહિત કરવી જોઈએ. જેમાં તેમના ક્ષેત્રીય કર્મચારીઓના મૂલ્યાંકન માપદંડમાં આ અંગેની તેમની કામગીરીનો સમાવેશ કરવો જોઈએ.

૩. આનો કાળજીપૂર્વક અને ચુસ્તપણે અમલ થાય તે માટે તમારી શાખાઓ / તાબા હેઠળની કચેરીઓને યોગ્ય સૂચનાઓ આપવા આપને વિનંતી કરવામાં આવે છે.

૪. મળ્યાની પહોંચ મોકલી આપશો.

આપનો વિશ્વાસુ

(આર સી. સારંગી)

મુખ્ય મહાવ્યવસ્થાપક

## જોડાણ –૨

## માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાંયધરી ફંડ યોજના

**પ્રાસ્તાવિકઃ**

ભારત સરકારે માઈક્રો અને લઘુ ઉદ્યોગ ક્ષેત્રે જામીન ધિરાણ ઉપલબ્ધ બનાવવા માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાંયધરી ફંડ યોજના અંતર્ગત શરૂ કરી છે. આ યોજના અંતર્ગત હાલના અને નવા બન્ને ઉદ્યોગ સાહસો આવરી લેવાશે. માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય અને લઘુ ઉદ્યોગ વિકાસ બેંક ઓફ ઈન્ડિયાએ માઈક્રો અને લઘુ ઉદ્યોગ સાહસો માટે ધિરાણ બાંયધરી ફંડ યોજનાને અમલમાં મૂકવા માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાંયધરી ટ્રસ્ટ ફંડ નામે ટ્રસ્ટની સ્થાપના કરી છે વિધિસર રીતે આ યોજના ૩૦ ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ જાહેર કરવામાં આવી અને ૧ જાન્યુઆરી, ૨૦૦૦ થી તે અમલમાં છે. માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે ધિરાણ બાંયધરી ટ્રસ્ટ ફંડનું કોર્પસ સરકાર અને લઘુ ઉદ્યોગ વિકાસ બેંક ઓફ ઈન્ડિયા અનુક્રમે ૪:૧ ના ગુણોત્તરમાં આપશે. ૩૧ માર્ચ, ૨૦૧૦ સુધીમાં તેમણે રૂા.૧૯૦૬.૫૫ કરોડ જેટલી રકમ ફંડના કોર્પસમાં ફાળવી છે. માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટે જાહેર કરાયેલ પેકેજ મુજબ ૧૧મી પંચવર્ષીય યોજનાના અંતે કોર્પસ વધારીને રૂા.૨૫૦૦ કરોડ જેટલું કરવાનું છે.

**પાત્ર ધિરાણ સંસ્થાઓ**

યોજના અંતર્ગત પાત્ર ઠરતી સંસ્થાઓ નીચે મુજબ છેઃ મુકરર કરાયેલ શીડયુલ્ડ કોમર્શિયલ બેંક (જાહેર ક્ષેત્રની બેંકો / ખાનગી ક્ષેત્રની બેંકો / વિદેશી બેંકો અને પસંદ કરાયેલ પ્રાદેશિક ગ્રામીણ બેંકો, જે 'નાબાર્ડ' હેઠળ લાંબો સમય ચાલે તેવી નભાઉ કક્ષા હેઠળ વર્ગીકૃત કરાઈ છે)

રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ, ઉત્તર–પૂર્વ વિકાસ નાણાં નિગમ લિમિટેડ અને લઘુ ઉદ્યોગ વિકાસ બેંક ઓફ ઇન્ડિયા – આ સંસ્થાઓ પણ પાત્ર સંસ્થા ગણાય છે. ૩૧ માર્ચ, ૨૦૧૦ના રોજ મુજબ ૧૧૨ પાત્ર ધિરાણ સંસ્થાઓની નાણાં ધિરાણ સંસ્થા તરીકે ટ્રસ્ટમાં નોંધણી થયેલ છે. જે પૈકી ૬૧ પ્રાદેશિક ગ્રામીણ બેંકો છે, ૨ વિદેશી બેંકો છે અને ૬ અન્ય સંસ્થાઓ છે. જેમનાં નામ નીચે મુજબ છે. રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ, ઉત્તર–પૂર્વ વિકાસ

નાણાં નિગમ, લઘુ ઉદ્યોગ વિકાસ બેંક ઓફ ઇન્ડિયા અને તામિલનાડુ ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ.

**પાત્ર ધિરાણ સુવિધા**

યોજના અંતર્ગત આવરી લેવાવા માટે પાત્ર ધિરાણ સુવિધામાં બન્ને મુદતી લોન અને લોન લેનાર એકમ દીઠ રૂા.૧૦૦ લાખ સુધીની કાર્યકારી મૂડી સુવિધાનો સમાવેશ થાય છે. તેમને કોઈ જમીન સુરક્ષા અથવા ત્રીજા પક્ષકારની બાંયધરી વગર નવા અથવા હાલના માઈક્રો અને લઘુ ઉદ્યોગો સુધી લંબાવવામાં આવી છે. બાંયધરી યોજના અંતર્ગત આવરી લેવાયેલા આ એકમો વ્યવસ્થાપકમંડના કાબૂ બહારના સંજોગોને કારણે બિમાર પડે તો તેના પુનઃસ્થાપન માટે નાણાં ધીરનાર પાસેથી જે સહાય મળે તેને પણ બાંયધરી યોજના અંતર્ગત આવરી લઈ શકાય. અહીં એ બાબતની નોંધ લેવી ઘટે કે ધિરાણ સુવિધા જો રૂા.૫૦ લાખથી વધી જાય તો પણ તેને યોજના અંતર્ગત આવરી લઈ શકાશે. પરંતુ બાંયધરી વ્યાપ્તિ માત્ર રૂા.૫૦ લાખની ધિરાણ સહાય સુધીનું જ રહેશે. યોજના અંતર્ગત બીજી મહત્વની જરૂરી બાબત એ છે કે નાણાં ધિરાણ લેનાર એકમે એક જ ધિરાણ સંસ્થા પાસેથી ધિરાણ સુવિધાનો લાભ લેવાનો રહેશે. અલબત, રાજય કક્ષાની સંસ્થાઓ / રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ વિકાસ નિગમ / ઉતર–પૂર્વીય વિકાસ નાણા નિગમ લિ. પાસેથી સહાય મેળવી હોય તે એકમને સભ્ય બેંક પાસેથી ધિરાણ સુવિધા માટે આ યોજના હેઠળ આવરી લઈ શકાય પરંતુ શરત એ રહેશે કે પાત્રતાના અન્ય માપદંડો પૂરાં કરતો હોવો જોઈએ. કોઈ ધિરાણ સુવિધા, જેમાં યોજના અંતર્ગત જોખમોને વધારામાં આવરી લેવાયા હોય જે સરકાર કે અન્ય સંસ્થા દ્વારા ચલાવાતી હોય તેઓ આ યોજના અંતર્ગત આવરી લેવાવા માટે પાત્ર ઠરશે નહીં.

**બાંયધરી આવર**

યોજના અંતર્ગત ધિરાણ સુવિધા માટે મંજૂર કરાયેલ રકમના ૭૫ ટકા જેટલી રકમ બાંયધરી વ્યાપ્તિ હેઠળ આવરી લેવાશે (૧) માઈક્રો ઉદ્યોગોને રૂા.૫ લાખ સુધીની લોન (૨) મહિલાઓની માલિકીના માઈક્રો અને લઘુ ઉદ્યોગો અથવા માઈક્રો અને લઘુ ઉદ્યોગો (૩) ઉતર–પૂર્વ પ્રદેશમાં તમામ લોન માટે ૮૦% જેટલી રકમ બાંયધરી વ્યાપ હેઠળ આવરી લેવાશે. સમયસર નાણાં ભરવામાં જો કોઈ કસૂર થશે તો ટ્રસ્ટ ૭૫% (અથવા જયાં લાગુ

પડતું હોય ત્યાં ૮૦%) દાવાની રકમની ધિરાણ સંસ્થાએ આપેલ ધિરાણ સુવિધામાંથી પતાવટ કરશે. આ માટે, કસૂરવાર રકમ મુદતી લોનની બાબતમાં તેમજ બાકી કાર્યકારી મૂડી વિધાની રકમની બાબતમાં ખાતું બિનકાર્યરત અસ્કયામતમાં તબદીલ થાય તે તારીખે વ્યાજ સહિત નાણાં લેનારના ખાતામાં જમા રકમ મૂળ રકમ ગણાશે.

**બાંયધરીની મુદત**

આ યોજના અંતર્ગત બાંયધરીની મુદત મુદતી લોન / સંમિતિ ધિરાણ માટે સંમત મુદત હશે તે રહેશે. કાર્યકારી મૂડીના કિસ્સામાં બાંયધરીની મુદત પાંચ વર્ષ અથવા પાંચ વર્ષનો બ્લોક ઘટક રહેશે.

**બાંયધરી માટે ફી**

યોજના અંતર્ગત ટ્રસ્ટને ચૂકવવાની ફી એક જ વખત ચૂકવવાની હોય છે. આ બાંયધરી ફી મંજૂર થયેલ ધિરાણ સુવિધાના ૧.૫% અને વાર્ષિક સેવા ફી ૦.૭૫% રહેશે. રૂા. ૫ લાખ સુધીની લોન માટે એક જ વખત ભરવાની બાંયધરી ફી અને વાર્ષિક સેવા ફી અનુક્રમે ૧% અને ૦.૫% છે. વધુમાં ઉત્તર–પૂર્વના પ્રદેશમાં એક જ વખત ભરવાની બાંયધરી ફી માત્ર ૦.૭૫% છે.

**વેબસાઈટ**

માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટેના વિકાસ બાંયધરી ફંડ ટ્રસ્ટની કામગીરીનું સંચાલન ઈન્ટરનેટ મારફત હાથ ધરાશે. માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટેના ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટની વેબસાઈટ નીચે મુજબ છે. www.cgts.org.in

**યોજના અંગે જાગૃતિ કાર્યક્રમો**

માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટેના ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટે પોતાની બાંયધરી યોજના અંગે બેંકો, માઈક્રો અને લઘુ ઉદ્યોગ સાહસ મંડળો, ઉદ્યોગ સાહસિકો વગેરે માહિતગાર થાય તે માટે બહુપાંખી અભિગમ અપનાવ્યો છે. મુદ્રણ અને વીજાણુ માધ્યમનો તે માટે ઉપયોગ, કાર્યશિબિરો / ચર્ચા સત્રોનું આયોજન, વિવિધ જિલ્લા / રાજય / રાષ્ટ્ર કક્ષાએ બેઠકોનું સંચાલન વગેરે ૩૧ માર્ચ, ૨૦૧૦ મુજબ ધિરાણ બાંયધરી યોજના અંગે ૧૦૮૦ કાર્યશિબિરો અને ચર્ચાસત્રોઓનું આયોજન થયું હતું. માઈક્રો અને લઘુ ઉદ્યોગો માટેના ધિરાણ બાંયધરી ફંડ ટ્રસ્ટે ૧૯ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો અને ૩૦૪ રાજય કક્ષાની બેંકર્સ

સમિતિ / બેઠકોમાં હાજરી આપી હતી. આ બેઠકોનું સંચાલન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ અથવા અન્ય સરકારી ંકચેરીઓએ કર્યું હતું બેંકો, ઉદ્યોગ મંડળો અને રસ ધરાવતી અન્ય વ્યકિતઓને યોજનાને પ્રોત્સાહિત કરતા અને જનજાગૃતિ આણતા પોસ્ટરો અને ચોપાનિયા પરિપત્રિત કરવામાં આવ્યા હતા. નાણાં ધીરનાર સંસ્થાઓને તાલીમ આપવા માટે મલ્ટી મિડિયા સીડી રોમ ધરાવતી યોજનાની કાર્યપધ્ધતિ કર્મચારી તાલીમ કેન્દ્રો / કોલેજો / તાલીમ કોલેજોમાં વિતરિત કરાઈ. ટ્રસ્ટે તાજેતરમાં ડીએવીપી મારફત દેશભરમાં કુલ ૧૯૪ વર્તમાનપત્રમાં જાહેરાત ઝુંબેશ શરૂ કરી હતી. જેના પરિણામે લક્ષ્યાંકિત વર્ગમાં આ યોજના અંગે સારી એવી જાગૃતિ આવી હતી.

**જોડાણ–૧**

આરપીસીડી / એફઆઈડી બીસી નં. ૧૦ / ૧૨.૦૧.૦૩૩ / ૨૦૧૩–૧૪ ૧ જુલાઈ ૨૦૧૩

અધ્યક્ષશ્રી / કારોબારી નિયામકશ્રી,

મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી

તમામ શીડયુલ્ડ કોમર્શિયલ બેંક

શ્રીમાન,

**સ્વસહાય જૂથ – બેંક જોડાણ કાર્યક્રમ અંગે બૃહદ પરિપત્ર**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સ્વસહાય જૂથ બેંક જોડાણ કાર્યક્રમ અંગે બેંકોને વખતોવખત અનેક માર્ગદર્શક સૂચનાઓ આપેલ છે. બેંકોને આ તમામ સૂચનાઓ એકવગી મળી રહે તે માટે એક બૃહદ મૂળ પરિપત્ર તૈયાર કર્યો છે. જેમાં આ અંગેની હાલની માર્ગદર્શક સૂચનાઓને અદ્યતન કરીને બીડવામાં આવી છે. આ બૃહદ પરિપત્રમાં પરિશિષ્ટમાં દર્શાવ્યું છે તે મુજબ ૩૦ જૂન, ૨૦૧૩ સુધીના આ અંગેના રિઝર્વ બેંકના તમામ પરિપત્રનો એકત્રિત કરીને અદ્યતન બનાવાયા છે.

આપનો વિશ્વાસુ

(એ ઉગતા)

અગ્ર મુખ્ય મહાવ્યવસ્થાપક

બિડાણ : ઉપર મુજબ

## સ્વસહાય જૂથ – બેંક જોડાણ કાર્યક્રમ અંગે બૃહદ્ પરિપત્ર

૧. દેશમાં વિધિસરની ધિરાણ પધ્ધતિનું વ્યાપક ધોરણે વિસ્તરણ થયું છે. તેમ છતાં ઘણા વિસ્તારોમાં તાકીદની, તાત્કાલિક હોય તેવી જરૂરિયાતો પૂરી પાડવા ગ્રામીણ ગરીબોનું નાણાં ધીરનારાઓ પરનું અવલંબન ગમે તે રીતે ચાલુ ને ચાલુ જ રહયું છે. સીમાંત ખેડૂતો, ભૂમિહીન મજૂરો, છૂટક ધંધો કરનારાઓ, ગ્રામીણ કારીગરો, સામાજિક અને આર્થિક દષ્ટિએ પછાત વગના લોકો અને આદિજાતિના લોકો, જેમનું બચત પ્રત્યેનું વલણ નથી હોતું અથવા તો જેઓ એટલી તો ઓછી બચત કરી શકે છે. જે બેંકો દ્વારા કરી શકાય તેવી નથી એવા લોકોના કિસ્સામાં ધીરધાર કરનારાઓ પ્રત્યેનું અવલંબન ઘણું બધું નજરે દેખાય તેવું હોય છે. ઘણાં બધા કારણોસર સમાજના આ વિભાગની પ્રજાને સંસ્થાગત સ્વરૂપ આપી શકાયું નથી. નાબાર્ડ, એપ્રાકા અને ભારતીય મંજૂર સંઘે બિન– સરકારી સંગઠનો દ્વારા પ્રોત્સાહન પૂરું પડાતું હોય તેવા અનૌપચારિક જૂથોનો અભ્યાસ હાથ ધર્યો હતો, જે દર્શાવે છે કે સ્વસહાય બચત અને ધિરાણ જૂથ ઔપચારિક બેંક માળખાને અને ગ્રામીણ ગરીબોને પરસ્પરના લાભ અર્થે ભેગા કરવાની ક્ષમતા ધરાવે છે અને તેમની કામગીરી પ્રોત્સાહક છે.

૨. તદનુસાર નાબાર્ડે બિન સરકારી સંગઠકો, બેંકો અને અન્ય સંસ્થાઓ દ્વારા પ્રોત્સાહન પૂરું પડાતું હોય તેવા સ્વસહાય જૂથોને આવરી લેવા માટે એક પ્રારંભક પરિયોજના શરૂ કરી છે. પુનઃનાણાં ધિરાણ દ્વારા તેને તેણે સહાય પણ પૂરી પાડી છે. બેંક જોડાણ પરિયોજનાની અસરનું મૂલ્યાંકન કરવા નાબાર્ડે કેટલાક રાજયોમાં હાથ ધરેલ ઝડપી અભ્યાસમાં એમ જણાયું છે કે તે ઘણી જ પ્રોત્સાહક અને વિધાયક લક્ષણો ધરાવે છે. જેમકે તેનાથી સ્વસહાય જૂથના લોનના પ્રમાણમાં વધારો થયો છે. સભ્યો દ્વારા લોનના ઢાંચામાં ચોકકસ પરિવર્તન આવ્યું છે જેમકે આવક ન રળતી પ્રવૃત્તિઓથી ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે લોન લેવી, લગભગ ૧૦૦% જેટલી લોન– વસૂલી, બેંક અને નાણાં લેનાર બન્ને પક્ષે લેવડદેવડ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો, વધુમાં એસએચજીના સભ્યોના આવકના સ્તરમાં ધીરેધીરે વધારો બેંક જોડાણ પરિયોજનામાં બીજું મહત્વનું લક્ષણ એ જોવા મળ્યું કે જૂથો માત્ર મહિલાઓના બનેલા હતા.

૩. એસએચજી અને બિન સરકારી સંગઠનની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા અને ગ્રામ ક્ષેત્રે તેમની ભૂમિકા વધુ ઊંડી, ઘેરી ને સઘન કરવા સારુ તેમની કામગીરીનો અભ્યાસ કરવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નવેમ્બર, ૧૯૯૪માં કાર્યકારી જૂથની રચના કરી જેમાં પ્રખ્યાત બિન સરકારી સંગઠનોના કાર્યકર્તાઓ, શિક્ષણવિદો, સલાહકારો અને બેંકર્સ હતા. આ જૂથના અધ્યક્ષપદે નાબાર્ડના તત્કાલીન કારોબારી નિયામક શ્રી એસ.કે. કાલિયા હતા. કાર્યકારી જૂથનો એવો મત હતો કે સ્વસહાય જૂથોનું બેંક સાથે જોડાણ ખર્ચની દષ્ટિએ પરવડે તેવું, પારદર્શક અને જેમના સુધી પહોંચી શકાતું નથી તેવા ગ્રામીણ ગરીબોને ઔપચારિક બેંકીંગ પધ્ધતિથી ધિરાણ મળી શકે તે માટેની પધ્ધતિમાં સુધારો કરવા લવચીક અભિગમ વાળું છે તેનાથી બેંકો જે બે સમસ્યાઓનો સામનો કરી રહી છે ગ્રામ વિસ્તાોમાં લોનની વસૂલાત અને થોડા થોડા સમયાંતરે નાની નાની રકમની લોન લેવામાં થતા ભારે લેવડદેવડ ખર્ચ તેનો ઉકેલ, જે આલવો ખૂબ જરૂરી છે તે મળી રહેશે આથી જૂથને એમ લાગે છે કે નીતિનો ઝોક એસએચજીના નિર્માણને પ્રોત્સાહન પૂરું પાડવા પર અને આ માટે બેંક સાથે જોડાણનો હોવો જોઈએ. આમાં બેંકની ભૂમિકા બહુ મહત્વની બની રહેશે. કાર્યકારી જૂથે ભલામણ કરી છે કે બેંકે જોડાણ કાર્યક્રમને વ્યવસાય–તક તરીકે લેવો જોઈએ. અને બેંકે સંભવિતતા, સ્થાનિક જરૂરિયાત,ઉપલભ્ય કૌશલ / આવડત વગેરેન સાથે સાથે ગણતરીમાં લઈને કોઈ ચોકકસ વિસ્તાર માટેના કે કોઈ ચોકકસ જૂથ માટેના લોન પેકેજ તૈયાર કરવા જોઈએ.

૪. માઈક્રો નાણાંધિરાણની સોંપણીને લગતા વિવિધ મુદાઓ તપાસવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓકટોબર, ૨૦૦૨માં ચાર અનૌપચારિક જૂથોની રચના કરી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિમાં અને સંઘના અંદાજપત્રની વારંવાર કરાતી ઉદઘોષણામાં સ્વસહાય જૂથોના બેંક સાથે જોડાણ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અંગે બેંકોને વિવિધ માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે. એસએચજીનો બેંક સાથે જોડાણ કાર્યક્રમની કક્ષા ઊંચી લાવવા અને તે લાંબો સમય ટકે તે માટે બેંકોને સલાહ અપાઈ છે કે તેઓ પોતાની નીતિ અને અમલ બન્ને કક્ષાએ સ્વસહાય જૂથને નાણાં ધિરાણની બાબતને પોતાના મુખ્ય પ્રવાહની ધિરાણ કામગીરીનો એક ભાગ ગણે બેંકોએ સ્વસહાય જૂથ સાથેના જોડાણની બાબતનો બેંકના અધિકારીઓ અને કર્મચારીઓ માટેના તાલીમ અભ્યાસક્રમમાં, કોર્પોરેટ

વ્યૂહ / આયોજનમાં સમાવેશ કરવો જોઈએ અને નિયમિત ધોરણે આ વ્યવસાય – પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ તેમજ તેના પર દેખરેખ રાખી સમયાંતરે તેની સમીક્ષા થવી જોઈએ.

૫. **અગ્રતા ક્ષેત્ર હેઠળના અલાયદા ભાગ** :બેંકો સ્વસહાય જૂથોને કોઈ મુશ્કેલી વગર નાણાં ધીરી શકે તે માટે એમ નકકી કરવામાં આવ્યું છે કે બેંકોએ સ્વસહાય જૂથોને કરેલું નાણાં ધિરાણ અને / અથવા બિન સરકારી સંગઠનને સ્વસહાય જૂથને / સ્વસહાય જૂથના સભ્યને આપવા માટે કરેલાં નાણાં ધિરાણની જાણ અલગ વિભાગમાં કરશે જેમકે સ્વસહાય જૂથોને પેશગી– એસએચજીના સભ્યોને કયા હેતુ માટે લોન આપવામાં આવી છે તેની પરવા કર્યા વિના એસએચજીને અપાયેલ લોનની વિગત આ સદર હેઠળ નોંધશે બેંકોએ એસએચજીને કરાતા નાણાં ધિરાણનો સમાજના નબળા વિભાગને કરાતા નાણાં ધિરાણના ભાગરૂપે સમાવેશ કરવો જોઈએ.

૬. **બચત બેંક ખાતું ખોલાવવું** : નોંધણી કરાયેલ કે નોંધણી ન કરાયેલ, પરંતુ પોતાના સભ્યોમાં બચતની ટેવને પ્રોત્સાહિત કરવા સ્વસહાય જૂથો બેંકમાં બચતખાતું ખોલવા માટે પાત્ર ગણાશે. આ સ્વસહાય જૂથોએ બેંકમાં ખાતું ખોલાવતાં પહેલાં બેંકમાંથી ધિરાણ મેળવ્યું હોવું જોઈએ, તેવું જરૂરી નથી. સ્વસહાય જૂથ દ્વારા બેંકમાં બચત ખાતું ખોલાવવામાં આવે ત્યારે એસએચજીના તમામ સભ્યોની તમારા ગ્રાહકને જાણો અંતર્ગત ખરાઈ કરવાનું જરૂરી નથી. એસએચજીના હોદેદાર સભ્યોની તમારા ગ્રાહકને જાણો અંતર્ગત ખરાઈ કરવાનું અહી પર્યાપ્ત ગણાશે. વધુમાં એ બાબતની સ્પષ્ટતા કરવામાં આવે છે કે બેંકમાં બચત ખાતું ખોલાવતી વખતે તમારા ગ્રાહકને જાણો અંતર્ગત એસએચજીના હોદેદારોની ખરાઈ થઈ ગઈ હોય અને તે બચત ખાતું ચાલુ હોય અને ધિરાણ જોડાણ માટે આ બચત ખાતાનો ઉપયોગ કરાનાર હોય તો એસએચજીના આ સભ્યો કે હોદેદારોની એસએચજીના ધિરાણ જોડાણ સમયે અલગથી તમારા ગ્રાહકને જાણો અંતર્ગત ખરાઈ કરવાનું જરૂરી નથી.

૭. **સ્વસહાય જૂથને નાણાં ધિરાણ, આયોજન પ્રક્રિયાનો જ એક ભાગ** : સ્વસહાય જૂથને નાણાં ધિરાણની બાબતનો દરેક બેંકે શાખા ધિરાણ યોજના ઘટક ધિરાણ યોજના, જિલ્લા ધિરાણ યોજના અને રાજય ધિરાણ યોજનામાં સમાવેશ કરવો જોઈએ. એસએચજીને બેંક ધિરાણ કાર્યક્રમ અંતર્ગત કોઈ લક્ષ્યાંક નિયત ના કરાયા હોય ત્યારે આ યોજના તૈયાર કરવાના

ક્ષેત્રને સૌથી વધુ અગ્રતા આપવી જોઈએ અને બેંકની કોર્પોરેટ ધિરાણ યોજનાનો તે અંગભૂત ભાગ બનવો જોઈએ.

૮. **સીમાંત અને સુરક્ષા ધોરણો** : નાબાર્ડની સંચાલકીય માર્ગદર્શક સૂચના મુજબ સ્વસહાય જૂથોને બેંક બચત જોડાણ લોન મંજૂર કરી શકે (બચત અને લોનના ગુણોત્તર ૧:૧ થી ૧:૪ ની વચ્ચેનો અલગ અલગ હોઈ શકે) અલબત્ત, પીઢ, પરિપકવ એસએચજીના કિસ્સામાં બચતની રકમ કરતાં ચાર ગણી રકમ કરતાં વધુ રકમની લોન આપવાનો બેંક પોતાના વિવેકાનુસાર નિર્ણય લઈ શકે છે અનુભવ દર્શાવે છે કે ગતિશીલ અને પ્રભાવી જૂથો સ્વસહાય જૂથના સભ્યોને દબાણ કરીને તેમની પાસેથી સારી એવી વસૂલાત કરી શકે છે. જોડાણ કાર્યક્રમ અંતર્ગત ચાલુ રહેનાર પ્રારંભિક પ્રાયોજના અંતર્ગત બેંકોને સીમાંત,સુરક્ષા ધોરણ વગેરે અંગે જે પરવાનગી અપાઈ હોય તે પ્રારંભિક તબકકા પછી પણ ચાલુ રહેશે.

૯. **દસ્તાવેજીકરણ** : સ્વસહાય જૂથોને ધિરાણના પ્રવાહમાં વધારો થતો રહે તે માટે ધિરાણ માટેની પધ્ધતિ ખૂબ સરળ હોય તે માટે ખૂબ જ ઓછી કાર્યવાહી કરવાની હોય, દસ્તાવેજીકરણ – કાગળિયાં બહુ કરવાના ના હોય તે તેની પૂર્વ–શરત છે. નાણાં ધિરાણના પ્રકાર અને નાણાં ઉછીના લેનારના સામાજિક દરજ્જાને ધ્યાનમાં રાખીને બેંકોએ તમામ કંટાળાપ્રદ સંચાલકીય બાબતો દૂર કરવી જોઈએ અને શાખા પ્રબંધકને લોનની મંજૂરી માટે પૂરતી સત્તા આપી લોનની ઝડપી મંજૂરી અને ચૂકવણી માટે વ્યવસ્થા કરવી જોઈએ.

૧૦. સ્વસહાય જૂથોમાં કસૂરવારની હાજરીઃ એસએચજીના કેટલાક સભ્યો અને / અથવા તેમના પરિવારના સભ્યો દ્વારા નાણાં ધિરાણ કરતી બેંક સાથે કોઈ કસૂર થાય તો તે બાબત સામાન્ય રીતે બેંકો દ્વારા એસએચજીને કરાતા નાણાં ધિરાણની વચમાં આવવી જોઈએ નહીં. પરંતુ શરતે એ રહેશે કે એસએચજી તે કસૂરમાં ના હોય અલબત, એસએચજી બેંકમાંથી લીધેલ લોનનો ઉપયોગ કસૂરદાર સભ્યને નાણાં ધીરવા માટે કરી શકશે નહી.

**૧૧. ક્ષમતાનિર્માણ અને તાલીમ** : જોડાણ કાર્યક્રમનું મહત્વનું પગલું બેંકના ક્ષેત્ર કક્ષાના અધિકારીઓને તાલીમ આપવાનું અને બેંકના નિયંત્રણ અધિકારી તેમજ અન્ય પ્રવર અધિારીઓને આ માટે તૈયાર કરવાનું છે. બેંકના ક્ષેત્ર કક્ષાના અને નિયંત્રણ કક્ષાના બન્ને કક્ષાના અધિકારીઓ / કર્મચારીઓને તાલીમની જરૂરિયાત અને એ તાલીમ જરૂરિયાતનું મહત્વ અને વ્યાપ જોતાં બેંકે સ્વસહાય જૂથોના જોડાણની પરિયોજનાને આંતરિક બનાવવા

માટે યોગ્ય પગલાં લેવાં જોઈએ અને માત્ર ક્ષેત્ર કક્ષાની સંસ્થાઓ માટે ટૂંકાગાળાના તાલીમ કાર્યક્રમો યોજવા જોઈએ. વધુમાં વચલી કક્ષાના નિયંત્રણ અધિકારીઓ અને પ્રવર અધિકારીઓ માટે જાગૃતિ કાર્યક્રમો યોજવા જોઈએ.

૧૨. **સ્વસહાય જૂથોને કરાતા નાણાં ધિરાણ પર દેખરેખ–નિયમન અને તેની સમીક્ષા** : એસએચજીની સંભવિતતા અંગે બેંક વિવિધ સતરે પ્રગતિ પર નિયમિત દેખરેખ રાખવી જોઈએ. અસંગઠિત ક્ષેત્રને ધિરાણ પ્રવાહ માટે એસએચજીના બેંક જોડાણના ચાલુ કાર્યક્રમોને વેગ મળી રહે તે માટે બેંકોને જાન્યુઆરી, ૨૦૦૪માં સલાહ આપવામાં આવી હતી કે રાજય કક્ષાની બેંકીગ સમિતિની અને જિલ્લા કક્ષાની સમિતિની બેઠકોમાં કાર્યસૂચિમાં ચર્ચાના મુદાઓમાં એસએચજીના બેંક જોડાણ  કાર્યક્રમ પર દેખરેખની બાબતને નિયમિત ધોરણે રાખવી જોઈએ. દર ત્રણ મહિને ઉચ્ચ કોર્પોરેટ કક્ષાએ તેની સમીક્ષા થવી જોઈએ, વધુમાં કાર્યક્રમમાં સધાયેલ પ્રગતિની નિયમિત સમયાંતરે બેંકોએ સમીક્ષા કરવી જોઈએ અને પ્રગતિ અહેવાલ દર છ મહિને નાબાર્ડ (માઈક્રો ધિરાણ નાવીન્ય વિભાગ), મુંબઈને મોકલી આપવો જોઈએ, દર વર્ષે ૩૦ સપ્ટેમ્બર અને ૩૧ માર્ચે અહેવાલ મોકલવો, જેથી અહેવાલ જે વર્ષનો હોય તે અર્ધ વર્ષના ૩૦ દિવસની અંદર અહેવાલ પહોંચી જાય .

૧૩. **સ્વસહાય જૂથના જોડાણને પ્રોત્સાહન** : બેંકોએ સ્વસહાય જૂથોને નાણાં ધિરાણ કરવા માટે અને તેની સાથે જોડાણ કરવા માટે પોતાની શાખાઓને પૂરતું પ્રોત્સાહન આપવું જોઈએ. તે માટેની પ્રક્રિયા એકદમ સરળ બનાવવી જોઈએ. સ્થાનિક પરિસ્થિતિમાં અનુકૂળ પડે તેવી સંપૂર્ણતયા લવચીક સરળ કાર્યપધ્ધતિ હોવી જોઈએ. સ્વસહાય જૂથ ચલાવવા માટેની, કામ કરવાની શૈલી જૂથ પર જ છોડવી જોઈએ. તેને નિયંત્રિત કરવાની કે તેમના પર ઔપચારિક માળખું લાદવાની કે તે માટે સતત ભારપૂર્વક આગ્રહ કરવાની કોઈ જરૂર નથી. એસએચજીને નાણાં ધિરાણ માટેનો અભિગમ સંપૂર્ણપણે તકલીફ રહિત હોવો જોઈએ અને તેમાં વપરાશ ખર્ચનો સમાવેશ કરી શકાય.

૧૪. **વ્યાજનો દર** : બેંકો દ્વારા સ્વસહાય જૂથો / સભ્ય લાભાર્થીઓને આપવામાં આવતી લોન પર વ્યાજનો દર કેટલો રાખવો અને તેનો નિર્ણય તેમના પર છોડવો.

૧૫. **સ્વસહાય જૂથોની કુલ નાણાકીય અને ધિરાણ જરૂરિયાતો** : માનનીય નાણાં મંત્રીશ્રીના ૨૦૦૮–૦૯ ના વર્ષના કેન્દ્રીય અંદાજપત્રની ઉદઘોષણાના ફકરા–૯૩ માં જણાવવામાં

આવ્યું છે તે મુજબ બેંકોને સ્વ સહાય જૂથોની સઘળી ધિરાણ જરૂરિયાતો પૂરી કરવાનું કહેવામાં આવ્યું છે. –''બેંકો'' કુલ નાણાકીય સમાવેશની વિભાવના અપનાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરાશે. જાહેર ક્ષેત્રની કેટલીક બેંકોએ જે ઉદાહરણરૂપ કાર્યપધ્ધતિ અપનાવી છે ઉદાહરણરૂપ કામ કર્યું છે. તેને અનુસરવા માટે સરકાર શીડયુલ્ડ સભ્યોની સઘળી ધિરાણ જરૂરિયાતો (ક) આવક નિર્માણ પ્રવૃત્તિઓ (ખ) રહેઠાણ, શિક્ષણ, લગ્ન વગેરે જેવી સામાજિક જરૂરિયાતો અને (ગ) દેવું ચૂકતે કરવાની જરૂરિયાતોને પૂરી પાડવા વિનંતી કરશે.

## જોડાણ–૪

આરબીઆઈ/૨૦૧૩–૧૪ / ૩૮૯

આરપીસીડી – એમએસએમઈ અને એનએફએસ : બીસી નં ૬૧ / ૦૬.૦૨.૩૧/ ૨૦૧૩–૧૪ ૨ ડિસેમ્બર, ૨૦૧૩

અધ્યક્ષશ્રી / કારોબારી નિયામકશ્રી / મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી

તમામ શીડયુલ્ડ કોમર્શિયલ બેંક

(પ્રાદેશિક ગ્રામીણ બેંકો સહિત)

શ્રીમાન,

સુધારેલ સામાન્ય ધિરાણ કાર્ડ યોજના

જુઓ સામાન્ય ધિરાણ કાર્ડ યોજના અંગેનો અમારો તા.૨૭ ડિસેમ્બર, ૨૦૦૫નો પરિપત્ર નં. આરપીસીડી સીઓ. નં આરઆરબી. બીસી ૫૯/ ૦૩.૦૫.૩૩ (એફ)/ ૨૦૦૫–૦૬ અને તા.૬ મે, ૨૦૦૮નો પરિપત્ર નં. આરપીસીડી સીઓ. પ્લાન બીસી ૬૬/ ૦૪.૦૯.૦૦૧ / ૨૦૦૭–૦૮

નાણાકીય વ્યાપ્તિ યોજના દરમિયાન મે–જુલાઈ, ૨૦૧૩ દરમિયાન બેંકો સાથે સમીક્ષા બેઠકો યોજવામાં આવી હતી. તેમાં જણાયું કે સામાન્ય ધિરાણ કાર્ડ અંતર્ગત બેંકોએ આપેલ માહિતીમાં વ્યકિતગત ધોરણે ઉદ્યોગ સાહસિકને ધિરાણ આપ્યું હોય તેવું દર્શાવતી ન હતી. એકંદર અગ્રતા ક્ષેત્રની માર્ગદર્શક સૂચનાઓની અંદર તમામ ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે વધુ ધિરાણ જોડાણ સુનિશ્ચિત થાય તે માટે સામાન્ય ધિરાણ કાર્ડ યોજનાનો વ્યાપ વધારવા અને કૃષિ સિવાયની ઉદ્યોગ સાહસ પ્રવૃત્તિઓ માટે વ્યકિતગત ધોરણે બેંકો દ્વાર પૂરા પડાતા તમામ ધિરાણને કબજે કરવા, તેનો લાભ લેવા સામાન્ય ધિરાણ કાર્ડ યોજના માટેની માર્ગદર્શક સૂચનાઓમાં સુધારો કરવામાં આવ્યો છે. સુધારેલ સામાન્ય ધિરાણ કાર્ડ યોજના આ સાથે બિડાણમાં છે.

૩. તમને વધુમાં સલાહ આપવામાં આવે છે કે અન્ય કોઈ ક્રેડિટ કાર્ડ (દા.ત. કારીગર ક્રેડિટ કાર્ડ, લઘુ ઉદ્યમી કાર્ડ, સ્વરોજગાર ક્રેડિટ કાર્ડ અને વણકર કાર્ડ, વગેરે) હોય અને તેના થકી કૃષિ સિવાયની ક્રેડિટ જરૂરિયાતો પૂરી પડતી હોય તો નાણાકીય વ્યાપ્તિ યોજના અંતર્ગત સામાન્ય ધિરાણ કાર્ડ મારફત પૂરા પડાતા ધિરાણ અંગે જાણ કરવા માટે તેનો

સમાવેશ કરવો જોઈએ સામાન્ય ધિરાણ કાર્ડનો ઉદ્દેશ તમામ ઉદ્યોગ સાહસિક ધિરાણને આવરી લેવાનો છે. તેથી વ્યકિતગત ધોરણે પૂરું પડાતું વપરાશ – ધિરાણ સામાન્ય ધિરાણ કાર્ડ હેઠળ જણાવવું જોઈએ નહી.

૪. સામાન્ય ધિરાણ કાર્ડ આપવામાં આવ્યું હોય તેથી તે વ્યકિતને તેની વપરાશ જરૂરિયાતો માટે અન્ય ક્રેડિટ કાર્ડ આપવાથી બેંક રોકી શકશે નહી. અટકાવી શકશે નહી. બેંકે આપેલ વપરાશ ધિરાણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નાણાકીય સમાવેશ યોજના માટે નિયત કરેલ રિપોર્ટીગ, અહેવાલ માટેના ફોર્મમાં ઉપાડ / વપરાશ ધિરાણ એ સદર હેઠળ અલગથી જણાવવાનું રહેશે.

૫. આ માર્ગદર્શક સૂચનાઓથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ડિસેમ્બર, ૨૦૦૫ અને મે, ૨૦૦૮ માં બહાર પાડેલ સામાન્ય ધિરાણ કાર્ડ માર્ગદર્શક સૂચનાઓ રદબાતલ થાય છે. વ્યકિતગત ઉદ્યોગ સાહસિકને વધુ ધિરાણ મળી રહે ખાસ કરીને નાની રકમની લોન લેનારાઓને ધિરાણ મળી રહે તે બાબત સુનિશ્ચિત કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

૬. તમામ બેંકોએ તાત્કાલિક અસરથી આ સુધારેલ સામાન્ય ક્રેડિટ કાર્ડ યોજનાનો અમલ કરવાનો અને તે અંગે અમને જાણ કરવી.

**આપની વિશ્વાસુ**

**(માધવી શર્મા)**
**મુખ્ય મહા વ્યવસ્થાપક**
**બિડાણ : ઉપર મુજબ**

**બિડાણ**

**૧. ઉદ્દેશો** : સામાન્ય ધિરાણ કાર્ડ મારફત કૃષિ સિવાયના ક્ષેત્રમાં વ્યકિતગત ઉદ્યોગ સાહસિકોને પૂરા પડાતા ધિરાણના પ્રવાહમાં વધારો કરવો.

**૨. પાત્રતા** :અગ્રતા ક્ષેત્રની માર્ગદર્શક સૂચનાઓ અંતર્ગત વર્ગીકરણ માટે પાત્ર ઠરતા કૃષિ સિવાયના ઉદ્યોગ સાહસિકને વ્યકિતગત ધોરણે પૂરું પડાતું તમામ ધિરાણ.

**૩. વ્યાપ** : આ યોજના અંતર્ગત સમગ્ર દેશને આવરી લેવામાં આવશે.

**૪. નાણાકીય સમાવેશનો પ્રકાર** : યોજના અંતર્ગત પૂરી પડાતી કોઈપણ ધિરાણ સુવિધામાં કાર્યકારી મૂડી અને મુદતી લોન, ઉદ્યોગ સાહસિકની બન્ને પ્રકારની જરૂરિયાતોનો સમાવેશ થશે. સામાન્ય ધિરાણ કાર્ડ ઘણું કરીને સ્માર્ટ કાર્ડ / ડેબિટ કાર્ડ (બાયો–મેટ્રિક સ્માર્ટ કાર્ડ જે એટીએમ / હાથેથી ચલાવવાના મશીનમાં પણ વપરી શકાય અને જેમાં ઉદ્યોગ સાહસિકની ઓળખ, અસ્કયામતો અને ધિરાણની વિગતો વગેરે અંગે પર્યાપ્ત માહિતી સંગ્રહી શકાય તેમ હોય જયાં ડીજીટલ ખાતું ન હોય ત્યાં સામાન્ય ધિરાણ કાર્ડ / પાસબુક અથવા તો ક્રેડિટ કાર્ડ સહ પાસબુક – જેમાં કાર્ડ ધારકનું નામ, સરનામું, ફોટોગ્રાફ (તસવીર) વધુમાં વધુ કેટલી રકમની લોન મળે તે મર્યાદ, કાર્ડ કેટલાસ મય સુધી કાયદેસર રહેશે વગેરે વિગતો હોય – કામચલાઉ ધોરણે આપી શકે. આ કાર્ડ ઓખળપત્ર તરીકેનું પણ કામ આપશે તેમજ જે કંઈ લેવડદેવડ થતી રહે તેની નોંધ રાખવામાં પણ આ કાર્ડથી સવલત રહેશે.

**૫. ધિરાણ મર્યાદાનું પ્રમાણ**

કૃષિ સિવાયની ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિ માટે અને અન્યથા અગ્રતા ક્ષેત્ર તરીકેના વર્ગીકરણ માટે પાત્ર હોય તેના માટે લોનની રકમ અંગે કોઈ ટોચમર્યાદા નથી. દરેક કેસમાં જોખમનું આકલન કરીને તેના આધારે લોનની રકમની મર્યાદા નકકી કરવી જોઈએ.

**૬. જામીનગીરી** : માઈક્રો અને લઘુ એકમોને જામીન મુકત નાણાં ધિરાણ અને રિઝર્વ બેંક દ્વારા વખતોવખત બહાર પડાતી માર્ગદર્શક સૂચનાઓ મુજબ જામીનના ધોરણો લાગુ પડશે.

**૭. વ્યાજન દર** : રિઝર્વ બેંક દ્વારા વ્યાજના દર વખતોવખત બહાર પડાતી એકંદર માર્ગદર્શક સૂચનાઓમાં તેમના બોર્ડની માન્ય નીતિ મુજબ બેંકો નકકી કરશે.

## જોડાણ–૫

## નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન અંતર્ગત વ્યાજ–સહાયકીનો દાવો

### ૧. બેંકનું નામ

એનયુએલએમ અંતર્ગત એસઈપી–આઈ, એસઈપી–જી અને સ્વસહાજ જૂથને વર્ષે ૭% ના દરે નાણાં આપવા માટે વ્યાજ સહાયકીના દાવા માટેનું ફોર્મ, દર ત્રણ માસે પૂરા થતા (આંકડા રૂપિયામાં)

અમે આ સાથે રૂા............................ (અંકે રૂપિયા શબ્દોમાં ........... ........................................) ની વ્યાજ સહાય મંજૂર કરીને છૂટી કરવા આ સાથે અરજી કરીએ છીએ. અહીં નીચે જણાવેલ છે તે વિગતે નાણાં સહાય મંજૂર કરવામાં આવી છે. .............................. ખાતું તે હેઠળ અવરી લેવાયેલ છે.

ક. એસઈપી–આઈ (વ્યક્તિગત ઉદ્યોગ સાહસિક)

| નં. | શાખા | નાણાં ઉછીનાં લેનારનું નામ | લોનનો ખાતા નં. | લોનની રકમ | | વ્યાજ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર થયેલ રૂા. | ચૂકવેલ રૂા. | વસૂલ કરેલ રૂા. | સહાયકી માટે દાવો કરેલ રૂા. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| | સરવાળો | | | | | | |

ખ. એસઈપી–જી (જૂથ ઉદ્યોગ સાહસિક)

| નં. | શાખા | જૂથનું નામ | લોનનો ખાતા નં. | લોનની રકમ | | વ્યાજ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર થયેલ રૂા. | ચૂકવેલ રૂા. | વસૂલ કરેલ રૂા. | સહાયકી માટે દાવો કરેલ રૂા. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| | સરવાળો | | | | | | |

ગ. સ્વસહાય જૂથ (સ્વ સહાય જૂથ બેંક જોડાણ)

| નં. | શાખા | સ્વ સહાય જૂથનું નામ | લોનનો ખાતા નં. | લોનની રકમ | | વ્યાજ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર થયેલ રૂા. | ચૂકવેલ રૂા. | વસૂલ કરેલ રૂા. | સહાયકી માટે દાવો કરેલ રૂા. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| | સરવાળો | | | | | | |

સ્થળ : બેંકના અધિકૃત અધિકારીની સહી

તારીખ :

બેંકનો સિકકો

## જોડાણ–૬

એનયુએલએમ અંતર્ગત દર ત્રણ માસના અંતે વાર્ષિક ૩% લેખે મહિલા સ્વસહાય જૂથોને નાણાં ધિરાણ માટે વધારાના વ્યાજ મોકૂફી માટે દાવો રજૂ કરવો.

બેંકનું નામ

ત્રૈમાસિક દાવા પત્રક : ચૂકવવાયેલ લોન / બાકી લોન (આંકડા રૂપિયામાં)

| નં. | શાખા | મહિલા સ્વસહાય જૂથનું નામ | લોનનો ખાતા નં. | લોનની ચૂકવાયેલ રકમ | વ્યાજ મોકૂફીની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| | સરવાળો | | | | |

આથી અમે પ્રમાણિત કરીએ છીએ કે ઉપર જણાવેલ લોનની ભરપાઈ સમયસર થઈ છે અને વધારાની વ્યાજ મોકૂફીનો લાભ મહિલા સ્વસહાય જૂથના ખાતામાં આપી દેવામાં આવ્યો છે. ઝડપથી રકમ ચૂકવનાર મહિલા એસએચજી માટે અસરકારક વ્યાજદર ૪% છે.

સ્થળ : બેંકના અધિકૃત અધિકારીની સહી

તારીખ અને બેંકનો સિકકો

એફ.નં. કે. ૧૪૦૧૪ /૫૮(૧૯)/ ૨૦૧૨– એસએલએસયુ–એચએનપીયુપીઆર

**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**
**(યુપીએ પ્રભાગ)**

નિર્માણ ભવન, નવી દિલ્હી
તા.૧૩ ડિસેમ્બર, ૨૦૧૩

**કાર્યાલય યાદી**

**વિષયઃ** રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત શહેરી ઘરવિહોણા માટે આશ્રય (એસયુએચ)ની યોજના માટેની કાર્યલક્ષી સૂચનાઓ.

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન માટેની માર્ગદર્શક સૂચનાઓ તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ કચેરી યાદી નં. કે ૧૪૦૧૧/૧/૨૦૧૩ યુપીએ. અન્વયે બહાર પાડવામાં આવી છે.

૨. એનયુએલએમ હેઠળના શહેરી ઘર વિહોણા માટેની આશ્રય યોજનાના અંગભૂત ભાગ માટેની કામગીરી લક્ષી સૂચનાઓ આથી અહીં સાથે જોડી છે. જેને તમામ અમલ સંસ્થાઓ અનુસરશે. આ માર્ગદર્શક સૂચનાઓ આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયની વેબસાઈટ પર પણ અપલોડ કરવામાં આવી છે. તેને http:/mhupa.gov.in/NULM-mission/NULM Mission htm, પરથી એકસેસ કરી શકાશે.

૩. આ સૂચનાઓ ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

**સહી/–**
**(બી.કે.અગ્રવાલ)**
**ભારત સરકારના સંયુકત સચિવ**
**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**

# રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન

# શહેરી ઘરવિહોણા માટે આશ્રયની યોજના માટે કાર્યલક્ષી માર્ગદર્શક સૂચના

**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**
**ભારત સરકાર**

## શહેરી ઘરવિહોણા માટે આશ્રયની યોજના (એસયુએચ)

### ૧. ભૂમિકા

નેશનલ અર્બન હાઉસીંગ અને હેબીટેટ પોલીસી (એનયુએચએચપી) ૨૦૦૭નો ઉદ્દેશ સમાજના તમામ વર્ગોને પોસાય તેવી કિંમતોએ સમાન જમીન, આશ્રય અને સેવાઓ પૂરી પાડવાના હેતુથી દેશમાં આવાસનના નિરંતર વિકાસને ઉત્તેજન આપવાનો છે. જોકે, આમાં સમાજનો અત્યંત સહાયપાત્ર વર્ગ શહેરી ઘરવિહોણા લોકો છે.

શહેરી ઘરવિહોણા વ્યકિતઓ આનૌપચારિક ક્ષેત્રમાં સસ્તા શ્રમ દ્વારા શહેરોના અને તે રીતે રાષ્ટ્રના અર્થતંત્રમાં ફાળો આપે છે. તેમ છતાં તેઓ કોઈપણ આશ્રય કે સામાજિક સુરક્ષા, રક્ષણ સિવાય જીવન વ્યતીત કરે છે. શહેરી ઘરવિહોણાઓને આરોગ્ય, શિક્ષણ, ખોરાક, પાણી અને સ્વચ્છતા જેવી પ્રાથમિક જાહેર સેવાઓની સુવિધાઓ ન મળવા જેવા કેટલાક પડકારોનો સામનો કરવો પડે છે.

નેશનલ અર્બન લાઈવલીહૂડ નો ઉદ્દેશ શહેરી ઘરવિહોણા માટે આશ્રયની યોજના અંતર્ગત શહેરી ઘરવિહોણાને તબકકાવાર આવશ્યક સેવાઓ સહિત કાયમી આશ્રયનું સાધન પૂરું પાડવાનો છે.

### ૨. ઉદ્દેશો

એનયુએલ આ યોજના હેઠળ શહેરી ઘરવિહોણા માટેની આશ્રય યોજનાના અંગભૂત ભાગના ઉદ્દેશો નીચે મુજબ છેઃ

૨.૧ શહેરી ઘરવિહોણા લોકોને પાણી પુરવઠો, સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધાર વ્યવસ્થા સહિત કાયમી આશ્રયની ઉપલભ્યતા સુનિશ્ચિત કરવી.

૨.૨ ઘરવિહોણા માટે આશ્રયોની અંદર ખાસ વિભાગો ઉભા કરીને અને તેમને માટે ખાસ સેવા સંપર્કની જોગવાઈ કરીને આશ્રિત બાળકો, વૃધ્ધો, અશકત, માનસિકરીતે બિમાર, ગંભીર માંદગીમાંથી બેઠા થયેલા જેવા શહેરી ઘરવિહોણા, ખાસ કરીને અત્યંત નીચલા વર્ગને જરૂરિયાતો સુલભ કરાવવી.

૨.૩ ઘરવિહોણા લોકો માટે સામાજિક સુરક્ષા પેન્શન, પીડીએસ, આઈસીડીએસ, આઈડેન્ટીટી, નાણાકીય સમાવેશ, શિક્ષણ, પોસાય તેવા આવાસન વગેરે જેવી હકો મેળવવા માટેના ઉપાયો કરવા.

૨.૪ રાજયમાં નાગરિક સંગઠનોએ ઘરવિહોણા સમૂહ સહિત ઘરવિહોણી વ્યકિતઓને પાયાની સેવાઓ સુનિશ્ચિત કરાવીને આશ્રય સ્થાનના વિકાસ, સંચાલન અને દેખરેખ નિયંત્રણ માટેનું અને જોડાણનું માળખું તૈયાર કરવું.

**૩. આશ્રય સ્થાનોનાં ધોરણો અને પ્રકારો**

૩.૧ શહેરી ઘરવિહોણા માટેના આશ્રય કાયમી, તમામ ઋતુઓ માટેના આશ્રય હોવા જોઈએ. દર એક લાખ શહેરી વસતિ દીઠ ઓછામાં ઓછી ૧૦૦ વ્યકિતઓ માટે કાયમી સામુહિક આશ્રય બનાવવા જોઈએ. સ્થાનિક પરિસ્થિતિઓને આધારે દરેક સ્થાનમાં ૫૦ અથવા ૧૦૦ વ્યકિતઓને સમાવી શકાય.

૩.૨ આ યોજનાનો અમલ ૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર એક લાખ અથવા તેથી વધુ વસતિવાળા તમામ જિલ્લા મુખ્ય મથક નંબરો અને અન્ય નગરોમાં કરવામાં આવશે. આમ છતાં, દસ લાખથી વધુ વસતિ ધરાવતા હોય તેવા શહેરો અને ભારત સરકાર / રાજય સરકારે નિશ્ચિત કર્યા પ્રમાણે વિશિષ્ટ સામાજિક, ઐતિહાસિક અથવા પ્રવાસીય મહત્વ ધરાવતા હોય તેવા શહેરોને અગ્રતા આપી શકાય. આ ઉપરાંત, આશ્રયસ્થાનોની ગણતરીને ઘ્યાનમાં લેતાં, રાજયની માગણીથી અન્ય નગરોનો પણ અપવાદરૂપ કેસોમાં સમાવેશ કરી શકાય.

૩.૩ આ આશ્રય સ્થાનોમાંના કેટલાક આશ્રયસ્થાનોની વ્યવસ્થા (ક) એકલી મહિલા અને તેના આશ્રિત સગીર બાળકો (૨) વૃઘ્ધ, અશકત, અપંગ (ખ) મંદબુઘ્ધિ વગેરે જેવા ઘરવિહોણા લોકોની અંદર અત્યંત સહાયપાત્ર જૂથો માટે કરવી. ખરેખર વિભાજન સ્થાનિક વિગતો, શહેરના કદ અને આશ્રયની કુલ સંખ્યા પર આધારિત રહેશે. નીચે મુજબની વિશેષ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રાજયો / યુએલપી અલગ આશ્રયસ્થાનો સ્થાપવાનું ઘ્યાનમાં લઈ શકે.

ક) પુરુષ આશ્રય સ્થાન : ઘરવિહોણા લોકોમાં પુરુષોમાં પ્રમાણ ઉંચું હોવાથી, મુખ્યત્વે એકલા રહેતા, કામગીરી કરતા પુરુષો માટેના આશ્રયો બાંધી શકાય.

ખ) મહિલા આશ્રય : મહિલાઓ અને તેમના આશ્રિત બાળકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેના સ્થાન, ડિઝાઈન, સેવાઓ અને સહાયક પ્રણાલીના સ્વરૂપમાં માત્ર મહિલાઓના ઉપયોગ માટે આશ્રય તૈયાર કરી શકાય. સામાન્ય લોકોની સંખ્યા ઘણી ઓછી હોય તે

બાબતને ધ્યાનમાં લીધા સિવાય, દરેક યુએલબીમાં મહિલાઓ માટે ઓછામાં ઓછું આવું એક આશ્રયસ્થાન બંધાવવાનું રહેશે.

ગ) કુટુંબ આશ્રયસ્થાન : શેરીઓમાં રહેતા કુટુંબો માટે બધાં વચ્ચે સહિયારી જગ્યાએ વિભાજીત કરેલા છતાં એકાંત મળી શકે તેવા ખાસ ડિઝાઈન કરેલા કુટુંબ આશ્રયસ્થાનો પૂરાં પાડી શકાય.

છ) વિશિષ્ટ આશ્રયો : જેમની કાળજી લેવાતી નથી તેવી વૃધ્ધ વ્યકિતઓ, માનસિકરીતે બિમાર, બિમારીમાંથી ઉઠેલા દર્દીઓ અને તેમના પરિવારો વગેરે જેવા ઘરવિહોણા વ્યકિતઓના અંગભૂત ભાગ માટેની ખાસ જરૂરિયાતોને ધ્યાનમાં લેતાં, ખાસ આશ્રયો પૂરાં પાડી શકાય. જોકે, જરૂરના આધારે, દરેક વર્ગ માટે નિર્ધારિત કરેલી યોગ્ય જગ્યા સહિત, કામ કરતા પુરુષો, મહિલાઓ અને પરિવારોને આશ્રય પૂરાં પાડવા.

**૪. આશ્રયસ્થાન ખાતે સગવડ**

આશ્રયસ્થાનો કામયી, સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ અને ચોવીસેય કલાક ખુલ્લા રાખવામાં આવશે કારણકે ઘણી ઘરવિહોણી વ્યકિતઓ રાત્રે કામ શોધતી હોય છે. પ્રતિષ્ઠાભર્યું જીવન જીવી શકે તે માટે આશ્રયસ્થાનોમાં નીચેની સવલત / સગવડ પૂરી પાડવીઃ

ક) હવાની અવરજવર સારી રીતે થતી હોય તેવા ખંડ –

ખ) પાણીની વ્યવસ્થા (પીવાલાયક પાણી અને અન્ય જરૂરિયાતો) અને સ્વચ્છતા

ગ) સ્થાન તથા શૌચાલયની પૂરતી સવલત

ઘ) આશ્રય માટે ધોરણસરની લાઈટવ્યવસ્થા

ચ) ધોરણો અનુસાર આગ સામે રક્ષણનાં પર્યાપ્ત પગલાં

છ) પ્રાથમિક સારવાર કીટ

જ) ધાબળાં, ગાદલાં અને ચાદરોની નિયમિત સફાઈ અને અન્ય સેવાઓ પૂરી પાડવી.

ટ) સામુહિક રસોડા / રસોઈ માટેની જગ્યા, રસોઈ બનાવવા અને પીરસવા માટેના જરૂરી વાસણો, રાંધણ ગેસ જોડાણો વગેરે

ઠ) આશ્રય સ્થાનોના સૌથી નજીકના આંગણવાડી કેન્દ્રો સાથેના જોડાણ દ્વારા બાળકો માટે બાળસંભાળ સગવડો

ડ) અન્ય સેવાઓ / અધિકાર તેમના સુધી પહોંચાડવા માટેની સવલતો

## ૫. અધિકાર મેળવવા માટે સંપર્ક

આશ્રયસ્થાનો સામાજિક સલામતી, ખોરાક, શિક્ષણ અને સ્વાસ્થ્ય આરોગ્ય પ્રણાલી જેવા જુદા જુદા અધિકારોની એક સ્થાને જોગવાઈ કરવા માટેની જગ્યા બનશે. આશ્રયસ્થાનોમાં તમામ ઘરવિહોણી વ્યકિતઓને જુદી જુદી યોજનાઓ અને સરકારી કાર્યક્રમો અંતર્ગત અગ્રતા આપવી જોઈએ. જયાં આવું એક કેન્દ્રકરણ ઈચ્છનીય છે તેવી ઉદાહરણાત્મક યાદી નીચે મુજબ છે.

- ઓળખનો પુરાવો અને ટપાલનું સરનામું, મતદાર ફોટો ઓળખપત્ર (ઈપીઆઈસી) વગેરે
- વૃધ્ધાવસ્થા, વિધવા અને અશકતતા પેન્શન
- બીપીએલ કાર્ડસ, પીડીએસ રેશન કાર્ડ વગેરે
- બેન્ક અથવા પોસ્ટ ઓફિસ ખાતાં
- આઈસીડીએસ સેવાઓ
- સરકારી શાળાઓમાં પ્રવેશ
- રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના
- આરોગ્ય સંભાળ માટે જાહેર હોસ્પિટલમાં પ્રવેશ
- રાજીવ આવાસ યોજના માટે જોડાણ
- મફત કાનૂની સહાય

## ૬. આશ્રયસ્થાનોનું સ્થળ

૬.૧ સ્થળ ઘરવિહોણાની છાવણીઓથી અને કામના સ્થળથી શકય એટલું નજીક રાખવું. આશ્રયો ખાસ કરીને જયાં અત્યંત ગરીબ લોકો એકત્રિત થતા હોય તેવા વિસ્તારો જેમકે રેલ્વે સ્ટેશન, બસ ડિપો, ટર્મીનલ્સ, બજાર, હોલસેલ મંડી (માર્કેટ યાર્ડ) વગેરે જગ્યાએથી નજીક રાખવા. ઘરવિહોણી વ્યકિતઓ જયાં રહે છે અને કામગીરી કરે છે તેવાં તેમના એકત્રિત થવાના વિસ્તારો જોઈને સ્થળ નકકી કરી શકાય.

૬.૨ યોગ્ય સ્થાનોએ આશ્રયસ્થાનો માટેની જરૂરિયાતોનુ ચોકકસ રીતે મૂલ્યાંકન કરવા સ્થાનિક / નગર મંડળો દ્વારા શહેરો / નગરોમાં પધ્ધતિસર મોજણીઓ હાથ ધરવામાં આવશે. શકય હોય ત્યાં સુધી, લાભાર્થીઓને મહત્તમ સગવડ મળી રહે તેવાં સ્થળો નકકી કરવા. મોજણી

હાથ ધરતી વખતે અને લાભાર્થીઓ નિર્ધારિત કરતી વખતે, અમલકર્તા સંસ્થાઓએ નાગરિક સમાજ પ્રતિનિધિઓને સામેલ કરવા

૬.૩ રહેણાક, વાણિજિયક, ઔદ્યોગિક, જાહેર અને અર્ધ જાહેર ઉપયોગના વિસ્તારોમાં આશ્રયસ્થાનોની પરવાનગી આપવી જોઈએ અને આયોજન સત્તાધિકારી / ગ્રામીણ સ્થાનિક મંડળ દ્વારા ખાસ મંજૂરીથી અન્ય ઉપયોગ વિસ્તારોમાં પણ મંજૂરી આપવી જોઈએ. જરૂર પડયે, આવા આશ્રયસ્થાનોના બાંધકામની મંજૂરી માટે માસ્ટર પ્લાનમાં પણ યોગ્ય સુધારા કરી શકાય અથવા સક્ષમ અધિકારી પાસેથી ખાસ પરવાનગી પણ માંગી શકાય.

## ૭. આશ્રયસ્થાનોની ડિઝાઈન

૭.૧ તમામ આશ્રયસ્થાનો માટે, વ્યકિત દીઠ ૫૦ ચો.ફૂટ જગ્યાને આપવાની થતી ઓછામાં ઓછી જગ્યા તરીકે લેવામાં આવશે. અંગભૂત ઘટક અંતર્ગત, નવા આશ્રયસ્થાનોનું બાંધકામ તેમજ ઘરવિહોણા આશ્રયસ્થાનો તરીકે હાલના મકાનનાં નવીકરણને પરવાનગી આપવામાં આવશે.

૭.૨ જયાં હાલની ઈમારત / જાહેર મકાનોનો ઉપયોગ થાય છે ત્યાં જરૂરી સેવાઓ / જગ્યાની આવશ્યકતાને પહોંચી વળવા યોગ્ય સુધારાવધારા કરી શકાય. હાલનાં મકાનોમાં સુધારાવધારા અને આશ્રયસ્થાન તરીકે તેના ઉપયોગ માટે, સક્ષમ સત્તાધિકારી પાસેથી જરૂરી બિલ્ડીંગ ફીટનેસ સર્ટીફીકટ મેળવવું.

૭.૩ કાયમી આશ્રયસ્થાનો ક્રોક્રિટથી અથવા તેને બદલે ટકાઉ અને આબોહવાની અસર ના થાય તેવાં માળખાંના પર્યાવરણલક્ષી ડિઝાઈનયુકત, વરસાદી પાણીના સંગ્રહવાળા, સૂર્યની ગરમી / પ્રકાશ વ્યવસ્થા સવલતો વગેરે સવલતો સહિત બાંધી શકાય. નવા આશ્રયસ્થાનોના બાંધકામ માટે, રાજય સરકારે શકય હોય ત્યાં સુધી ઓછા ખર્ચ અને ઊર્જા કાર્યક્ષમ મકાનો માટે નવીન ટેકનોલોજી  ડિઝાઈનનો ઉપયોગ કરવો,

## આશ્રયસ્થાનોની કામગીરી અને વ્યવસ્થા

૮.૧ આશ્રય સ્થાનોની કામગીરી અને વ્યવસ્થા યુએલબી અથવા યુએલબી દ્વારા નકકી કરેલી અન્ય કોઈપણ સંસ્થાઓ હાથ ધરી શકશે, જેમકે –

(૧) ઘરોવિહોણા વ્યકિતઓના સમૂહ

(૨) યુવા અને મહિલાઓના સમૂહ આધારિત જૂથો

(૩) યુનિવર્સિટી અને સંસ્થાઓ

(૪) નહેરુ યુવક કેન્દ્રો

(૫) અસંગઠિત કામદારોના ટ્રેડ યુનિયનો

(૬) મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ અને ટ્રસ્ટ અધિનિયમ અથવા રાજય સરકારના આ પ્રકારના કાયદાઓ હેઠળ નોંધણી થઈ હોય તેવી બિન સરકારી સંસ્થાઓ અને સમૂહ આરોગ્ય કેન્દ્રો

(૭) રાજય સરકાર / શહેર પ્રશાસન દ્વારા માન્યતાપ્રાપ્ત સ્વસહાય જૂથો અને સમિતિઓ

(૮) નિવાસી કલ્યાણ સંસ્થા

(૯) જાહેર / ખાનગી કંપની અથવા સંસ્થાઓ

૮.૨ આ સંસ્થાઓને આશ્રયસ્થાનના કર્મચારીવર્ગને, સંસ્કરણ, તાલીમ અને ઓળખની સુવિધા આપવી.

૮.૩ આશ્રયસ્થાન સંચાલન સમિતિની રચના સ્થાનિક વોર્ડના સભ્યો, યુએલબી પ્રતિનિધિ, કેટટેકર અને સભ્ય તરીકે આશ્રયસ્થાનના નિયુકત રહેવાસીઓનો સમાવેશ કરીને કરવામાં આવશે. એસએમસીએ આશ્રયસ્થાનની દૈનિક કામગીરી પર દેખરેખ રાખવી.

૮.૪ આશ્રયસ્થાનની દૈનિક વ્યવસ્થા, જાળવણી, સ્વચ્છતા અને શિસ્તની કાળજી રાખવા માટે દરેક આશ્રયસ્થાન ખાતે નીચે મુજબનો મહત્તમ પૂર્ણ સમયનો કર્મચારી વર્ગ રાખવામાં આવશે

(૧) એક પૂર્ણ સમયના મેનેજર

(૨) ત્રણ કેર ગીવર (સંભાળ રાખનાર) એટલે કે ૮ કલાકની એક પાળી માટે એક કેરગીવર સ્ટાફ યુએલબી દ્વારા રોકી શકાય અથવા આશ્રયસ્થાનોની કામગીરી માટે જવાબદાર એજન્સીએ / સંસ્થાઓ મારફત લઈ શકાય. મહિલાઓ રહેતી હોય તેવા આશ્રયસ્થાનો માટે, ઓછામાં ઓછા એક મહિલા કેરગીવર આપવા.

ઉપર્યુકત જગ્યાઓ માટેના પગાર ખર્ચને પ્રોજેકટના સંચાલન અને નિભાવ માટેના ખર્ચમાં સમાવી શકાશે. જોકે, વધારે સ્ટાફની જરૂર હોય તો યુએલબી / રાજય સરકાર અન્ય સ્રોતમાંથી ફંડની વ્યવસ્થા કરી શકે.

૮.૫ તમામ આશ્રયસ્થાનોએ નીચેના રજિસ્ટરોનો નિભાવવામાં આવશે.

(૧) શેલ્ટર એસેટ ઈન્વેન્ટરી બુક

(૨) દૈનિક ખચ અને આવકના દેખરેખ નિયંત્રણ માટે એકાઉન્ટ રજિસ્ટર / કેશબુક

(૩) એટેન્ડન્સ રજિસ્ટર (હાજરી પત્રક)

(૪) આશ્રયની વ્યવસ્થાપન સમિતિની બેઠકો અંગેનું રજિસ્ટર

(૫) પગાર ચૂકવણી વિગતોવાળુ કર્મચારીવર્ગ રજિસ્ટર

(૬) હાઉસ કીપીંગ અને મેઈન્ટેનન્સ રજિસ્ટર

(૭) ફરિયાદ અને સૂચન રજિસ્ટર

**૯. પ્રોજેક્ટ દરખાસ્ત**

૯.૧ આ યોજના અંતર્ગત રાજય / યુએલબી દ્વારા આશ્રયસ્થાનોની સ્થાપના કરવામાં આવશે અને તેમના દ્વારા અથવા રાજય અથવા યુએલબી દ્વારા નકકી કરેલી સંસ્થાઓ દ્વારા તેનું સંચાલન કરવામાં આવશે. રાજયો / સંઘપ્રદેશો દ્વારા અમલમાં મૂકવાની શહેરી ઘરવિહોણા લોકો માટેની આ યોજનાનું તેના જેવા કાર્યક્રમો સાથે એકકેન્દ્રીકરણ પરવાનગીપાત્ર બનશે.

૯.૨ ફકરા ૮.૧માં જણાવેલી એજન્સીઓને સ્થાનિક જરૂરિયાતો અનુસાર આશ્રય સ્થાનના પ્રોજેક્ટ નિર્માણ, અમલ અને / અથવા કામગીરી અને વ્યવસ્થામાં સામેલ કરી શકાય. આવી સંસ્થાઓને આશ્રયસ્થાનોના મૂડી ખર્ચ અને કામગીરી અને વ્યવસ્થા ખર્ચમાં હિસ્સો આપવા માટે પ્રોત્સાહિત કરવી, જો કે, આવી રીતે ઉભી કરેલી મૂડી અસ્કયામતો રાજય સરકાર / યુએલબીની માલિકી હેઠળ રહેશે.

૯.૩ યુએલબીએ કામગીરી પૂર્ણતાની સૂચિત તારીખ (પીડીસી) અન્ય રૂપરેખા અને ખર્ચ વિગતો સહિત આશ્રયસ્થાનના બાંધકામ અને સંચાલન માટે દરખાસ્ત રજૂ કરવી જરૂરી રહેશે. દરખાસ્ત યુએલબીએ રાજયના એસયુએલએમ (એનયુએલમેના અમલ માટેની નોડલ એજન્સી)ને રજૂ કરવાની રહેશે.

૯.૪ નવા આશ્રયસ્થાનો માટે જમીન લાવવાની જવાબદારી રાજય સરકાર / યુએલબીની રહેશે. જમીન માટેના જરૂરી તમામ કલીયરન્સ અને મંજૂરીઓ દરખાસ્ત તૈયાર કરતાં પહેલા મેળવવાના રહેશે. જમીન સંપાદનનું ખર્ચ યોજના અંતર્ગત ભંડોળ માટે પાત્ર નથી.

૯.૫ નવા આશ્રયસ્થાનોના બાંધકામ માટે ચાલુ કેન્દ્રીય જાહેર બાંધકામના દરો બાંધકામ સૂચિત હોય તે રાજયના ભાવ પત્રકને લાગુ પાડવાપાત્ર હોય ત્યાં લાગુ પડશે.

૯.૬ દરખાસ્તોની સાથે તમામ વહીવટી અને નિયંત્રક પરવાનગીઓ સાથેનો પ્રોજેકટ અહેવાલ સાથે રાખવો.

૯.૭ હાલની ઈમારતોના પુનરૂદ્ધાર માટે જરૂરી મંજૂરીઓ, પટાભાડા કરાર, માલિકી ખત અને પ્રોજેકટ દરખાસ્તમાં રજૂ કરવા જરૂરી હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે.

૯.૮ દરખાસ્તમાં એસએમસીના કર્મચારીવર્ગ તેનું બંધારણ, ભૂમિકા અને જવાબદારીઓ આશ્રયસ્થાનોએ પૂરી પાડવાની સગવડો / સુવિધા, કામગીરી તંત્રવ્યવસ્થા, કર્મચારી વર્ગ અને નિવાસીઓ માટેની આચાર સંહિતા, આશ્રયસ્થાનમાં વસનારાઓની જવાબદારીઓ, આશ્રયસ્થાન વગેરેનું સંચાલન / કામગીરી માટે સત્તાની સોંપણી સહિતની આશ્રયસ્થાન વ્યવસ્થા તંત્રની બાબતોનો સમાવેશ થશે. પ્રોજેકટમાં આશ્રયસ્થાનની કામગીરી અને વ્યવસ્થા માટેના ફંડીગ સહાયના નિર્દેશાત્મક સ્ત્રોત સાથે કામગીરીના પાંચ વર્ષ પછી આશ્રયસ્થાનને કાયમ રાખવા માટે સ્વીકારવાની થતી પ્રક્રિયા સ્પષ્ટપણે જણાવવામાં આવશે.

૯.૯ યુએલબી દ્વારા દરખાસ્ત રજૂ થયા પહેલાં, ઉભી કરેલી અસ્કયામત અને તેની કામગીરી અને જાળવણી સોંપવા માટેની વ્યવસ્થા સ્પષ્ટપણે તૈયાર કરવામાં આવશે.

## ૧૦. પ્રોજેકટની મંજૂરી

એનયુએલએમના આ અંગભૂત ભાગ અન્વયે યુએલબી / એમયુએલએમ દ્વારા રજૂ કરવામાં આવતી દરખાસ્તોની વિચારણા અને મંજૂરી માટે રાજયમાં તમામ સંબંધિત વિભાગોના પ્રતિનિધિઓ સહિત, એનયુએલએમનો હવાલો ધરાવતા અગ્ર સચિવ / સચિવ અધ્યક્ષપદે રાજય સ્તરે એક પ્રોજેકટ મંજૂરી સમિતિની રચના કરવામાં આવશે. એચયુપીએ મંત્રાલયના પ્રતિનિધિ આ મંજૂરી સમિતિના સભ્ય રહેશે.

## ૧૧. ફંડીગ પધ્ધતિ

૧૧.૧ આશ્રયસ્થાનના બાંધકામ ખર્ચમાં ૭૫% ફાળો ભારત સરકાર આપશે અને ૨૫% ખર્ચ રાજયના ફાળે જશે. ખાસ કેટેગરીમાં આવતા રાજયો (અરૂણાચલપ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિકિકમ, ત્રિપુરા, જમ્મુ અને કશ્મિર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ)માં આ પ્રમાણ ૯૦:૧૦નું રહેશે.

૧૧.૨ જયાં હાલની આધાર વ્યવસ્થા / જાહેર મથકો ઉપયોગમાં લેવાના હોય ત્યાં જરૂરી સેવાઓ / જગ્યાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે યોગ્ય સુધારા વધારા માટે નાણાકીય સહાય પણ, લાગુ પડે છે તે રીતે, ૭૫:૨૫ અથવા ૯૦:૧૦ ના પ્રમાણમાં આપવામાં આવશે.

૧૧.૩ ઉપર ફકરા ૮.૧માં જણાવ્યા પ્રમાણે જો એજન્સીઓ મૂડી ખર્ચ અને / અથવા વાર્ષિક સંચાલન અને નિભાવ ખર્ચમાં ફંડનો હિસ્સો આપવા માગતી હોય તો, ફંડની બાકી જરૂરિયાત કેન્દ્ર અને રાજય વચ્ચે ૭૫:૨૫ અથવા લાગુ પડે તે રીતે ૯૦:૧૦ના પ્રમાણમાં વિભાજીત કરવામાં આવશે.

૧૧.૪ મંજૂર થયેલા પ્રોજેકટ માટે, એસયુએલએમ યુએલબીને બાંધકામ / સુધારાની સ્થિતિના આધારે હપ્તાઓમાં ફંડ છૂટું કરશે. અગાઉ છૂટા કરેલા ફંડના ઉપયોગ અને આશ્રયસ્થાનોના બાંધકામ / સુધારાની સંતોષકારક પ્રગતિને અધીન રહીને, એસયુએલએમ યુએલબીને ૪૦%, ૪૦%, અને ૨૦% એમ ત્રણ હપ્તાઓમાં ફંડ છૂટું કરવાનું ધ્યાનમાં લઈ શકે.

૧૧.૫ મંજૂરીના સમયે પ્રોજેકટની મૂળ સૂચિત પૂર્ણતા તારીખ પછી થયેલો કોઈપણ ખર્ચ વધારો જે તે રાજય સરકાર / યુએલબી ભોગવશે.

૧૧.૬ કામગીરીના પ્રથમ પાંચ વર્ષના સમયગાળા માટે દરેક આશ્રયસ્થાન માટે, કામગીરી અને વ્યવસ્થા ખર્ચના ૭૫% અથવા ૯૦% જે લાગુ પડતું હોય તે, કેન્દ્ર સરકાર પૂરાં પાડશે. ૫૦ શહેરી ઘર વિહોણા માટેના એક આશ્રયસ્થાનની કામગીરી અને વ્યવસ્થા ખર્ચ માટે, વાર્ષિક રૂા.૬,૦૦,૦૦૦/– ની જોગવાઈ કરવામાં આવી છે. આશ્રયસ્થાનો માટેના કામગીરી અને વ્યવસ્થા ખર્ચ નીચેના ખર્ચ સદરો હેઠળ મંજૂરી પ્રાપ્ત છે.

| ક્રમ નં. | ખર્ચ સદર | વિગતો |
|---|---|---|
| ૧ | વાર્ષિક વિભાવ ખર્ચ / આશ્રયસ્થાન | વીજળી અને અન્ય પ્રકીર્ણ ખર્ચનો સમાવેશ થાય છે. |
| ૨ | વાર્ષિક સર્વિસ ખર્ચ | નિભાવ, જાળવણી, ગાદલાં ફરી ભરાવવાનું ખર્ચ, રસોડાનાં સાધનો વગેરેના ખર્ચનો સમાવેશ થાય છે. |
| ૩ | વિના મૂલ્યે ખોરાક પૂરો પાડવા | જેઓ વૃધ્ધ / અશકત વગેરે છે અને |

| | | |
|---|---|---|
| | માટેનું વાર્ષિક ખર્ચ | ચૂકવણી કરી શકે તેમ નથી તેવા આશ્રમવાસીઓના ૧૦% સુધી મર્યાદિત |
| ૪ | સ્ટાફનો પગાર | ૮ કલાકની પાળીમાં ૩ કેરગીવર અને ૧ પૂર્ણ સમયના મેનેજરનો સમાવેશ થાય છે. |

મંજૂરીપત્ર કુલ કામગીરી અને વ્યવસ્થા ખર્ચ – ૫૦ શહેરી ઘરવિહોણાનો સમાવેશ કરતા એક આશ્રયસ્થાન માટે રૂા.૬,૦૦,૦૦૦/–

આશ્રયસ્થાનોના કોઈપણ કામગીરી અને વ્યવસ્થા ખર્ચ માટે વધારાના ફંડની જરૂરિયાત રાજય / યુએલબી ભોગવશે અથવા અન્ય કોઈ સ્રોત દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે.

૧૧.૭ બાંધકામ / સુધારા વધારા પૂરા થયે યુએલબીને આશ્રયસ્થાનોની કામગીરી અને વ્યવસ્થા માટેનું ફંડ ઘણું કરીને હપતાઓમાં છૂટું કવામાં આવશે. આશ્રયસ્થાનોની સરળ કામગીરી અને નિભાવ સુનિશ્ચિત કરવાના હેતુથી, કામગીરી અને વ્યવસ્થા ફંડના હપતાઓ અગાઉથી જ છૂટા કરવા. કામગીરી અને વ્યવસ્થા માટે છૂટા કરવામાં આવતા ફંડના ઉપયોગની ખરાઈ માટેની જરૂરી કાર્યપધ્ધતિને એચયુએલએમ દ્વારા આખરીરૂપ આપવામાં આવશે.

## ૧૨. ઉપભોકતા ફી

ઉપભોકતા ફી જો કોઈ હોય તો, આશ્રયસ્થાનોની કામગીરીમાં નિવાસીઓની સહભાગિતામાં સુધારણા થાય તે હેતુથી લેવામાં આવશે અને તે નજીવી હશે.આવી રીતે એકત્રિત કરાયેલા ફંડનો ઉપયોગ સુવિધાઓની જાળવણી માટે કરી શકાશે. કોઈપણ અમલકર્તા અધિકારી દ્વારા ઉપભોકતા ફીનાં ધોરણો અને તેનો ઉપયોગ કરવાની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

ક) શહેરી ઘરવિહોણાના આવક સ્તરને આધારે તેમની આવકના ૧/૧૦ થી ૧/૨૦ ભાગની મર્યાદામાં કિંમતો એકત્રિત કરી શકાશે. જેઓ ચૂકવણી કરી શકે એમ નથી તેમને પૂરેપૂરી મુકિત આપવી.

ખ) આશ્રયસ્થાને આપવામાં આવતા ભોજન માટે વૃધ્ધ, અશકત અશકત મહિલાઓ અને પુરુષો અને તમામ બાળકોને સંપૂર્ણ સહાય આપવામાં આવશે. અન્ય આશ્રયસ્થાન

નિવાસીઓ માટે, રાજય / યુએલબી દ્વારા નકકી કર્યા પ્રમાણેના સહાયક દરે ભોજન આપી શકાશે.

ગ) તમામ નિવાસીઓને ભોજન સવલતો, સ્વચ્છતા વગેરે સહિત આશ્રયસ્થાનના મકાનોની ઘરોની જાળણવી માટે ક્રમાનુસાર (એટલે કે દર અઠવાડિયે વ્યકિત દીઠ અડધા દિવસની સેવા) સ્વૈચ્છિક સેવાઓ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ધોરણો આશ્રયસ્થાનના સંચાલક દ્વારા આશ્રયસ્થાન સંચાલક સમિતિ સાથે ભેગા મળીને નકકી કરવામાં આવશે.

## ૧૩. દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન

૧૩.૧ એનયુએલએમની બાબતોનું સંચાલન કરવા માટે, મ્યુનિસિપલ કમિશ્નરના અઘ્યક્ષપદ હેઠળ એનયુએલએમ અંતર્ગત એક કારોબારી સમિતિની રચના કરવી જરૂરી છે. શહેર સ્તરે આ કારોબારી સમિતિ સમુદાયના પ્રતિનિધિઓ, નાગરિક સમાજ સંગઠનો, બીજા વિભાગો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વગેરેના સહયોગથી આશ્રયસ્થાનની કામગીરીની સમીક્ષા અને દેખરેખ માટે જવાબદાર રહેશે.

૧૩.૨ એસયુએલએમ અને યુએલબી / કારોબારી સંસ્થાઓ અહેવાલ અને અમલમાં મુખ્ય મુદ્દાઓ હેઠળના ત્રણ મહિનાના અંત સુધીની અમલનામુખ્ય મુદ્દોની એકત્રિત સિઘ્ધિઓ દર્શાવતી નિયત ફોર્મમાં જે તે પ્રોજેકટની ત્રૈમાસિક પ્રગતિની જાણ કરશે.

૧૩.૩ રાજય સ્તરે એસએમએમયુ અને યુએલબી સ્તરે સીએમએમયુ આ અંગભૂત ભાગ અંતર્ગત થયેલી પ્રવૃત્તિઓ / ઉદ્દેશોની પ્રગતિનું બારીકાઈપૂર્વક દેખરેખ નિયંત્રણ કરશે અને રીપોર્ટીગ અને મૂલ્યાંકન હાથ ધરશે. એસયુએલએમ અને યુએલબી / અમલકર્તા સંસ્થાઓ એકત્રિત સિઘ્ધિ અને અમલના મુખ્ય મુદ્દાઓ માસિક અને ત્રણ મહિનાના અંત સુધીમાં દર્શાવીને, વખતોવખત મિશન ડાયરેકટર દ્વારા નિયત કરેલા ફોર્મેટમાં સમયસર પ્રગતિની જાણ કરશે.

૧૩.૪ આ ઉપરાંત, ઉદ્દેશો અને સિઘ્ધિઓ હાંસલ કરવા માટે એનયુએલએમ અંતર્ગત એક સર્વગ્રાહી અને મજબૂત આઈટી– સક્ષમ એનયુએલએમ એમઆઈએસ સ્થાપવામાં આવશે. રાજયો અને યુએલબીએ તેમના પ્રગતિ અહેવાલો ઓનલાઈન રજૂ કરવા જરૂરી બનશે અને પ્રગતિની દેખરેખ માટે પણ આનો ઉપયોગ કરવો. માહિતીના જાહેર કરવાની ભાવના રાખીને અને એનયુએલએમ અંતર્ગત પારદર્શિતા સુનિશ્ચિત કરીને, એસયુએલવી અંતર્ગત

મુખ્ય પ્રગતિ અહેવાલો પણ સમયસર જાહેર ક્ષેત્રમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત, રાજયો / યુએલબી અમલમાં મુકાનાર પ્રોજેકટની ગુણવત્તા તપાસ માટે સ્વતંત્ર ગુણવત્તા મૂલ્યાંકન હાથ ધરશે. આ ઉપરાંત, દરેક આશ્રયસ્થાનના સામાજિક ઓડિટનું આયોજન વર્ષમાં ઓછામાં ઓછું એક વખત કરવામાં આવશે.

૧૩.૫ રાજય / યુએલબી ફરિયાદ નિવારણ તંત્ર જોડવું અંગે ધોરણો અને માર્ગદર્શક સૂચનો નિયત કરશે.

૧૩.૬ દરેક આશ્રયસ્થાનને એક હાઈસ્કૂલ અથવા કોલેજ સાથે જોડાણ કરવું જેથી વિદ્યાર્થીઓ આશ્રયસ્થાનોની ગુણવત્તા સુનિશ્ચિત કરીને અને સામુદાયિક સેવાઓ શીખીને આશ્રયસ્થાનના રહેવાસીઓ સાથે સંપર્ક કરી શકે.

## ૧૪. માહિતીનો પ્રચાર

શહેરી ઘરવિહોણા માટે આશ્રયસ્થાનોની ઉપલભ્યતા વિશેની માહિતી આખરી લાભાર્થીઓ એટલે કે લક્ષિત લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના હેતુસર, રાજય / યુએલબી દ્વારા નિયમિત ધોરણે પર્યાપ્ત પ્રચાર પ્રસારનાં પગલાં લેવાં.

એફ.નં. કે. ૧૪૦૧૪ /૧/ ૨૦૧૩– યુએસડી

**ભારત સરકાર**
**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**
**(યુપીએ પ્રભાગ)**

નિર્માણ ભવન, નવી દિલ્હી
તા.૧૩ ડિસેમ્બર, ૨૦૧૩

**કાર્યાલય યાદી**

**વિષય:** રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત શહેરી ફેરિયાઓને સહાય માટેની કાર્યલક્ષી સૂચનાઓ.

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન માટેની માર્ગદર્શક સૂચનાઓ તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ કચેરી યાદી નં. કે ૧૪૦૧૧/૧/૨૦૧૩ યુપીએ. અન્વયે બહાર પાડવામાં આવી છે.

૨. આ માર્ગદર્શક સૂચનાઓ આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલયની વેબસાઈટ પર પણ અપલોડ કરવામાં આવી છે. તેને http:/mhupa.gov.in/ NULM_ mission / NULM Mission htm પરથી એકસેસ કરી શકાશે.

૩. આ ભારત સરકારના આવાસન અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલયના માન.મંત્રીશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

**સહી/–**
**(બી.કે.અગ્રવાલ)**
**ભારત સરકારના સંયુકત સચિવ**
**આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય**

# કાર્યલક્ષી માર્ગદર્શક સૂચનાઓ : શહેરી ફેરિયાને સહાય

# શહેરી ગરીબ આજીવિકા મિશન

# શહેરી ઘરવિહોણા સહાય માટે
# કાર્યલક્ષી માર્ગદર્શક સૂચના

આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય
ભારત સરકાર

આ કાર્યલક્ષી સૂચનાઓ – ૫ઃ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના"શહેરી ફેરિયાઓને સહાય" ઘટક માટેની છે.
મિશન ડોકયુમેન્ટ / એનયુએલએમની મુખ્ય માર્ગદર્શક સૂચનાઓ સાથે વાંચવી અને એનયુએલએમના અન્ય ઘટકની કાર્યલક્ષી માર્ગદર્શક સૂચનાઓનો સંદર્ભ લેવો.

## શહેરી ફેરિયાઓને સહાય

૧. ઘટકનો સંદર્ભ

૧.૧ ફેરિયાઓ શહેરોમાં આનૌપચારિક અર્થતંત્રના પિરામિડના સૌથી નીચેના મહત્વના ભાગનું નિર્માણ કરે છે. ફેરી સ્વરોજગારનો સ્રોત પૂરો પાડે છે અને શહેરી ગરીબી નાબૂદીના એક પગલાં તરીકે કાર્ય કરે છે. શહેરી પુરવઠા શૃંખલામાં ફેરી મહત્વનું સ્થાન ધરાવે છે અને ગરીબ સહિત તમામ વર્ગના લોકોને માલસામાન અને સેવાઓ બિનખર્ચાળ અને સરળ માર્ગે પૂરી પાડે છે. તેથી શહેરી વિસ્તારોમાં ફેરી એ આર્થિક વિકાસ પ્રક્રિયાનો એક સંકલિત ભાગ છે.

૧.૨ શિક્ષણ અને કૌશલ્યોનું નીચુ સ્તર, વિધિસર ધિરાણ અને લઘુ ઉદ્યોગ સહાય માટેના મર્યાદિત સ્રોતો વૃધ્ધિ પામી રહેલા બજારની તકો મેળવવાની ફેરિયાઓની ક્ષમતાને મર્યાદિત બનાવે છે. અસંગઠિત અને જાતે જ રોજગારી મેળવતા હોવાને કારણે, ફેરિયા અને તેમના પરિવારો સરકારની સામાજિક સુરક્ષા, કલ્યાણ અને સહાય યોજનાઓ અને પહેલ અંગે કોઈપણ જાણકારી ધરાવતા નથી. આ બાબત ફેરિયાઓ અને તેમના પરિવારોને મુશ્કેલીમાં અથવા જયારે તેમને અણધાર્યા ખર્ચ માટે સહાયની જરૂર હોય છે ત્યારે અરક્ષિત બનાવે છે.

૧.૩ આ સંદર્ભમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન ડેરી, સંસ્થાગત ધિરાણ, સુધારેલા કૌશલ્યો અને સામાજિક સુરક્ષા સંપર્ક માટે યોગ્ય અવકાશની સવલત આપીને શહેરી ફેરિયાઓના હિત માટે કામ કરવા માંગે છે. એનયુએલએમ, શહેરી ફેરિયાઓને સહાયના આ ઘટકના સંબંધમાં પ્રયુકિતઓ અને કામગીરીલક્ષી માર્ગદર્શક સૂચનાઓ નિયત કરે છે.

૨. ઉદ્દેશો

૨.૧ આ ઘટકના ઉદ્દેશો બહુલક્ષી અભિગમ દ્વારા શહેરી ફેરિયાઓના રક્ષણ માટે પગલાં લેવાનો છે. આમાં નીચેનાનો સમાવેશ થાય છે.

૧) ફેરિયાઓની મોજણી અને તેમને ઓળખ કાર્ડ આપવા

૨) શહેર ફેરી આયોજનનો વિકાસ

૩) શહેરમાં ફેરી વિસ્તારોનો આધાર માળખાકીય વિકાસ

૪) તાલીમ અને કૌશલ્ય વિકાસ

૫) નાણાકીય સમાવેશ

૬) ધિરાણ અને સહાય

૭) સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે જોડાણ

**૩. રાજય સરકાર, સ્થાનિક સત્તામંડળ અને આયોજન અધિકારીની ભૂમિકા**

૩.૧ નીચે દર્શાવેલાં કાર્યોની સમગ્ર જવાબદારી રાજય સરકારની રહેશે.

૧) સમગ્ર માર્ગદર્શન પૂરું પાડવું

૨) પ્રોજેકટ દરખાસ્તની મંજૂરી માટે તંત્ર વ્યવસ્થાની સ્થાપના

૩) અમલના દેખરેખ નિયંત્રણ અને નિરીક્ષણ માટે તંત્રવ્યવસ્થાની સ્થાપના

૪) પ્રગતિ અહેવાલ માટે તંત્રવ્યવસ્થાની સ્થાપના

૩.૨ રાજય શહેરી આજીવિકા મિશન આ ઘટકના સમગ્ર અમલ માટે જવાબદાર નોડલ એજન્સી બનશે. શહેર સ્તરે, અમલ માટેની જવાબદારી શહેરી સ્થાનિક મંડળો (યુએલબી) પર મૂકવામાં આવશે.

૩.૩ અમલ માટે શહેરી સ્થાનિક મંડળો, વિકાસ સત્તાતંત્રો અને નગર આયોજન સંસ્થાઓ, જમીન અને મહેસૂલ વિભાગો અને જિલ્લા કલેકટર કચેરીઓ સહિત ઘણા બધાં સત્તાતંત્રો વચ્ચે સંકલનની જરૂર રહેશે. આ સંકલન રાજય સરકાર અને યુએલબી દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે.

૩.૪ યુએલબી આયોજન સત્તાતંત્રનો સંપર્ક કરશે અને તેની સાથે સંકલન કરશે, જે શહેરમાં જમીન વિનિયમન માટે જવાબદાર શહેરી વિકાસ સત્તાતંત્ર અથવા શહેર અથવા નગરના અન્ય કોઈ સત્તાતંત્ર હોઈ શકે છે. યોજનાના અમલમાં નગર આયોજન સત્તાતંત્રની ભૂમિકામાં પરચૂરણ વસ્તુઓના વેચાણ માટે જમીન ઉપયોગ અંગેનાં આયોજનો તૈયાર કરવા અને જાહેરનામા તૈયાર કરવા તથા ફેરિયાઓના બજારો માટે જમીન પૂરી પાડવી અને વિકાસ મંજૂરી પૂરી પાડવી વગેરેનો સમાવેશ થશે.

૩.૫ મહેસૂલ વિભાગ, પોલસ ખાતુ, જાહેર આરોગ્ય અને ઈજનેરી ખાતુ (અથવા વોટર બોર્ડ) જેવી અન્ય એજન્સીઓએ આ ઘટકના અમલને સરળ બનાવવા માટે સ્થાનિક સત્તાતંત્રને સમર્થન અને સહાય પૂરી પાડવી જરૂરી બનશે.

**૪. પેટા ઘટકો**

**પેટા ઘટક–૧ : મોજણી અને ઓળખ કાર્ડ ઈસ્યુ કરવા**

૪.૧ આ પેટા ઘટક અંતર્ગત, યુએલબીને ફેરિયાઓની ઓળખ માટે મોજણી હાથ ધરવા અને તેમની યાદી બનાવવા માટે નાણાકીય સહાય આપવામાં આવશે. મોજણી ઘણું કરીને સમગ્ર શહેર માટે હાથ ધરવામાં આવશે. વૈકલ્પિક રીતે, યુએલબી એક વખતે એક વિસ્તાર (વોર્ડ / ઝોન/ શહેરનો નિશ્ચિત ભાગ) આવરી લઈને, તબકકાવાર મોજણી પૂરી કરવાનું પણ પસંદ કરી શકે છે. આ કેસમાં, મુકરર કરેલો વિસ્તાર તેની અંદર ફેરિયાઓ માટે  કરવા જેટલો મોટો હોવો જોઈએ.

૪.૨ મોજણીમાં, સંબંધિત વિસ્તાર તમામ ફેરિયાઓને આવરી લેવા, યુએલબીએ મોજણી હાથ ધરવા માટે કાર્યપધ્ધતિ વિકસાવવી. મોજણીમાં ઓછામાં ઓછુ નીચેની બાબતોનો સમાવેશ કરવો.

– નામ
– માતાપિતાનું નામ
– કાયમી સરનામુ
– વર્તમાન સરનામુ
– ઓળખની સાબિતી (જો કંઈ હોય તો)
– ફેરીનું સ્થળ
– ફેરી પ્રવૃત્તિનો પ્રકાર
– ફેરિયા તરીકે કામગીરીનો સમય / સમયગાળો
– પરિવારના સભ્યોની વિગત

ફૂડ સીકયુરીટી અધિનિયમ, ટીપીડીએસ, એસજેએસઆરવાય વગેરે જેવી કોઈપણ સરકારી યોજના હેઠળ લાભાર્થી / ગરીબ તરીકે નિશ્ચિત કરેલા હોય તો તેમની વિગતો.

મોજણી દરમિયાન, ખાસ કરીને સ્થળાંતર કરતા લોકોના કેસમાં, હાલના કાયમી સરનામાના પ્રૂફને લગતા મૂળ ડોકયુમેન્ટની પણ ચકાસણી કરવી, જેથી મોજણી કરેલા ફેરિયાઓને ઈસ્યુ કરેલા ઓળખ કાર્ડ તેમના બેન્ક એકાઉન્ટ ખોલવા માટે, બેન્કમાંથી લોન મેળવવા, સામાજિક સુરક્ષાના લાભ મેળવવા વગેરે માટે પૂરતા દસ્તાવેજની ગરજ સારી શકે.

૪.૩ યુએલબી તમામ સર્વે કરેલા / મુકરર કરેલા ફેરિયાઓને ઓળખ કાર્ડ ઈસ્યુ કરશે. યુએલબી દ્વારા તમામ ફેરિયાઓનો ડેટાબેઝ જાળવવામાં આવશે. ફેરિયાઓ ફરતા રહેતા હોવાથી સોફટવેરમાં ફેરિયાને ખરેખર આવરી લેવામાં આવ્યા હોય અને તેમને ઓળખપત્ર આપવામાં આવ્યું છે કે કેમ તેનો પત્તો લાગવી શકે તેવું હોવું જોઈએ (હાલના / કાયમી સરનામા અથવા અન્ય કોઈપણ માપદંડના આધારે)

૪.૪ રાજય અથવા યુએલબીએ ફેરિયાઓની મોજણી હાથ ધરવા માટે પસંદગીની નિષ્પક્ષ પ્રક્રિયા અનુસરીને આરએફપી મારફત એક એજન્સી રોકવી. યુએલબી આરએફપી ઈસ્યુ કરે તેવા કેસમાં, એસયુએલએમ મંજૂરી સમિતિને શોર્ટલીસ્ટ કરેલી દરખાસ્તો વિચારણા અને મંજૂરી માટે મોકલવાની રહેશે. યુએલબી મોજણી માટે વૈકલ્પિક પધ્ધતિઓ સૂચવી શકે જેમકે સામુદાયિક સહયોગ મારફત અથવા બિન સરકારી સંગઠનો અથવા સરકારી અથવા સંશોધન એજન્સીઓની સહાયથી આવી દરખાસ્તો માટે પણ એસયુએલએમની મંજૂરી સમિતિની મંજૂરી જરૂરી રહેશે.

**પેટા ઘટક – ૨ : શહેર ફેરી આયોજનની તૈયારી**

૪.૫ આ પેટા ઘટક અંતર્ગત, યુએલબીને શહેર ફેરી આયોજનની તૈયારી માટે નાણાકી સહાય પૂરી પાડવામાં આવશે. જેમાં નીચેનાનો સમાવેશ થશે.

૧) ફેરી વેપાર અને પ્રવૃત્તિઓનો પ્રોફાઈલ

૨) ફેરી પ્રવૃત્તિઓનું સ્થાનિક વિતરણ

૩) ફેરી વિસ્તાર માટે જગ્યા અથવા ક્ષેત્રનું નિર્ધારણ

૪) ફેરી વિસ્તારનું નિયંત્રણ મુકત – ફેરી વિસ્તાર, નિયંત્રિત ફેરી વિસ્તાર અને ફેરી નિષેધ વિસ્તાર એ રીતે નિર્ધારણ કરવું

૫) ફેરી વિસ્તારની ધારણ ક્ષમતા એટલે કે સંબંધિત વિસ્તાર કે ક્ષેત્રમાં વધુમાં વધુ કેટલી સંખ્યામાં ફેરિયાઓને સમાવી શકાય તેમ છે.

૬) ફેરી સંબંધી મુખ્ય પડકારો, નિયંત્રણો અને બાબતોની સમજ

૭) શકય ઉકેલો અને સંભવિત ફેરી વિસ્તારો

જયાં વેચનાર અને ખરીદનાર સામાન્ય રીતે ઉત્પાદનો અને સેવાઓના વેચાણ અને ખરીદી માટે એકત્રિત થાય છે, તેવા કુદરતી બજારોને પણ ફેરી આયોજનોમાં ધ્યાનમાં લેવામાં આવશે. ફેરિયાઓના પ્રતિનિધિ અને અન્ય સંબંધિતહિત ધારકો સાથે પરામર્શ પછી આયોજન કરવામાં આવશે.

૪.૬ ફેરી આયોજન તૈયાર કરતી વખતે, યુએલબીએ શહેર પોલીસ, ટ્રાફિક પોલીસ, આયોજન અધિકારી અને અન્ય સ્થાનિક સંસ્થાઓના સંકલનથી ફેરિયાઓ અને વિશાળ જન સમૂહને કાર્યસાધક હોય તે રીતે ફેરીને સ્થાયી બનાવવા અને તેની સવલત આપવા માટે ફેરિયાઓ માટે સાનુકૂળ નીતિઓ, ઉકેલો અને વ્યુહનુ આયોજન કરવું અને તેને ઉત્તેજન આપવું જોઈએ. આમાં દિવસ દરમિયાન અથવા દિવસના અમુક ચોકકસ સમયે ટ્રાફિક વ્યવસ્થા અને નિયમન માટેની નીતિઓ અને ફેરિયાઓના ખરીદ વેચાણ વિસ્તારોમાં લાઈટ, પાણી, સ્વચ્છતા અને નકામા– કચરાના નિકાલની વ્યવસ્થા માટેની નીતિઓનો સમાવેશ થશે. યુએલબી ફેરી માટે અનુકૂળ ધોરણો વિકસાવવા અને નવા અને સુધારેલા રસ્તા બજારો, કચેરી અને રહેણાક સંકુલો અને અન્ય જાહેર જગ્યાઓ અને જાહેર આધાર વ્યવસ્થા માળખામાં ફેરી માટે જગ્યા નિયત કરવા માટે આયોજન સત્તાતંત્ર સાથે સંકલન કરશે. આને કારણેહિત ધારકો ફેરી આયોજનોને વધારે સારી રીતે સ્વીકારી કરી શકશે.

૪.૭ શહેર ફેરી આયોજનો વિકસાવતી વખતે, હાલની બજાર વ્યવસ્થામાં ઓછામાં ઓછું ભંગાણ પડે તે માટેના દરેક પ્રયાસો યુએલબીએ કરવા, તદનુસાર, આયોજનો એવી રીતે વિકસાવવા કે જેથી ફેરિયાઓને બીજા સ્થાને બેસવું ન પડે અથવા પોતાની જગ્યાનો કબજો છોડવો ન પડે. ફેરિયાઓને બીજે સ્થાને ખસેડવા જરૂરી હોય તો, અસર પામતા ફેરિયાઓના પરામર્શથી તેમ કરવું

૪.૮ મોજણીના તારણોના આધારે, શહેર ફેરી આયોજનમાં ફેરી પ્રવૃત્તિઓ, વોર્ડ અથવા વિસ્તાર સ્તરે ફેરી વેપારો અને હાલના બજારોનો ડિજીટાઈઝ અથવા નોન– ડિજીટાઈઝ મેપનો સમાવેશ કરવામાં આવશે.

૪.૯ શહેર ફેરી આયોજન તૈયાર કરવા માટે, એસયુએલએમ / યુએલબી એ ઉપર ૪.૪માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે પસંદગી પ્રક્રિયા દ્વારા પરામર્શકો / એજન્સીઓ રોકવી – અને એસયુએલએમની મંજૂરી સમિતિ દ્વારા મંજૂરી મળ્યા પછી કામગીરી સોંપવાની રહેશે શહેર ફેરી આયોજનો એસયુએલએમને મંજૂરી માટે રજૂ કરવામાં આવશે અને એક વખત એસયુએલએમ દ્વારા મંજૂર થાય તે પછી આખરી ગણવામાં આવશે. એસયુએલએમ આ આયોજનો કાયદા અને કાર્યપધ્ધતિઓની આવશ્યકતા અનુસાર વિકાસ આયોજનોમાં સંકલિત કરવામાં આવ્યા હોય તેની ખાતરી કરશે.

**પેટા ઘટક – ૩ : આધાર વ્યવસ્થા માળખા સુધારણા**

૪.૧૦ આ પેટા ઘટક અંતર્ગત, યુએલબીને આધારવ્યવસ્થા માળખાની સુધારણા માટે અને ફેરિયાઓના હાલના બજારોમાં પાયાની સેવાઓની જોગવાઈ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. યુએલબી આવા આધાર વ્યવસ્થા માળખા પ્રોજેકટ માટે વિગતવાર અમલ આયોજન તૈયાર કરશે. જેમાં સુધારેલી નાગરિક સવલતો જેવી કે ફરસબંધી, પાણી પુરવઠો, શૌચાલય, પાણી નિકાલ સગવડ, લાઈટ વ્યવસ્થા, સામુહિક સંગ્રહ સ્થાન, ખાસ પ્રકારના વેપાર માટે વિશેષ પ્રકારની લારી, કામચલાઉ છાપરા અને / અથવા પાર્કિંગ સુવિધાનો સમાવેશ કરવો. ફેરિયા બજારો માટેની આધાર વ્યવસ્થા જરૂરિયાતોનું મૂલ્યાંકન ફેરિયાઓ અને તેમના સંગઠનો, સ્થાનિક એજન્સીઓ અને અન્ય ધારકો સાથેના પરામર્શને આધારે કરવામાં આવશે અને તેની સવલત યુએલબી દ્વારા આપવામાં આવશે.

૪.૧૧ પ્રોજેકટ જયાં આવેલો છે તે વિસ્તાર માટેના ફેરિયાઓની મોજણી પૂરી થઈ ગયા પછી જ આધાર વ્યવસ્થા સુધારણા માટેના ડીઆઈપી તૈયાર કરવાના રહેશે. અપવાદરૂપ કેસમાં, જયાં મોજણીની શરૂઆત થઈ ન હોય અને યુએલબીને એમ લાગે કે ફેરિયાઓની વિશાળ સંખ્યાને લાભ આપશે તે પ્રોજેકટ તાત્કાલિક શરૂ કરવાની જરૂર છે ત્યારે તેના ખર્ચ સહિત તે વિસ્તાર માટેની મોજણીનો ડીઆઈપીમાં સમાવેશ કરવામાં આવશે. યુએલબી ખાતરી કરશે કે પ્રોજેકટ કામગીરી શરૂ થાય તે પહેલાં જેમને લાભ મળવાનો છે તેવા ફેરિયાઓને

રાજયની પ્રવર્તમાન નીતિ, અધિનિયમ અથવા માર્ગદર્શક સૂચનાઓ અનુસાર ઓળખકાર્ડ તેમજ ફેરી પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવ્યું હોય. પ્રોજેકટના લાભાર્થીઓની યાદી જાહેર સ્થળે મૂકવી અને યુએલબીના નોટીસ બોર્ડ પર મૂકવી તેમજ પ્રોજેકટ હાથ ધરતા પહેલાં યુએલબી / રાજયની વેબસાઈટ પર મૂકવી.

૪.૧૨ ડીઆઈપી તૈયાર કરતી વખતે, આરોગ્યલક્ષી સુધારણા માટે અને જગ્યના મહત્તમ ઉપયોગને ઘ્યાનમાં રાખીને ફેરિયાઓને વિશેષ પ્રકારના વેપાર જેમકે ખાવાની ચીજવસ્તુ માટેની ફેરી વગેરે માટે વિશેષ રીતે તૈયાર કરેલી લારીઓ પૂરી પાડવા માટેની જોગવાઈનો પણ સમાવેશ કરવો. આ લારીઓ માટે એનયુએલએમના એસઈપી ઘટક અંતર્ગત આવરી લેવાયેલી વ્યકિતગત લોન દ્વારા ફંડ આપી શકાશે.

૪.૧૩ ડીઆઈપીમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

૧) પ્રોજેકટ પાછળનો તર્ક, લાભાર્થીઓ અને ધારકોની વિગતો, આસપાસના વિસ્તારમાં ફેરીમાં સુધારણા કરવામાં તેઓ કેવી રીતે ફાળો આપી શકે અને સમગ્ર શહેર ફેરી આયોજનની અંદર તે કેવી રીતે યોગ્ય છે

૨) જમીન માલિકી વિગતો

૩) પુનઃ સ્થાપન આયોજન, જો કોઈ હોય તો, તેમાં અસરગ્રસ્ત ફેરિયા અને / અથવા તેમના સંગઠનનું સંમતિપત્રથી સમર્થન મેળવવું

૪) સંચાલન અને નિભાવ યોજના સહિત નિર્દિષ્ટ આધાર વ્યવસ્થા સુધારણા પ્રોજેકટ અને ખર્ચની વિગતો.

૫) પ્રોજેકટમાંથી જેમને લાભ થવાનો છે તેવા લાભાર્થીઓની વિગતો અને સંપૂર્ણ યાદી – મોજણી પૂરી ન થાય અને ડીઆઈપીના ભાગ તરીકે હાથ ધરવામાં આવશે તો મોજણી પૂર્ણ થયે અને આધાર વ્યવસ્થા સુધારણાની શરૂઆત થાય તે અગાઉ લાભાર્થીઓની યાદી પૂરી પાડવામાં આવશે. એસયુએલએમ લાભાર્થીઓની યાદી ના આધારે આકસ્મિક ખર્ચ માટે પ્રોજેકટ માટેના ફંડનો બીજો હપતો છૂટો કરશે.

૬) આગના જોખમ અથવા અન્ય જોખમો સંબંધમાં સલામતી વિષે

૪.૧૪ યુએલબી ઉપર નિયત કરેલી જોગવાઈઓને અધીન રહીને "ખાણી પીણી માટેની ગલીઓ", "ખેડૂત બજારો", "રાત્રી બજારો" અને અન્ય આવા વિશેષ / વિષય આધારિત

બજારો ઉભા કરવા માટે ડીઆઈપી વિકસાવશે. જયાં વાનગી બજારમાં તૈયાર કરવાની હોય તેવા બજારોમાં, યુએલબી, જરૂરી હોય તેવા અન્ય આધાર વ્યવસ્થા સુધારણા તત્વો ઉપરાંત ખોરાક સુરક્ષા અને આગના જોખમોને ધ્યાનમાં રાખશે.

૪.૧૫ ડીઆઈપી તૈયાર કરવા માટે, યુએલબી ઉપર ૪.૪ માં છે તેવી જ પ્રક્રિયાને અનુસરીને પરામર્શકોને રાખી શકશે. ડીઆઈપી મંજૂરી માટે એસયુએલએમની મંજૂરી સમિતિને રજૂ કરવા.

**પેટા ઘટક – ૪ : તાલીમ અને કૌશલ્ય વિકાસ**

૪.૧૬ યુએલબી એક વખતે એક વિસ્તાર લઈને તમામ ફેરિયાઓ માટે એક કે બે દિવસનો તાલીમ કાર્યક્રમ હાથ ધરશે. આ કાર્યક્રમનો હેતુ ફેરિયાઓને તેમના અધિકારો અને જવાબદારીઓ, ચોકકસી નીતિઓ અથવા ફેરિયાઓ સંબંધિત કાયદાઓ, અન્ન સુરક્ષા, આરોગ્યની જાળવણી, નકામા કચરાનો નિકાલ વગેરે જેવાં પાસાઓ અંગે તેમનું સંસ્કરણ કરવાનો રહેશે.

૪.૧૭ એસયુએલએમ / યુએલબી તેમણે નકકી કરેલી કોઈપણ સ્રોત સંસ્થાની ભાગીદારીથી તાલીમ માટેના મોડયુલ, આઈઈસી મટીરીયલ અને વર્કશોપ વિકસાવશે તેનું આયોજન કરવામાં આવશે. તાલીમ આપવાની કામગીરી તાલીમ સંસ્થા, ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અથવા પ્રતિષ્ઠિત બિન સરકારી સંગઠનો જેવી વિશેષ એજન્સી પાસે આઉટ સોર્સ કરાવી શકાય.

૪.૧૮ તાલીમ કાર્યક્રમ / વર્કશોપમાં જતા ફેરિયાઓને, આજીવિકાની તકની કિંમતને આધારે ગણતરી કર્યા પ્રમાણે અને તેમાં હાજરી આપી હોય તે દિવસોની સંખ્યા મુજબ દૈનિક રકમ ચૂકવવામાં આવશે. આ દૈનિક સ્ટાઈપેન્ડ શહેરી વિસ્તારોમાં લાગુ પડતા ઓછામાં ઓછા વેતન કરતાં ઓછું હોવું જોઈએ નહી. તાલીમ ખર્ચમાં દિવસના વ્યકિત દીઠ મહતમ રૂા.૭૫૦ની શરતે તાલીમાર્થીની ફી, ખોરાક અને પ્રવાસ ખર્ચનો સમાવેશ કરવો. ફેરિયાઓ માટેના આવા વિશેષ તાલીમ કાર્યક્રમો હાથ ધરવા માટેનું ખર્ચ એનયુએલએમના કૌશલ્ય તાલીમ અને નિયુકિત (ઈએસટી એન્ડ પી) દ્વારા રોજગાર ઘટકમાંથી મેળવવામાં આવશે.

૪.૧૯ હાથ ધરેલી તાલીમના અહેવાલો અને તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેનારાઓ પાસેથી મળેલા ફીડબેક યુએલબીને માસિક ધોરણે રજૂ કરવામાં આવશે.

**પેટા ઘટક – ૬ : નાણાકીય સમાવેશ**

૪.૨૦ ફેરિયાઓ ઘણું કરીને આયોજીત બેન્કીંગ સેવાઓ મેળવી શકતા નથી કારણકે તેઓની પાસે ઓળખ અંગેના દસ્તાવેજો, સરનામાનો પુરાવો, તેમની જગ્યા અથવા વ્યવસાય પર જમીન હક અથવા કાનૂની અધિકારો હોતા નથી. એવી ધારણા છે કે આ યોજના અંતર્ગત ફેરિયાઓને ઈસ્યુ કરવામાં આવતા ઓળખ કાર્ડ બેન્કીંગ સેવાઓ મેળવવા માટે મદદરૂપ થશે. એસયુએલએમ અને યુએલબી, યુએલબીએ ફેરિયાઓને ઈસ્યુ કરેલા ડોકયુમેન્ટને આધારે બેન્કિંગ અને નાણાકીય સેવાઓ સુલભ કરાવવા બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓ સાથે સંપર્ક કરશે.

૪.૨૧ એસયુએલએમ સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટિ (એસએલબીસી) અને ડિસ્ટ્રીકટ કન્સલ્ટેટીવ કમિટિ (ટીસીસી) બેઠકોમાં એક અલગ એજન્ડા તરીકે એસયુએલએમ ફેરિયાઓના નાણાકીય સમાવેશનો રાજય સ્તરે સમાવેશ કરશે. આ સમાવેશનો હેતુ તમામ ફેરિયાઓ પાસે બેન્ક ખાતા હોય અને બેન્ક દ્વારા આયોજીત નાણાકીય જાણકારી કાર્યક્રમોમાં તેઓનો સમાવેશ થયો છે તેની ખાતરી કરવાનો રહેશે.

**૪.૨૨ નાણાકીય જાણકારી**

યુએલબી, સ્ત્રોત સંગઠન ને ક્ષેત્રીય સ્ટાફની સહાયથી નિશ્ચિત કરેલા ફેરિયાઓ માટે નાણાકીય જાણકારી અંગે સત્રનું આયોજન કરશે. આ સત્રમાં, ફેરિયાઓને બચત, ધિરાણ, વીમા તેમજ તે મેળવવા માટેની કાર્યપધ્ધતિ અને કાર્યલક્ષી જરૂરિયાતોની જાણકારી આપવામાં આવશે. બેન્કો અને નાણાકીય સંસ્થાઓને શહેર નિર્વાહ સાધન કેન્દ્ર (સીએલસી), શિબિરો વગેરે દ્વારા ફેરિયાઓ સાથે વાતચીત કરવા માટે પ્રોત્સાહિત કરવા. યુએલબી નાણાકીય જાણકારી સત્રો અને શિબિરોનું આયોજન કરવા લીડ બેન્કના લીડ ડિસ્ટ્રીકટ મેનેજર (એલડીએમ) અને બેન્કોના ફાયનાન્સીયલ લિટરસી એન્ડ ક્રીડટ કાઉન્સેલીંગ (એફએલસીસી) (નાણાકીય જાણકારી અને ધિરાણ સલાહ કેન્દ્ર) સાથે જરૂરી સંકલન કરશે.

**૪.૨૩ બેસિક સેવિંગ્ઝ બેન્ક ડિપોઝીટ એકાઉન્ટ ખોલાવવું**

આમાં તમામ નકકી કરેલા ફેરિયાઓ માટે બેઝિક સેવિંગ્ઝ બેન્ક ડિપોઝીટ એકાઉન્ટ ખોલાવવાનો સમાવેશ થાય છે. એસયુએલએમ, જે તે એસએલબીસી કન્વિનર બેન્ક,

યુએલબી ડીસીસી અને એલડીએમ સાથે ચર્ચા અને સંકલનથી નીચેની બાબતોની ખાતરી કરશે.

– શહેર સ્તરે આવરી લેવા માટે નિશ્ચિત કરેલા ફેરિયાઓની યાદી સાથે લીડ બેન્કના લીડ ડિસ્ટ્રીકટ મેનેજર અને ડીસીસી,

– કામગીરીલક્ષી ઔપચારિકતાઓ જેમકે બેન્કની તમામ શાખાઓ / વિસ્તરણ કાઉન્ટર સીએલસી અને યુએલબી કચેરી ખાતે ફોર્મની ઉપલભ્યતા.

– યુએલબી ક્ષેત્રીય સ્ટાફ અને સ્રોત સંગઠનની સહાયથી ખાતાઓ ખોલવા માટે જે તે બેન્કના કાર્યક્ષેત્રની અંદર શિબિરોનું આયોજન.

– વધુ ફેલાવા માટે શહેરની આવશ્યકતા અનુસાર બેન્કો દ્વારા વ્યાપારી પત્રવ્યવહાર (બીસી) / બિઝનેસ ફેસીલેટેટર.

**પેટા ઘટક – ૭ : ધિરાણની સુવિધા**

ફેરિયાઓની કાર્યકારી મૂડીની જરૂરિયાતને પૂરી કરવા માટેની ધિરાણની સુવિધામાં બેન્કમાંથી ફેરિયાઓને લોન આપવાની સગવડનો સમાવેશ થાય છે. તે નિશ્ચિત કરેલા વ્યકિતગત ફેરિયાઓને તેમની કાર્યકારી મૂડીની જરૂરિયાતને પહોંચી વળવા માટે ક્રેડિટ કાર્ડની સવલત આપવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે.

૪.૨૪ **ધિરાણની સુવિધા** : એનયુએલએમના સ્વરોજગાર કાર્યક્રમ – વ્યકિતગત ઉદ્યોગ સહાય (એસઈપી–૧) ઘટક શહેરી ગરીબોને વ્યકિતગત ઉદ્યોગ સાહસ સ્થાપવા માટે બેન્ક લોન પર વ્યાજ સહાયકીના રૂપે નાણાકીય સહાય પૂરી પાડે છે. એચઈપી માર્ગદર્શક સૂચનો અનુસાર, નકકી કરેલા શહેરી ગરીબ ફેરિયાઓને ૭% વ્યાજ દરે લોન ઉપલભ્ય કરાવી શકાશે. ગરીબ ફેરિયાઓ માટે લોન ઉપલભ્ય કરાવવા માટેનો પ્રકાર અને કાર્યપધ્ધતિ એસઈપી–૧ ઘટકમાં વિગતવાર આપ્યાં છે તે પ્રમાણે જ છે.

૪.૨૫ જેઓને ઉદ્યોગ સાહસ માટે લોન મેળવવામાં રસ છે તેવા અન્ય ફેરિયાઓને યુએલબી દ્વારા બેન્ક સાથે લોન સંપર્ક માટેની સુવિધા આપવામાં આવશે. યુએલબી આવા ફેરિયાઓને મુકરર કરશે અને ત્યારબાદ લોનની જરૂરિયાત માટેનો તેમનો હેતુ જણાવીને બેન્ક દ્વારા વધુ કાર્યવાહી માટે તેમની અરજી આગળ વધારશે.

**૪.૨૬ શહેરી ફેરિયાઓ માટે ક્રેડિટ કાર્ડ** :યુએલબી યોગ્ય શહેરી ફેરિયાઓને તેમની કાર્યકારી મૂડી અને પ્રકીર્ણ ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ક્રેડિટ કાર્ડની સવલત પણ આપશે. યુએલબી સંભવિત ફેરિયાઓને મુકરર કરશે અને ક્રેડિટ કાર્ડ આપવા માટે બેન્ક સાથે સંપર્કની સુવિધા કરી આપશે. મુખ્ય બાબત શેરી ફેરિયાઓને શરૂઆતમાં લઘુ ઉદ્યોગ સાહસ વિકાસ માટે જનરલ ક્રેડિટ કાર્ડ (જીસીસી) અથવા ક્રેડિટ કાર્ડના અન્ય કોઈપણ પ્રકાર જેવા બેન્કના હાલના ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરવાની સગવડ કરી આપવી તે છે.

૪.૨૭ એચયુપીએ મંત્રાલય નાણાકીય સેવાઓ વિભાગ, ભારતીય રિઝર્વ બેન્ક અને અન્ય બેન્કોના પરામર્શથી શહેરી ફેરિયાઓ માટે એક માત્ર ક્રેડિટ – કાર્ડ યોજના શરૂ કરવાની શકયતા પણ તપાસશે.

**પેટા ઘટક – ૮ : સામાજિક સુરક્ષા યોજનાઓ સાથે સંપર્ક**

૪.૨૮ ફેરિયાઓને સામાજિક વીમાનાં કાર્યક્ષેત્રની અંદર લાવવાના હેતુસર અને જોખમો / અનિશ્ચિતતાઓ સામે રક્ષણ પૂરું પાડવા યુએલબી ભારત સરકારની વીમા યોજનાઓ, જેવી કે આરોગ્ય વીમા માટે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના (આરએસબીવાય), જીવન વિમા માટે આમ આદમી વીમા યોજના (અગાઉની જનશ્રી વીમા યોજના) અથવા કોઈપણ રાજય વિશેષ વીમા યોજનાઓમાં ફેરિયાઓની નામ નોંધણી માટેની સવલત આપશે. જોકે, યુએલબી દ્વારા કોઈપણ વીમા યોજનામાં નામ નોંધણી ફેરિયાઓની સ્વેચ્છા અનુસાર કરવી.

૪.૨૯ યુએલબી, રાજય અને કેન્દ્ર સરકારની અન્ય સામાજિક સુરક્ષા, કલ્યાણ અને સામાજિક સહાય યોજનાઓ અંગે ફેરિયાઓની જાણકારીને વધારશે અને તેમાં તેમનાં નામ નોંધાવવામાં સહાય કરશે.

૫. રાજય શહેરી આજીવિકા મિશન ખાતે મંજૂરી સમિતિ

એનયુએલએમના આ ઘટક અન્વયે યુએલબી / એસયુએલએમ દ્વારા રજૂ કરાયેલી દરખાસ્તોની વિચારણા અને એક મંજૂરી માટે રાજયના અન્ય સંબંધિત વિભાગોના પ્રતિનિધિઓ સહિત, રાજય સ્તરે એનયુએલએમના અગ્ર સચિવ / પ્રભારી સચિવના અધ્યક્ષપદે એક મંજૂરી સમિતિ રચવામાં આવશે. એચયુપીએ મંત્રાલયના પ્રતિનિધિ આ મંજૂરી સમિતિના સભ્ય રહેશે.

## ૬. દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન

૬.૧ રાજય સ્તરે એસએમએમયુ અને યુએલબી સ્તરે સીએમએમયુ આ ઘટક અન્વયે કરવામાં આવેલી પ્રવૃત્તિઓ / ઉદ્દેશોની પ્રગતિનું બારીકાઈપૂર્વક દેખરેખ, રીપોર્ટીગ અને મૂલ્યાંકન હાથ ધરશે. એસયુએલએમ અને યુએલબી / કારોબારી એજન્સીઓ માસિક અને ત્રણ મહિનાના અંતે મેળવેલી સંચિત સિધ્ધિ અને અમલમાં મુખ્ય બાબતો દર્શાવીને વખતોવખત મિશન ડાયરેકટર દ્વારા નિયત કરેલા ફોર્મેટમાં તેમણે કરેલી પ્રગતિની જાણ કરશે.

૬.૨ આ ઉપરાંત, એનયુએલએમ અંતર્ગત, ઉદેશો અને સિધ્ધિઓ જાણવા માટે એક સર્વગ્રાહી અને મજબૂત આઈટી– સક્ષમ એનયુએલએમ એમઆઈએસની સ્થાપના કરવામાં આવશે અને રાજયો અને યુએલબીએ તેમના પ્રગતિ અહેવાલો ઓન–લાઈન રજૂ કરવાના રહેશે, અને પ્રત્યક્ષ રીતે પ્રગતિ અંગે દેખરેખ નિયંણ માટે પણ આ સાધનનો ઉપયોગ થઈ શકશે. માહિતી અગાઉથી જાણકારી આપવાની ભાવના સાથે અને એનયુએલએમ હેઠળ પારદર્શિતા સુનિશ્ચિત કરવા, એસયુએસવી અન્વયે મુખ્ય પ્રગતિ અહેવાલો સમયસર જાહેરક્ષેત્રમાં ઉપલભ્ય કરાવવાના રહેશે.

## ૭. ફંડ પૂરું પાડવાની પધ્ધતિ

રાજયની કુલ એનયુએલએમ ફાળવણીના ૫% સુધી આ ઘટકના અમલ માટે ખર્ચ કરી શકાશે (તાલીમ અંગે અને ધિરાણ આપવા માટે કરેલા કોઈપણ ખર્ચને બાદ કરતાં, કારણ કે આ ખર્ચ અનુક્રમે ઈએસટી એન્ડ પી અને એસઈપી ઘટકોમાંથી મેળવી શકાશે) કેન્દ્રીય અને રાજય હિસ્સાની ફંડીગ પધ્ધતિ ૭૫:૨૫ ના પ્રમાણમાં રહેશે. ઉતરપૂર્વીય રાજયો (અરૂણાચલ પ્રદેશ, આસામ, મણીપુર, મેઘાલય, ત્રિપૂરા, મિઝોરમ, નાગાલેન્ડ, સિકિકમ) અને ખાસ વર્ગમાં આવતા રાજયો (જમ્મુ અને કાશ્મીર, હિમાચલપ્રદેશ, અને ઉત્તરાખંડ) ની બાબતમાં આ પ્રમાણ ૯૦:૧૦નું રહેશે.

# સંક્ષેપાક્ષરો

| ક્રમ | સંક્ષેપાક્ષર | પૂરું અંગ્રેજી નામ | ગુજરાતી નામ |
|---|---|---|---|
| 1 | AICTE | ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન | અખિલ ભારતીય પરિષદ, ટેકનિકલ શિક્ષણ |
| 2 | ALF | એરિયા લેવલ ફેડરેશન | વિસ્તાર સ્તરીય ફેડરેશન |
| 3 | A & OE | એડમીનીસ્ટ્રેશન એન્ડ અધર એક્સ્પેન્સીઝ | વહીવટ અને અન્ય ખર્ચ |
| 4 | APO | આસીસ્ટન્ટ પ્રોજેક્ટ ઓફિસર | મદદનીશ પરિયોજના અધિકારી |
| 5 | BC | બીઝનેસ કોરસ્પોન્ડન્સ | બીઝનેસ કોરસ્પોન્ડન્સ |
| 6 | BSBDA | બેસીક સેવિંગ્ઝ બેન્ક ડિપોઝીટ એકાઉન્ટસ | બેસીક સેવિંગ્ઝ બેન્ક ડિપોઝીટ એકાઉન્ટસ |
| 7 | CA | સર્ટિફિકશન એજન્સી | પ્રમાણપત્ર આપનાર એજન્સી |
| 9 | CBO | કમ્યુનીટી બેઝડ ઓર્ગેનીઝેશન | સમુદાય આધારિત સંગઠન |
| 9 | CB & T | કેપેસીટી બિલ્ડીંગ એન્ડ ટ્રેનીંગ | ક્ષમતા ઘડતર અને તાલીમ |
| 10 | CDS | કોમ્યુનિટી ડેવલપમેન્ટ સોસાયટી | સામુહિક વિકાસ મંડળી |
| 11 | CGS | ક્રેડિટ ગેરંટી સ્કીમ | ક્રેડિટ ગેરંટી સ્કીમ |
| 12 | CGTMSE | ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટ ફોર માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝ | માઈક્રો અને લઘુ ઉદ્યોગ સાહસો માટે ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટ |
| 13 | CLC | સીટી લાઈવલીહુડ સેન્ટર | શહેર આજીવિકા કેન્દ્ર |
| 14 | CLF | સીટી લેવલ ફેડરેશન | શહેર સ્તરીય ફેડરેશન |
| 15 | CMMU | સીટી મિશન મંગલમ યુનિટ | શહેર મિશન મંગલમ એકમ |
| 16 | CO | કમ્યુનિટિ ઓર્ગેનીઝેશન | સામુદાયિક સંગઠન |
| 17 | CPO | સીટી પ્રોજેકટ ઓફિસર | શહેર પરિયોજના અધિકારી |
| 18 | CRPs | કોમ્યુનિટિ રિસોર્સ પર્સન્સ | સામુદાયિક સંપદા વ્યકિત |
| 19 | DCC | ડિસ્ટ્રીકટ કન્સલ્ટેટીવ કમિટિ | જિલ્લા પરામર્શન સમિતિ |
| 20 | EC | એકઝીકયુટીવ કાઉન્સીલ | એકઝીકયુટીવ કાઉન્સીલ |
| 21 | EDP | આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ | ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ |

| | | | |
|---|---|---|---|
| 22 | EST & P | એમ્પ્લોયમેન્ટ થ્રુ સ્કીલ્સ ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ | ક્ષમતા તાલીમ અને (નિમણૂક) સ્થળ નિર્ધારણ મારફત રોજગાર |
| 23 | FLCC | ફાઈનાન્સીયલ લિટરસી એન્ડ ક્રેડિટ કાઉન્સેલીંગ સેન્ટર | નાણાકીય જાણકારી અને ધિરાણ સલાહ કેન્દ્ર |
| 24 | GC | ગવર્નીંગ કાઉન્સીલ | ગવર્નીંગ કાઉન્સીલ |
| 25 | HR | હ્યુમન રિસોર્સ | માનવ સંસાધન |
| 26 | HUPA | હાઉસીંગ એન્ડ અર્બન પોવર્ટી અલેવિએશન | આવાસન અને શહેરી ગરીબી નિવારણ |
| 27 | ICDS | ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ | સંકલિત બાળ વિકાસ યોજના |
| 28 | IDPFI | અર્બન ડેવલપમેન્ટ પ્રોજેકટસ ફોર્મેશન એન્ડ ઈમ્પ્લીમેન્ટેશન | શહેરી વિકાસ પરિયોજના ઘડતર અને અમલીકરણ |
| 29 | IEC | ઈન્ફર્મેશન, એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન | માહિતી, શિક્ષણ અને સંદેશ |
| 30 | ITI | ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ | ઔદ્યોગિક તાલીમ સંસ્થા |
| 31 | IWS | ઈકોનોમિકલી વીકર સેકશન્સ | આર્થિકરીતે નબળા વર્ગો |
| 32 | JNNURM | જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રોડ મિશન | જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય શહેરી માર્ગ મિશન |
| 33 | JSBY | જનશ્રી બીમા યોજના | જનશ્રી બીમા યોજના |
| 34 | KRZ | કી રિસ્પોન્સીબીલીસટી એરિયા | જવાબદારીના મુખ્ય વિષયો |
| 35 | LAF | લોન એપ્લિકેશન ફોર્મ | લોન માટેનું અરજી ફોર્મ |
| 36 | MES | મોડયુલર એમ્પ્લોએબલ સ્કીલ્સ | મોડયુલર એમ્પ્લોએબલ સ્કીલ્સ |
| 37 | MIS | મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સીસ્ટમ | માહિતી સંચાલન પધ્ધતિ |
| 38 | MoMSME | મિનિસ્ટ્રી ઓફ માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસ | માઈક્રો (સૂક્ષ્મ), લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસ મંત્રાલય |
| 39 | MMU | મિશન મંગલમ યુનિટ | મિશન મંગલમ એકમ |
| 40 | MPR | મન્થલી પ્રોગ્રેસ રિપોર્ટ | માસિક પ્રગતિ અહેવાલ |
| 41 | NCEUS | નેશનલ કમિશન ઓન એન્ટરપ્રાઈસીસ ઈન અનઓર્ગેનાઈઝડ સેકટર | રાષ્ટ્રીય અનૌપચારિક ક્ષેત્ર ઉદ્યોગ સાહસ કમિશન |

| | | | |
|---|---|---|---|
| 42 | NCVT | નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ | રાષ્ટ્રીય વ્યવસાયિક તાલીમ પરિષદ |
| 43 | NGO | નોન ગવર્નમેન્ટ ઓર્ગેનીશન | બિન સરકારી સંગઠન |
| 44 | NHG | નેબરહુડ ગ્રુપ | પડોશી જૂથ |
| 45 | NOS | નેશનલ ઓકયુપેશન સ્ટાર્ન્ડડઝ | રાષ્ટ્રીય વ્યાવસાયિક ધોરણો |
| 46 | NSDC | નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ |
| 47 | NUHHP | નેશનલ અર્બન હાઉસીંગ એન્ડ હેબીટાટ પોલીસી | રાષ્ટ્રીય શહેરી આવાસન અને વસવાટ નીતિ |
| 48 | NULM | નેશનલ અર્બન લાઈવલીહુડ મીશન | રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન |
| 49 | NVEQF | નેશનલ વોકેશનલ એજયુકેશન કવોલિફિકેશન ફ્રેમવર્ક | રાષ્ટ્રીય વ્યાસાવયિક શિક્ષણસંબંધી લાયકાત માળખું |
| 50 | PC | પ્રોજકટ કોસ્ટ | પરિયોજના ખર્ચ |
| 51 | PDS | પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સ્કીમ | જાહેર વિતરણ યોજના |
| 52 | PMEGP | પ્રાઈમ મિનિસ્ટર્સ એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ | વડા પ્રધાનનો રોજગાર નિર્માણ કાર્યક્રમ |
| 53 | PPCP | પબ્લિક – પ્રાયવેટ કોમ્યુનિટિ પાર્ટનરશીપ | જાહેર–ખાનગી સમુદાય ભાગીદારી |
| 54 | QCBS | કવાલિટી એન્ડ કોસ્ટ બેઝડ સિલેકશન | ગુણવત્તા અને ખર્ચ આધારિત પસંદગી |
| 55 | QPR | કવાર્ટર્લી પ્રોગ્રેસ રિપોર્ટ | ત્રિમાસિક પ્રગતિ અહેવાલ |
| 56 | RAY | રાજીવ આવાસ યોજના | રાજીવ આવાસ યોજના |
| 57 | RO | રિસોર્સ ઓર્ગેનીઝેશન | સંસાધન– સંગઠન |
| 58 | RSBY | રાષ્ટ્રીય સ્વસ્થ્ય બીમા યોજના | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના |
| 59 | RSETI | રુરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ | ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા |
| 60 | SCB | શીડયુલ્ડ કમર્શીયલ બેંક | શીડયુલ્ડ કમર્શીયલ બેંક |
| 61 | SDI | સ્કીલ ડેવલપમેન્ટ ઈનીશીએટીવ | કૌશલ વિકાસ પહેલ |
| 62 | SHG | સેલ્ફ હેલ્પ ગ્રુપ | સ્વ સહાય જૂથ |

| | | | |
|---|---|---|---|
| 63 | SICC | સોશીયો ઈકોનોમિક એન્ડ કાસ્ટ સેન્સસ | સામાજિક આર્થિક અને જ્ઞાતિ વસ્તી ગણતરી |
| 64 | SIP | સેલ્ફ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામ | સ્વરોજગાર કાર્યક્રમ |
| 65 | SJSRY | સ્વર્ણ જયંતિ શહેર રોજગાર યોજના | સ્વર્ણ જયંતિ શહેર રોજગાર યોજના |
| 66 | SLBC | સ્ટેટ લેવલ બેન્કીગ કમિટિ | રાજય કક્ષાની બેકીગ સમિતિ |
| 67 | SMC | શેલ્ટર મેનેજમેન્ટ કમિટિ | આશ્રયસ્થાન વ્યવસ્થાપન સમિતિ |
| 68 | SMD | સ્ટેટ મિશન ડિરેકટર | સ્ટેટ મિશન ડિરેકટર |
| 69 | SMG | શેલ્ટર મેનેજમેન્ટ કમિટિ | આશ્રય વ્યવસ્થાપન સમિતિ |
| 70 | SM & ID | સોશ્યલ મોબીલાઈઝેશન એન્ડ ઈન્સ્ટીટયુશન ડેવલપમેન્ટ | સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય વિકાસ |
| 71 | SMMU | સ્ટેટ મિશન મંગલમ યુનિટ | રાજય મિશન મંગલમ એકમ |
| 72 | STP | એસટીપી | ક્ષમતા તાલીમ પૂરી પાડનાર |
| 73 | SUH | સ્કીમ ઓફ શેલ્ટર ફોર અર્બન હાઉસીઝ | ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના |
| 74 | SUSV | સપોર્ટ ટુ અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ | શેરીમાં ફરીને વેચાણ કરતા ફેરિયાઓને સહાય |
| 75 | T & C | થ્રીફ એન્ડ ક્રેડિટ | થ્રીફ એન્ડ ક્રેડિટ |
| 76 | TAG | ટેકનિકલ એડવાઈઝરી ગ્રુપ | ટેકનિકલ સલાહકાર જૂથ |
| 77 | TOR | ટર્મ ઓફ રેફરન્સ | વિચારવાના મુદ્દા |
| 78 | UCDN | અર્બન કોમ્યુનિટી ડેવલપમેન્ટ નેટવર્ક | શહેર સામુદાયિક વિકાસ નેટવર્ક |
| 79 | UFI | યુનિવર્સલ ફાઈનાન્સીયલ ઈન્કલુઝન | સાર્વત્રિક નાણાકીય સમાવેશ |
| 80 | ULB | અર્બન લોકલ બોડી | શહેરી સ્થાનિક સંસ્થા |